




સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

જેઠ વદ-૭ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૧૮-૬-૨૦૨૫ - બુધવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૯ અંક : ૨૫૪ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT



હરસ,ભગંદર,ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન
હાર્મોનિક-લેસોટ્રેક્સ લેસર-HAL-IRC-K.S.
દાખલ થયા વિના સારવાર
ડૉ.વેકરીયા પાઈલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ
93741 04727, 98240 66321
ગરીબ દર્દીઓને રાહતદરે સારવાર



ભારે વરસાદથી ૧૧ હાઈવે સહિત ૧૮૯ માર્ગો બંધઃ એસટીના ૩૦ રૂટ ઠપ્પ ૩

અમદાવાદ વિમાની દુર્ઘટના ષડયંત્ર! ભાંગફોડ એંગલથી તપાસ શરૂ ૮

ટ્રાન્સફર ફીમાં હવે હાઉસિંગ સોસાયટીની મનમાની નહી ચાલેઃ સરકારે મર્યાદા મુકી ૧૬








## મોદીની જી-૭ દેશોના વડાઓ સાથે વન-ટુ-વન વાતચીત

ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી જી-૭ દેશોની સમીટમાં ભાગ લેવા માટે કેનેડાના પ્રવાસે ગયા હતા અને જુદા-જુદા દેશોના વડાઓને મળ્યા હતા.

કેનેડાના પ્રમુખ ઉપરાંત ઈટાલીના વડાપ્રધાન મેલોની, બ્રિટનના વડાપ્રધાન કેર સ્ટાર્મર, ફ્રાંસના વડા મેક્રો વગેરેને વન-ટુ-વન મળ્યા હતા અને દ્વિપક્ષી સંબંધો મજબૂત બનાવવા સહિતના મુદ્દાઓ પર વાતચીત કરી હતી. કેનેડામાં વસતા ભારતીયોને પણ મળ્યા હતા.

### તા.૧૫ ઓગષ્ટથી ટોલનાકા માટે 'પાસ' જાહેર થશે

## રૂા.૩૦૦૦માં ૧ વર્ષ સુધી ખાનગી વાહનોને ફાસ્ટટેગ પાસ



### બિનવ્યાપારી-વ્યક્તિગત કાર-જીપ-વાન માટે યોજનાઃ રીન્યુ કરાવી શકાશેઃ ફાસ્ટટેગ બાદ નવી યોજનાઃ ૧ વર્ષ અથવા ૨૦૦ યાત્રા વહેલુ પુરૂ થાય તે પછી રીન્યુ જરૂરી બનશે

નવી દિલ્હીઃ દેશમાં ટોલટેક્ષમાં હવે કેન્દ્ર સરકારે નવી ફાસ્ટટેગ યોજના જાહેર કરી છે. જેમાં તા.૧૫ ઓગષ્ટથી વર્ષ રૂા.૩૦૦૦માં હાઈવે પર ૨૦૦ ટ્રીપ કરી શકાશે. આ યોજના કાર-જીપ અને વાન માટે છે. કેન્દ્રના માર્ગ વ્યવહાર વિભાગે આ યોજના જાહેર કરી છે. રૂા.૩૦૦૦ ભરવાની જે તે તારીખથી એક વર્ષ સુધી દેશના કોઈપણ ટોલ ટેક્ષ હાઈવે પર ૨૦૦ સફર કરી શકશે. કેન્દ્રીય મંત્રી શ્રી નિતીન ગડકરીએ આ યોજનાની જાહેરાત કરી છે. આ નોન-કોમર્શિયલ એટલે કે વ્યાપારી- નહી તેવા વ્યક્તિગત માલીકીના કાર-જીપ-વાન માટે યોજના છે. જેમાં એક્ટીવેશન તારીખથી આ કાર્ડમાંથી નાણાં કપાશે અને ૨૦૦ ટ્રીપ સુધી ચાલશે. આથી ટોલમાર્ક આસપાસ રહેતા લોકોને માટે મોટી રાહત થશે.

આ પાસ રાજમાર્ગ યાત્રા મોબાઈલ એપ. મારફત મળી રહેશે.

ઉપરાંત નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડીયાની વેબસાઈટ તથા ટ્રાન્સપોર્ટ મંત્રાલયના વેબપોર્ટલ પર પણ ખરીદી શકાશે. જેમાં એકટીવેટ અને રીન્યુઅલની માહિતી તા.૧૫ ઓગષ્ટ પુર્વે જાહેર કરાશે. સરકાર માને છે કે જેઓને વારંવાર ટોલનાકાવાળા માર્ગમાં પ્રવાસ કરવાનું રહે છે. તેઓને મોટો ફાયદો થશે.

### જી-૭ દેશોની શિખર પરિષદમાં મીસ થયેલી મુલાકાત બાદ ૩૫ મિનિટ ટેલિફોનિક વાતચીત

# કાશ્મીર મુદ્દે કોઈ મધ્યસ્થી નહીઃ ટ્રમ્પને રોકડું પરખાવતા મોદી

### મે યુદ્ધ વિરામ કરાવ્યુ- હું સમસ્યા ઉકેલવા તૈયાર તેવા ટ્રમ્પના દાવા પર મોદીએ પ્રકરણ બંધ કર્યુઃ ઓપરેશન સિંદુર પણ હજુ ચાલુ છેઃ ત્રાસવાદ મુદ્દે સમાધાન નહી

નવી દિલ્હીઃ હાલમાં જી-૭ દેશોની કેનેડા બેઠકમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સીધી મુલાકાત મીસ થયા બાદ આજે બન્ને રાષ્ટ્રવડાઓ વચ્ચે ૩૫ મીનીટ સુધી ટેલીફોન પર વાતચીત થઈ હતી. જેમાં વડાપ્રધાન કાશ્મીર સહિત પાકિસ્તાન સાથેની સમસ્યામાં અમેરિકામાં કોઈ અન્ય મધ્યસ્થીની જરૂર નહી હોવાનું રોકડું પરખાવી દીધુ છે. ઓપરેશન સિંદુરમાં ભારત-પાક વચ્ચે યુદ્ધ વિરામ મે કરાવ્યુ હતુ અને બન્ને દેશો વચ્ચેનો અણુ સંગ્રામ પણ મે રોક્યો છે. હું કાશ્મીર પ્રશ્ન ઉકેલવા માટે પણ બન્ને દેશો વચ્ચે મધ્યસ્થી કરવા તૈયાર છું. તેવા પ્રમુખ ટ્રમ્પના ઓપરેશન સિંદુર બાદ વધેલા દાવામાં વડાપ્રધાન શ્રી



મોદીએ હવે સીધી વાત કરી પ્રમુખ ટ્રમ્પની કે કોઈની મધ્યસ્થીની જરૂર જ નહી હોવાનું જણાવી દીધું છે.

ભારતના વિદેશ સચિવ વિક્રમ મીસ્ત્રીએ બન્ને રાષ્ટ્રવડાઓ વચ્ચેની વાતચીત બાદ એક વિડીયો શેર કરતા આ

### યુદ્ધ વિરામ પણ પાકિસ્તાનથી વિનંતીથી કર્યુ હતુંઃ અમેરિકી પ્રમુખના વધુ એક દાવાને વડાપ્રધાને નકારી દીધો

માહિતી આપી હતી.

શ્રી મોદીએ આતંકવાદ અને ઓપરેશન સિંદુરની પણ વાત કહી હતી. ટ્રમ્પ જી-૭ સમીટ અધ્ધવચ્ચેથી છોડી જતા મોદી-ટ્રમ્પની મુલાકાત શક્ય બની ન હતી. તા.૨૨ એપ્રિલના પહેલગામ હુમલા બાદ મોદી-ટ્રમ્પ વચ્ચે વાતચીત


(અનુસંધાન છઠ્ઠા પાને)


## કેનેડાથી સીધા વોશિંગ્ટન આવી જાવઃ ટ્રમ્પે આમંત્રણ આપ્યુ પણ મોદીની ના

### વર્ષના અંતે કવાડ બેઠક માટે ભારત આવવા ટ્રમ્પ સંમતઃ તે સિવાય પણ નજીકના ભવિષ્યમાં મળી શકે

ટોરંટો તા.૧૮

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વડાપ્રધાન મોદી સાથે વાતચીત દરમ્યાન તેમને કેનેડાથી સીધા વોશિંગ્ટન આવી જવા કહ્યું હતું. પરંતુ મોદીએ તેમના અગાઉથી જ તમામ શેડયુલ ફીકસ હોવાથી પ્રમુખ ટ્રમ્પના આમંત્રણનો અસ્વીકાર કર્યો હતો. બાદમાં બંને નેતાઓએ ટુંક સમયમાં જ મળવાનું સ્વીકાર્યુ હતું. વડાપ્રધાન મોદીએ અમેરિકી રાષ્ટ્રપતિને કવાડ બેઠક માટે ભારત આવવા આમંત્રણ આપ્યુ છે અને ટ્રમ્પે તે સ્વીકાર્યુ હતું અને જણાવ્યું હતું કે તેઓ ભારત આવવા આતુર છે અને તેનો કાર્યક્રમ ચોકકસપણે નિશ્ચિત થશે. આમ આ વર્ષના અંત સુધીમાં ટ્રમ્પ ભારતની મુલાકાત લેશે. ૩૫ મીનીટની વાતચીતમાં વડાપ્રધાન મોદીએ કાશ્મીર અને પાકિસ્તાન સાથેના સંબંધોમાં ભારતનું વલણ અત્યંત સ્પષ્ટ કર્યુ હતું.

## દેશમાં અબજોપતિઓ વધ્યાઃ ભારતીય વેલ્થ ક્રિએટર્સ પાસે રૂા.૧૦૦ લાખ કરોડ



### સંપત્તિના સર્જકોમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના કાર્યકારી ડિરેકટર અનંત અંબાણી ટોપ પર

મુંબઈ તા.૧૮

ભારતમાં અબજોપતિઓમાં વધારો થયો છે. ૨૦૧૩ જેટલા ભારતીય વેલ્થ ક્રિએટર્સ (સંપત્તિ સર્જકો) પાસે કુલ મળીને ૧૦૦ ટ્રિલિયન એટલે કે ૧૦૦ લાખ કરોડ રૂપિયાની સંપત્તિ છે. તેમાંથી રિલાયન્સ જિયો ઈન્ફોકોમના ચેરમેન આકાશ અંબાણી અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રી લિમિટેડના કાર્યકારી ડિરેકટર અનંત અંબાણી દરેકની ૩.૫૯ લાખ કરોડની કુલ સંપત્તિ સાથે ૩૬૦ વન વેલ્થ ક્રિએટર્સ લિસ્ટમાં સૌથી અમીર ભારતીય બનીને ઉભર્યા છે. વેલ્થ ક્રિએટર્સનું આ લિસ્ટ ૩૬૦ વન વેલ્થ દ્વારા ક્રિસીલની સાથે મળીને તૈયાર કરવામાં આવી છે. આ ૨૦૧૩ વેલ્થ ક્રિએટર્સ ભારતની જીડીપીના લગભગ એક તૃતિયાંશનું પ્રતિનિધિત્વ કરે છે ૨૦૧૩ વેલ્થ ક્રિએટર્સમાં તેઓ સામેલ છે, જેમની ન્યુનતમ નેટવર્થ ૫૦૦ કરોડ રૂપિયા છે.



### મહિલાઓમાં ઈશા અંબાણી સૌથી અમીર

મુંબઈઃ મહિલાઓમાં ઈશા અંબાણી સૌથી અમીર વ્યવસાયી મહિલા છે, જે રેંકીંગમાં સામેલ ૫૪૦ મહિલાઓની લિસ્ટમાં ટોચ પર છે. ભારતની કુલ સંપતિઓમાં મહિલાઓની ભાગીદારી ૨૪ ટકા છે અને ફાર્મા ક્ષેત્રમાં તેમનું પ્રતિનિધિત્વ અપેક્ષા કૃત વધુ છે.

રિપોર્ટ મુજબ ભારતના ટોપ ૫૦ વ્યાવસાયિક ઘરાનાના એકલા રિપોર્ટમાં નોંધાયેલ કુલ સંપત્તિમાં ૫૯ ટકા યોગદાન છે. ૧૬૧ વ્યકિતઓની ૧૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ છે, જયારે ૧૬૯ વ્યકિતઓની સંપત્તિ ૫૦૦૦ કરોડ રૂપિયાથી ૧૦,૦૦૦ કરોડ રૂપિયાથી ૧૦,૦૦૦ કરોડ રૂપિયાની વચ્ચે છે. ટાટા ગ્રુપ રિલાયન્સ ઈન્ડ. અને અદાણી જૂથ સાથે સંકળાયેલ પરિવારના સભ્યો અને પ્રમોટરોની સંપત્તિની લગભગ ૨૪ ટકા છે, જે અનુમાનિત ૩૬ લાખ કરોડ રૂપિયા છે. લિસ્ટમાં કુલ સંપત્તિનો ૪૦ ટકા ભાગ મુંબઈમાં ૫૭૭ વેલ્થ ક્રિએટર્સ પાસે છે. નવી દિલ્હી અને બેંગ્લુરૂ ક્રમશઃ ૧૭ ટકા અને ૮ ટકા સાથે બીજા સ્થાને છે.

## જિયો, એરટેલ, વીઆઈનો ગ્રાહકોને તગડો ઝટકોઃ ડેટા વેલિડીટી ઘટાડી

### ત્રણેય પ્રાઈવેટ ટેલિકોમ કંપનીએ કાર્ટેલ રચી ગ્રાહકોના ખિસ્સાને હળવા કરવાના કરેલા પ્રયાસ સામે ટ્રાઈ પગલા લેશે?

નવીદિલ્હી તા.૧૮

આજે મોબાઈલમાં નેટ અનિવાર્ય બની ગયું છે ત્યારે ત્રણ પ્રાઈવેટ ટેલીકોમ કંપની જિયો, એરટેલ અને વીઆઈએ કાર્ટેલ રચી ડેટા વેલિડીટી ઘટાડીને ગ્રાહકને તગડો ઝટપો આપ્યો છે. આ ફેરફારથી ગ્રાહકને નુકશાન થાય છે શું ટ્રાઈ આ મામલે પગલા લેશે? તે તો ભવિષ્ય જ કહેશે પરંતુ હાલ તો આ ત્રણેય કંપનીઓએ ગ્રાહકના ખીસ્સા ખંખેરવાનો પ્લાન ઘડયો છે.

આ ત્રણે પ્રાઈવેટ ટેલીકોમ ખેલાડીઓએ સમજી વિચારી પ્લાનીંગ અંતર્ગત આ ફેરફાર કર્યા છે આ ફેરફાર બાદ હવે ગ્રાહકે વારંવાર રીચાર્જ કરાવવું પડશે ભલે આગલા રિચાર્જનો ડેટા પૂરેપૂરો ઉપયોગ થયો હોય કે ન થયો હોય.

#### શું છે એકઝીસ્ટીંગ વેલિડીટી બેનિફિટ

અત્યાર સુધી જો એક યુઝર પોતાના બેઝ પ્લાનની સાથે અલગથી ડેટા વાઉચરને રિચાર્જ કરાવતો હતો તો તે ડેટા એ યુઝરના બેઝ પ્લાનની પૂરી વેલિડીટી માટે ઉપલબ્ધ થતો હતો કહેવાનો મતલબ એ છે કે જો આપ ૧ દિવસના ૧ જીબી વાળો પેઝ પ્લાનનો ઉપયોગ કરતા અલગથી ૧ જીબી અને ૨ જીબી ડેટા પ્લાનથી રિચાર્જ કરાવતા હતા તો તે ડેટા વાઉચર ત્યાં સુધી વેલિડ રહેતું હતું જયાં સુધી આપના બેઝ પ્લાનની વેલીડીટી રહેતી હતી એટલે કે આપ અલગથી રિચાર્જ કરાવ્યા વિના ડેટા વાઉચર પર મળેલા ઈન્ટરનેટ ડેયાનો આરામતી ઉપયોગ કરી શકતા હતા જો કે હવે આ સુવિધા ખતમ થઈ ગઈ છે તેના કારણે અલગથી રિચાર્જ કરવામાં આવેલ ડેટા વાઉચરની વેલીડીટી બેઝ પ્લાનની વેલીડીટી જેટલી નહીં રહે.


કોન્ફરન્સ હોલ
સ્પેશ્યલ મેનુ સાથે
હોટલ કાવેરી
PGVCL સામે, કનક રોડ, બસ સ્ટેન્ડ પાસે, રાજકોટ
Cell : 63566 66777

વેચવાનો છે
ચાલુ સીમેન્ટ પ્લાન્ટ
કીલન - ૨, સીમેન્ટ મીલ - ૨
હડમતાલા ઈન્ડસ્ટ્રીઝ એરીયા
૪ એકર જગ્યામાં Capacity 150 tun
મો. 9909972393




बैंक ऑफ़ बड़ौदा
Bank of Baroda
ગોલ્ડ લોન
0% પ્રોસેસીંગ ચાર્જ
રૂા. ૩ લાખ સુધી
તાત્કાલીક ધોરણે લોન પ્રોસેસ કરી આપવામાં આવશે.
આ યોજનાનો લાભ લેવા માટે આજે જ નજીકની શાખાનો સંપર્ક કરો
SHASHI



# સોનાનાં દાગીનાનું વેચાણ સુસ્ત, સ્ટડેડ જ્વેલરીનું આકર્ષણ



નવી દિલ્હી,તા.૧૭

સોનાનાં આસમાને પહોંચેલા ભાવ લોકોના ખિસ્સા પર અસર કરી રહ્યાં છે. આનો ફાયદો સ્ટડેડ એટલે કે કિંમતી પત્થરોથી જડાયેલા હળવા દાગીનાંને થયો છે. દેશની અગ્રણી જ્વેલરી કંપનીઓના લેટેસ્ટ ડેટા દર્શાવે છે કે લોકો પરંપરાગત હેવી ગોલ્ડ જ્વેલરીને બદલે હળવા અને કિંમત પથ્થરો જડીત જ્વેલરી તરફ ઝડપથી આગળ વધી રહ્યાં છે. દેશની સૌથી મોટી જ્વેલરી કંપની ટાઇટનના જણાવ્યાં અનુસાર જાન્યુઆરી ૨૦૨૫થી માર્ચની વચ્ચે સ્ટડેડ જ્વેલરીના વેચાણમાં ૧૨ ટકાનો વધારો થયો છે. માર્ચ ક્વાર્ટરમાં ટાઇટનના કુલ ડોમેસ્ટિક જ્વેલરી વેચાણમાં સ્ટડેડ જ્વેલરીનો હિસ્સો ૩૦ ટકા રહ્યો હતો. કલ્યાણ જ્વેલર્સે માર્ચ ત્રિમાસિક ગાળા દરમિયાન સ્ટડેડ જ્વેલરીના વેચાણમાં વાર્ષિક ધોરણે ૪૮ ટકાની મજબૂત વૃદ્ધિ નોંધાવી હતી. સેન્કો ગોલ્ડ એન્ડ ડાયમંડ્સ અને પીએન ગાડગિલ જ્વેલર્સમાં પણ આવો જ ટ્રેન્ડ જોવા મળ્યો હતો.

## લોકો પરંપરાગત ભારે સોનાનાં ઝવેરાતને બદલે કિંમતી પથ્થરો જડિત હળવી જ્વેલરી પસંદ કરવા લાગ્યા

### રીસેલની વેલ્યુ શું છે?

જડિત ઝવેરાત હીરા, માણેક, નીલમણિ અથવા અન્ય કિંમતી, અર્ધ-કિંમતી પથ્થરો અને સોનાથી જડિત હોય છે. તે મોટે ભાગે ફેશન ડિઝાઇન અને સ્ટેટસ સિમ્બોલ માટે ખરીદવામાં આવે છે, રોકાણ તરીકે નહીં. તેથી, તેનું પુનઃવેચાણ મૂલ્ય ઓછું છે. ઝવેરીઓ ઘણીવાર પથ્થરની કિંમત પરત કરતાં નથી.

### આથી માંગમાં વધારો થયો

છેલ્લાં કેટલાક વર્ષોમાં સોનાનાં ભાવમાં જબરદસ્ત વધારો થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં સોનાના ભાવમાં ૩૧ ટકાનો ઉછાળો આવ્યો છે. એપ્રિલથી અત્યાર સુધીમાં કિંમતોમાં ૧૦ ટકાનો વધારો થયો છે. એટલે કે એપ્રિલ ૨૦૨૪માં જે સોનું ૭૦ હજાર રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ હતું તે ૧.૦૨ લાખ રૂપિયાને પાર કરી ગયું છે. આ કારણે ગ્રાહકો હવે લાઇટવેઇટ અને એફોર્ડેબલ ઓપ્શન્સ શોધી રહ્યાં છે, જેનાં કારણે સ્ટડેડ જ્વેલરી જેવાં ઓપ્શન તરફ ઝુકાવ જોવા મળી રહ્યો છે. વ્યાજદરમાં ઘટાડો, ભૂરાજકીય કટોકટી વધુ ઘેરી બનવાની અને વિશ્વભરની મધ્યસ્થ બેન્કો દ્વારા ખરીદીની આશાએ છેલ્લા એક વર્ષમાં સોનાના ભાવમાં ઉછાળો આવ્યો છે.

**બારુદ કે ઢેર પર બૈઠી હૈ દુનિયા**

# એક વર્ષમાં ચીને ૧૦૦, તો ભારતે ૮ અણુબોમ્બ બનાવ્યા !

## એક બાજુ પરમાણુ બોમ્બ બનાવવા માટે ઈરાન પર અમેરિકા-ઈઝરાયેલ ધોંસ બોલાવે છે, જયારે બીજી બાજુ અમેરિકા-રશિયામાં સૌથી વધુ અણું બોમ્બ છેઃ રશિયા પાસે ૪૩૦૦, અમેરિકા પાસે ૩૭૦૦, ચીન પાસે ૬૦૦, ભારત પાસે ૧૮૦, પાક.પાસે ૧૭૦

## મહાવિનાશના શસ્ત્રોનો ભંડારઃ એસઆઈપીઆરઆઈના રિપોર્ટમાં સનસનીબેજ ખુલાસો

નવીદિલ્હી,તા.૧૭

વિશ્વમાં પરમાણુ હથિયારો બનાવવાની હોડ લાગી છે. આ રેસમાં હાલ નવ દેશ સામેલ છે. તમામે જાન્યુઆરી, ૨૦૨૪થી જાન્યુઆરી, ૨૦૨૫ દરમિયાન પોતાને પરમાણુ મોરચે મજબૂત બનાવ્યા છે. SIPRIના રિપોર્ટ અનુસાર, ભારતે છેલ્લા એક વર્ષમાં ૮ પરમાણુ હથિયાર બનાવ્યા છે. ભારત પાસે જાન્યુઆરી, ૨૦૨૫માં ૧૮૦ પરમાણુ હથિયાર હતાં. જે અગાઉના વર્ષે ૧૭૨ હતાં. જ્યારે ભારતના પડોશી દેશ ચીને આ સમયગાળામાં ૧૦૦ પરમાણુ હથિયાર બનાવ્યા હતાં. આ સાથે તેના પરમાણુ હથિયારનો જથ્થો વધી ૬૦૦ થયો છે.

SIPRI (સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ)ના રિપોર્ટમાં જણાવાયું છે કે, વિશ્વના આશરે ૯૦ ટકા પરમાણુ હથિયાર માત્ર રશિયા અને અમેરિકા પાસે છે. અન્ય એક રિપોર્ટ ઈન્ટરનેશનલ કેમ્પેઈન ટુ એબોલિશ ન્યૂક્લિઅર વેપન્સ (ICAN)માં જણાવ્યા પ્રમાણે, ગતવર્ષે ન્યૂક્લિઅર હથિયારો ધરાવતા દેશોએ તેમના પરમાણુ શસ્ત્રાગાર (એટોમિક જથ્થા)માં વધારો કરવા ૧૦૦ અબજ ડોલરથી વધુનુ રોકાણ કર્યું છે. જ્યારે યુકે, ચીન, ફ્રાન્સ, ભારત, ઈઝરાયલ, દક્ષિણ કોરિયા, પાકિસ્તાન, રશિયા અને અમેરિકાએ ૨૦૨૩ની તુલનાએ ૨૦૨૪માં ૧૦ અબજ ડોલરનું રોકાણ વધાર્યું છે.



### કયા દેશ પાસે છે પરમાણુ હથિયાર

અમેરિકા અને રશિયા ઉપરાંત બ્રિટન, ફ્રાન્સ, ચીન, ભારત, પાકિસ્તાન, ઉત્તર કોરિયા અને ઈઝરાયલ પરમાણુ હથિયારનો જથ્થો વધારી રહ્યા છે. રિપોર્ટ અનુસાર, વિશ્વમાં કુલ ૧૨,૨૪૧ પરમાણુ હથિયાર છે. જેમાં ૯૬૧૪ સૈન્ય ભંડારમાં છે. આશરે ૩૯૧૨ પરમાણુ હથિયાર મિસાઈલ અને વિમાનો સાથે તૈનાત છે.

### કયા દેશ પાસે કેટલો જથ્થો

અમેરિકા પાસે કુલ ૫૧૭૭ પરમાણુ હથિયાર છે. જેમાં ૧૪૭૭ વોરહેડ છે. સૈન્ય ભંડારમાં ૩૭૦૦માંથી ૧૭૭૦ તૈનાત છે, અને ૧૯૩૦ સંગ્રહિત છે. રશિયા પાસે કુલ ૫૪૫૯ પરમાણુ હથિયાર છે. જેમાં સૈન્ય ભંડારમાં ૪૩૦૯ સામેલ છે. જેમાં ૧૭૧૮ વોરહેડ તૈનાત છે અને ૨૫૯૧ને સંગ્રહ કરે છે. રશિયાએ ૧૧૫૦ વોરહેડ રિટાયર કર્યા છે. જ્યારે બ્રિટને ૧૨૦ વોરહેડ તૈનાત કર્યા છે. ૧૦૫ સ્ટોરેજમાં છે. તેના સેનામાં ૨૨૫ હથિયારોનો ભંડાર છે.

બ્રિટન પાસે કુલ ૨૨૫ પરમાણુ હથિયાર છે. ફ્રાન્સની પાસે કુલ ૨૯૦ પરમાણુ હથિયાર છે, જેમાંથી ૨૮૦ તૈનાત છે અને ૧૦ સંગ્રહિત છે. ચીન પાસે આશરે ૬૦૦ પરમાણુ હથિયાર છે, જેમાં ૨૪ વોરહેડ અને ૫૭૬ સંગ્રહિત છે.

### પરમાણુ હથિયારમાં ભારત છઠ્ઠા ક્રમે

પરમાણુ હથિયારના જથ્થામાં અમેરિકા પ્રથમ અને રશિયા બીજા ક્રમે છે. જ્યારે ભારત છઠ્ઠા સ્થાને છે. ભારત પાસે કુલ ૧૮૦ પરમાણુ હથિયાર છે. તે તમામ સંગ્રહિત છે. જ્યારે પાકિસ્તાન પાસે ૧૭૦ અને ઉત્તર કોરિયા પાસે ૫૦ પરમાણુ હથિયાર છે. આ સિવાય ઈઝરાયલ પાસે ૯૦ વોરહેડ છે. આ તમામ દેશોમાં પરમાણુ હથિયાર સેનાના ભંડારમાં સંગ્રહિત છે.

### પરમાણુ હથિયારમાં ચીન વેગવાન

SIPRIનો અંદાજ છે કે, ચીન પાસે છેલ્લા એક વર્ષમાં પરમાણુ શસ્ત્રાગાર ૧૦૦થી વધી ૬૦૦ થયા છે. રિપોર્ટ અનુસાર, કોઈપણ દેશની તુલનાએ ચીન પાસે સૌથી વધુ પરમાણુ હથિયાર સંગ્રહિત છે. ચીન પોતાના પરમાણુ હથિયારના ભંડારમાં સતત વધારો કરી રહ્યું છે. જેની અસર ભારત પર થઈ શકે છે. કારણકે, બેઈજિંગ પાકિસ્તાનનો સહયોગી છે. અને તે પરમાણુ હથિયારમાં તેને મદદ કરી શકે છે. SIPRIએ રિપોર્ટ તૈયાર કરતી વખતે ચીન સાથે આ મુદ્દે વાત કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુને કોઈ જવાબ આપ્યો ન હતો.

# ચાઈનીઝ સિરામિક ૩૬૦૦ ડિગ્રી ગરમી સહન કરી શકે છે




જો આવી સામગ્રીને વધુ વિકસિત કરવામાં આવે છે, તો તેનો ઉપયોગ ફાઇટર એરક્રાફ્ટના ઉપકરણો અને કોટિંગમાં કરવામાં આવશે

બેઇજિંગ : જેટ એન્જિનની ગર્જના અને મિસાઇલોની ગતિના આ યુગમાં, યુદ્ધ માત્ર ગતિનું જ નહીં પરંતુ ગરમી સહન કરવાની ક્ષમતાનું પણ હશે. ચીની વૈજ્ઞાનિકોનો દાવો છે કે તેણે ૩૬૦૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં પણ પોતાની તાકાત ન ગુમાવતી સિરામિક સામગ્રી બનાવી છે, એટલે કે સૂર્યની સપાટી જેવાં તાપમાનમાં પણ તે 'ટકી' શકે છે. સાઉથ ચાઇના ટેક્નોલોજિકલ યુનિવર્સિટીના પ્રોફેસર ઝુ યાન્હુઇની આગેવાની હેઠળની ટીમે હાફનિયમ, ટેન્ટાલમ, ઝિર્કોનિયમ અને ટંગસ્ટનનું સંયોજન કરીને અલ્ટ્રા-સ્ટેબલ ઓક્સાઇડ શિલ્ડ વિકસાવી હોવાનો દાવો કર્યો હતો.

### શા માટે આ શોધ ગેમ ચેન્જર છે ?

- મેક-૫ કરતાં પણ વધુ ઝડપી હાઇપરસોનિક જેટ ગરમ થઇને 'ઓગળી' નહીં જાય.
- જો સ્પેસક્રાફ્ટમાં તેનો ઉપયોગ કરવામાં આવે તો તેઓ હીટ શિલ્ડ વગર સુરક્ષિત રીતે પૃથ્વી પર પરત ફરી શકશે.
- મિસાઇલો ઉપરનાં વાતાવરણમાં બળવાને બદલે આગળ વધી શકશે.
- તે પ્લાઝ્મા-રેઝિસ્ટન્ટ સેમીકન્ડક્ટર્સના ઉત્પાદનમાં ક્રાંતિ લાવી શકે છે.

### પરિક્ષણ પદ્ધતિમાં પણ 'ચમત્કાર' કર્યો

સૌથી આશ્ચર્યજનક બાબત તેની તપાસ પ્રક્રિયા છે. સામાન્ય રીતે, આવી સામગ્રીનું પરીક્ષણ વિન્ડ ટનલ અથવા રોકેટ લોંચ સાથે કરવામાં આવે છે, જે ખૂબ જ ખર્ચાળ અને જટિલ હોય છે. પરંતુ આ ટીમે લેસરથી ચાલતી હાઈ થ્રુપુટ સિસ્ટમ વિકસાવી છે, જે તાપમાનને ૩૮૦૦ ડિગ્રી સેલ્સિયસ સુધી લઈ જઈને વાસ્તવિક સમયમાં નાના સિરામિક સેમ્પલની પ્રતિક્રિયાઓને રેકોર્ડ કરે છે. એટલે કે હવે ટેસ્ટિંગ માત્ર સસ્તું અને ઝડપી જ નથી, પરંતુ તેનું વારંવાર પુનરાવર્તન પણ થઈ શકે છે.

# ચેક બાઉન્સના કેસો ચલાવવા અમદાવાદમાં નવી જ કોર્ટ શરૂ થશે

અમદાવાદ તા.૧૮

અમદાવાદમાં ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળના કેસો ચલાવવા માટે નવી ચાર કોર્ટો તા.૧૮મી જૂનથી ધમધમતી થઇ જશે. ચેક રિટર્નના કેસોના નોંધપાત્ર ભરાવાને ધ્યાનમાં લઇ આ કેસોના ઝડપી અને અસરકારક નિકાલ માટે ગુજરાત હાઇકોર્ટ દ્વારા અપનાબજાર બહુમાળી બિલ્ડીંગ ખાતે ચેક રિટર્નના કેસોની વધારાની ચાર નવી કોર્ટો શરૃ કરવાનો નિર્ણય લેવાયો છે. ઉલ્લેખનીય છે કે,સમગ્ર ગુજરાત રાજયમાં ચેક રિટર્નના પડતર કેસો પૈકી સૌથી વધુ આશરે ચાર લાખથી વધુ કેસો અમદાવાદમાં પડતર છે. એટલે કે,રાજયમાં ચેક રિટર્નના જે કુલ પડતર કેસો છે, તેમાં એકલા અમદાવાદમાં જ આશરે ૬૦ ટકા કેસો તો પડતર છે.

આ અંગે આધારભૂત સૂત્રોએ જણાવ્યું હતું કે, ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળના ચેક રિટર્નના કેસોની હાલ કુલ ૧૯ કોર્ટો આવેલી છે, જે તમામ અપનાબજાર, બહુમાળી બિલ્ડીંગમાં જ કાર્યરત છે. આ સિવાય ઓનલાઇન કોર્ટમાં પણ એક જજને નિયુકત કરાયા છે અને હવે આ નવી ચાર કોર્ટો ઉમેરાશે એટલે કે, ચેક રિટર્નના કેસોની કુલ કોર્ટો ૨૩ અને પ્લસ એક ઓનલાઇન કોર્ટ એટલે કુલ ૨૪ કોર્ટો ચેક રિટર્નના કેસો માટેની થશે.

સૂત્રોએ વધુમાં ઉમેર્યું કે, ચેક રિટર્નની કોર્ટો વધવાની સાથે સાથે સામે કેસો પણ બહુ નોધનીય રીતે વધી રહ્યા છે. ખાસ કરીને પાછલા કેટલાક વર્ષોમાં બેંકો, ફાયનાન્સ કંપનીઓ, ગૃહ મંડળીઓ અને નાણાં ધિરાણ આપતી સંસ્થાઓની સંખ્યા પણ મોટા પ્રમાણમાં વધી છે તો, ચીટીંગના કેસો પણ એ જ રીતે વધી રહ્યા છે, ફુલ્યાફાલ્યા છે. જેના કારણે ચેક રિટર્નના કેસોમાં વધારાનું આ સૌથી મોટુ કારણ છે. સૌથી વધુ કેસો બેંકો, ફાયનાન્સ કંપનીઓ, ધિરાણ આપતી સંસ્થાઓ અને શરાફ પેઢીઓ-મંડળીઓ દ્વારા જ મોટા પ્રમાણમાં દાખલ કરવામાં આવતા હોય છે. જેના કારણે કેસોનો ભરાવો પણ એટલી જ હદે વધી રહ્યો છે.

# રાજકોટની લો ગ્રેજયુએટ યુવતીને ઓલ ઈન્ડિયા બાર એકઝામમાં નાપાસ જાહેર કરાતા હાઈકોર્ટમાં ધા

## ગ્રેસીંગના માર્કસ સહિતના મુદ્દા ઉઠાવાયાઃ હાઈકોર્ટે બાર તથા પરીક્ષા વિભાગને નોટીસ ફટકારી

અમદાવાદ તા.૧૮

સૌરાષ્ટ્રની એક ઉમેદવારે ઓલ ઈન્ડિયા બાર એક્ઝામ (AIBE) ના પરિણામને પડકાર્યું છે જેમાં બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (BCI) દ્વારા કોઈ કારણ આપ્યા વિના તેને નાપાસ જાહેર કરવામાં આવી હતી. કેસની પ્રાથમિક સુનાવણી પછી, હાઈકોર્ટે BCI અને તેના AIBE પરીક્ષા વિભાગને નોટિસ જારી કરી હતી.

ઉર્વી આચાર્ય દ્વારા અરજી દાખલ કરવામાં આવી હતી જેમાં તેમણે ઓલ ઈન્ડિયા બાર પરીક્ષા (AIBE-XIX) માં તેણીને નાપાસ જાહેર કરવામાં આવી હતી અને ત્યારબાદ ફરીથી તપાસ કરતી વખતે તેના નિર્ણયની સમીક્ષા કરવાનો ઇનકાર કર્યો હતો. BCI એ પરિણામમાં કોઈ ફેરફાર ન થવાનું કોઈ ચોક્કસ કારણ અથવા તર્ક આપવામાં નિષ્ફળ રહ્યું છે, જોકે પરીક્ષામાં ૧૦૦ પ્રશ્નોમાંથી ૭ પ્રશ્નો પાછા ખેંચી લેવામાં આવ્યા હતા.

જોકે તેણીએ બધા ૧૦૦ પ્રશ્નોનો પ્રયાસ કર્યો હતો, અધિકારીઓએ પાછા ખેંચાયેલા પ્રશ્નો માટે ગ્રેસ માર્ક્સ આપ્યા ન હતા. જો આવા ગ્રેસ માર્ક્સ યોગ્ય રીતે આપવામાં આવ્યા હોત, તો તેણીને પાસ જાહેર કરવામાં આવી હોત. અધિકારીઓનો નિર્ણય સ્પષ્ટપણે મનસ્વી અને પારદર્શિતાથી વંચિત છે.



તેણીએ વધુમાં જણાવ્યું હતું કે તેણીનો શૈક્ષણિક રેકોર્ડ ઉત્તમ છે, તેણીએ ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાંથી ફર્સ્ટ ક્લાસ - 'સી' ગ્રેડ સાથે ક્રિમિનલ લોમાં માસ્ટર ઓફ લો (LL.M.) સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. આવી ગુણવત્તા ધરાવતી ઉમેદવાર ઓલ ઈન્ડિયા બાર પરીક્ષામાં નિષ્ફળ જઈ શકે નહીં. પરિણામે, BCI દ્વારા અપનાવવામાં આવેલી સમગ્ર પ્રક્રિયામાં ન્યાયીતા અને પારદર્શિતાનો અભાવ છે.

અગાઉ, તેણીએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં LL.B. પ્રોગ્રામમાં પ્રવેશ મેળવ્યો અને શ્રી એચ.એમ. શુકલા કોલેજમાં તેણીનો કાનૂની અભ્યાસ કર્યો. તેણીએ બધી પરીક્ષાઓ સફળતાપૂર્વક પાસ કરી અને પૂર્ણ થયા પછી, એડવોકેટ્સ એક્ટ, ૧૯૬૧ ની કલમ ૧૭ હેઠળ બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા તેમને કામચલાઉ નોંધણી પ્રમાણપત્ર આપવામાં આવ્યું. AIBE પરીક્ષા સફળતાપૂર્વક પાસ કર્યા પછી, ઉમેદવારોને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા પ્રેક્ટિસનું પ્રમાણપત્ર (COP) આપવામાં આવે છે જેનાથી તેઓ કોર્ટ, ટ્રિબ્યુનલ અને વહીવટી સંસ્થાઓ સમક્ષ હાજર રહી શકે છે.

તેણી ગયા વર્ષે ૨૨ ડિસેમ્બરે પરીક્ષામાં હાજર રહી હતી અને તમામ ૧૦૦ પ્રશ્નોનો પ્રયાસ કર્યો હતો. પરીક્ષા આપ્યા પછી, અરજદારને ઓછામાં ઓછા ૭૦% મેળવવાનો વિશ્વાસ હતો. પાછળથી BCI એ જાહેર કર્યું કે સાત ગુણના પ્રશ્નો પાછા ખેંચી લેવામાં આવ્યા છે અને પરિણામ ૯૩ ગુણના આધારે જાહેર કરવામાં આવશે. તેણીએ પુનઃ તપાસ માટે અરજી કરી હતી પરંતુ પરિણામ યથાવત રહ્યું. તેણીને ગ્રેસ માર્ક્સ આપવામાં આવ્યા ન હતા. તેણીની મજબૂત શૈક્ષણિક પૃષ્ઠભૂમિ અને કાનૂની અભ્યાસમાં નિપુણતા જોતાં, તે અકલ્પ્ય છે કે તેણી પરીક્ષામાં ઓછામાં ઓછા પાસિંગ માર્ક્સ પણ મેળવવામાં નિષ્ફળ જશે. તેણીએ આરોપ લગાવ્યો હતો કે સ્પષ્ટ માર્ગદર્શિકા જારી કર્યા વિના અથવા વાજબી પદ્ધતિ અપનાવ્યા વિના, પરીક્ષામાંથી અચાનક સાત પ્રશ્નો પાછા ખેંચી લેવાથી, ખંતપૂર્વક પ્રયાસ કરનારા ઉમેદવારો પર અસર પડી છે. આવી પરીક્ષાઓનું સંચાલન કરતા ન્યાયીતા અને પારદર્શિતાના મૂળભૂત સિદ્ધાંતો હોવા છતાં, અધિકારીઓ એક સમાન અને ન્યાયી મૂલ્યાંકન પ્રક્રિયા સુનિશ્ચિત કરવામાં નિષ્ફળ ગયા, જેના કારણે ઉમેદવારોના પ્રદર્શનનું ખામીયુક્ત મૂલ્યાંકન થયું છે.

### સુવિચાર

**કીચડમાં પગ ફસાઈ જાય તો નળ પાસે જવું જોઈએ પણ નળ જોઈને કીચડમાં ન જવું જોઈએ જિંદગીમાં ખરાબ સમય આવે તો પૈસાનો ઉપયોગ કરવો જોઈએ પણ પૈસા જોઈને ખરાબ રસ્તે ન જવું જોઈએ**

### આજનું ચિંતન



## સંવાદથી સંબંધમાં જોડાણ શકય બને છે

જાપાનની એક કહેવત છે.

પતંગિયું હોંગકોંગમા પાંખો ફફડાવે અને વાવાઝોડુ ન્યુયોર્કમાં ફૂંકાય એવી પૂરી શકયતા છે.

છોડ પર પુષ્પ દુબઈમાં ઉગે અને સુવાસ એની ઈઝરાઈલ સુધી પહોંચે એવી પૂરી શકયતા છે.

આ કહેવતનો તાત્પર્યાર્થ આ છે કે નાનકડી પણ ઘટના, નાનકડું પણ પરિવર્તન, જીવનમાં જ કલ્પ્યા હોય એવા સંયોગોનું નિર્માણ કરી શકે છે. જે પણ સંબંધમાં આવશ્યકતા કેન્દ્રસ્થાને છે અથવા તો જે પણ સંબંધમાં આકર્ષકતા કેન્દ્રસ્થાને છે એ સંબંધમાં ટકાઉપણાની કોઈ અપેક્ષા હોતી નથી.

દર્દીને ડોકટરની આવશ્યકતા કયાં સુધી ? શરીરમાં દર્દ છે ત્યાં સુધી !

પણ જે સંબંધના કેન્દ્ર સ્થાને આત્મીયતા છે એ સંબંધના ટકાઉપણાંનો આધાર સંબંધમાં 'સંવાદ' કેટલો ધબકતો રહે છે એના પર છે.

યાદ રાખજે, વિવાદ એ સંબંધના દૂધ માટે લીંબુ કાર્ય કરે છે જયારે સંવાદ એ સંબંધના દૂધ માટે મેળવણ કાર્ય કરે છે.

– પદ્મભૂષણ જૈનાચાર્ય શ્રી રત્નસુંદરસૂરીજી મ.
('સ્પર્શ' પુસ્તકમાંથી સાભાર)

# જગત મિથ્યા નથી !

**મમ્માના મુખેથી પરમાત્મા મહાવાક્યો-**

કેટલાક લોકો એવું સમજે છે કે આ સંસાર માયા છે તેથી તેમાં આવવું જ નહી કે આ શરીર છોડી દેવું. લખ્યુ છે કે જગત મિથ્યા છે. વાસ્તવમાં જગત મિથ્યા નથી, જગત અનાદિ છે. હાઁ, વિકારોને કારણે એને મિથ્યા બનાવી દીધેલ છે, મનુષ્ય દુઃખી થયેલ છે. પરંતુ એવું નથી કે જગત છે જ નહી. આમ સંસારથી, સંસારની ચીજોથી નીકળી જવાની વાત નથી પરંતુ આ સંસાર અને સંસારની ચીજોને પાવન બનાવવાની વાત છે. જેમ શરૂઆતમાં તો આખો સંસાર જ પાવન, સતોગુણી હતો. જે દેવતાઓનો સંસાર હતો. દેવતાઓની દુનિયા બીજે કોઈ સ્થાને થોડી છે? ઉપર થોડી છે? આ જ દુનિયા દેવતાઓની દુનિયા હતી, જેમા દરેક મનુષ્ય દેવતા હતા. તેમને સ્વર્ગ કહો, હેવન કહો, સતયુગ કહો, તે આ જ સંસાર હતો. આપણે સૌ મનુષ્ય જ એ સ્વર્ગના વાસી હતા. આ બધી વાતોને સમજવાની છે. અત્યારે માયા(વિકારો)ને સ્વયંમાંથી નાશ કરવાની છે. માયાનો નાશ કરવો અર્થાત તેમના પર વિજયી બનવુ, છૂટવું. આમ માયાજીત અર્થાત વિકારોની ઝંઝીરોથી મુક્ત આત્મા બનવું.

**મૂલ્યોની મહેક**
**■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■**

વિકારી કર્મને કારણે ધન પણ દુઃખ દેવાનું કારણ બને છે. શરીરના વિકારોને કારણે જે કર્મબંધન બનેલા છે તેથી રોગ, અકાળે મૃત્યુ વગેરે ચીજોથી દુઃખ મળે છે. સતયુગમાં આપણા શરીરમાં કોઈ રોગ નથી હોતો, કે અકાળે મૃત્યુ નથી હોતા. શા માટે? કારણ કે ત્યા શરીર નિર્વિકારી બળથી અર્થાત યોગ બળથી બનેલા હોય છે. અત્યારે વિકારોના બળથી બને છે આથી દુઃખ મળે છે. દરેક ચીજ અત્યારે વિકારોના સંગથી બને છે આથી દરેક ચીજથી દુઃખ મળે છે. માયાને કારણે જ સર્વ દુઃખ મળે છે તો માયને જ કાઢો. બાબા(પરમાત્મા) કહે છે વર્તમાન સૌની બુધ્ધિ તથા સંસાર તમોપ્રધાન હોવાને કારણે દુઃખ જ દુઃખ મળે છે. આથી તેઓ આવીને આખી સિસ્ટમ(ક્રમ, પધ્ધતિ) જ બદલી નાખે છે. આ બધી જ વાતોને સમજવા જ્ઞાનના નેત્રો આપે છે. જ્ઞાન નેત્ર અર્થાત સમજ. સમજ તો બુધ્ધિમાં ધારણ થાય છે ને! તો અત્યારે સૌ પરમાત્માના બાળકોને સમજ મળી છે. દેવતાઓને આ જ્ઞાન નેત્રની જરૂર નથી કારણ કે દેવતાઓ તો પ્રાલબ્ધી પ્રાપ્ત કરે છે.

**માતેશ્વરીજીના વિશેષ ગુણ અને શક્તિઓ:**

-નિયમિતતાના ગુણ દ્વારા દ્રઢતાની શક્તિથી સંપન્ન -

યજ્ઞના દરેક ઈશ્વરીય નિયમ અને મર્યાદાઓનું મમ્માએ દ્રઢતાપૂર્વક પાલન કર્યુ. નિયમિત જ્ઞાન મૂરલીનું અધ્યયન કરતા. દિનચર્યાના દરેક સેવા કાર્યમાં હંમેશા રેગ્યુલર અને બરાબર, નિયમિત રહેતા. કોઈ દિવસ આળસ્ય કે બીજી કોઈ બહાનાબાજી ન હતી. શરીર કેવું પણ હોય પરંતુ એક દિવસ પણ પરમાત્માના મહવાક્યને સાંભળવા ચૂક્યા નથી. સવારે અમૃતવેળા ૨ વાગ્યે ઉઠીને એકાંતમાં બેસી તપસ્યા કરતા. દરેક શ્રીમત(પરમાત્માની શિક્ષા, સાવધાની કે આજ્ઞા)નું દ્રઢતાપૂર્વક પાલન કરતા. આપણે પણ જીવનમાં દરેક બાબતે એક્યુરેટ અને પંક્ચ્યુઅલ રહીને જીવન સફળ બનાવીએ.

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૬
જેઠ વદ-૮, તા.૧૯/૬/૨૫, ગુરૂવાર

સૂર્યોદય : ૬-૦૪, સૂર્યાસ્ત : ૭-૩૧, જૈન નવકારશી : ૬.૫૨
રાશિ : મીન (દ.ચ.ઝ.થ.)

**ગૌચરના ગ્રહો**

સૂર્ય-મિથુન, મંગળ-સિંહ, રાહુ-કુંભ, કેતુ-સિંહ, બુધ-મિથુન, ગુરૂ-મિથુન, હર્ષલ-વૃષભ, પ્લુટો-મકર, શુક્ર-મેષ, શનિ-મીન, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-કુંભ


**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ** : સર્જનાત્મક પ્રવૃતિ પ્રત્યે વધુ ધ્યાન દેજો, મિત્રોનો સહકાર રહેવાનો, નોકરીમાં મનગમતી જગ્યા મળે, ધાર્મિક કાર્ય થાય.
**વૃષભ** : લક્ષ્મીજીની કૃપા મેળવવાના પ્રયત્નો ફળવાના, કર્જમાં રાહત રહે, ભાગીદારો સાથે મહત્વની ચર્ચા થાય, પ્રતિષ્ઠા વધે.
**મિથુન** : માનસિક સ્વાસ્થ્યનો અનુભવ થાય, કુટુંબીજનો સાથે સુમેળ વધે, નોકરીમાં સ્થિરતા રાખવી રાજકીય, પ્રવૃતિ વધવાની.
**કર્ક** : વિકાસની તક ઉભી કરવાના પ્રયત્નો ફળવાના, સંસ્થાને તમારી મહેનતનો લાભ મળે, નવી યોજનામાં સફળતા રહેશે.
**સિંહ** : મિત્રો સાથે નાણાકીય લેતી દેતીમાં બેદરકારીથી જાળવવુ, રોજિંદા કાર્યને વળગી રહેજો, હિતેચ્છુની શુભેચ્છા મેળવશો.
**કન્યા** : ટેકનોલોજી ક્ષેત્રે સફળતા મેળવશો, કાનુની પ્રશ્નોથી દુર રહેજો, પ્રતિષ્ઠા જાળવવા સંઘર્ષ કરવો પડે, પ્રવાસ થાય.
**તુલા** : નિકટના સાથીઓનો સહકાર રહેવાનો, વિજાતીય સંબંધો ગાઢ બને, મિલ્કતના પ્રશ્નો ઉપર ધ્યાન દેજો.
**વૃશ્ચિક** : વ્યવસાય ક્ષેત્રે નવું આયોજન કરવાની ઈચ્છા ફળે, નોકરીમાં મનગમતુ કાર્ય મળે, આવકનું પ્રમાણ જળવાઈ રહે.
**ધન** : આવક વધારવાના પ્રયત્નો ફળવાના, મિત્રોનો સહકાર સારો રહેવાનો, ઉધારી ધંધાથી દુર રહેજો.
**મકર** : પરિવારના સભ્યો સાથે મતભેદોને લઈને માનસિક તનાવ રહેવાનો, જેથી આ બાબત ટાળવી જરૂરી રહે.
**કુંભ** : નોકરીમાં સહકાર્ય કરો સાથે કોઈ મતભેદો ન થાય તેનુ ધ્યાન રાખવું, સટાકીય મનોવૃતિ કાબુમાં રાખજો.
**મીન** : અટકતા કાર્યોમાં કોઈની મદદ મળવાની નવા સાહસો માટે કોઈ ઉતાવળ ન કરવી, વિદેશથી લાભ મળવાનો.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



### આડી ચાવી

૧. સુભાષચંદ્ર બોઝની સેના (૭)
૬. ફુઆના સસરા (૨)
૮. કદર કરી જાણનાર (૫)
૯. દૂધની મીઠાઇમાંથી બનતી મીઠાઇ (૩)
૧૧. પાથરણું (૩)
૧૨. અભિનેતા સં...કુમાર (૨)
૧૩. બીકણ (૪)
૧૫. ...નિકલેગી તો ફિર દુર તલક જાએગી (૨)
૧૮. સ્થિર પાણીમાં બાઝે (૨)
૧૯. પ્રાર્થના-ઉર્દુ (૪)
૨૧. હાસ્યપ્રચુર પરફોર્મન્સ (૪)
૨૨. ...સ્ટેશન (૨)
૨૩. સળગી ગયા પછી વધે (૨)
૨૪. અંકલ (૨)
૨૫. ક્ષણ (૨)
૨૭. યુધ્ધ, રણમેદાન (૫)
૨૯. હત્યારો (૩)
૩૧. પ્રકાશ ઝાની એક ફિલ્મ (૩)
૩૨. પાણી (૨)
૩૩. ઉચ્ચ આત્માનું દફન સ્થાન (૩)
૩૪. આંજણ (૩)

### ઉભી ચાવી

૨. બિહારમાંથી બનેલું સ્ટેટ (૪)
૩. બરફ (૨)
૪. કેમેરાનો લેન્સ ... કરવો પડે (૩)
૫. અભિનેત્રી નરગીસની માતા (૫)
૬. મમ્મીના સસરા (૩)
૭. દેવનું વિરોધી (૩)
૧૦. ભય (૨)
૧૧. એનાલિસિસ (૪)
૧૪. કાયદો જાળવનાર (૩)
૧૬. સર્વત્ર ખેદાનમેદાન (૩)
૧૭. એકાક્ષરી પ્રશ્ન (૧)
૨૦. મણીરત્નમની ફિલ્મ (૪)
૨૧. પંડિત, સ્વામી (૨)
૨૪. એક અટક (૪)
૨૬. એક જ અક્ષર આવશે (૪)
૨૮. બોલ રાધા બોલ ... હોગા કે નહીં (૩)
૨૯. શત્રુઘ્નસિંહાની આર્ટ ફિલ્મ (૩)
૩૦. ચીડનો ભાઇ (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ગુ | જ | રા | ત | મિ | ત્ર | | મું | બ | ઈ |
| મ | | પ | | ડ | | સ | બ | ળ | |
| રા | | ર | ખ | ડે | લ | | ઈ | દ | ડા |
| હ | દ | | ત | | હ | વ | સ | | લ |
| | | ખા | | સા | સુ | | મા | ત | મ |
| | અ | પ | ના | પ | ન | | ચા | | થ્થો |
| શા | મ | | ચા | | | કો | ર | ટ | |
| | રા | મ | બ | લ | રા | મ | | ગે | |
| રા | વ | | | | હ | વા | મ | હે | લ |
| સ | તી | પ્ર | થા | | ત | દ | ન | | ક |

# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર ઝડપથી વાંચવા માટે આજે જ ડાઉનલોડ કરો સાંજ સમાચાર મોબાઈલ એપ

સાંજ સમાચાર

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

TELEGRAM
Sanj Samachar

WEBSITE
www.sanjsamachar.net

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )









સેન્ટ્રલ ઝોનના વોર્ડ નં.૭ના દિવાનપરા વિસ્તારમાં આજે સવારે વરસાદી માહોલમાં રસ્તા પર ભુવો પડતા ઉંડો ખાડો પડી ગયો હતો જેની જાણ થતા કોર્પોરેટરો અને અધિકારીઓ સ્થળ પર દોડી ગયા હતા. આ બાદ તાબડતોબ ભુવો બુરવાની કામગીરી શરૂ કરાઇ છે. (તસ્વીર : પંકજ શીશાંગીયા)

# દિવાનપરા મેઇન રોડ પર જુના વોંકળા પાસે 'ભુવો' પડયો : મનપાની ટીમો દોડી

## વોર્ડ નં.૭ના મુખ્ય માર્ગ પર રસ્તો બંધ કરીને તાબડતોબ રીપેરીંગ કામ શરૂ કરાયું : કોર્પોરેટરો સ્થળ પર પહોંચ્યા : અનેક વિસ્તારોમાં ડીઆઇ પાઇપલાઇનના ખોદકામથી ત્રાસ : મેટલીંગ સતત ચાલુ રાખવા કમિશ્નરનો આદેશ

રાજકોટ, તા. ૧૮

રાજકોટમાં ધીમી ધારે ચોમાસાનું આગમન થયું છે. બે દિવસ પહેલા સાંજે અનરાધાર પોણા ત્રણ ઇંચ વરસાદ વરસી ગયા બાદ ગઇકાલે ફરી દોઢ ઇંચ જેટલો વરસાદ વરસ્યો છે. શહેરમાં ઠેર ઠેર પાણીની નવી લાઇન માટે ખોદકામ પરના ખાડા ખુલ્લા પડી ગયા છે ત્યારે આજે જુના રાજકોટના વોર્ડ નં.૭ના દિવાનપરા રોડ પર મોટો ભુવો પડી જતા અધિકારીઓ દોડી ગયા હતા. કોર્પોરેટરોને જાણ થતા તેઓએ સ્થળ પર વિભાગ પાસે આ ભુવો બુરવાનું કામ શરૂ કરાવ્યું છે.

સેન્ટ્રલ ઝોનના વોર્ડ નં.૭માં દિવાનપરા શેરી નં.૧૮ વિસ્તાર આવેલો છે. મેઇન રોડ ટચ આ જગ્યા પાસે જ વર્ષો જુનો વોંકળો પસાર થાય છે અને મકાનો હેઠળથી જુનુ વહેણ નીકળે છે. આ વોંકળો પણ વર્ષો પહેલા બુરાઇ ગયો છે. આજે સવારે એકાએક નજીકમાં જ ભુવો પડતા અને રોડનો ભાગ બેસી જતા તુરંત આ ખાડો કવર કરવામાં આવ્યો હતો. વોર્ડના કોર્પોરેટર વર્ષાબેન કિરીટભાઇ પાંધી સ્થળ પર પહોંચ્યા હતા અને તેમને વોર્ડના અધિકારીઓને જાણ કરી હતી. બાદમાં આ ખાડો બુરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

આ ભુવાની આજુબાજુમાંથી જ વોંકળાનું વહેણ પસાર થતું હતું. બે થી ત્રણ માણસ ઉતરી જાય એટલો ભુવો પડયો છે અને તે બુરવાની કામગીરી બપોરે પણ ચાલુ હતી. વોર્ડના ડે.ઇજનેર ગાવિતે કહ્યું હતું કે, મેઇન રોડ પર અહીં વર્ષો જુનો વોંકળો હતો. ધીમા વરસાદમાં આ ભુવો પડી જતા તુરંત રીપેરીંગની કામગીરી શરૂ કરવામાં આવી છે. નજીકનો રસ્તો સલામતી ખાતર બંધ કરવામાં આવ્યો છે. દરમ્યાન જુના રાજકોટથી માંડી યુનિ. રોડ, ઘંટેશ્વર, માધાપર, મવડી, સામાકાંઠા સહિતના જે વિસ્તારોમાં પાણીની ડીઆઇ પાઇપલાઇન બદલવાનું કામ ચાલી રહ્યું છે ત્યાં પાઇપલાઇન નંખાયા બાદ મેટલીંગ કામ કરાયું છે. પરંતુ ચાલુ વરસાદે અનેક જગ્યાએ આ મેટલીંગ પણ બેસી જતું હોવાની ફરિયાદ રહે છે. ખાસ કરીને રહેણાંક વિસ્તારમાં આવી ફરિયાદો વધી છે. જુના રાજકોટના જાગનાથ, સરદારનગર, અમીન માર્ગ, વૈશાલીનગર, સોજીત્રાનગર, કાલાવડ રોડના ઘણા ભાગોમાં આ કામ બાદ ખાડામાં મેટલીંગ કરાયું છે. સામાન્ય રીતે એક વરસાદ બાદ જ કરવામાં આવતું ડામર કામ ટકે છે આથી આ તમામ ભાગોમાં જયાં જયાં અને જયારે જયારે જરૂર હોય ત્યારે મેટલીંગથી ફીલીંગ કરવા કમિશ્નરે સૂચના આપી છે. રહેણાંક વિસ્તારમાં ખાસ ધ્યાન આપવા તેમણે અધિકારીઓને કહ્યું છે. તે સિવાય લોકો સીધી ફરિયાદ કરે ત્યાં પણ તુરંત કામગીરી કરવા સૂચના આપી છે.





શહેરના મવડી અને ભીમનગર ચોકમાં ગઇકાલે રાત્રે મનપાની ટીપી શાખાએ બે નાના મંદિરનું ડિમોલીશન કર્યુ હતું. આ બંને ધાર્મિક સ્થળ રોડ અને સર્કલમાં હોવાથી આ કામગીરી કરાઇ હતી. (તસ્વીર : પંકજ શીશાંગીયા)

# મવડીના બાપા સીતારામ ચોક અને ભીમનગર ચોકમાં બે ધાર્મિક દબાણ રાત્રે ગુપચુપ હટાવતી મહાપાલિકા

## બાપા સીતારામની ડેરી સર્કલ વચ્ચે હતી : ટ્રાફિકને નડતરરૂપ હોવાથી ડિમોલીશન

રાજકોટ, તા. ૧૮

મ્યુનિ. કોર્પોરેશન દ્વારા હવે ચોમાસામાં મોટા ભાગે બાંધકામોના ડિમોલીશનની કામગીરી સ્થગિત કરવામાં આવી છે ત્યારે ગઇકાલે રાત્રે વોર્ડ નં.૧૧ના મવડી પાસે અને ભીમનગર ચોકમાં બે નાના મંદિર અને ડેરીના દબાણ તોડવામાં આવ્યા હતા. બાપા સીતારામની આ જગ્યા સર્કલ વચ્ચે બનાવી દેવાઇ હોય ટ્રાફિકને નડતરરૂપ હોવાથી આ કામગીરી કરાયાનું ટીપી શાખાએ જાહેર કર્યુ છે.

આ કાર્યવાહી અંગે ટીપી શાખામાંથી જાણવા મળતી વિગત મુજબ વોર્ડ નં.૧૧માં મોકાજી સર્કલથી આગળ ભીમનગર ચોક આવેલો છે. અહીં રસ્તા વચ્ચે એક મંદિર બંધાયેલું હતું. આ ધાર્મિક દબાણ લાંબા સમયથી ટ્રાફિકથી નડતરરૂપ હોવાની રજૂઆતો આવતી હતી. ગઇકાલે રાત્રે બુલડોઝર લઇ જઇને આ બાંધકામ હટાવી દેવાયું હતું. આ જ રીતે આ જ વોર્ડમાં મવડી ચોકથી બાપા સીતારામ ચોક તરફ પણ બાપા સીતારામની ડેરી સર્કલ વચ્ચે બંધાયેલી હતી.

સર્કલ વચ્ચે આ બાંધકામ હોવાથી ત્યાં પણ ટ્રાફિકનો પ્રશ્ન થતો હોવાની લોકોની રજુઆત આવતી હતી. આથી આ સર્કલ અંદર રહેલું ડેરીનું બાંધકામ પણ ગઇકાલે રાત્રે તોડી પડાયું હતું. પોલીસ બંદોબસ્ત વચ્ચે રાત્રે શાંતિથી આ કાર્યવાહી આટોપી લેવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટની ગાઇડલાઇન મુજબ રસ્તા પરના ધાર્મિક સહિતના દબાણો હટાવવા તંત્રએ કાર્યવાહી કરવાની છે. ગુજરાત સરકાર પણ સુપ્રિમ કોર્ટમાં જવાબ રજુ કરી રહી છે. દરેક જિલ્લા શહેર પાસે આવા દબાણોની યાદી મંગાવવામાં આવી હોય તેના ભાગરૂપે આ કાર્યવાહી ચાલતી હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.



## પહેલગામ હુમલા બાદ કાશ્મીરમાં બંધ ૧૬ પાર્ક ફરી ખુલ્યા

પહેલગામ હુમલા બાદ જમ્મુ-કાશ્મીરમાં બંધ થયેલા ૧૬ પાર્ક ફરી ખુલ્યા છે. જેમાં બેતાબી વેલીનો પણ સમાવેશ થાય છે. કાશ્મીરમાં વેરીનાગ, કોકરનાગ, અચ્છાબલ પાર્ક અને શ્રીનગરમાં તકદીર પાર્ક ફરી ખોલાયા છે. જમ્મુ ક્ષેત્રમાં કઠુઆ, ડોડામાં ગુલદાંડા અને જય ખીણ, અંધેરીમાં પંચેરી પણ ખુલ્યા છે.

# પાકિસ્તાનના આર્મી ચીફે અમેરિકામાં ઝેર ઓકયું: ૧૯૭૧ની હારનો બદલો લઈશું

વોશિંગ્ટન (અમેરિકા) તા.૧૮

પાકિસ્તાનના આર્મી ચીફ નવા ફિલ્ડ માર્શલ હાલ અમેરિકામાં છે અને અહીં તેમણે ભારત વિરૂધ્ધ ઝેર ઓકયું હતું અને ભારતને તોડીને ૧૯૭૧ના યુધ્ધની હારનો બદલો લેવાની શેખી મારી હતી. અમેરિકામાં પાકિસ્તાની સમુદાયને સંબોધતા કહ્યું હતું કે ભારતને તોડીને તે ૧૯૭૧ની જંગનો બદલો લેશે.

## ભારત પર સાઈબર હુમલાને લઈને શેખી મારી

મુનીરના ભાષણ દરમિયાન વોશિંગ્ટનમાં હાજર પાકિસ્તાની નોમાન મુગલના કહેવા મુજબ મુનીરે કહ્યું હતું કે તેણે ચીન સાથે મળીને ભારત સામે જંગ લડી છે. મુનીરે પહેલગામ હુમલાને આતંકી હુમલો માનવાનો ઈન્કાર કર્યો હતો. મુનીરે એવી પણ શેખી મારી હતી કે પાકિસ્તાની ડ્રોન દિલ્હી અને ગુજરાત સુધી ગયા હતા તેણે ભારતીય ટ્રેન સિસ્ટમને પણ હેક કર્યાનો ખોટો દાવો કર્યો હતો. આ દરમિયાન મુનીરે કબુલ્યું હતું કે તેમને ચીનથી હથીયાર અને સૈન્ય ઉપકરણ મળ્યા હતા. મુનીરે જેહાદી સંગઠનો માટે અમેરિકાને જવાબદાર ગણ્યા હતા. અફઘાનિસ્તાનમાં સોવિયેટ હુમલા બાદ પાકિસ્તાનમાં જેહાદી કલ્ચર આવ્યું છે કાશ્મીરને લઈને એવી શેખી મારી હતી કે ઝડપથી કાશ્મીરને લઈને સારા સમાચાર આવશે.



# ભારે વરસાદથી ૧૧ હાઈવે સહિત ૧૮૯ માર્ગો બંધઃ એસટીના ૩૦ રૂટ ઠપ્પ

## ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર જેવા જીલ્લાઓમાં વધુ અસરઃ વિજતંત્રને પણ વ્યાપક ફટકો

રાજકોટ તા.૧૮

સૌરાષ્ટ્ર-કચ્છ સહિત મેઘસવારીને પગલે રસ્તાથી માંડીને વિજપુરવઠો તથા એસટી સેવા પણ પ્રભાવિત થઈ છે. રાજય સરકાર દ્વારા સંબંધીત વિભાગોને ત્વરીત કામગીરી કરવાની સૂચના આપવામાં આવી છે.

રાજય સરકારના સૂત્રોએ ભારે વરસાદને કારણે એક નેશનલ હાઈવે ૧૦ સ્ટેટ હાઈવે સહિત કુલ ૧૮૯ રસ્તા બંધ થયા હતા. જયાં વાહનવ્યવહાર અટકાવવો પડયો હતો. રાજયમાં જયાં સૌથી વધુ વરસાદ થયો છે તે ભાવનગર જીલ્લાનો એક નેશનલ હાઈવે બંધ છે. જયારે સુરેન્દ્રનગરના ચાર ભાવનગરના ત્રણ, બોટાદ-મોરબીના એક-એક મળીને ૧૦ સ્ટેટ હાઈવે બંધ છે. હાઈવે નજીકના અન્ય ૨૫ રસ્તાઓનુ પણ ધોવાણ થતા વાહનવ્યવહાર માટે બંધ કરાયા હતા. જયારે પાણી ભરાવા કે કોઝવે-પુલ તૂટી જવા જેવા ઘટનાક્રમોથી પંચાયત હસ્તકના ૧૫૩ માર્ગો બંધ રહ્યા છે.

ભારે વરસાદથી વિજતંત્રને પણ અસર છે. આજે સવારની સ્થિતિએ રાજયના ૨૪૧ ગામોમાં વિજપુરવઠો ખોરવાયેલો રહ્યો હતો જયારે ૧૨૩૪ ફીડર ઠપ્પ થયા હતા. કુલ ૫૭૯ વિજથાંભલા ધરાશાયી થયા હતા. ૨૫ ટ્રાન્સફોર્મર ઠપ્પ હતા.

માર્ગોમાં ભંગાણ તથા રસ્તા ધોવાતા તથા પુલ તૂટવાથી એસટીની સેવા પ્રભાવિત થઈ હતી. ખાસ કરીને ભાવનગર, બોટાદ તથા ગીર સોમનાથની એસટી સુવિધા પ્રભાવિત હતી. ભાવનગર એસટીના ૧૫ રૂટ પરની ૫૬, બોટાદમાં ૧૩ રૂટની ૩૮ ટ્રીપો તથા ગીર સોમનાથમાં બે રૂટ પરની ત્રણ ટ્રીપો રદ કરવામાં આવી હતી. કુલ ૩૦ રૂટ પર ૯૭ ટ્રીપ રદ કરવામાં આવી હતી તેના કારણે એસટીને ૧.૨૯ લાખ રૂપિયાનું આવક નુકશાન થયાનો અંદાજ છે.





# વરસાદથી અત્યાર સુધીમાં ૧૮ના મોતઃ ૨૦ જીલ્લાઓમાં NDRFની ટીમો તૈનાત

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર ખાતે રાહત કમિશનર આલોકકુમાર પાંડેએ આગામી સમયમાં રાજ્યમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને મધ્ય ગુજરાતમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહીની માહિતી આપતા જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે IMDના અધિકારીઓ, એન.ડી.આર.એફ, એસ.ડી.આર.એફ, અન્ય વિભાગો તેમજ વરસાદથી પ્રભાવિત જિલ્લાના કલેકટરો સાથે વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાઈને ત્યાં થયેલી રાહત -બચાવ અને અન્ય કામગીરીની સમીક્ષા કરી હતી.

વધુમાં રાહત કમિશનર જણાવ્યું હતું કે, અરબ સાગરમાં લો પ્રેસરની સ્થિતિના કારણે આગામી બે દિવસોમાં ગુજરાતના કચ્છ અને સૌરાષ્ટ્રના ક્ષેત્રમાં વરસાદની સ્થિતિ જોવા મળશે. અત્યારસુધીમાં ૧૨ એન.ડી.આર.એફની ટીમ વરસાદી સ્થિતિમાં નાગરિકોને સલામત સ્થળે ખસેડવા અને આપત્તિના સમયે નાગરિકોના બચાવ માટે જુદા જુદા જિલ્લાઓમાં મોકલવામાં આવી છે. આ ઉપરાંત રાજ્યના ૨૦ જિલ્લાઓમાં એસ.ડી.આર.એફની ટીમો પણ ડિપ્લોય કરવામાં આવી છે. છેલ્લા ઘણા સમયથી વરસાદ ચાલુ છે ત્યારે વીજળી પડવાથી, વાવાઝોડાના કારણે તથા અન્ય કેટલાક કારણોથી રાજ્યમાં ૧૮ જેટલા નાગરીકોના મૃત્યુ થયા છે. આ ઉપરાંત વરસાદમાં કાચા મકાનો અને પાકા મકાનોને પણ નુકશાન થયું છે.

# વિજતંત્રના ૮૦૧ થાંભલા પડી ગયાઃ ૮૬ ગામોમાં હજુ અંધારાઃ ૧૧૩૨ ફીડર ઠપ્પ

રાજકોટ તા.૧૮

સૌરાષ્ટ્રભરમાં બે દિવસની મેઘસવારીથી વિજતંત્રને મોટો ફટકો છે અને વ્યાપક નુકશાન છે. પીજીવીસીએલના સૂત્રોએ કહ્યું કે લગભગ તમામ જીલ્લાઓમાં ખેતીવાડી ફીડરો નોંધપાત્ર પ્રમાણમાં ઠપ્પ થયા છે. રાજકોટ ગ્રામ્યમાં ૮૯, મોરબીમાં ૯૪, પોરબંદર-જુનાગઢમાં ૪૦-૪૦, જામનગરમાં ૭૦, ભુજમાં ૧૨૬, અંજારમાં ૧૧૦, ભાવનગરમાં ૧૧૧, બોટાદમાં ૧૦૩, અમરેલીમાં ૮૧ તથા સુરેન્દ્રનગરમાં ૨૪૯ મળીને ૧૧૩૨ વિજફીડર બંધ છે. મોરબીમાં પાંચ ઔદ્યોગીક ફીડર પણ ઠપ્પ થયેલા છે.

સૌરાષ્ટ્રમાં ૮૬ ગામોમાં હજુ વિજપુરવઠો ખોરવાયેલો છે. કુલ ૮૦૧ થાંભલા ડેમેજ થયા છે. જે પુર્વવત કરવાના બાકી છે. તેમાં સૌથી વધુ ૩૨૩ ભાવનગર, ૧૫૩ બોટાદ તથા ૧૭૭ અમરેલીમાં છે. ૩૦ ટ્રાન્સફોર્મર પણ ડેમેજ છે.

# વરસાદી હાલત વિશે મુખ્યમંત્રીની સમીક્ષાઃ જોખમી સ્થળોએ ભયસૂચક બોર્ડ મુકવા સુચના

## સંપર્ક વિહોણા ગામો, રસ્તાના ધોવાણ સહિતના મુદ્દે તાકીદ

ગાંધીનગર તા.૧૮

ગાંધીનગરમાં સ્ટેટ ઇમર્જન્સી ઓપરેશન સેન્ટર પહોંચ્યા હતા અને રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવો તેમજ પોલીસ, હવામાન વિભાગ, એન.ડી.આર.એફ., કોસ્ટ ગાર્ડના અધિકારીઓ સાથે બેઠક યોજીને તંત્રની સતર્કતા - સજ્જતાની સમીક્ષા કરી હતી.

ખાસ કરીને સૌરાષ્ટ્ર વિસ્તારમાં નદીઓમાં પૂર આવવાને પરિણામે નાના પૂલો, નાળા, કોઝવે પરથી ભયજનક રીતે વહેતા પાણીમાં કોઈ વાહન કે વ્યક્તિ ન જાય તેની તકેદારી રાખવાની તેમણે સૂચનાઓ આપી હતી. એટલું જ નહીં, આવા સ્થળોએ ચેતવણી સૂચક બોર્ડ અને જરૂર જણાયે પોલીસ બંદોબસ્ત ગોઠવવાના નિર્દેશો પણ મુખ્યમંત્રી આપ્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભારે વરસાદને કારણે જે વિસ્તારોના ગામોમાં સંપર્ક - કોમ્યુનિકેશન નેટવર્કને અસર પહોંચી છે ત્યાં સેટેલાઈટ ફોન અને અન્ય વૈકલ્પિક વ્યવસ્થા તત્કાલ ઉભી કરી એવા ગામોનો સંપર્ક પ્રસ્થાપિત કરવાની સૂચનાઓ આપી હતી.

નિચાણ વાળા વિસ્તારોમાં રહેતા લોકોનું તેમજ પશુઓ, ઢોર-ઢાંખરનું સલામત સ્થળે સ્થળાંતર કરવાની યોગ્ય વ્યવસ્થાઓ તેમજ આવા આશ્રય સ્થાનોમાં ખાવા-પીવાની, આરોગ્યની પુરતી સુવિધા જળવાય તે માટે મુખ્યમંત્રીએ જિલ્લા કલેક્ટરોને સૂચનાઓ આપી હતી. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદથી હાલની સ્થિતિએ જે માર્ગો બંધ છે તે માર્ગોને સત્વરે પુનઃ કાર્યરત કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૂચનાઓ આપી હતી.ભારે વરસાદ અસરગ્રસ્ત જિલ્લાઓમાં નિચાણ વાળા વિસ્તારોમાંથી કુલ ૨૫૯ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત રાજ્યમાં ૧૩૯ લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે.

# અવસાન નોંધ

**રાજકોટ :** સેજપાલ પ્રભુદાસ (પ્રવીણભાઈ) રામજીભાઈ (ઉ.વ.૭૮) તે સ્વ.અન્નપૂર્ણાબેનના પતિ, તેમજ પ્રશાંતભાઈ અને ડો. રશ્મિબેન તથા જીજ્ઞાશાબેનના પિતા તે સ્વ. રાજેશભાઈ, નિલેશભાઈ, રજનીભાઈના કાકા, સ્વ. નંદલાલભાઇ ગોપાલજીભાઇ પૂજારાના જમાઇ, લલિતભાઇ, હિતેશભાઇ, ઉમેશભાઇના બનેવીનું તા.૧૬ને સોમવારના રોજ અવસાન થયેલ છે. તેમની પ્રાર્થનાસભા-પિયરપક્ષની સાદડી તા. ૧૯મીને ગુરૂવારે સાંજે ૪ થી ૬ કલાકે, જનકલ્યાણ હોલ, જનકલ્યાણ સોસાયટી, એસ્ટ્રોન ચોક નજીક રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** સ્વ. નીલમબેન ધીરજલાલ પંડ્યા (ઉ.વ. ૭૮), તે સ્વ.ધીરજલાલ જમનાદાસ પંડ્યાના ધર્મપત્ની તથા રજનીકાંતભાઈ જમનાદાસભાઈ પંડ્યાના ભાભી તથા હરીશભાઈ તથા ધર્મેન્દ્રભાઈ અને માધવીબેન પિયુષભાઈ વ્યાસ (કલકત્તા), તે નયનાબેન મનોજભાઈ ઉપાધ્યાય (રાજકોટ) તથા અંજનાબેન ભાવેશભાઈ પંડ્યા (ભાવનગર)ના માતૃશ્રી તથા નિલેશભાઈ અરવિંદભાઈ પંડ્યાના ભાભુ તથા હેમાંગીબેન સંદીપભાઈ દવે (ઉના), વિવેકભાઈ, નમનભાઈ આધ્યાબેનના દાદીનો તા.૧૪-૬ શનિવારના રોજ તેમના નિવાસસ્થાને કૈલાશવાસ થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૯-૬ ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ વાગ્યે શ્રી ભીમનાથ મહાદેવ મંદિર, ગાયત્રી નગર શેરી નં. ૨/૯ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** રાજકોટ નિવાસી સ્વ. વિનોદરાય માવજીભાઈ અનડકટના ધર્મપત્ની ગં.સ્વ. વાસંતીબેન વિનોદરાય અનડકટ (ઉ.૮૪) તે સ્વ. છગનલાલ પરષોતમદાસ ચાંદરાણી (મોટા દડવા)ના દીકરી તથા ચંદુભાઈ (મુંબઈ) અને કિશોરભાઈ (ગોંડલ)ના મોટાબહેન, નીતિનભાઈ અનડકટ (અમદાવાદ), હિતેશભાઈ અનડકટ (ટેક્ષ. એશો. પ્રમુખ), શૈલેષભાઈ અનડકટ (બાલાજી ટેક્ષટાઈલ) તથા હરેશભાઈ અનડકટ (પરી એન્ટરપ્રાઈઝ)ના માતુશ્રી તેમજ ધવલ, મોનીલ, યશ, દેવાંગ અને સ્મિતના દાદીમાનું તા.૧૭ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તથા પીયર પક્ષની સાદડી તા.૧૯ ગુરૂવારના રોજ સાંજે ૫થી ૬ પંચનાથ મહાદેવ મંદિર, રાજકોટ ખાતે રાખેલ છે.

**ગોંડલ:** મંગલજીભાઈ ધરમશીભાઈ જેઠવા (ઉ.૭૫) તે પરેશભાઈ, જયેશભાઈના પિતા ચેતનભાઈના કાકાનું તા.૧૭ના રોજ અવસાન થયેલ છે. બેસણું તા.૧૯ને ગુરૂવારે સાંજે ૪થી ૬ ગાયત્રી મંદિર, બસ સ્ટેન્ડ સોસાયટી ગોંડલ મુકામે રાખેલ છે.

**રાજકોટ:** લલીતાબેન શિવલાલ કાચા તે અ.નિ. રમેશભાઈ એમ. પરમારના માતુશ્રી તેમજ વિમલભાઈ, હિતેશભાઈ તથા અમિતભાઈના દાદીનું તા.૧૬ સોમવારના રોજ અવસાન થયેલ છે. બેસણું તા.૧૯ને ગુરૂવારના રોજ સાંજે ચારથી છ કલાકે ધારેશ્વર મહાદેવ મંદિર ભકિતનગર સર્કલ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** જોડીયા હાલ રાજકોટ સ્વ. અમૃતલાલ જમનાદાસ પીઠડીયા (ઉ.૮૬) તે સ્વ. નટુભાઈ વલ્લભભાઈ પીઠડીયાના મોટાભાઈ, સ્વ. કૃણાભાઈ (બન્ટી) નટુભાઈ પીઠડીયા, ખ્યાતિબેન નટુભાઈ પીઠડીયા ભાઈજી, ભાવેશભાઈ અમૃતલાલ પીઠડીયાના પિતાશ્રી ભાવિનીબેન ભાવેશભાઈ પીઠડીયા તથા સેવિલભાઈ ભાવેશભાઈ પીઠડીયાના દાદાનું તા.૧૬ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૧૯ને ગુરૂવારના સાંજે ૫થી ૬ મચ્છુ કઠીયા સઈ સુથાર જ્ઞાતિ રામનાથપરા વાળી ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ. સરોજબેન દીનેશચંદ્ર ગઢીયા તે દીનેશચંદ્ર જમનાદાસ ગઢીયા (આશ્રય એસ્ટેટ વાળા)ના પત્ની તથા સ્વ. મથુરાદાસ વિઠલદાસ રાયઠઠાની પુત્રી, પ્રકાશભાઈ, રીટાબેન લલીતકુમાર શીંગાળા, કુંનિતાબેન, નમ્રતાબેન જીતેન્દ્રકુમાર ઠકરાર, પ્રિયાબેન નિલેશકુમાર રાજાના માતુશ્રી, ધૈર્ય તથા યશ્વીબેનના દાદી તથા સેજલબેનના સાસુનું તા.૧૭ના અવસાન થયેલ છે. બેસણું તા.૧૯ના ૪-૩૦થી ૬ પંચામૃત એપાર્ટમેન્ટ, પટેલ કન્યા છાત્રાલય સામેનો મેઈન રોડ, નિલકંઠનગર, રાજકોટ ખાતે રાખેલ છે. પીયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ. નિર્મળાબેન ભાવેશભાઈ ગોહિલ (ઉ.૫૯) તે પ્રતાપભાઈ, બકુલભાઈ (ભાવનગર)ના નાનાભાઈ ભાવેશભાઈના ધર્મપત્ની, રાજુભાઈ, મંજુબેન (નડીયાદ), શીલાબેન (ગોંડલ)ના ભાભી તથા બ્રિજેશભાઈના માતુશ્રીનું તા.૧૫ને રવિવારે અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૯ ગુરૂવાર સાંજે ૪થી ૬ ચંદ્રમૌલેશ્વર મંદિર ગંગોત્રી ડેરી પાસે, સાધુ વાસવાણી રોડ-રાજકોટ ખાતે રાખેલ છે.

## ભાવભીની શ્રદ્ધાંજલિ



અમદાવાદ - લંડન વિમાન દુર્ઘટના માં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી

**શ્રી વિજયભાઈ રૂપાણી નું**

અવસાન થતા દુઃખ ની લાગણી અનુભવીએ છીએ...

પ્રભુ તેમની આત્મા ને શાંતિ અને સદગતિ અર્પે અને પરિવારને દુઃખ સહન કરવાની શક્તિ આપે.

**વૈષ્ણવાચાર્ય ગોસ્વામી વ્રજરાજકુમારજી**

વ્રજધામ · VYO વિશ્વ પરિવાર · શ્રીનાથધામ

# ઝાડા-ઉલ્ટીથી ૬ વર્ષની બાળકીનું મોત

## રાજકોટના વીરડા-વાજડીનો બનાવ, ફકત બે દિવસ બીમાર રહ્યા બાદ ધ્રુવી બાંભણીયાએ સારવારમાં દમ તોડયો

રાજકોટ,તા.૧૮

ચોમાસાની શરૂઆતમાં જ રોગચાળો વધી રહ્યો હોય તેમ ઝાડા ઉલ્ટીથી ૬ વર્ષની બાળકીનું મોત નીપજયું છે. રાજકોટના વાજડી-વીરડા ગામે બે દિવસ ઝાડા-ઉલ્ટી થયા બાદ સારવારમાં બાળકીએ દમ તોડી દીધો હતો.બનાવની વિગત અનુસાર, ધ્રુવી અમિતભાઈ બાંભણીયા (ઉ.વ.૬ રહે.વાજડી-વીરડા ગામ)ને બે દિવસ પહેલા ઝાડા -ઉલ્ટી થયા હતા.જેથી તેમના માતા-પિતા મેટોડા ખાતે આવેલી ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા.જયા ડોકટરે ધ્રુવીને જોઈ તપાસી દવા આપી હતી.જો કે બીજા દિવસે એટલે કે ગઈકાલે દવા લીધા બાદ પણ ધ્રુવીની તબીયત સુધરવાના બદલે વધુ બગડી ગઈ હતી. તેને પરત ખાનગી હોસ્પિટલમાં ખસેડાઈ હતી.ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલની ઝનાના હોસ્પિટલના બાળકોના વિભાગમાં ઘુસીને દાખલ કરાઈ હતી.જો કે ત્યાં સારવારમાં ધ્રુવીનું મૃત્યુ નિપજયું હતું. યુનિવર્સિટી પોલીસને જાણ કરાતા મૃતદેહ પીએમ માટે ખસેડયો હતો.પુછપરછમાં જાણવા મળેલ કે ધ્રુવીના પિતા અમિત બાંભણીયા જયોતી સીએનસી કારખાનામાં નોકરી કરે છે. ધ્રુવી ૩ બહેન એક ભાઈમાં બીજા નંબરની હતી.પરિવાર મૂળ દાહોદનો વતની છે. બાળકીના મૃત્યુથી પરિવારમાં શોક છવાયો હતો.

# રીક્ષા ગેંગનો તરખાટ યથાવતઃ ઉલ્ટી-ઉબકા કરી વૃઘ્ધ ખેડૂતના રૂા.૫૪ હજાર સેરવી લીધા

## ગ્રીનલેન્ડ ચોકડી પાસેથી રીક્ષામાં બેસેલા સાયલાના વૃદ્ધને ગેંગનો ભેટો થયોઃ રૂપિયા સેરવી લઈ રીક્ષામાંથી ઉતારી દીધા, બી.ડિવિઝન પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ આદરી

રાજકોટ. તા.૧૮

શહેર પોલીસ દ્વારા ચાંપતી નજર રાખવામાં આવતી હોવા છતાં પણ રીક્ષા ગેંગ પોલીસથી પણ આગળ નીકળી છે અને વધુ એક વૃદ્ધને ભોગ બનાવી રૂપિયા ૫૪૦૦૦ સેરવી લઈ નાસી છૂટી ફરીવાર પોલીસને પડકાર ફેંક્યો હતો. બનાવ અંગે બી. ડિવિઝન પોલીસે તપાસ આદરી છે.

બનાવ અંગે સાયલાના સેજકપર ગામે રહેતા૪ ખેતાભાઈ ગોકળભાઈ સભાડ (ઉ.વ.૬૬) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતુ કે, તેઓ ખેતીકામ કરે છે. તેઓને સંતાનમાં ત્રણ પુત્ર છે, જેઓ ત્રણેય રાજકોટ રહે છે.

તેઓ ગઈ તા.૧૫ ના રાજકોટ ખેતીનુ બીયારણ લેવુ હોય જેથી આવેલ હતાં અને તેમના પુત્રના ઘરે રોકાયેલ હતા. ગઈ તા. ૧૬ ના સવારના તેઓ કુવાડવા રોડ સાત હનુમાન મંદિર પાસે દિવેલીયાપરામાં ખેતીનુ બિયારણ ખરીદવા માટે તેમના દિકરા પાસેથી રૂ. ૫૪ હજાર લઈને નીકળેલ અને ત્યાંથી તેમનો પૌત્ર સાથે આવવાની જીદ કરતા તેને પણ સાથે લીધેલ હતો. તેમનો દિકરો રઘુ બાઇકમાં ગ્રીનલેન્ડ ચોકડી મુકવા આવેલ હતો. તેઓ ચોક પાસે ઊભાં હતા ત્યારે એક કાળા કલરની પીળા હુડ વાળી રીક્ષા આવેલ જેમાં પહેલેથી જ પેસેન્જર સીટમાં એક શખ્સ બેસેલ હતો.

રીક્ષા ડ્રાઈવરે તેમને પુછેલ કે, ક્યાં જાવુ છે જેથી તેને કુવાડવા રોડ સાત હનુમાન મંદિર દિવેલીયાપરામાં જવાનુ કહેતાં તેણે પ્રથમ ત્યાં જવાનુ વીસ રૂપિયા ભાડુ કહેલ બાદ રકજક કરતા દસ રૂપિયામાં માની ગયેલ અને તે રીક્ષામાં પૌત્ર સાથે પાછળની સીટ પર બેસલ હતાં, બાદ તે રીક્ષા ત્યાંથી આશરે ૧૦૦૦ ફુટ જેટલી દુર દરગાહ પાસે પહોંચેલ ત્યાં પાછળ બેસેલ શખ્સ ઉલ્ટી થાય છે તેમ કહી તેઓના ખોળામાં પડી ધક્કા મુકી કરવા લાગેલ અને રીક્ષામાંથી બહાર મોઢું કાઢી થુંકવા લાગેલ હતો. જેથી રીક્ષા ડ્રાઈવરે રીક્ષા ઉભી રાખી દિધેલ અને જણાવેલ કે તમે અહીં ઉતરી જાવ આ ભાઈને ઉલ્ટી થાય છે, તમારા કપડા બગાડશે તેમ કહી તેઓને અને તેમના પૌત્રને રીક્ષામાંથી ઉતારી દિધેલ અને રીક્ષા ત્યાંથી જતી રહેલ હતી.

બાદમાં તેઓએ ખિસ્સા તપાસતા ખીસ્સામાં રાખેલ રોકડા રૂ. ૫૪ હજાર, આધાર કાર્ડ અને લાયસન્સની ઝેરોક્ષ જોવામાં આવેલ નહી. બનાવ અંગેની ફરીયાદ પરથી બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી રીક્ષા ગેંગની શોધખોળ આદરી હતી.

# ત્રણ દિવસ તાવ આવ્યા બાદ સાગરનગરની ૯ વર્ષીય વિદ્યાએ સારવારમાં દમ તોડ્યો

## પાંચમું ભણતી વિદ્યા ભાંગરાને કોઈ બીમારી નહોતી, અચાનક તાવ આવ્યો જેમાં ઝેરી કમળાનું નિદાન સામે આવ્યુ હતું : દીકરીના મોતથી પરિવાર શોકમાં ગરકાવ

રાજકોટ, તા.૧૮

ત્રણ દિવસ તાવ આવ્યા બાદ રાજકોટના સાગરનગરમાં રહેતી ૯ વર્ષીય વિદ્યા રામભાઈ ભાંગરાનું સારવારમાં મૃત્યુ થયું હતું. પાંચમું ભણતી વિદ્યાને કોઈ જ બીમારી નહોતી અને અચાનક તાવ આવ્યો જેમાં ઝેરી કમળાનું નિદાન સામે આવ્યુ હતું. દીકરીના મોતથી પરિવાર શોકમાં ગરકાવ થયો છે. આ અંગે મળતી વિગત મુજબ, રાજકોટ શહેરના જુના માર્કેટિંગ યાર્ડ પાછળ સાગર નગરમાં રહેતા રામભાઈ ભાંગરાની ૯ વર્ષીય દીકરી વિદ્યાને શનિવારે તાવ આવ્યો હતો. જેથી નજીકની હોસ્પિટલમાં લઈ જતા ડોક્ટરે તપાસીને વિદ્યાને કોઈ સારી હોસ્પિટલમાં દાખલ કરવા સલાહ આપી હતી. જેથી પિતાએ પોતાની દીકરીને નાનામવા રોડ



પર રાજ નગર ચોકમાં આવેલી સૌરાષ્ટ્ર ચિલ્ડ્રન હોસ્પિટલમાં દાખલ કરી હતી. જ્યાં વિદ્યાનું નિદાન થતાં તેને ઝેરી કમળો હોવાનું ખુલ્યું હતું અને લીવરમાં સોજો આવી ગયો હોવાની તપાસ થઈ હતી. અહીંથી વિદ્યાને અમદાવાદની હોસ્પિટલમાં ખસેડવા ડોક્ટરે સલાહ આપતા આઈસીયુ એમ્બ્યુલન્સમાં વિદ્યાને અમદાવાદ હોસ્પિટલ લઈ જતા હતા ત્યારે કુવાડવા નજીક જ એમ્બ્યુલન્સમાં જ વિદ્યાએ દમ તોડી દીધો હતો. જેથી સિવિલ હોસ્પિટલ ખસેડી પીએમ માટે કાર્યવાહી કરાઈ હતી. રામભાઈ જણાવ્યું કે, મારે શુભમ અર્થ મુવર્સ નામે જેસીબીનો વ્યવસાય છે. મારે સંતાનમાં ત્રણ દીકરી અને એક દીકરો છે. જેમાં વિદ્યા વચેટ હતી. તે પાંચમુ ધોરણ ભણતી હતી. તેને કોઈ બીમારી નહોતી અને અચાનક તબિયત બગડી હતી. આજીડેમ પોલીસે જરૂરી કાગળ કાર્યવાહી કરી હતી. દીકરીના અચાનક મૃત્યુથી પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો.

## ભાવભીની શ્રદ્ધાંજલિ



ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી તેમજ રાજકોટના પનોતા પુત્ર

**સ્વ.શ્રી વિજયભાઈ રૂપાણી**

**સ્વ.તા.૧૨-૦૬-૨૦૨૫, ગુરૂવાર**

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી તેમજ રાજકોટના પનોતા પુત્ર **શ્રી વિજયભાઈ રૂપાણીની** આગધારી ચિરવિદાયથી રાજકોટ તેમજ ગુજરાત શોકમય તેમજ દુઃખની લાગણી અનુભવી રહયું છે.

આવી દુઃખદ પરિસ્થિતિમાં રૂપાણી પરિવાર સાથે સમગ્ર **શ્રી તિરૂપતી કુરીયર પરિવાર** આ દુઃખના સમયમાં તેમની સાથે છે.

**ભગવાન સમગ્ર રૂપાણી પરિવારને આ કપરા સમયમાં દુઃખ સહન કરવાની શકિત આપે એવી પ્રભુ પાસે પ્રાર્થના**

લી.

SHREE TIRUPATI COURIER SERVICES PVT. LTD.

રામજીભાઈ શિયાણી-ચેરમેન

જયેશભાઈ શિયાણી-એમ.ડી.

**શ્રી તિરૂપતી કુરીયર પરિવાર**

## દુઃખદ અવસાન / બેસણું



**સ્વ. સરોજબેન દિનેશચંદ્ર ગઢીયા**

(ઉ.વ.૮૩)સ્વ.તા.૧૭-૦૬-૨૦૨૫

દીનેશચંદ્ર જમનાદાસ ગઢીયા (આશ્રય એસ્ટેટ વાળા)ના પત્ની તથા સ્વ. મથુરાદાસ વિઠલદાસ રાયઠઠાની પુત્રી, પ્રકાશભાઇ , રીટાબેન લલીતકુમાર શીંગાળા, કું નિતાબેન, નમ્રતાબેન જીતેન્દ્રકુમાર ઠકરાર, પ્રિયાબેન નિલેશકુમાર રાજાના માતુશ્રી, ધૈર્ય તથા યશ્વીબેનના દાદી તથા સેજલબેનના સાસુ સરોજબેનનું તા.૧૭-૦૬-૨૦૨૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું : તા.૧૯-૬-૨૫, સાંજે સાંજે ૪:૩૦ થી ૬:૦૦ , સ્થળ : પંચામૃત એપાર્ટમેન્ટ, પટેલ કન્યા છાત્રાલય સામેનો મેઈન રોડ, નિલકંઠનગર, રાજકોટ ખાતે રાખેલ છે.

પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે

**ગઢીયા પરિવારના જય શ્રી કૃષ્ણ**

## હાર્દિક શ્રદ્ધાંજલિ



**સ્વ. મહેન્દ્રભાઈ બાબુભાઈ ટાંક**

તા. ૧૫-૦૬-૨૦૨૫, રવિવાર

શ્રી સમસ્ત સો.પ્ર.ટાંક પરિવાર ટ્રસ્ટ - રાજકોટના **ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ બાબુભાઈ ટાંકનું** તા. ૧૫-૦૬-૨૦૨૫, રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમના પરિવાર પર આવી પડેલ દુઃખદ પરિસ્થીતીને સહન કરવાની શકિત આપે અને પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે તે માટે સમસ્ત સો.પ્ર. ટાંક પરિવાર ટ્રસ્ટ - રાજકોટ વતી પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ...

**શ્રી સમસ્ત સો.પ્ર.ટાંક પરિવાર ટ્રસ્ટ-રાજકોટ વતી ટ્રસ્ટી મંડળ તથા કારોબારી કમિટી**

## પ્રાર્થનાસભા સાદડી



**ગૌ.વા. સ્વ. પ્રભુદાસ (પ્રવિણભાઈ) રામજીભાઈ સેજપાલ**

સ્વ. તા. 16/06/2025

સોમવાર (ઉ.વ.78)

ગૌ.વા. શ્રી પ્રભુદાસ (પ્રવિણભાઈ) રામજીભાઈ સેજપાલ તા. 16-6-2025ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને પોતાના ચરણોમાં સ્થાન આપે તેવી પ્રાર્થના...

સદ્ગતની પ્રાર્થના સભા/પીયરપક્ષની સાદડી તા. ૧૯-૬-૨૦૨૫ ગુરૂવાર, સાંજે ૪-00 થી ૬-00, "જનકલ્યાણ હોલ" જનકલ્યાણ સોસાયટી, એસ્ટ્રોન ચોક નજીક, રાજકોટ ખાતે રાખેલ છે.

પ્રશાંતભાઈ પ્રવિણભાઈ સેજપાલ
સ્વ. રાજેશભાઈ હરીભાઈ સેજપાલ
નિલેશભાઈ હરીભાઈ સેજપાલ
રજનીભાઈ હરીભાઈ સેજપાલ
ધ્રુવભાઈ રાજેશભાઈ સેજપાલ
રશ્મિબેન હિતેષકુમાર અનડકટ
જીજ્ઞાશાબેન અમરકુમાર બવારીયા

પિયર પક્ષ:
સ્વ. નંદલાલભાઈ ગોપાલજીભાઈ પૂજારા
લલિતભાઈ નંદલાલભાઈ પૂજારા
હિતેષભાઈ નંદલાલભાઈ પૂજારા
ઉમેશભાઈ નંદલાલભાઈ પૂજારા

નગદ નારાયણ પાન હાઉસ (પુકાર તમાકુ) રાજકોટ

## ॥ બેસણું ॥



**સ્વ. મુક્તાબેન બચુભાઈ ડાંગર**

સ્વ. તા.૧૨/૦૬/૨૦૨૫ જેઠ વદ એકમને ગુરૂવાર. ઉંમર વર્ષ: ૭૩, ગામ: રાજકોટ

મારા માતૃશ્રી સ્વ. મુક્તાબેન બચુભાઈ ડાંગર તા.૧૨/૦૬/૨૦૨૫ ગુરૂવારના રોજ, અમદાવાદ લંડન ફ્લાઇટ અકસ્માતમાં સ્વર્ગવાસ પામેલ છે, પ્રભુ એમના દિવ્ય આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના

* સ્થળ *

તા.૧૮ જૂન ૨૦૨૫, બુધવાર ના રોજ: ૫:૦૦ થી ૬:૩૦ કલાકે અમારા નિવાસ્થાન, નવો ૧૫૦ ફૂટ રીંગ રોડ એસ.આર.પી કેમ્પ ની સામે, બાપા સીતારામ ચોક, વર્ધમાન હાઈટસ ની સામેની શેરી, રાજકોટ ખાતે રાખેલ છે.

મયુરભાઈ બચુભાઈ ડાંગર તથા વરુણ મયુરભાઈ ડાંગર

## શ્રદ્ધાંજલિ

ગુજરાતના કર્મવીર પૂર્વ મુખ્યમંત્રી, રાજકોટના પથદર્શક પનોતા પુત્ર,

**શ્રી વિજયભાઈ રૂપાણી**

ને શ્રધ્ધાસુમન અર્પણ



આપના પૂણ્યાત્માની દિવ્ય જયોતિનો પ્રકાશ અમોને સદૈવ આત્મબળ અને પ્રેરણા આપતો રહેશે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ આપના દિવ્ય આત્માને ચિરઃશાંતિ અર્પે એજ પ્રાર્થના સહ...

**શીવલાલ ભંડેરી**

માજી પ્રમુખ ; સૌરાષ્ટ્ર કચ્છ પેટ્રોલ-ડિઝલ ડીલર્સ એસોસીએશન
મેમ્બર : (માજી પ્રમુખ) સૌરાષ્ટ્ર કચ્છ સ્ટોક એકસચેન્જ લી. રાજકોટ

## દુઃખદ અવસાન - પ્રાર્થના સભા



**સ્વ. મહેન્દ્રભાઈ ગોપાલદાસ ચોકસી**

સ્વ.તા. ૧૭/૦૬/૨૦૨૫, મંગળવાર

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી મહેન્દ્રભાઇ ગોપાલદાસ ચોકસી સ્વ. શ્રીમતી પ્રતીભાબેન ચોકસીના પતિ, કૃપા ચોકસી અને ઓજસ ચોકસી (USA) ના પિતાશ્રી નું તા. ૧૭/૦૬/૨૦૨૫, મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

**પ્રાર્થનાસભા :** તા. ૨૧/૦૬/૨૦૨૫, શનિવાર સાંજે ૪:૩૦ થી ૬:૩૦
**સ્થળ :** પર્ણકુટીર હોલ, પંડીત દીનદયાલ ઉપાધ્યાય માર્ગ, પર્ણકુટીર સોસાયટી, રાજકોટ ખાતે રાખેલ છે (મો. ૮૦૯૭૦ ૩૩૨૨૦, ૭૮૭૮૩ ૮૨૮૩૯)

**ચોકસી પરિવારના જયશ્રી કૃષ્ણ**

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

# અંકલે પપ્પાને ગુંગળાવી દીધા, માતા જોતી હતીઃ ૯ વર્ષના પુત્રએ હત્યાનુ રહસ્ય ખોલ્યુ

**રાજસ્થાનમાં લગ્ન બહારના સંબંધે પત્ની અને તેના પ્રેમીએ કરેલી હત્યામાં પુત્રએ જ માતાનો ભેદ ખોલી નાખ્યો**



અલ્વરઃ દેશમાં દંપતીઓ વચ્ચે વિખવાદ અને તેના સંબંધી વધતી જતી ગુનાખોરીમાં હવે રાજસ્થાનના અલ્વરમાં પત્નીએ તેના પ્રેમીની મદદથી કઈ રીતે તેના પતિની હત્યા કરી તે આ યુગલની નવ વર્ષના છોકરાએ પોલીસ સમક્ષ ભાંડો ફોડી નાખતા પોલીસે પત્ની અને તેના પ્રેમીની ધરપકડ કરી છે.

તા.૭ જૂનના રાત્રીના આ ઘટના બની હતી. માનસિંઘ જાદવ ઉર્ફે વિરુ તેના જ ઘરમાં મૃત હાલતમાં મળ્યા હતા તેની પત્ની અનીતાએ કારણ આપ્યું કે અચાનક જ તેના પતિની તબીયત ખરાબ થઈ અને હોસ્પિટલ લઈ જાય તે પૂર્વે જ મૃત્યુ પામ્યા હતા પણ પોલીસે ૪૮ કલાકમાંજ આ રહસ્યમય મોતનો ભેદ ખોલી નાખ્યો હતો. આ દંપતિના નવ વર્ષના બાળકે પોલીસને કહ્યું કે મમ્મીએ રાત્રીના દરવાજો ઈરાદાપૂર્વક બંધ કર્યો ન હતો અને મધરાતે રાત્રીના કાશી અંકલ (તેની માતાના પ્રેમી) અને બીજા ત્રણ લોકો આવ્યા હતા.

જેથી બાદમાં કાશીરામ પ્રજાપતિ તરીકે પોલીસે ઓળખ કરી હતી. વિરુ- જે પોતે ઘસઘસાટ ઉંઘમાં હતો તેની નજીક બીજા બેડમાં માસુમ પુત્ર હતો તે જાગતો હતો પણ સૂતો હોવાનો ડોળ કરીને પડયો રહ્યો હતો. ચાર લોકોએ વિરુને ઓશીકાથી નાક દબાવીને ગુંગળાવી દીધો અને તે મૃત્યુ પામ્યો ત્યાં સુધી તેઓ હત્યા નહીં. બાળકે આ બધુ જોયુ હતુ. બાળકે કહ્યું કે માતા આ બધાને સૂચના આપતી હતી અને તેણે પોતાના જ પતિને તરફડતા જોયો હતો. તેઓને ખ્યાલ આવી ગયો કે હું જાગુ છું તેથી મને કઈ નહી બોલવા ધમકી આપીને પછી ચાલ્યા ગયા હતા. બે દિવસ તે ભયથી મુંગો રહ્યો પણ પોલીસે હિમ્મત આપતા તેણે રહસ્ય ખોલી નાખ્યુ હતુ. પોલીસને કાશી સાથે સંબંધ હતા અને તેવીજ તેના પતિની હત્યા કરવા પ્લાન કર્યો. પોલીસે આ ઘટનામાં બ્હારના લોકોની હાજરીની શંકા જતા આવવાના ૧૦૦ સીસીટીવી ચેક કરીને ચાર લોકો તે ઘરમાં ઘુસ્યા હતા તે નિશ્ચિત કર્યું પછી પુરી થિયરી દંપતિના નવ વર્ષના પુત્રએ પોલીસને કહી દીધી હતી.

# આવકવેરા રિટર્નની કડક ચકાસણી કરાશે

## કેવી તપાસ થશે?

**ITR માં નોંધાયેલ આવક, કર કપાત, રોકાણ અને કર મુક્તિની તપાસ થશે**



નવી દિલ્હી, તા.૧૮

આવકવેરા વિભાગ આકારણી વર્ષ ૨૦૨૫-૨૬ માં પાંચ કેસોમાં આવકવેરા રિટર્નની કડક તપાસ કરવા જઈ રહ્યું છે. આવકવેરા વિભાગ આ અંગે નોટિસ પણ મોકલશે. આમાં, ITR માં નોંધાયેલ આવક, કર કપાત, રોકાણ અને કર મુક્તિની તપાસ કરવામાં આવશે.

આ વખતે આવકવેરા રિટર્ન ફાઇલ કરવાની પ્રક્રિયામાં ઘણા મોટા ફેરફારો થયા છે જેમ કે નવા ફોર્મ, ટેક્સ ટેબલમાં સુધારા અને નિયમોમાં મોટા ફેરફારો.

હવે આવકવેરા વિભાગ ઘણા કેસોમાં સંપૂર્ણ તપાસ કરવા જઈ રહ્યું છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સે ૧૪ જૂન ૨૦૨૫ ના રોજ જારી કરાયેલી નવી માર્ગદર્શિકામાં આ સ્પષ્ટ કર્યું છે. આવકવેરા વિભાગ તમારા ITR ની ચોકસાઈ થી તપાસ કરશે. આ દરમિયાન, તમારી આવક, કપાત, રોકાણ, કર મુક્તિ વગેરે જેવી દરેક માહિતી મેચ કરવામાં આવશે. જો ઉલ્લેખિત શરતોમાંથી કોઈપણ લાગુ પડે, તો ૩૦ જૂન, ૨૦૨૫ સુધીમાં તપાસની નોટિસ મોકલવામાં આવશે. કેસને તપાસમાંથી બાકાત રાખવા માટે મુખ્ય CIT ની મંજૂરી ફરજિયાત રહેશે.

સર્વે કેસઃ જો તમારા વિસ્તારમાં ૧ એપ્રિલ, ૨૦૨૩ પછી આવકવેરા સર્વે કરવામાં આવ્યો હોય (કલમ 133A હેઠળ, ૨અ સિવાય), તો તમારા ITR ચકાસણીને પાત્ર છે.

૨ શોધ અથવા જપ્તીના કેસોઃ જો ૧ એપ્રિલ, ૨૦૨૩ અને ૩૧ માર્ચ, ૨૦૨૫ વચ્ચે તમારા સ્થળે દરોડા પાડવામાં આવ્યા હોય અથવા દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા હોય (કલમ ૧૩૨ અથવા 132A), તો તમારા રિટર્નની ચકાસણી કરવામાં આવશે.

૩ નોંધણી રદ કર્યા પછી પણ છૂટઃ જો કોઈ ટ્રસ્ટ અથવા સંસ્થાનું નોંધણી રદ કરવામાં આવી હોય (૩૧ માર્ચ, ૨૦૨૪ સુધી) અને તે કર મુક્તિનો દાવો કરી રહી હોય, તો આ કેસ તપાસ હેઠળ આવશે.

આવકમાં વારંવાર ઉમેરોઃ જો તમારી આવક અગાઉના ૪ મૂલ્યાંકનોમાં ૫૦ લાખ રૂપિયા (મેટ્રો શહેરો) અથવા ૨૦ લાખ રૂપિયા (અન્ય સ્થળો) થી વધુ ઉમેરવામાં આવી હોય અને તમે અપીલ ન કરો અથવા અપીલ હારી જાઓ, તો તેની પણ ચકાસણી કરવામાં આવશે.

૫ કેસ જેમાં તપાસ એજન્સીઓ પાસેથી માહિતી પ્રાપ્ત થાય છેઃ જો CBI, ED અથવા અન્ય કોઈ એજન્સીએ કરચોરી સંબંધિત માહિતી આપી હોય અને તમે ITR ફાઇલ કર્યું હોય, તો તમારા કેસની પણ તપાસ કરવામાં આવશે.

NACFACE પ્રક્રિયા વિશે શી કર કેસ અને કેન્દ્રીય વર્તુળોને લાગુ પડશે નહીં.

# રાજકોટમાં ફરી કોરોનાના કેસમાં વધારો : ૨૦ વર્ષના યુવકથી માંડી ૯૦ વર્ષના વૃધ્ધને સંક્રમણ


**પંચવટી, પંચશીલ, સિલ્વર એવન્યુ સોસાયટી, પરસાણાનગર, લક્ષ્મીનગર, બેડીપરા, સુભાષનગરમાં નવા કેસ**

રાજકોટ, તા.૧૮

રાજકોટ શહેરમાં સોમવારે ભારે વરસાદ વચ્ચે કોરોનાની રફતાર ધીમી રહ્યા બાદ ફરી ગઇકાલે સંક્રમણમાં વધારો થયાનું દેખાયું છે. ગઇકાલે રાજકોટમાં વોર્ડ નં.૮માં વધુ ત્રણ સહિત કોરોનાના નવા ૯ કેસ આવ્યા છે. જેમાં ૨૦ વર્ષના યુવાનથી માંડી ૯૦ વર્ષના વૃધ્ધને સંક્રમણ લાગ્યું છે.

રાજકોટમાં આ સાથે તા.૧૯-૫થી તા.૧૭-૬ સુધીમાં કોરોનાના કુલ નોંધાયેલા કેસનો આંકડો ૧૮૭ પર પહોંચ્યો છે. જેમાંથી ૧૩૩ દર્દી સ્વસ્થ બન્યા છે અને હાલ સારવાર હેઠળ ૫૪ લોકો છે. તેમાં પણ લગભગ કોઇ દર્દીની હાલત ગંભીર નહીં હોવાનું આરોગ્ય વિભાગે જણાવ્યું છે.

વોર્ડ નં.૪ના બેડીપરામાં રહેતા ૨૯ વર્ષના પુરૂષ અઝરબેઝાન, વોર્ડ નં.૮ની સિલ્વર સોસાયટીમાં રહેતા ૨૨ વર્ષના યુવાન જામનગર, વોર્ડ નં.૧૨ના ગોવર્ધન ચોકમાં રહેતા ૨૮ વર્ષના મહિલા અને વોર્ડ નં.૮ની પંચવટી



સોસાયટીમાં રહેતા ૫૯ વર્ષના આધેડ વલસાડ જઇને પરત ફર્યા હતા તેમને કોરોના નિદાન થયું છે. વોર્ડ નં.૧૭ના સુભાષનગરમાં રહેતા ૪૭ વર્ષના પુરૂષ, વોર્ડ નં.૮ના લક્ષ્મીનગરમાં રહેતા ૩૪ વર્ષના મહિલા, વોર્ડ નં. ૯ના મીરાનગરમાં રહેતા ૨૦ વર્ષના યુવાન, વોર્ડ નં. ૩ના પરસાણાનગરમાં રહેતા ૩૦ વર્ષના પુરૂષ અને વોર્ડ નં.૧૦ના પંચશીલ સોસાટીમાં રહેતા ૯૦ વર્ષના વૃધ્ધને કોરોનાનો ચેપ લાગ્યો છે. જે તમામની તબીયત સ્ટેબલ છે. રાજકોટમાં હવે કોરોનાના કેસ ૨૦૦ની નજીક આવી ગયા છે. અગાઉ એક કો-મોર્બીડ દર્દીનું કોરોના સંક્રમણ બાદ અવસાન થયું હતું. ચોમાસામાં હવે મચ્છરજન્ય અને સિઝનલ રોગચાળો વધી રહ્યો છે ત્યારે કોરોનાના કેસ પણ વધતા ચિંતાની લાગણી છે. કારણ કે ખોરાક અને પાણીજન્ય રોગચાળો પણ આ વર્ષે ઘણો વધ્યો છે.

**કોરોનાના ૯ નવા કેસ**

| વોર્ડ | વિસ્તાર | જાતિ/ઉંમર/પ્રવાસ |
|---|---|---|
| ૪ | બેડીપરા | પુરૂષ-૨૯ વર્ષ (અઝરબેઝાન પ્રવાસ) |
| ૮ | સિલ્વર એવન્યુ સોસાયટી | પુરૂષ-૨૨ વર્ષ (જામનગર પ્રવાસ) |
| ૧૭ | સુભાષનગર | પુરૂષ-૪૭ વર્ષ |
| ૮ | લક્ષ્મીનગર | મહિલા-૩૪ વર્ષ |
| ૧૨ | ગોવર્ધન ચોક | મહિલા-૨૮ વર્ષ (દુબઇ પ્રવાસ) |
| ૯ | મીરાંનગર | પુરૂષ-૨૦ વર્ષ |
| ૩ | પરસાણાનગર | પુરૂષ-૩૦ વર્ષ |
| ૧૩ | પંચશીલ સોસાયટી | પુરૂષ-૯૦ વર્ષ |
| ૮ | પંચવટી સોસાયટી | પુરૂષ-૫૯ વર્ષ (વલસાડ પ્રવાસ) |

# સંબંધો 'પાટે' ચડવા લાગ્યા! ભારત-કેનેડા 'રાજદૂતો'ની ફરી નિયુક્તિ કરવા સહમત

**મોદી-કાર્ની વચ્ચેની બેઠકમાં સમજુતીઃ મુક્ત વ્યાપારની અટકેલી વાતચીત આગળ ધપાવવા પણ નિર્ણય**

ટોરંટો તા.૧૮

ભારત અને કેનેડા વચ્ચે છેલ્લા દોઢ વર્ષથી સર્જાયેલા તંગ સંબંધો હવે ફરી પાટે ચડવા લાગ્યા હોય તેમ બન્ને દેશો વચ્ચે ફરી રાજદ્વારીઓની નિયુક્તિ કરવા સહમતી સધાઈ છે. જી-૭ દેશોની સમીટમાં ખાસ મહેમાન તરીકે આમંત્રીત ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ ૪૦ મીનીટની બેઠક કરી હતી અને તેમાં આ મહત્વપૂર્ણ સમજુતી થઈ હતી.

બન્ને દેશોના પાટનગરમાં રાજદૂતોની નિયુક્તિ વ્હેલીતકે કરવા મોદી તથા કાર્ની સંમત થયા હતા અને ત્યારબાદ રાજદ્વારીઓની સંખ્યા તબકકાવાર વધારવા તથા રાજદૂતાવાસની કામગીરી સામાન્ય બનાવવા નકકી થયુ હતું. આ ઉપરાંત મુકત વ્યાપાર કરાર વિશે સ્થગીત મંત્રણા ફરી આગળ વધારવા



સહમતી સાધવામાં આવી હતી. સાથોસાથ દ્વિપક્ષી સહયોગ વધારવા સહિતના મુદ્દાઓને વાતચીતમાં આવરી લેવામાં આવ્યા હતા.

વડાપ્રધાને બેઠકમાં કહ્યું હતુ કે ભારત માટે કેનેડા સાથેના સંબંધો મહત્વપૂર્ણ છે. બન્ને દેશો સાથે મળીને લોકતાંત્રીક મૂલ્યોને મજબૂત કરવા તથા માનવતા માટે કામ કરશે. અનેક ક્ષેત્રોમાં પ્રગતિ સાધવામાં આવશે. બીજી તરફ કેનેડાના વડાપ્રધાન કાર્નીએ કહ્યું કે મોદીનું સ્વાગત કરીને કેનેડા ગર્વ અનુભવે છે. ઔદ્યોગીક, એઆઈ, ઉર્જા, સુરક્ષા તથા આતંકવાદ જેવા મુદ્દાઓ પર બન્ને દેશો સાથે મળીને કામ કરશે. ભારત-કેનેડાના વડાપ્રધાન વચ્ચેની બેઠક વિશે ભારતીય વિદેશ સચીવ વિક્રમ મિસરીએ કહ્યું કે બેઠકમાં બન્ને દેશો વચ્ચેના સંબંધોની મહત્વતા પર વાતચીત થઈ હતી. બન્ને દેશો વચ્ચે ઘણી સામ્યતા છે. સંબંધોને સામાન્ય બનાવવા પર ખાસ જોર આપવામાં આવ્યુ હતું. કલીન એનર્જી, ટેકનોલોજી, ડીજીટલ ઈન્ફ્રાસ્ટ્રકચર, એઆઈ, કિંમતી ધાતુ તથા સપ્લાયચેઈન જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વાતચીત થઈ હતી. ઉપરાંત મુક્ત વેપાર પર અટવાયેલી અધિકારી સ્તરની વાતચીત આગળ ધપાવવા સૂચના આપવામાં આવી હતી.

કેનેડાના પુર્વ વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ પોતાના નાગરિકોની હત્યા માટે ભારત પર આરોપ લગાવ્યો હતો. ખાલીસ્તાની આતંકવાદી નિજજરની હત્યા માટે ભારત પર આંગળી ચીંધી હતી અને ત્યારથી બન્ને દેશો વચ્ચેના સંબંધોમાં તનાવ શરૂ થયો હતો.

# એરઈન્ડિયાને વધુ એક આંચકોઃ ઈન્ડોનેશિયામાં જવાળામુખી ફાટતા બાલી ફલાઈટ પરત આવી

**અનેક વૈશ્વિક એરલાઈન્સે પણ પોતાની ઉડાન રદ કરી**

જાકાર્તા તા.૧૮

ઈન્ડોનેશિયામાં રિંગ ઓફ ફાયર તરીકે ઓળખાતા ઈસ્ટ નુશા ટેંગારામાં આવેલ જવાળામુખી લેવોટોબી લાકી-લાકી જવાળામુખી આજે સવારે પુરી તાકાત સાથે ફાટતા વધુ એક વખત ખુવારીનો ભય છે. ૧૫૮૪ મીટર ઉંચો આ જવાળામુખી ફલોરેસ્ટ ટાપુ પર આવેલો છે અને સામાન્ય રીતે તે શાંત રહે છે. પરંતુ બે દિવસ પહેલા જ તેમાંથી લાવા નિકળવાનો પ્રારંભ થઈ ગયો હતો જેના કારણે આસપાસના રહેવાસીઓને ખસેડી લેવાયા હતા. આ જવાળામુખી ફાટવાને કારણે વધુ એક વખત વૈશ્વિક હવાઈસેવાને અસર થવા લાગી છે અને ભારત, સિંગાપુર તથા ઓસ્ટ્રેલિયાની બાલી ખાતેની વિમાની સેવા હાલ બંધ કરવામાં આવી છે. એરઈન્ડિયાનું દિલ્હીથી બાલી જતુ વિમાન અર્ધરસ્તેથી જ પરત ફર્યુ હતું અને હવે ફરી ઓલકલીયરના સિગ્નલ મળ્યા બાદ જ બાલી સાથેનો વિમાની વ્યવહાર શરુ કરવામાં આવશે. એરઈન્ડિયા સહિતની ભારતીય એરલાઈન્સ હાલ અનેક મુશ્કેલીઓમાંથી પસાર થઈ રહી છે તેમાં હવે આ જવાળામુખીએ આગામી બે-ત્રણ દિવસ સુધી વિમાની સેવા ફરી શરુ થાય તેવી શકયતા નથી.




**પશ્ચિમ રેલવે રાજકોટ ડિવિઝન**

**પુનઃસ્થાપન કાર્ય માટે ટ્રક ભાડે લેવી**

ટેન્ડર નોટિસ નં. M-2025-7-RMRV તા. 14.06.2025 (i) કામનું નામ: SSE (ART)-RJT હેઠળ અકસ્માત સ્થળના પુનઃસ્થાપન કાર્ય માટે 3 વર્ષના સમયગાળા માટે ટ્રક ભાડે લેવી. (ii) અંદાજિત કિંમત: રૂ. 34,21,412.64 (iii) અર્નેસ્ટ મની: રૂ. 68,4000/- (iv) ટેન્ડર સબમિટ કરવાની તારીખ અને સમય: 07.07.2025 ના રોજ 15.00 કલાક સુધી અને 07.07.2025 ના રોજ 15.30 કલાકે ટેન્ડર ખુલશે. (v) ટેન્ડર ફોર્મ ખરીદી શકાય તે જગ્યાનું સરનામું અને નોટિસ બોર્ડનું સ્થાન: ડિવિઝનલ રેલવે મેનેજર (મિકેનિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-360001 વેબસાઇટ વિગતો: www.ireps.gov.in 052

અમને લાઈક કરો: facebook.com/WesternRly


## ત્રણ નો-ફલાય ઝોન જાહેર થતા વૈકલ્પિક રૂટ પર વિમાનોની ભીડ

લંડન તા.૧૮

મધ્યપુર્વમાં ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ફાટી નીકળેલા યુદ્ધના કારણે ગ્લોબલ એર ટ્રાફીક અસ્તવ્યસ્ત થઈ ગયો છે અને હાલ અન્ય રૂટ પર જે રીતે વિમાનોને ઉડવાની ફરજ પડે છે તેના કારણે હાલ ત્રણ સ્થળો નો-ફલાય ઝોન તરીકે જાહેર થયા છે અને ફલાઈટ રડારે એક તસ્વીર શેર કરી છે. જેમાં ગ્લોબલ એર ટ્રાફિક હાલ જે એર રૂટ ખુલ્લા છે ત્યાં વિમાનોની જબરી ભીડ સર્જાઈ ગઈ હોય તેવું દ્રશ્ય દેખાઈ રહ્યું છે. ઈરાન-યુક્રેન અને તિબેટ નો-ફલાય ઝોનમાં આવ્યા છે તો ભારત-યુરોપ અને ચીન તથા અમેરિકાના આકાશમાં વિમાનોની ભીડ સર્જાઈ છે.

# એકસીઓમ-૪નું ઉડ્ડયન ફરી એક વખત મુલત્વીઃ હવે તા.૨૨ના રોજ જશે

કેલિફોર્નિયા તા.૧૮

ભારતના અવકાશયાત્રી કેપ્ટન શુભાંશુ શુકલાને લઈ જતા એકસીઓમ-૪ મીશન ફરી એક વખત મુલત્વી રહ્યું છે અને હવે તે તા.૧૯ ના બદલે તા.૨૨ના રોજ રવાના થશે. અગાઉ હવામાનના કારણે અને બાદમાં તેનું લીકવીડ ઓકસીજન લીકેડ થતુ હોવાથી આ અવકાશયાનની ઉડાન મુલત્વી રહી હતી. હવે તા.૨૨ના રોજ કેનેડી સ્પેસ સેન્ટરથી તે રવાના થશે. આ અવકાશી સફરમાં ભારતના શુભાંશુ શુકલા ઉપરાંત હંગેરી, પોલેન્ડ અને અમેરિકી અવકાશયાત્રી પણ સ્પેસ લેબમાં જવાના છે અને તેઓ ત્યાં એક સપ્તાહ સુધી રોકાશે. આ અવકાશયાનમાં નાસાના પુર્વ અવકાશયાત્રી પેગી વિત્સન જે સમગ્ર



મીશનની શુકાન સંભાળી રહ્યા છે જયારે અન્ય તમામ ત્રણ અવકાશયાત્રીઓ પ્રથમ વખત અવકાશી સફર કરશે. એકસીઓમ મીશન-૪ મારફત ભારતના અવકાશયાત્રીને સ્પેસ સ્ટેશનમાં રહેવાનો પ્રથમ વખત અનુભવ મળશે.






## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. નવમા અધિક સીવીલ જજ સાહેબ શ્રી એલ.આઇ.સિંઘ સાહેબની કોર્ટમાં દિવાની પરચુરણ અરજી નંબર ૧૨૩૫/૨૦૨૫ના કામમાં **અરજદારો (૧) પારૂબેન અરજણભાઇ જાડા, વિગેરે** બધા રહે. :- જિવાપર, હિરાસર, રાજકોટ. ગુજરાત રાજયના સબ-રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ તાલુકાના ગામ મહીકાના રેવન્યુ સર્વે નં. ૧૯૮/૧, ૧૯૮/૨ પૈકીની જમીન ઉપર આવેલ 'હરસિધ્ધિ પાર્ક' તરીકે ઓળખાતા બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નંબર-૧૧ની જમીન ચો.મી.આ. ૧૯૪-૨૫ જેના ચો.વા.આ. ૨૩૨-૩૨ એ ગુજ. અરજણભાઇ ભવાનભાઇ જાડાની માલીકીની છે. તેનું ગુજરનારના વારસદાર તરીકે વારસા સર્ટીફીકેટ મેળવવા ઉપરોક્ત અરજદારો તેમના **વકીલ શ્રી એસ.એન.ગોહીલ** મારફતે ઉપરોક્ત દિવાની પરચુરણ અરજી અત્રેની કોર્ટ સમક્ષ દાખલ કરેલ છે સદરહું અરજી સંબંધે જે કોઇને વાંધો-તકરાર હોય તેમણે મુદત તા. ૨૮/૦૭/૨૦૨૫ના સવારના ૧૧-૦૦ કલાકે લેખીત વાંધા સાથે હાજર રહેવું ગેરહાજર રહીએ યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજરોજ તા. ૧૭/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

તૈયાર કરનાર (એમ.કે.પરમાર) સીની. કલાર્ક | કોર્ટનો સીકકો | હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૨જા (બીજા) એડી. સીની. સિવીલ જજ શ્રી વી.ડી. મોઢસાની કોર્ટમાં દિવાની પર. અરજી નં.૧૨૪૩/૨૦૨૫ના કામમાં Charuvila Shibu Anandan એ Anandan Kunjupillaની માલિકીની રાજકોટ શહેરમાં સમાવિષ્ટ ગામ રૈયાના રેવન્યુ સર્વે નાં. ૨/૩-૫ના પ્લોટસ પૈકી પ્લોટ નાં.૧૨ની જમીન ચો.મી.આ. ૮૩.૮૨ ઉપર ઉભા ઈમલા સહિતની મિલ્કત આવેલ છે. આ મિલ્કત ટી.પી. સ્કીમ નાં.૧૬ના મુળ ખંડ નાં.૩ના ફાઈનલ પ્લોટ નાં. ૩/૨ ઉપર આવેલ છે તે અન્વયે લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન વિકલ્પે લીગલ હેરશીપ સર્ટિફિકેટ મેળવવા તેમના **વકીલશ્રી આશિષ વાય. શાહ, ચંદ્રશેખર એલ. ધૃવ, ડિમ્પલ ડી. મોદી, મિલન એસ. માટલીયા, યતિન એમ. જોષી, મીત એસ. શાહ** મારફતે અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી દિવાની પર. અરજી દાખલ કરેલ છે. તે સંબંધે જે કોઈ વ્યકિતને વાંધો તકરાર હોય તેમણે તા.૨૩/૦૭/૨૦૨૫ના રોજ સવારે ૧૦/૩૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા, ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટપણે નોંધ લેવી.

આજ તા.૧૭/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યું.

તૈયાર કરનાર (એન.એચ. પંડયા) આસીસ્ટન્ટ | કોર્ટનો સીકકો | (એન.આર. વ્યાસ)

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના **મહે. 5th એડી. સીવીલ જજ ડી.ડી.શાહ સાહેબની કોર્ટમાં દિ.પ.અરજી નં. ૧૨૩૧/૨૦૨૫થી અરજદારો (૧) સુનીલ આસનદાસ આહુજા (૨) ચંદ્રેશ આસનદાસ આહુજાએ ગુજરનાર અનીતાબેન આસનદાસ આહુજા**ની મિલ્કત કે જે ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, સબ-ડીસ્ટ્રીકટ રાજકોટના ગામ રૈયાના રે.સ.નં. ૧૯૭ પૈકી (ટી.પી. સ્કીમ નં.૬ (રૈયા), એફ.પી.નં. ૩૯૧ પૈકી)ના બીનખેતીના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૧૯/એ પૈકીની જમીન ચો.મી.આ. ૫૧-૧૦ જે ચો.વા.આ. ૬૧-૧ ઉપર મકાન આવેલ છે. જે મકાન ગુજરનાર અનીતાબેન આસનદાસ આહુજાએ રજી.વે.દ.અ.નં. ૨૪૩૧, તા.૨૯-૨-૨૦૦૮ના રોજથી મયુરકુમાર હરેશભાઇ રાજદેવ પાસેથી ખરીદ કરેલ, આમ આ ઉભા ઇમલાવાળા મકાન (મિલ્કત)નું લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન વીધાઉટ કોપી ઓફ વીલ મેળવવા માટે તેમના વકીલ **કલ્પેશ જે. મોરબીયા, સુરેન્દ્રસિંહ એન. જાડેજા, ધર્મેશ જે. મહેતા, આનંદ બી. જોષી** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી પરચુરણ અરજી દાખલ કરેલ છે. તે સંબંધે જે કોઇ વ્યકિતને વાંધો તકરાર હોય તેમને મુદત તા. ૨૧/૭/૨૫ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે અત્રેની કોર્ટમાં સમક્ષ રજુ કરવા, ગેરહાજર રહે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટપણે નોંધ લેશો.

આજ તારીખ ૧૭ માહે ૦૬ સને ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરીને આપ્યું.

તૈયાર કરનાર (પી.ડી.ઓઢિયા) આસીસ્ટન્ટ | કોર્ટનો સીકકો | (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૧૧ અધિક સીનીયર સીવીલ જજ સાહેબ શ્રી એ.પી.વર્મા સાહેબની કોર્ટમાં દિ.પ.અ.નં. ૧૨૩૭/૨૦૨૫ના કામમાં અરજદાર શ્રીમતી શારદાબેન વા/ઓ કનુભાઇ વાઘેલા ડો/ઓ બાબુભાઇ વાણીયા, રહે. :- જેતપુરવાળાએ ગુજરનાર કનુભાઇ કરશનભાઇ વાઘેલાની નીચે મુજબની સ્થાવર મિલ્કત કે જે રાજકોટ શહેરમાં સબ- ડિસ્ટ્રીક્ટ રાજકોટની હદમાં સમાવિષ્ટ કરવામાં આવેલ રાજકોટ શહેરના રે.સ.નં. ૫૭૩, ૫૭૪ તથા ૫૭૫ પૈકીની 'પરસાણાનગર' તરીકે ઓળખાતી રહેણાક હેતુ માટેના બીનખેડવાણ અને ઇમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૧૪ના સબ પ્લોટ નં. ૧૪/ઇની જમીન ચો.મી.આ. ૫૩-૦૬ બરાબર ચો.વા.આ. ૬૩-૪૬ ઉપર આવેલ ઉભા, ઇમલા, ઇમારત સહિતના મકાન કનુભાઇ કરશનભાઇ વાઘેલા તથા અમો અરજદાર શ્રીમતી શારદાબેન વા/ઓ કનુભાઇ વાઘેલા ડો/ઓ બાબુભાઇ વાણીયાએ સંયુકત રીતે વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૬૫૪૧, તા. ૨૫-૦૫-૨૦૧૮ના રોજથી ખરીદ કરેલ છે અને એ રીતે સદરહું મિલ્કતમાં ગુજરનારનો ૫૦% અવિભાજય હિસ્સો સમાયેલ છે. સદરહું મિલ્કતનું હેરશીપ સર્ટીફીકેટ મળવા ઉપરોકત અરજદારે તેમના **વકીલ શ્રી ભરત ડી. સાપરા, ભાર્ગવ ડી.બોડા, સરોજ એમ. વીંઝુડા** મારફતે ઉપરોકત નંબરથી દિ.પ.અ.થી અત્રેની કોર્ટ સમક્ષ દાખલ કરેલ છે સદરહું અરજી સંબંધે જે કોઇને વાંધો-તકરાર હોય તેમણે મુદત તા. ૨૮/૭/૨૦૨૫ના સવારનાં ૧૧-૦૦ કલાકે લેખીત વાંધા સાથે હાજર રહેવું ગેરહાજર રહીએ યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તા. ૧૭/૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

તૈયાર કરનાર (જે.આર.ગઢિયા) સીની. કલાર્ક | કોર્ટનો સીકકો | (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર

## શ્રી સોમનાથ ટ્રસ્ટ - પ્રભાસ પાટણ
## જાહેર નિવિદા

શ્રી સોમનાથ ટ્રસ્ટના શ્રી સોમનાથ મંદિર તથા અન્ય વિભાગો, અતિથિગૃહો,સુરક્ષા વિભાગ માટે ૧૧ માસની કામગીરી માટે જુદા જુદા મેનપાવર (આઉટ સોર્સીંગ) ની જરૂરીયાત છે. આ કામના પ્રતિષ્ઠિત અનુભવી તેમજ લાયસન્સ ધરાવતી એજન્સીઓએ ટેન્ડર ફોર્મ ટ્રસ્ટની વેબસાઇટ https://somnath.org/ ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. તેમજ ટેન્ડર ફી ની રકમનો ડી.ડી. બંધ કવરમાં ટેન્ડર સાથે જોડી તા.૨૮-૦૬-૨૦૨૫ સાંજે ૧૬:૦૦ કલાક સુધીમાં વહીવટી વિભાગ,શ્રી સોમનાથ ટ્રસ્ટને મોકલી આપવા નિમંત્રણ છે.

સંપર્ક નંબર : ૯૪૨૮૨ ૧૪૯૫૫ / ૬૩૫૭૫ ૭૪૭૫૭

જનરલ મેનેજર
શ્રી સોમનાથ ટ્રસ્ટ

## : જાહેર નોટીસ :

આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છેકે, અરજદારશ્રી સોલંકી ભલાભાઇ દેવાભાઇ એ તેઓના માતાશ્રીની મરણનોંધ મરણ રજીસ્ટરે દાખલ કરવા હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં અપીલ દાખલ કરેલ છે. તેઓની અપીલ અરજી મુજબ તેઓના માતાશ્રી કમીબેન દેવાભાઇ સોલંકીનું અવસાન તા. ૧૮/૧૦/૧૯૬૭ ના રોજ રાજકોટ જીલ્લાના ઉપલેટા તાલુકાના ઉપલેટા મુકામે થયેલ છે.

સદરહું અપીલ સામે જો કોઇને વાંધો - તકરાર હોય તો તેઓએ જાતે અથવા તેમના કાયદેસરના મુખત્યાર મારફત સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટની કોર્ટે, ધોરાજી સમક્ષ આ નોટીસ પ્રસિધ્ધ થયાના દિવસ - ૩૦ માં વાંધો - તકરાર રજુ કરી શકે છે. જો કોઇ વાંધા - તકરાર રજુ કરવામાં નહી આવે તો કોર્ટ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**એન. એમ. તરખાલા**
**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ - ધોરાજી.**

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને તથા જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયનાં રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ રાજકોટના ગામ પરાપીપળીયાના રેવન્યુ સર્વે નં.૮૪/૧ પૈકીની જમીનમાં ગુજરાત હાઉસીંગ બોર્ડ ઈ.ડબલ્યુ.એસ. ૩૫૦માં આવેલ ટેનામેન્ટ નં.ઈ-૫૯૮, જેના ચો.મી.આ. ૨૫-૦૦ છે. તે મકાન ભાવેશભાઈ ધનજીભાઈ ચાવડાની સ્વતંત્ર માલિકીનું આવેલ છે. સદરહુ મિલકતની ફાઈલમાં નીચે મુજબનો દસ્તાવેજ અસલ ખોવાઈ ગયેલ છે અને શોધવા છતાં મળી આવેલ નથી.

(૧) શબીરભાઈ સતારભાઈ દરવાન જોગ શ્રી ડી.કે. બારૈયા, ગુજરાત હાઉસિંગ બોર્ડ, રાજકોટ કચેરીના અધિકારીએ કરી આપેલ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૬૧૩, તા.૧૫/૦૧/૨૦૧૦ના રોજનો છે તે અસલ તથા રજી. ફીની પહોંચ અસલ.

ઉપરોકત વિગતવાળો અસલ દસ્તાવેજ તથા રજી. ફીની પહોંચ જો કોઈ પાસે હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ (સાત)માં અમોને નીચે દર્શાવેલ સરનામે સોંપી આપવા વિનંતી. આ મુદત દરમ્યાન જો કોઈનો વાંધો-તકરાર નહી આવે તો સદરહું મિલકત પરત્વે કોઈનો પણ લાગ-ભાગ, વાંધો તકરાર હોય તો તે જતો (WAIVE) કરેલ છે તેમ ગણવામાં આવશે. ત્યારબાદ કોઈના પણ વાંધા તકરાર માન્ય ગણવામાં આવશે નહી તેમજ ઉપરોકત દસ્તાવેજની ખરીનકલને અસલ દસ્તાવેજ તરીકે ગણવામાં આવશે. આ અસલ દસ્તાવેજ દિવસ ૭ (સાત)માં રજુ નહી થાય તો તે અંગેનું નો-ઓબ્જેકશન સર્ટીફીકેટ આપવામાં આવશે. જેની આથી લાગતા વળગતા તમામએ નોંધ લેવી.

રાજકોટ. તા.૧૮/૦૬/૨૦૨૫
અમારા મારફત

**કૃણાલ વી.શાહ એડવોકેટ**

**કૃણાલ વી.શાહ, (એડવોકેટ)**
ઓફીસ-૩૦૯, યોગી આનંદ કોમ્પ્લેક્ષ, ચૌધરી હાઈસ્કુલની સામે, કસ્તુરબા રોડ, રાજકોટ મો.નં.૮૭૮૦૭ ૨૫૩૦૮

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને તથા જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયનાં રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ રાજકોટના ગામ પરાપીપળીયાના રેવન્યુ સર્વે નં.૮૪/૧ પૈકીની જમીનમાં ગુજરાત હાઉસીંગ બોર્ડ ઈ.ડબલ્યુ.એસ. ૩૫૦માં આવેલ ટેનામેન્ટ નં.ઈ-૫૭૭ જેના ચો.મી.આ. ૨૫-૦૦ છે તે મકાન કૈલાસભાઈ ધનજીભાઈ ચાવડાની સ્વતંત્ર માલિકીનું આવેલ છે. સદરહુ મિલકતની ફાઈલમાં નીચે મુજબનો દસ્તાવેજ અસલ ખોવાઈ ગયેલ છે અને શોધવા છતાં મળી આવેલ નથી.

(૧) શબીરભાઈ સતારભાઈ દરવાન જોગ શ્રી ડી.કે. બારૈયા, ગુજરાત હાઉસિંગ બોર્ડ, રાજકોટ કચેરીના અધિકારીએ કરી આપેલ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૬૧૦, તા.૧૫/૦૧/૨૦૧૦ના રોજનો છે તે અસલ તથા રજી. ફી.ની પહોંચ અસલ.

ઉપરોકત વિગતવાળો અસલ દસ્તાવેજ તથા રજી. ફીની પહોંચ જો કોઈ પાસે હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ (સાત)માં અમોને નીચે દર્શાવેલ સરનામે સોંપી આપવા વિનંતી. આ મુદત દરમ્યાન જો કોઈનો વાંધો-તકરાર નહી આવે તો સદરહું મિલકત પરત્વે કોઈનો પણ લાગ-ભાગ, વાંધો તકરાર હોય તો તે જતો (WAIVE) કરેલ છે તેમ ગણવામાં આવશે. ત્યારબાદ કોઈના પણ વાંધા તકરાર માન્ય ગણવામાં આવશે નહી તેમજ ઉપરોકત દસ્તાવેજની ખરીનકલને અસલ દસ્તાવેજ તરીકે ગણવામાં આવશે. આ અસલ દસ્તાવેજ દિવસ ૭ (સાત)માં રજુ નહી થાય તો તે અંગેનું નો-ઓબ્જેકશન સર્ટીફીકેટ આપવામાં આવશે. જેની આથી લાગતા વળગતા તમામએ નોંધ લેવી.

રાજકોટ. તા.૧૮/૦૬/૨૦૨૫
અમારા મારફત

**કૃણાલ વી.શાહ એડવોકેટ**

**કૃણાલ વી.શાહ, (એડવોકેટ)**
ઓફીસ-૩૦૯, યોગી આનંદ કોમ્પ્લેક્ષ, ચૌધરી હાઈસ્કુલની સામે, કસ્તુરબા રોડ, રાજકોટ મો.નં.૮૭૮૦૭ ૨૫૩૦૮

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે.સીનીયર સીવીલ જજ શ્રી પી.એમ.શાહ સાહેબની કોર્ટમાં દિ.પ.અ.નં.૧૨૧૭/૨૦૨૫ના કામના અરજદાર ૧. જગદિશ શાંતિલાલ વ્યાસ, ૨. ભાસ્કર શાંતિલાલ વ્યાસ, ૩. તુષાર શાંતિલાલ વ્યાસ એ ગુજરનાર શાંતિલાલ દુર્ગાશંકર વ્યાસની સ્થાવર મિલકતનું લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન વીથ ધી વીલ એનેક્ષ્ડ સર્ટીફીકેટ મળવા અરજી કરેલ છે જેમાં ગુજરનારની સ્થાવર મિલ્કત:

રાજકોટ તાલુકાના ગામ નવાગામ આણંદપરમાં આવેલ લેખ નં.૨ની જમીન ચો.વા.આ.૪૨૬-૨-૩૬ બરાબર ચો.મી.આ.૩૬૦-૬૨ તથા તે ઉપરના ઉભા ઈમલા ઈમારતવાળી મિલકત ગુજરનારે તેમના જોગના રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૨૪૭૭/૧૯૭૭ તા.૦૧-૧૦-૧૯૭૭ના રોજ ખરીદ કરેલ છે. એ રીતે સદરહુ મિલકત ગુજરનારના સુવાંગ કબજા ભોગવટા અને માલિકીની આવેલ. સદરહુ મિલકત ગુજરનારે વીલથી અમો અરજદાર નં.૧થી૩ને બીકવેથ કરેલ છે. જેમાં અરજદાર નં.૧નો હિસ્સો ૨૫ ટકા તેમજ અરજદાર નં.૨નો હિસ્સો ૨૫ ટકા તેમજ અરજદાર નં.૩નો હિસ્સો ૫૦ ટકા એ રીતે બીકવેથ કરેલ છે.

ઉપરોક્ત સ્થાવર મિલકતમાં ઈન્ડીયન ઓવરસીઝ બેંક ભાડુત તરીકે કબજો ભોગવટો ધરાવે છે અને બેંકનું એટીએમ પણ સદરહુ મિલકતમાં આવેલ છે. આ મિલકતમાં ગોડાઉન પણ આવેલું છે જેમાં પી.કે. એન્ડ સન્સ નામની પેઢી ભાડુઆત તરીકે કબજો ભોગવટો ધરાવે છે.

ઉપરોક્ત દર્શાવેલ સ્થાવર મિલકતનું લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન વીથ ધી વીલ એનેક્ષ્ડ સર્ટીફીકેટ મેળવવા અંગે ઉપરોક્ત અરજદારોએ **એડવોકેટ શ્રી રાજ તરૂણભાઈ કોઠારી** મારફતે દિવાની પરચુરણ અરજી અત્રેની કોર્ટ સમક્ષ દાખલ કરેલ હોય સદરહુ અરજી સંબંધે જે કોઈ શખ્સ ને વાંધો તકરાર હોય તેમણે મુદત તારીખ ૧૨-૦૭-૨૦૨૫ના રોજ સવારના ૧૧-૦૦ કલાકે સદરહુ મિલકત સંબંધે લેખિત વાંધા અત્રેની કોર્ટ સમક્ષ રજૂ કરવા. ગેરહાજર રહેથી યોગ્ય હુકમ કરવામાં આવશે જેની લાગતા વળગતાંઓએ સ્પષ્ટ નોંધ લેવી.

આજ તારીખ ૧૭-૦૬-૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યું.

તૈયાર કરનારઃ (એ.એચ.માંકડ) સુપ્રિટેન્ડન્ટ | કોર્ટનો સીકકો | હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ રાજકોટ.

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર તે અમારા ખરીદનારાની સુચનાથી લાગતા વળગતા તમામને નોટીસ આપી જણાવવાનું કે, નીચે મુજબની મિલ્કત નીચે લખ્યા આસામી પાસેથી અમારા ખરીદનાર ખરીદ કરવા લેખીત કરાર કરેલ છે.

**રાજકોટ** જિલ્લાના **ગોંડલ** તાલુકાના **મોવિયા** ગામની નીચે મુજબની સીમ જમીન નીચે જણાવેલ આસામી-માલિકની આવેલ છે.

| માલીકનું નામ | ગામ | રે.સ.નં. | હે.આરે.ચો.મી. | ખાતા નં. |
|---|---|---|---|---|
| ૧. રવજીભાઇ ગોરધનભાઇ શીંગાળા રહે. ગોંડલ | મોવિયા | ૯૪૩ પૈકી૧/પૈકી ૫ | ૧-૦૩-૧૯ | ૪૧૯૦ |

સબબ ઉપરોકત મિલ્કત મારા ખરીદનાર ખરીદ કરવા માંગે છે તે પરત્વે કોઇ વ્યકિત, પેઢી, બેંક, મંડળી કે એસાઇનીઓનો કોઇપણ પ્રકારનો ભાગ, લાગ, હકક, હિત, હિસ્સો, દર કે દાવો સાટાખત/મુખત્યારની રૂએ યા વારસાઇ હકક, અથવા અન્ય કોઇપણ આસામીનો કાંઇપણ પ્રકારનો વાંધો તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૮(આઠ)માં આ નીચે લખ્યા સરનામે લેખીત દસ્તાવેજી પુરાવા સાથે જાણ કરવી, મુદત વિત્યે આ મિલ્કતો પરત્વે કોઇનો કોઇપણ જાતનો હકક, હિત, હિસ્સો નથી અને હોય તો જતો (WAIVE) કરેલ છે તેમ માની અમાર ખરીદનારા આ મિલ્કતની વેચાણની આગળની કાર્યવાહી પુરી કરશે અને ત્યારબાદ કોઇપણ જાતના વાંધા કે તકરાર અમારા ખરીદનારાને બંધનકર્તા રહેશે નહી તેની આ નોટીસથી સર્વે સબંધકર્તાએ સ્પષ્ટ નોંધ લેવી.

અમારા મારફત :

**ભરતકુમાર કે. વોરા, બી.કોમ. એલએલ.બી., ઠે. કોર્ટની બાજુમાં ગોંડલ**
**તે ખરીદનારની સુચના મુજબ, તા. ૧૮/૬/૨૦૨૫, મો. ૯૮૨૫૭ ૨૦૬૬૯**

**પ્રતિશ્રી,**
**હાર્દિકભાઇ નીતીનભાઇ પતાણી,**
**રે. જામનગર, ઠે. જલીયાણ, શાંતિ વિહાર-૨,**
**દ્વારકા ગ્રીન બંગલો, લાલવાડી, ગ્રીન વુડની સામે,**
**જામનગર. મો. નં. ૮૫૧૧૮ ૧૩૦૦૩**

વિષય : **નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબની નોટીસ**

આથી હું નીચે સહી કરનાર **નિલેષ એમ. મકવાણા, બી.એ., એલ.એલ.બી., એડવોકેટ (ગુજરાત હાઇકોર્ટ) તે મારા અસીલ હીતેષ મગનલાલ જોષી, રહે. ભાણવડ, ઠે. વ્રજભૂમિ સોસા., તા. ભાણવડ, જી. દેવભૂમિ દ્વારકાવાળા**ની સુચના અને તેના કહેવાથી તમો ઉપર જણાવેલ નામ સરનામા વાળાને આ નોટીસ આપી નીચે મુજબની હકીકતોથી વાકેફ કરૂ છું.

(૧) મારા અસીલ તમો નોટીસ લેનાર પાસે નાણા માંગતા હતા અને તે માંગણા ચુકવવા માટે તમો નોટીસ લેનારાઓ મારા અસીલને આપેલ ચેક રીટર્ન થતા તમો નોટીસ લેનાર વિરૂધ્ધ ભાણવડ કોર્ટમાં ફોજદારી કેસ નં. ૮૫૭/૨૦૨૪થી દાખલ થયેલ હતો. આ કેસમાં થયેલ સમાધાન મુજબ તમો નોટીસ લેનારે મારા અસીલના લેણા કરાર દાદ મુજબ કબુલ કરેલ હતા અને આ લેણાની રકમ ચુકવવા માટે, તમો નોટીસ લેનારે મારા અસીલને તમોની બેંક તે બેંક ઓફ બરોડા-જામનગર શાખાનો તમારા ખાતા નં. ૦૩૬૭૦૨૦૦૦૦૨૬૦૩ના કુલ ૧૫ ચેક જે દરેક હપ્તા પેટેના ચેક આપેલ હતા. જે દરેક ચેકની રકમ રૂા. ૨,૦૦,૦૦૦/- અંકે રૂપિયા બે લાખ ભરી, તારીખ નાખી આપેલ હતા. જેમાંથી છઠ્ઠા હપ્તા પેટેનો ચેક નં. ૦૦૦૦૦૬ વાળો રૂા. ૨,૦૦,૦૦૦/- અંકે રૂપીયા બે લાખ પુરાનો તા. ૦૧/૦૪/૨૦૨૫નો ભરી સહી કરી આપેલ હતો.

(૨) તમો નોટીસ લેનાર અને મારા અસીલ વચ્ચે થયેલ સમાધાન મુજબ તમો નોટીસ લેનારે મારા અસીલને એવો ભરોસો અને ખાત્રી આપેલ કે, તા.૦૧/૦૪/૨૦૨૫ના રોજ અથવા ચેકની કાયદેસરની મુદત દરમ્યાન ચેક વટાવવા માટે બેંકમાં રજુ થતા ચેકના નાણા મારા અસીલને મળી જશે. આથી તમોએ આપેલા વિશ્વાસના આધારે મારા અસીલે કેસમાં સમાધાન કરી, ઉપરોકત જણાવેલ વિગત વાળો ચેક સ્વીકારી લીધેલ.

(૩) મારા અસીલે આ નોટીસમાં જણાવેલ ઉપરોક્ત ચેક કાયદેસરની મુદતમાં બેંક ખાતામાં જમા કરતા મારા અસીલને તા. ૨૧/૦૫/૨૦૨૫ના રોજનો બેંકે રીટર્ન મેમો આપીને ચેક વણચુકવ્યો પરત કરેલ છે. આ ચેકને વણચુકવ્યા પરત કરવા માટેનું કારણ જણાવેલ છે કે, તમો નોટીસ લેનારના ખાતામાં ચેકમાં જણાવેલી રકમ ચુકવી આપવા પુરતું ભંડોળ (Funds Insufficient) નથી.

(૪) આથી આ નોટીસ આપી આપને જણાવવાનું કે, ઉપરોક્ત જણાવેલ ચેકની રકમ રૂા. ૨,૦૦,૦૦૦/- અંકે રૂપિયા બે લાખ પુરા આ નોટીસ મળ્યેથી દિવસ-૧૫માં મારા અસીલને ચુકવી આપીને અસલ ચેક પરત મેળવી લઇ, રકમ ચુકવ્યાની પહોંચ મેળવી લેશો. જો તેમ કરવામાં કસુર કરશો તો મારા અસીલ આપના વિરૂધ્ધ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ-૧૩૮ મુજબ ફોજદારી ફરિયાદ કરશે જેની ઉત્પન્ન તમામ પરિસ્થિતિની જવાબદારી તમો નોટીસ સ્વીકારનારની રહેશે.

(૫) આ નોટીસ તમોને રજી. એડી. પોસ્ટથી તમોના નોંધાયેલા રહેણાંકના સરનામે મોકલી આપેલ છે તે નોંધ લેશો.

મું. ભાણવડ તા. ૩૦/૦૫/૨૦૨૫

**જોશી એચ.એમ- તે મારી સુચનાથી**

**નિલેષ એમ. મકવાણા (એડવોકેટ)**
તે મારા અસીલની સુચના અને ફરમાનથી

# ગોંડલના ભરૂડી ટોલનાકા પાસેથી ૯૨.૬૦ લાખનો દારૂ-બિયરનો જથ્થો ભરેલ ટ્રક ઝડપાયો

**દારૂની ૧૫૮૧૬ બોટલ, બિયરના ૧૯૯૨ ટીન સહિત રૂા.૧.૦૨ કરોડનો મુદામાલ જપ્તઃ દારૂ મોકલનાર, ભરી આપનાર અને રીસીવરની શોધખોળ આદરી**

**રૂરલ એલસીબી ત્રાટકીઃ જલંધરથી દારૂ-બિયરનો જથ્થો ભરી રાજસ્થાની ડ્રાઈવર જૂનાગઢ પંથકમાં સપ્લાય કરે તે પહેલાં જ દબોચાયો, રાજસ્થાનના ડુંગરપુરના વિષ્ણુ ડાંગીએ શરાબ મોકલ્યો હતો**

**LCB પીઆઈ વી.વી.ઓડેદરાની રાહબરીમાં પીએસઆઈ એચ.સી.ગોહિલ અને ટીમની કામગીરીઃ કોન્સ્ટેબલ ભાવેશ મકવાણાની બાતમીના આધારે દરોડો**

રાજકોટ. તા.૧૮

જૂનાગઢ પંથકમાં દારૂ-બિયરની રેલમછેલ થાય તે પહેલાં જ રાજકોટ એલસીબીની ટીમ ત્રાટકી હતી અને ભરૂડી ટોલનાકા પાસેથી ૯૨.૬૦ લાખના દારૂ અને બિયરનો જથ્થો ભરેલ ટ્રક પકડી પાડી ૧.૦૨ કરોડનો મુદામાલ કબ્જે કરી રાજસ્થાની ટ્રક ચાલકની ધરપકડ કરી હતી. જ્યારે દારૂ મોકલનાર રાજસ્થાની શખ્સ તેમજ પંજાબના જલંધરથી દારૂ ભરી આપનાર અને દારૂ મંગાવનાર શખ્સની શોધખોળ આદરી છે.

દરોડાની વિગત મુજબ રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ અને એસપી હિમકરસિંહે દ્વારા દારૂની બદી દૂર કરવાની આપેલ સૂચનાથી રૂરલ એલસીબી પીઆઈ વી.વી.ઓડેદરાની રાહબરીમાં પીએસઆઈ એચ.સી.ગોહિલ ટીમ સાથે પેટ્રોલીંગમાં હતાં ત્યારે એએસઆઈ ઇન્દ્રસિંહ જાડેજા, જયવિરસિંહ રાણા, હેડ કોન્સ્ટેબલ અનિલ ગુજરાતી, ભગીરથસિંહ જાડેજા, મનોજ બાયલ, કોન્સ્ટેબલ મહિપાલસિંહ ચુડાસમા અને ભાવેશ મકવાણાને ભારત બેન્ઝ આઈસર ટ્રક નંબર HR-55-V-5520 બંધબોડીના ટ્રકમાં વિદેશી દારૂનો જથ્થો ભરી રાજકોટ તરફથી જુનાગઢ તરફ જનાર છે તેવી ચોક્કસ બાતમી મળતાં એલસીબીનો સ્ટાફ ભરૂડી એલસીબી કચેરી સામે રોડ ઉપર ટ્રકની વોચમાં હતો ત્યારે રાજકોટ તરફથી બંધ બોડીનો આઈસર ટ્રક આવતો જોવા મળતાં ટ્રકને ઉભો રખાવી ટ્રકને રોડની બાજુમાં ભરૂડી એલસીબી કચેરીના ગ્રાઉન્ડમાં લેવડાવી ડ્રાઈવરનું નામ પુછતા પોતાનુ નામ સુરેશ માનારામ ખીલેરી (ઉ.વ.૩૨, રહે.લાછીવાડ, સુરાવા પંચાયત, જાલોર રાજસ્થાન) હોવાનુ જણાવેલ હતું.

એલસીબીની ટીમે ટ્રક ચાલકને ટ્રકમાં શું ભરેલ છે પૂછતાં ટ્રકમાં પતંજલીના બીસ્કીટ ભરેલ હોવાનુ જણાવતાં ઉંડાણપૂર્વક પુછપરછ કરતા શખ્સે ટ્રકમાં વિદેશી દારૂ ભરેલ હોવાનુ જણાવેલ હતું. બાદમાં પોલીસે ટ્રકમાં તપાસ કરતાં તેમાંથી વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો મળી આવ્યો હતો.





એલસીબીની ટીમે વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની કુલ ૧૫૮૧૬ બોટલ રૂા.૮૯.૦૨ લાખ, બિયરના ૧૯૯૨ ટીન રૂા.૩.૫૮ લાખ, ટ્રક અને બે મોબાઈલ ફોન મળી કુલ રૂા.૧.૦૨ કરોડનો મુદામાલ કબ્જે કર્યો હતો. જ્યારે વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, ટ્રક ચાલકને દારૂનો જથ્થો રાજસ્થાનના ડુંગરપુરના વિષ્ણુ ડાંગી નામના શખ્સના કહેવાથી પંજાબના જલંધરથી અજાણ્યાં શખ્સે ભરી દિધો હતો. પોલીસે દારૂ મોકલનાર, ભરી આપનાર અને દારૂ મંગાવનાર શખ્સની શોધખોળ આદરી છે.

**દારૂ મોકલનાર રાજસ્થાની શખ્સ જીપીએસથી ટ્રકને ટ્રેક કરતો હતો**

પોલીસ સુત્રોએ દરોડા અંગે વધુમાં જણાવ્યું હતું કે, દારૂ બિયરના મોટા જથ્થા સાથે પકડેલ ટ્રક ડ્રાઈવરે કબુલાત આપી હતી કે તે પંજાબના જલંધરથી દારૂ ભરી નીકળ્યો ત્યારે ડુંગરપુરના વિષ્ણુ ડાંગીએ તેના ટ્રકમાં જીપીએસ સિસ્ટમ ફીટ કરી દીધી હતી અને તે પોતે જીપીએસથી ટ્રકને ટ્રેક કરતો હતો. તે જે સ્થળે કહે ત્યાં દારૂનો ટ્રક રેઢો મૂકી અને પરત પોતાને રાજસ્થાન જતું રહેવાનું હતું.

# વીજ વાયરો આસપાસની જોખમી ડાળીઓ કોણ કાપે? એકબીજાને ખો આપતા મહાપાલિકા અને પીજીવીસીએલ

**જવાબદારીની ફેંકાફેંકી થતી હોવાની ફરિયાદ : કમિશ્નર અને સાંસદને પત્રથી રજૂઆત**

રાજકોટ, તા. ૧૮

શહેરના અનેક વિસ્તારોમાં વૃક્ષની ડાળીઓ વીજ તારને અડતી હોય કે બાજુમાંથી નીકળતી હોય, આ જોખમી ડાળ કાપવામાં મનપા અને પીજીવીસીએલ તંત્ર એકબીજાને ખો આપતા હોવાની ફરિયાદ ઉઠી છે. જાહેર રોડ રસ્તા શેરીઓ ઉપર પસાર થતી પી.જી.વી.સી.એલ. ના ટ્રાન્સફોર્મર પાસે તથા ઈલેક્ટ્રિક તાર કેબલ લાઇન ઉપર ઝાળ વૃક્ષોની ડાળીઓ અકસ્માત સર્જાય તેવી નડતર રૂપ હોવાથી મનપાના ગાર્ડન વિભાગ તથા પી.જી.વી.સી.એલ. ઝાળ વૃક્ષો ની ડાળીઓ કાપવા માટેના પ્રશ્નોની અદલ બદલ અરસ પરસ ફેંકાફેંકી કરતા હોવાની કમિશ્નરને રજુઆત કરવામાં આવી છે. શહેરના જાહેર રોડ રસ્તા, શેરીઓ ઉપરથી ટ્રાન્સફોર્મર પાસે તથા ઇલેક્ટ્રિક તાર કેબલ લાઇન ઉપરથી જાય છે અને નડતર રૂપ ઝાડ વૃક્ષોની ડાળીઓ કોર્પો. કે પીજીવીસીએલ કોણ કાપે તેવું ઘણી વખત



નકકી થતું નથી. આથી તંત્ર સર્વે કરાવે અને મંત્રણા કરી આ કામગીરી કોણ કરે તે ચકાસે તે જરૂરી છે. આ અંગે સ્થળ તપાસ સર્વે કરાવી નિર્ણય લઈને તત્કાલ ચોમાસા વરસાદ દરમિયાન પવન વાવાઝોડાના સમયે અકસ્માત સર્જાય તે પહેલા ડાળીઓ કપાવી આપવા સામાજીક કાર્યકર સવજીભાઇ ફળદુએ કમિશ્નરને પત્ર લખ્યો છે. સાથે જ સાંસદને પણ પત્ર લખતા તેમણે કમિશ્નરને પત્રથી ભલામણ કરી છે.

# પિતા વડીલોપાજીર્ત ખેતીની જમીન વેચી ન નાખે તે માટે પુત્રએ મનાઈ હુકમનો દાવો કર્યો

રાજકોટ, તા.૧૮



અતુલ ફળદુ એડવોકેટ

રાજકોટ જીલ્લાના ગોંડલ મુકામે ભવનાથ-૨ સોસાયટીમાં રહેતા પ્રકાશભાઈ મનુભાઈ દાફડા ઉર્ફે પ્રતિકકુમાર મનસુખભાઈ વાળાની વારસાઈ ખેતીની જમીન કે જે જસદણ તાલુકાના જીવાપર ખાતે આવેલ છે. ખેતીની જમીન તેમના પિતા મનુભાઈ માવજીભાઈ દાફડાના નામે છે.જમીન પિતા મનુભાઈએ ખરીદ કરેલી નથી તે જમીન તેમના દાદા પાસેથી વારસાઈ દરજજે આવેલ છે. જમીન વડીલોપાજીર્ત મિલકત હોય વારસદારોને તેમનો હકક આપ્યા વગર વેંચાણ કરી નાખે તો હકકને ગંભીર હાની પહોંચે તેમ હોય જમીનનું વેંચાણ ન કરે તેવો મનાઈ હુકમ મેળવવાનો દાવો જસદણ સિવિલ કોર્ટમાં દાખલ કરેલ. જેમાં કોર્ટે પ્રતિવાદીને ૩૦ દિવસમાં જવાબ દેવા નોટીસ ઈશ્યુ કરેલ છે. આ દાવામાં વાદી પ્રકાશભાઈ દાફડા તરફે રાજકોટના વકીલ અતુલ સી. ફળદુ, અજય કે. જાધવ, ચાર્મી કે. પંડયા રોકાયેલ છે.

# શેઠનગરમાં સામસામી મારમારી બાદ પોલીસ પર હુમલાના બનાવમાં ફરાર ત્રણ શખ્સો ઝડપાયા

**વર્ષ ૨૦૨૩ માં જામનગરથી આવેલા શખ્સોએ બકરા ચોરવા મામલે ધીંગાણું કર્યું હતું, દોડી ગયેલ ગાંધીગ્રામ પોલીસ પર પથ્થરમારો થયો 'તોઃ એલસીબી ઝોન-૨ ની ટીમે માધાપર ચોકડી પાસેથી જામનગર, ધ્રોલ અને જોડિયાના શખ્સોને દબોચી લીધા**

રાજકોટ તા. ૧૮

જામનગર રોડ પર શેઠનગર સામેના પાસે ઝુંપડામાં રહેતાં દેવીપૂજક પરિવારો વચ્ચે બકરા ચોરવા મામલે અને જુના ઝઘડાને કારણે માથાકુટ થઈ હતી. જેમાં એક શખ્સની બેઠકમાં લાકડુ ખોંચી દેવાયાના આક્ષેપો થયા હતાં. બાદમાં એ શખ્સનું મોત થયું હતું. જે માથાકુટમાં સામ સામે ગુના દાખલ થયા હતાં. જે તે વખતે ગાંધીગ્રામ પોલીસ ત્યાં પહોંચી ત્યારે આરોપીએ ટોળકી રચી ગાંધીગ્રામ પોલીસ મથકના પીઆઈ અને હોમગાર્ડ પર પથ્થરમારો કરી ફરજમાં રૂકાવટ કરતાં અલગથી ત્રીજો ગુનો પણ નોંધાયો હતો. જે ગુનામાં બે વર્ષથી ફરાર ત્રણ શખ્સોને એલસીબી ઝોન-૨ ટીમે માધાપર ચોકડી પાસેથી ઝડપી લીધા છે.

બનાવ અંગે જામનગર રોડ શેઠનગર સામે ઝુપડામાં રહેતાં દેવીપૂજક પરિવાના લોકો સાથે જામનગરથી આવેલા તેના સગાને જુના મનદુઃખ મામલે મારામારી થતાં એક બીજા પર ટોળકી રચી હુમલો કર્યો હતો. બનાવની જાણ થતાં ગાંધીગ્રામ પોલીસની ટીમ હોમગાર્ડ જવાનો સાથે પહોંચી હતી. આ વખતે માથાકૂટ કરનારાઓએ ટોળકી રચીને પોલીસની ટીમ ઉપર હુમલો કરી પથ્થરમારો કરી



ફરજમાં રૂકાવટ કરી હતી. બે અલગ અલગ ગુના જે તે વખતે ગાંધીગ્રામ પોલીસમાં દાખલ થયા હતાં.

જે ગંભીર પ્રકારના ગુનામાં ફરાર આરોપીઓને પકડી પાડવાની પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા અને ડીસીપી જગદીશ બાંગરવાએ આપેલ સૂચનાથી એલસીબી ઝોન-૨ ના પીએસઆઇ આર.એચ.ઝાલા અને ટીમે તપાસનો ધમધમાટ આદરી ચોક્કસ બાતમીના આધારે ફરાર જોડીયાના ગોરાણા ગામના દિનેશ ઉર્ફે વિનુ બાબુ ઉર્ફે બધુ જખાનીયા (ઉ.વ.૪૫), ધ્રોલમાં ટાવર પાસે રહેતાં લાભુ કરમશી વાજેલીયા (ઉ.વ.૪૫) તથા જામનગરના ગુલાબનગરના વિનુ બાધુ સામીયા (ઉ.વ.૩૫)ને માધાપર ચોકડી ૧૫૦ રીંગ રોડ પરથી પકડીને ગાંધીગ્રામ પોલીસ હવાલે કર્યા હતા.

ત્રણેય શખ્સો છુટક મજૂરી કામ કરે છે અને રાજકોટ-જામનગર આવતા જતાં રહે છે. અહીં મજુરી માટે આવ્યા અને પોલીસે દબોચી લીધાં હતાં. આરોપી વિનુ સાડમિયા સામે જામનગર સીટી બી ડિવિઝનમાં પણ દારૂનો ગુનો દાખલ થયેલ છે.

આરોપીને પકડવા એલસીબી ઝોન-૨ના પીએસઆઈ આર.એચ. ઝાલા, એએસઆઈ જયંતિભાઈ ગોહિલ, રાજેશ મિયાત્રા, હેડ કોન્સ્ટેબલ રાહુલ ગોહેલ, શક્તિસિંહ ગોહિલ, હેમેન્દ્રભાઈ વાઘીયા, ધર્મરાજ સિંહ ઝાલા, કોન્સ્ટેબલ કુલદીપસિંહ રાણાએ આ કામગીરી કરી હતી.

# હત્યાની કોશીષ, મારામારીના ગુનામાં ભવદીપ ડાભીને પાસામાં ધકેલાયો

**વોરંટ આધારે પકડી સાબરમતી જેલ હવાલે કર્યો**

રાજકોટ,તા.૧૮

રાજકોટ શહેરના મારામારી હત્યાનાં પ્રયાસ રાયોટીંગ જેવા ગુનામાં સંડોવાયેલ રૈયાધારના શખ્સને ગાંધીગ્રામ-૨ (યુનિ.)પોલીસે પાસા તળે અમદાવાદ સાબરમતી જેલ હવાલે કરેલ છે.યુનિ.પોલીસ સ્ટેશનના પી.આઈ.એચ.એન.પટેલ મારામારી, રાયોટીંગના ગુનામાં સંડોવાયેલ ભવદીપ ઉર્ફે યશ ઉર્ફે હાંડો પરેશભાઈ ડાભી રે.રૈયાધાર, રાજકોટ વિરૂદ્ધ પાસાની દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશનરને મોકલતા તેઓએ દરખાસ્ત મંજુર કરી પાસાનું વોરંટ ઈસ્યુ કરતા વોરંટ આધારે ભવદીપની અટકાયત કરી અમદાવાદ સાબરમતી જેલ હવાલે કરેલ છે.ભવદીપ ડાભી હત્યાની કોશીષ મારામારી રાયોટીંગ સહિતના ચાર ગુનાઓમાં સંડોવાયેલ હતો.તેની વિરૂદ્ધ યુનિ.પોલીસ સ્ટેશનમાં ગુના નોંધાયા હતા.



આ કામગીરી પોલીસ ઈન્સ્પેક્ટર એચ.એન.પટેલ તથા પી.એસ.આઈ. વી.જી.ડોડીયા તથા એ.એસ.આઈ.જગમાલભાઈ ખટાણા, સિદ્ધરાજસિંહ ચુડાસમા તથા પો.હેડ કોન્સ વિજુભા જાડેજા મહિપાલસિંહ જાડેજા, વિરદેવસિંહ જાડેજા, પ્રતાપસિંહ મોયા, જીજ્ઞેશભાઈ મારૂ હરેશભાઈ સારદીયા, જેન્તીભાઈ રાઠોડ, ગોપાલસિંહ જાડેજા તથા પો.કોન્સ વનરાજભાઈ લાવડીયા દિવ્યરાજ સિંહ જાડેજા મૈસુરભાઈ કુંભારવાડીયા તથા પી.સી.બી શાખાના રાજુભાઈ દહેકવાલએ કરી હતી.

## મુકતાબેન ડાંગર

(છેલ્લા પાનાનું ચાલું)

થી દીકરો વહુ અને પૌત્ર પૌત્રી પણ હાજર રહ્યા હતા. મુકતા બેનના અવસાન થી પરિવારમા ગમગીની વ્યાપી ગઇ હતી.

મુકતાબેનની ઓળખ કરવા રાજકોટમા રહેતા તેમના દીકરી રાજલ બેનના ડીએનએ લેવામાં આવ્યા હતા. ગઈકાલે રાત્રે તેઓને ફોન દ્વારા ડીએનએ મેચ થયાની માહિતી આપવામાં આવી હતી. અને આજે સવારે અમદાવાદ પોલીસની સુરક્ષા હેઠળ મૃતદેહ રાજકોટ લાવવામાં આવ્યો હતો. ત્યારબાદ લોધીકા તાલુકા મામલતદાર કૃષ્ણકુમાર ચુડાસમા અને રાજકોટ પૂર્વ વિભાગના મામલતદાર કચેરીના અધિકારી સત્યમ ચોરસિયાની હાજરીમાં પરિવારને મૃતદેહ સોંપાયો હતો.

રાજકોટમા ઘંટેશ્વર પાસેના એસ.આર.પી કેમ્પ પાસે આવેલ તેમના નિવાસસ્થાને મૃતદેહ લાવવામા આવ્યો હતો અને પરિવારજનોની હાજરીમાં અંતિમયાત્રા નીકળી હતી. અને રૈયા ગામના સ્મશાનમા અંતિમ વિધિ કરવામાં આવી હતી.

આ ઘટના અંગે મુકતા બેનના ભાઈ કરણભાઈ રાઠોડ જણાવે છે કે મુકતાબેન અમદાવાદ પહોંચ્યા બાદ ફોન આવ્યો હતો કે તેઓ પહોંચી ગયા છે અને ચિંતા ન કરે લંડન પહોંચીને ફોન કરવા જણાવ્યું હતું.

પાંચ દિવસ બાદ મુકતાબેનનો મૃતદેહ પરિવારને સોપવામાં આવ્યો છે. લંડન થી દીકરો મયુર ભાઈ માતા ની અંતિમ વિધિ માટે આવ્યા છે. મૃતદેહ મળ્યાની જાણ થતાં પરિવારજનો ઘરે પહોંચી ગયા હતા અને અંતિમ વિધિની તૈયારીઓ શરૂ કરી હતી.

વર્ષોથી રાજકોટમાં વસવાટ કરતા હતા અને પોતાના પુત્ર પાસે લંડન જતા હતા. પરંતુ મુકતા બેન પુત્ર પાસે પહોંચે તે પહેલા જ કરૂણ ઘટના બની.૭૪ વર્ષીય મુકતાબેન રાજકોટના ઘંટેશ્વર પાસેના રહેવાસી હતા. તેઓ ૬ મહિના રાજકોટ અને ૬ મહિના દીકરી સાથે લંડન રહેતા હતા. બ્રિટિશ વિઝા ન હોવાના કારણે ૬ મહિના લંડનમાં રહેતા હતા. પરિવારમાં તેઓને બે દીકરી અને એક દીકરો છે. દીકરીઓ મિનલબેન અને રાજલબેન રાજકોટમાં નિવાસ કરે છે. દીકરો મયુરભાઈ પોતાની પત્ની આશાબેન સાથે લંડનમાં રહે છે. ૨૦ વર્ષ પૂર્વે પતિ બચુભાઈનું અવસાન થયા બાદ એકલવાયું જીવન જીવતા હતા. છેલ્લા ૧૦ વર્ષથી રાજકોટથી લંડન આવતા જતા રહેતા હતા. આ વખતે તેઓ ૧૦ મી વખત જઈ રહ્યા હતા પરંતુ દીકરા પાસે પહોંચે તે પહેલા જ આ કરૂણ ઘટના બની હતી.

## સ્વ. વિજયભાઈ રૂપાણી

(છેલ્લા પાનાનું ચાલું)

૯થી૧૨ વાગ્યા સુધી સેકટર નં.૧૭ હેલીપેડ ગ્રાઉન્ડ ખાતેના એકઝીબીશન સેકટર હોલ નં.૧માં યોજાયેલી પ્રાર્થનાસભામાં ગુજરાત વિધાનસભાના સભ્યો, વિપક્ષના નેતાઓ તથા અમદાવાદમાં વિજયભાઈના સાથીદારો અને શુભેચ્છકો પહોંચશે.

આ માટેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. બીજી પ્રાર્થનાસભા શુક્રવારે ગુજરાત ભાજપના વડામથક 'કમલમ'માં યોજાશે. શ્રી રૂપાણીએ લાંબો સમય ગુજરાત ભાજપના મહામંત્રી અને સંગઠન ક્ષેત્રે કામ કર્યુ છે અને પક્ષ દ્વારા તેથી તેમને શ્રદ્ધાંજલી આપવા ખાસ આયોજન થયું છે. કમલમ ખાતે શુક્રવારે સાંજે પ્રાર્થનાસભા યોજાશે. જે અંગેની તૈયારી પણ શરૂ થઈ છે. કમલમમાં શુક્રવારે સાંજે ૪થી૬ વાગ્યા સુધી આ પ્રાર્થનાસભા યોજાશે.

## કાશ્મીર

(પહેલા પાનાનું ચાલું)

થઈ હતી અને ટ્રમ્પે આ હુમલામાં માર્યા ગયેલા લોકો પ્રત્યે સંવેદના દર્શાવી હતી. બાદમાં બન્ને રાષ્ટ્રવડાઓ વચ્ચે આ પ્રથમ વાતચીત હતી અને તે અગાઉ ટ્રમ્પે વારંવાર જે દાવા કરતા હતા. ભારતે તેને નકારી કાઢયા છે.

હવે વડાપ્રધાન મોદીએ પણ ટ્રમ્પને સીધી વાત જણાવી છે. શ્રી મોદીએ કહ્યું કે કાશ્મીર પ્રશ્ને ભારતે કદી કોઈની મધ્યસ્થી સ્વીકારી નથી અને સ્વીકારશે પણ નહી. ઉપરાંત ટ્રેડ-ડીલ જે ભારત અને અમેરિકા વચ્ચે વાટાઘાટના તબકકે છે. તે અંગે કોઈ વાતચીત થઈ નથી અને ઓપરેશન સિંદુરમાં પાકની વિનંતી પરથીજ યુદ્ધ હુમલા અટકાવાય છે પણ ઓપરેશન સિંદુર રોકાયુ નથી તે પણ પ્રમુખ ટ્રમ્પને જણાવી દીધુ હતું. ટ્રમ્પે ત્રાસવાદ સામેની લડાઈમાં તે ભારતની સાથે હોવાનો દાવો કર્યો છે કે મોદીએ એ પણ કહ્યું કે પાક સાથે વાત થશે તો પાક કબ્જાના કાશ્મીર અને ત્રાસવાદ મુદ્દે જ થશે.

## છુટ્ટા નથી

(છેલ્લા પાનાનું ચાલું)

૨ અને રૂા.૫ના સિકકાઓનું જ કુલ પ્રમાણ ૮૧.૬% છે. જે કિંમત (મુલ્ય)ની દ્રષ્ટિએ ૬૪.૨% છે. તેની સામે ૨૦૧૭માં યુપીઆઈના વ્યવહારો ૬૪ લાખ જેટલા અને ૨૪૨૫ કરોડના હતા તે ૨૦૨૫ માર્ચના અંતે ૧૮.૩ બીલીયન અને કિંમતની દ્રષ્ટિએ રૂા.૨૪૭૭૨૨૧ કરોડના થયા છે. દેશમાં ૨૦૧૬માં યુપીઆઈનુ લોન્ચીંગ થયુ હતું પણ ૨૦૧૬-૧૭ની સિકકાઓનું ચલણ ઘટવા લાગ્યુ છે.

મોટી રકમના વ્યવહારોમાં છુટ્ટા નથી તેવું કહેવાના દિવસો હવે ગયા અને તેના બદલે યુપીઆઈ કરી દો તેવો જવાબ મળે છે. છેક ગ્રામીણ કક્ષામાં તે પ્રચલીત થયુ છે તો રૂા.૧૦-૨૦ના સિકકા જે એક સમયે સ્વીકાર્ય ન હતા તે પણ હવે છુટથી ઉપયોગમાં લાગ્યા છે. આમ ડિજીટલ ઈકોનોમીમાં સરકારને નોટો છાપવાનો અને સિકકા તૈયાર કરવાનો ખર્ચ ધીમે ધીમે ઘટાડવા લાગ્યા છે.

## અવસાન નોંધ

**વેરાવળ :** સ્વ.દેવચંદભાઇ છગનલાલ ઉનડકટ (ખેરાળીવાળા) ના પુત્ર ગીરીશભાઇ ઉ.વ.૬૩ તે સ્વ.પ્રભુદાસભાઇ (ભગાભાઇ), પ્રવિણભાઇ, સ્વ.પ્રકાશભાઇ, પ્રફુલભાઇ, પ્રજ્ઞાબેન સુરેશભાઇ કારીયા (કેશોદ) ના ભાઇ, ભાવિન, લખન, ભાર્ગવ, યશના કાકા, નટવટરલાલ રૂગનાથભાઇ નાગ્રેચા (મેંદરડા વાળા) ના જમાઇ, પ્રવિણભાઇ, અમીતભાઇ ના બનેવીનું તા.૧૭ ના અવસાન થયેલ છે. સદગતનું બેસણું તથા સાદડી તા.૧૯ ના ગુરૂવારે સાંજે ૪ થી ૫ કલાકે કાશી વિશ્વનાથ મંદિર, પોસ્ટ ઓફીસ રોડ, વેરાવળ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** દાઉદી વ્હોરા શબ્બીરભાઈ અબ્દુલઅલીભાઈ ખેતી (ઉ.૭૪) તે મરિયમબેનના પતિ, અલી અસગરભાઈ, સકીનાબેન અબ્બાસભાઈ લાતીવાળાના પિતા, મ. ફઝલેઅબ્બાસભાઈ, મ. બદરૂદીનભાઈ, મ. સૈફુદીનભાઈ, મ. ફખરૂદીનભાઈ, મુસ્તાકભાઈ, ફીઝાબેન, મ. મેમુનાબેન, નફીસાબેનના ભાઈ તા.૧૭ને મંગળવારના રોજ વફાત પામેલ છે. મર્હુમની જીયારતના સીપારા (કુરાનખ્વાની) તા.૧૯ જુનને ગુરૂવારના રોજ બપોરે ૧-૩૦ કલાકે દાઉદી વ્હોરા મવાઈદ સૈફી કોલોની પાસે બેડીપરા રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.

**રાજકોટ:** ચંપાબેન પ્રભુદાસભાઈ ખંધડિયા તે સ્વર્ગસ્થ પ્રભુદાસ ભાઈના ધર્મપત્ની તેમજ હરીશભાઈ શૈલેષભાઈ પંકજભાઈના માતૃશ્રી તેમજ રમીલાબેન અને ભાવનાબેનના સાસુ તેમજ રવિ રીંપલ રોનક દર્શન અને વૈશાલીના દાદીનું તા.૧૭ -૦૬ -૨૦૨૫ ના રોજ અવસાન થયું છે... સદ્દગતનું બેસણું તારીખ ૧૯-૦૬-૨૦૨૫ ના સાંજે ૫ થી ૬ તેમના નિવાસ સ્થાન ''જલિયાણ'' એવરેસ્ટ પાર્ક, શેરી નંબર ૩,કાલાવડ રોડ ખાતે, રાજકોટ ખાતે રાખવામાં આવ્યું છ

**રાજકોટ:** રાજકોટ નિવાસી (છાપાવાળા) સ્વ. અનુપચંદભાઈ અંબારામ છાટબારના પુત્ર, રૂકમાણીબેનના પતિ અને પ્રાણવભાઈના પિતાશ્રી તેમજ દેવેનભાઈ, સંજયભાઈ, આશાબેન, ભાવનાબેન, આરતીબેનના મોટાભાઈ વિજયભાઈ અનુપચંદ છાટબાર તા.૧૬ને સોમવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. સદગતનું ઉઠમણું તા.૧૯ ગુરૂવારના રોજ બ્રહ્મક્ષત્રિયની વાડી, ખત્રીવાડ રાજકોટ ખાતે સવારે ૧૦ વાગ્યા રાખવામાં આવેલ છે. દેવેનભાઈ- ૯૮૨૪૪ ૪૨૮૯૮.

## સ્વ. પ્રબોધભાઈ મહેતાનું કાલે ઉઠમણું-પ્રાર્થનાસભા

રાજકોટ તા.૧૮

જાણીતા જૈન શ્રેષ્ઠી પ્રબોધભાઈ લાલચંદભાઈ મહેતા (ઉ.૮૦) તે નીતિનભાઈના ભાઈ, મિતલબેનના પિતા, કેયુરભાઈના કાકા, મિતેશભાઈના સસરાનું તા.૧૭ના નિધન થયું છે.

સદગત પ્રબોધભાઈ મહેતાનું ઉઠમણું આવતીકાલ તા.૧૯ના ગુરૂવારે સવારે ૧૦ વાગે તથા પ્રાર્થનાસભા મહાવીર હોલ જૈન બોર્ડીંગ, માલવિયા ચોક, રાજકોટ ખાતે બપોરે ૧૧-૧૫ કલાકે રાખેલ છે.

# વાદળિયા વાતાવરણમાં ફરી ઉકળાટ-બફારોઃ ૩૧ ડિગ્રી

**ગત રાત્રે વરસાદે વિરામ લીધા બાદ સવારથી જ હવામાં ભેજના પ્રમાણમાં વધારાથી ગરમીનો અહેસાસ**

રાજકોટ,તા.૧૮

રાજકોટ શહેરમાં વાદળિયા વાતાવરણમાં આજે બપોરે ફરી તાપમાનનો પારો ઉંચો ચડતા બપોરે અસહ્ય બફારા સાથે ગરમીનો અનુભવ થયો હતો.આજે વહેલી સવારથી જ આકાશમાં વાદળો છવાયેલા રહેતા સૂર્યદેવ વાદળોમાં છુપાયેલા રહ્યા હતા.બપોરે મહત્તમ તાપમાનનો પારો ૩૧ ડિગ્રીને પાર જતા અસહ્ય બફારા ઉકળાટથી જનજીવન પ્રભાવીત થયુ હતું. બપોરે મહત્તમ તાપમાન ૩૧.૨ ડિગ્રી સાથે હવામાં ભેજનું પ્રમાણ ૭૭ ટકા સાથે પવનની ગતિ સરેરાશ ૧૪ કિ.મી.નોંધાઈ હતી.હવામાં ભેજના વધારા સાથે ગરમીમાં વધારો થતા શહેરીજનો અકળાઈ ઉઠયા હતાં. ગઈકાલની સરખામણીએ આજે તાપમાનનો પારો વધુ પાંચ ડિગ્રી ઉચકાતા ઉકળાટ અનુભવાયો હતો.હવામાન વિભાગના સુત્રોના જણાવ્યા પ્રમાણે સમી સાંજે અમુક વિસ્તારોમાં હળવો ભારે વરસાદ વરસે તેવી સંભાવના છે.

## ફલાઈટ

(છેલ્લા પાનાનું ચાલું)

મુંબઈની બે ફલાઈટમાં એર ઈન્ડિયાની રાજકોટ મુંબઈ ફલાઈટ નિધારિત સમયે ઉઠી હતી જયારે ઈન્ડિગોની રાજકોટ-મુંબઈ ફલાઈટ કેન્સલ કરવામાં આવી હતી.એરફોર્સના બે કલાકના ટાસ્કમાં રાજકોટ અને દીવ એરપોર્ટનો શિડયુલ ખોરવાયો હતો.ઈન્ડિગો એર લાઈન્સ કંપનીને એરપોર્ટ આથોરીટી તરફથી આગોતરી જાણ કરતા કંપનીએ ત્રણ-ચાર દિવસ પૂર્વે જ મુસાફરોને ફલાઈટ કેન્સલ કર્યાની મેસેજથી જાણ કરતા મુસાફરોને મુંબઈ જવા અન્ય વિકલ્પો મળતા કોઈજાતની હેરાનગતિ થઈ ન હતી.આજે મુંબઈની એક ફલાઈટને બાદ કરતા અન્ય તમામ ફલાઈટ શિડયુલ મુજબ આવાગમન શરૂ રહ્યુ હોવાનું એરપોર્ટ સુત્રોએ જણાવ્યું છે.

## અવસાન નોંધ

**રાજકોટ:** બીપીનભાઈ, દિલીપભાઈ, રમેશભાઈના માતૃશ્રી કાંતાબેન અભેસિંગભાઈ ગોહેલ (ઉં. વર્ષ ૯૩) તે બિપિન ભાઈ, દિલીપભાઈ, રમેશભાઈના માતૃશ્રી તા.૧૮ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. તેમનું બેસણું તા.૧૯ને ગુરુવારના રોજ શ્રમજીવી સોસાયટી, કોમ્યુનિટી હોલ, ઢેબર રોડ રાજકોટ ખાતે સાંજે ૪ થી ૬ રાખેલ છે.બીપીનભાઈ અભેસિંગભાઈ ગોહિલ (કો. નં. ૯૨૨૮૧ ૫૯૦૬૦)

# પ્રતિબંધિત પ્લાસ્ટિકના 'હોટસ્પોટ' વિસ્તારોમાં દરોડા : ૧૫૩ વેપારીઓને દંડ કરતું કોર્પોરેશન

**બસ સ્ટેન્ડ, રીક્ષા અને ટેકસી સ્ટેન્ડ, રીંગ રોડ સહિતના વિસ્તારમાં ચેકીંગ : ૧૧.૫ કિલો પ્લાસ્ટિક જપ્ત : પોલ્યુશન હટાવવાનો લક્ષ્યાંક**

રાજકોટ, તા. ૧૮

મહાપાલિકા દ્વારા ધીમી ગતિએ પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની કામગીરી ચાલી રહી છે. તેમાં છેલ્લા પખવાડીયામાં દોઢસો વેપારી પાસેથી સાડા અગિયાર કિલો જેટલું ઝબલા સહિતનું પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યાનું સોલીડ વેસ્ટ વિભાગે જણાવ્યું છે. આથી શહેરમાં વેપારીઓ દ્વારા આવા ઝબલાનો ઉપયોગ સતત ચાલુ હોવાનું લાગી રહ્યું છે. મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ હેઠળ તા.૧-૬ થી ૧૫-૬ એમ કુલ ૧૫ દિવસમાં ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૧૫ દિવસ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી કુલ ૧૫૩ આસામીઓ પાસેથી ૧૧.૫ કિલો પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૪૦૫૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

ઉપરોકત કામગીરી કમિશનરની સુચના અને ડે.કમિશનરના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઇજનેરના સુપરવિઝનમાં વિભાગની ટીમ દ્વારા



કરવામાં આવી હતી.

મહાનગરપાલિકા દ્વારા વિશ્વ કક્ષાએ પ્લાસ્ટિક પ્રદૂષણનો અંત લાવવા અને એન્ડીંગ પ્લાસ્ટિક પોલ્યુશન અંતર્ગત ખાસ ઝુંબેશ પણ ચાલે છે. જેમાં બસ સ્ટેન્ડ, રીક્ષા સ્ટેન્ડ, ટેક્ષી સ્ટેન્ડ, હાઇવે, રીંગ રોડ, મેઇન રોડની સફાઇ ઝુંબેશ, જીવીપી પોઇન્ટ અને તમામ જાહેર તથા સામૂહિક શૌચાલયની સફાઈ, સિંગલ યૂઝ પ્લાસ્ટિક હોટપોસ્ટ વિસ્તારમાંથી પ્લાસ્ટિક દૂર કરવા અને તેનો વપરાશ કરતાં યુનિટ, શોપ પર તપાસ કરી પ્લાસ્ટિક જપ્ત કરવાની અને વહીવટી ચાર્જ વસૂલાત કરવાની કામગીરી કરવામાં આવી હતી.

# રૂા.૨૩ લાખના ચેક રિટર્ન કેસમાં યશ ચીકાણીનો નિર્દોષ છુટકારો

રાજકોટ, તા.૧૭

શહેરમાં રહેતા ફરીયાદી ગિરિશ મોહન ભાલોડીયાએ આરોપી યશ ભરતભાઈ ચીકાણી સાથે તિરૂપતિ મેટલ્સ નામે ભાગીદારી પેઢી ચાલુ કરેલ. જેમાં ફરિયાદીનું રોકાણ હતું. ભાગીદારી પેઢીમાંથી છુટા થતી વખતે ફરીયાદીના જણાવ્યા મુજબ રૂ.૨૩,૦૦,૦૦૦ હિસાબ પેટે લેવાના નિકળતા હોય, આરોપી યશ ચીકાણીએ ચેક આપેલ હતો. જે બેંકમાં જમા કરાવતા પરત ફરતા કોર્ટમાં ફરીયાદ કરેલ હતી.જે કેસ કોર્ટમાં ચાલવા ઉપર આવતા ફરીયાદી પોતાની ફરીયાદમાં જણાવેલ લેણી રકમ સાબિત કરી શકેલ ન હોય અને ફરીયાદ અધુરી વિગત વાળી હોય તથા તમામ હિસાબ-કિતાબ પૂર્ણ થયા બાદ ખોટી ફરીયાદ નોંધાવેલ હોય તેવી વિગતો આરોપીના વકીલ કોર્ટ સમક્ષ લઈ આવેલ હતા. આરોપીના વકીલની દલીલો, વિવિધ કોર્ટનાં ચુકાદાઓ ધ્યાને લઈ કોર્ટે આરોપી યશ ચીકાણીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો કોર્ટે હુકમ કરેલ હતો. આ કેસમાં આરોપી તરફે અભિમન્યુ લો ફર્મના યુવા ધારાશાસ્ત્રીઓ ચિરાગ કે. કુકરેચા, ચંદ્રસિંહ જી. પરમાર (સી.પી.), ચંદ્રસિંહ બી. તલાટીયા (સી.બી.), દેવેન્દ્રસિંહ ભટ્ટી, ક્રિષ્ના કે. ચૌહાણ, વિશાલ એ. સોલંકી, અર્જુનસિંહ કે. ભાટી, મહેન્દ્ર એન. ભાલુ વિગેરે રોકાયેલ હતા.

# ભુવાના કહેવાથી પુત્રવધુને પીયર મોકલી આપતા થયેલી ભરણપોષણની અરજી મંજુર

**પતિએ વચગાળાનાં ભરણપોષણ પેટે માસિક રૂા.૭ હજાર ચુકવવા હુકમ**

રાજકોટ, તા.૧૮



એડવોકેટ પંકજ દોંગા, કેતન સિંધવા

અરજદાર રીમાબેન કૃણાલભાઈ કાપડીયાને તેમના સાસરીયાઓ એ લોધીકા તાલુકાનાં પારડી ગામનાં ભુવા ધીરૂભાઈ મગનભાઈ ઘરસુડીયા (પટેલ)એ દાણા જોઈ કહેલ કે, પુત્રવધુને પીયર મોકલો નહીંતર પરિવારમાં મોત થશે અને દાણાં જોવામાં સંસાર આગળ ચાલે તેમ નથી તેવું અરજદારનાં સાસરીયાઓનાં મગજમાં ઠસાવી દેતા અરજદારનો તેમના પતિએ ત્યાગ કરેલ અને તેથી અરજદારએ લગ્ન સંસાર ચલાવવા તેડી જવા અંગેની નોટીસ તેમનાં પતિને આપેલી. પરંતુ અરજદારનાં પતિએ બધો દોષ અરજદાર ઉપર નાખેલ અને અરજદારને તેડી ગયેલ નહીં તેથી નાછુટકે અરજદારે તેમના પતિ કૃણાલભાઈ કાપડીયા વિરૂધ્ધ રાજકોટની ફેમીલી કોર્ટમાં ભરણ પોષણ મેળવવા અરજી કરેલી હતી.

અરજીના કામે વચગાળાના ભરણપોષણ પેટે અરજદારને માસીક રૂ ।.૭ હજાર અરજીની તારીખથી ચુકવવાનો પતિ સામે હુકમ કરેલ છે. આ અરજીમાં અરજદાર તરફે વકીલ તરીકે કેતન એન. સિંધવા તથા પંકજ આર. દોંગા રોકાયેલ હતા.

### ઇઝરાયેલ પર ઇરાને પ્રથમ વખત હાઇપરસોનિક મિસાઇલ ઝીંકી

# યુધ્ધ શરૂ : હવે કોઇ રહેમ નહીં! ઇરાનના વડા ખામેનેઇનું એલાન

## બિનશરતી આત્મસમર્પણની ટ્રમ્પની ધમકી બાદ ઇરાન વધુ વિફર્યુ : ઇઝરાયેલ સાથેના સંઘર્ષમાં ગંભીર વળાંકના એંધાણ

## ઇરાનમાં ૫૮૫ લોકોના મોત : પાટનગર તેહરાનમાં બજારો, દુકાનો બંધ : ભયભીત લોકોનું પલાયન ચાલુ : સવારે વધુ હુમલાના વિસ્ફોટ

તહેરાન, તા. ૧૮

મધ્ય પૂર્વ ઇઝરાયલ તથા ઇરાન વચ્ચે ભડકેલા સંઘર્ષમાં સમાધાનના પ્રયત્નો આગળ વધતા નથી ત્યારે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તહેરાન ખાલી કરવાની ધમકી ઉચ્ચારીને યુધ્ધમાં ઝંપલાવાનો ગર્ભિત ઇશારો કરતા ઇરાન વધુ વિફર્યુ છે અને હવે યુધ્ધ શરૂ તથા યહુદી ઇઝરાયલ પર કોઇ રહેમ નહીં રાખવાનો ઇરાનના વડા આયાતુલ્લા ખામેનેઇએ જાહેર કર્યુ છે.



ઇરાનના પ્રમુખ ખામેનેઇએ એલાન કર્યુ હતું કે યુધ્ધમાં ઇઝરાયલને ઘણા ગંભીર પરિણામો ભોગવવા પડશે. ઇઝરાયલ-ઇરાન વચ્ચેનો સંઘર્ષ આજે છઠ્ઠા દિવસમાં પ્રવેશ્યો હતો. ઇરાન વધુ આક્રમક બન્યું હોય તેમ પ્રથમ વખત હાઇપરસોનિક મિસાઇલ ઝીંકી હતી.

ઇઝરાયલના સમર્થનમાં રહેલા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઇરાનના વડાને અણુ કાર્યક્રમ પડતો મુકીને બીનશરતી આત્મસમર્પણ કરવાની ધમકી આપી હતી ત્યારપછીના પ્રથમ સોશ્યલ મીડિયા પોસ્ટ મારફત કરેલા નિવેદનમાં ઇરાનના પ્રમુખ ખામેનેઇ એલાન કર્યુ હતું કે 'હવે યુધ્ધ શરૂ.. ઇઝરાયલ પર કોઇ રહેમ રાખવામાં નહીં આવે' સોશ્યલ મીડિયા પોસ્ટમાં મેટર સાથે તલવાર લઇને કિલ્લા જેવા ગેટમાં દાખલ થતા યોધ્ધાનો ફોટો પણ મૂકવામાં આવ્યો હતો.

આ પોસ્ટ પછી ગણતરીની મીનીટોમાં ખામેનેઇએ સોશ્યલ મીડિયામાં બીજી પોસ્ટ મૂકી હતી જેમાં આતંકવાદી યહુદી શાસનને તાકાતથી કચડી નાખવાનું અને હવે કોઇ રહેમ નહીં રાખવાનું જાહેર કરવામાં આવ્યું હતું.

ઇઝરાયલ-ઇરાને સંઘર્ષના છઠ્ઠા દિવસે આજે એકબીજા પર મિસાઇલમારો જારી જ રાખ્યો હતો. ઇરાને પ્રથમ વખત હાઇપરસોનિક મિસાઇલ ઝીંકી હતી ઉપરાંત ઝેરૂસલામને પણ નિશાન બનાવ્યું હતું. ઝેરૂસલામ ખાલી કરવાની પણ ચેતવણી આપી હતી.



ઇઝરાયલી સેનાએ સ્વીકાર્યુ હતું કે આજે વહેલી સવારે ઇરાને બે મિસાઇલ છોડી હતી અને તેલઅવીવમાં પ્રચંડ વિસ્ફોટ સંભાળાયા હતા.

દરમ્યાન ઇઝરાયલ દ્વારા પણ વળતો હુમલો કરવામાં આવ્યો હતો. તહેરાનમાં પ્રચંડ ધડાકા સંભળાયા હતા. ઇઝરાયલે નવા વિસ્તારો ક્ષેત્રોમાં હુમલા કરવાની ચેતવણી ઉચ્ચારી હતી.

બીજી તરફ એક બીજા દેશો પર મિસાઇલ મારા વચ્ચે ઇરાનમાં મૃત્યુ આંક ૫૮૫ પર પહોંચ્યો છે. ઇરાનના પાટનગર તહેરાનમાં બજારો, દુકાનો બંધ છે અને હુમલાથી ભયભીત લોકોનું પલાયન વધુને વધુ ઝડપી બની રહ્યું છે. તહેરાન માત્ર ઇરાનનું જ નહીં પરંતુ સમગ્ર મધ્ય પૂર્વનું સૌથી મોટુ શહેર છે જયાંની વસ્તુ એક કરોડ છે. આખા ઇઝરાયલની જેટલી વસ્તી છે તેટલા લોકોનો વસવાટ માત્ર તહેરાનમાં છે

## ઇરાનને ખુલ્લો ટેકો છતાં પાક સૈન્ય વડા જનરલ મુનીરને લંચ પર બોલાવતા ટ્રમ્પ

### વોશિંગ્ટનમાં રહેલા જનરલ આજે વ્હાઈટ હાઉસ જશે! ટ્રમ્પ ખખડાવશે! સોશ્યલ મીડિયામાં મુનીર સામે આક્રોશ

વોશિંગ્ટન: અમેરિકન સૈન્યની ૨૫૦મી વર્ષગાંઠ પરેડમાં હાજરી આપવા ગયેલા પાકિસ્તાનના સૈન્ય વડા જનરલ અસીમ મુનીર હવે વ્હાઈટ હાઉસમાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે લંચ પણ લેશે. વ્હાઈટ હાઉસ દ્વારા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના બુધવારના કાર્યક્રમો જાહેર થયા છે. તેમાં પાક સૈન્ય વડા સાથે લંચ પણ સામેલ છે. અગાઉ અમેરિકાએ જનરલ મુનીરની અમેરિકા યાત્રા અને સૈન્ય ડે પરેડમાં તેમની હાજરી અંગે કોઈ આમંત્રણ અપાયુ હોવાનો ઈન્કાર કર્યો હતો તે સૂચક છે પણ મુનીર જેઓ ગત સપ્તાહથી અમેરિકામાં છે તેઓ ટ્રમ્પ તંત્રના અનેક ઉચ્ચ હોદેદારોને મળી રહ્યા છે. જો કે જનરલ સામે અહી વસતા પાકિસ્તાની નાગરિકો વિરોધ કરી તેમને પાકિસ્તાનીઓના કાતિલ પણ દર્શાવી રહ્યા છે. તેઓને પાકના ક્રિમીનલ ડીરેકટર તરીકે પણ અહી સોશ્યલ મીડીયામાં પાક વંશના લોકો કહી રહ્યા છે.




જનરલ જે હોટેલમાં ઉતર્યા છે તેની બહાર પાકિસ્તાની-અમેરિકી સંગઠન જે વોશિંગ્ટનમાં છે તેઓ પણ વિરોધ કરી રહ્યા છે. એક તરફ ટ્રમ્પ ઈઝરાયેલ-ઈરાન વચ્ચેના યુદ્ધની અત્યંત જટીલતામાં વ્યસ્ત છે તે સમયે તેઓએ પાક સૈન્ય વડાને આપેલી મુલાકાત અને લંચ એ સૂચક છે. એક તરફ જનરલ મુનીરે તો ઈરાનને ટેકો આપ્યો છે અને વોશિંગ્ટનમાં પણ એક વકતવ્યમાં જનરલે પાકિસ્તાન આ જંગમાં ઈરાન સાથે છે તેવા વિધાન કર્યા છે. માનવામાં આવે છે કે પાક સૈન્ય વડાને લંચ આપી તેમને ખખડાવી પણ શકે છે. ટ્રમ્પની જે આ પ્રકારની માનસીકતા છે તે પછી મુનીરને લંચ ભાવશે કે કેમ તે પણ પ્રશ્ન છે.

## જેરૂસલેમમાં અમેરિકાએ કોન્સ્યુલેટ બંધ કર્યાઃ ઈરાનના હુમલા બાદ કાર્યવાહી

### ત્રણ ધર્મના પવિત્ર શહેરમાં ધમાકા સંભળાયા

જેરૂસલેમઃ ઈઝરાયેલ-ઈરાનના વધુ ભીષણ બનેલા યુદ્ધમાં હવે વળતા હુમલામાં પ્રથમ વખત ખ્રિસ્તી-યહુદી અને મુસ્લીમ ત્રણેય ધર્મોના પવિત્ર ગણાતા જેરૂસલામ પર હાયપરસોનિક મિસાઈલથી હુમલો કર્યો છે અને પ્રમુખ ટ્રમ્પના તહેરાન ખાલી કરોની ચેતવણી સાથે ઈરાને હવે તેલઅવીવ ખાલી કરવા ઈઝરાયેલને જણાવ્યું છે. ઈરાન હવે પ્રચંડ હુમલા કરશે તે નિશ્ચિત બનતા જ અમેરિકાએ જેરૂસલામ ખાતેની તેની કોન્સ્યુલેટ કચેરી તાત્કાલીક અસરથી બંધ કરીને તેના કર્મચારીઓને તેલઅવીવમાં ખસેડી લીધા છે.



ઈરાનના જેરૂસલામ પર પ્રચંડ હુમલાના વિડીયો જાહેર થયા છે. જેમાં આ ક્ષેત્રમાં ભયાનક વિસ્ફોટ થયો હતો અને ધુમાડાના વાદળો આકાશમાં દેખાયા હતા. બીજી તરફ ઈઝરાયેલ પણ તેના હુમલા વધાર્યા છે.

## દુનિયામાં રહેવા માટે સૌથી બહેતર શહેર ડેન્માર્કનું કોપનહેગન

### વર્ષોથી પહેલા સ્થાને રહેતું ઓસ્ટ્રીયાનું વિયેના શહેર ખસીને બીજા ક્રમે આવ્યુ



નવી દિલ્હી તા.૧૮

દુનિયામાં રહેવા લાયક સૌથી બહેતર શહેરોમાં ડેન્માર્કના કોપનહેગન શહેરને પ્રથમ સ્થાન મળ્યું છે. વર્ષોથી ઓસ્ટ્રીયાનું વિયેના શહેર હવે ખસીને બીજા સ્થાને આવી ગયું છે. ધ ઈકોનોમીસ્ટ ઈન્ટેલિજન્ટ (ઈઆઈયુ)ની ગ્લોબલ લિવેબિલીટી રિપોર્ટ ૨૦૨૫ મુજબ કોપનહેગનમાં સ્વાસ્થ્ય, સુરક્ષા પર્યાવરણ, સમાનતા અને સંતુલીત જીવન જેવા પાસાઓ પર ધ્યાન આપવામાં આવે છે. આ કારણે જ તે ટોપ પર આવ્યુ છે. વિયેનાની રેકીંગમાં ઘટાડાના કારણે આતંકવાદી હુમલાના કાવતરા રહ્યા હતા.

આ ઘટનાએ આ સ્કોરે બે આતંકવાદી હુમલાનું કાવતરુ હતું. આ ઘટનાઓને વિયેનાના સ્કોરને ઘટાડી દીધુ હતું.

**યાદીમાં આ શહેરો**

| રેન્કીંગ | શહેર | દેશ |
|---|---|---|
| ૧. | કોપનહેગન | ડેન્માર્ક |
| ૨. | વિયેના | ઓસ્ટ્રીયા |
| | જયુરિખ | સ્વીટઝર્લેન્ડ |
| ૩. | મેલબર્ન | ઓસ્ટ્રેલિયા |
| ૪. | જિનિવા | સ્વીટઝર્લેન્ડ |
| ૫. | સિડની | ઓસ્ટ્રેલિયા |

## ડેરિવેટિવ્ઝ માર્કેટમાં પરિવર્તનઃ NSE માટે મંગળવાર, BSE માટે ગુરૂવાર હશે સમાપ્તિ દિવસ



મુંબઈ, તા.૧૮

બજારને વધુ પારદર્શક અને સ્થિર બનાવવા માટે સેબીએ મંગળવારે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું. સેબીએ નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) ની ઇક્વિટી ડેરિવેટિવ કોન્ટ્રેક્ટ્સ માટેની સમાપ્તિ તારીખ મંગળવાર કરવાની માંગને મંજૂરી આપી. તે જ સમયે, BSE એ જાહેરાત કરી કે તેના ત્રદ્ય ની સમાપ્તિ તારીખ મંગળવારથી ગુરૂવાર સુધી બદલાશે. નવું શેડ્યૂલ ૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ અથવા તે પછી સમાપ્ત થતા તમામ નવા ઇક્વિટી ડેરિવેટિવ કોન્ટ્રેક્ટ્સ પર લાગુ થશે. નિષ્ણાતો કહે છે કે આ પગલાથી એક્સચેન્જ પર પ્રવાહિતાનું સંતુલન જળવાઈ રહેશે અને રોકાણકારો માટે ટ્રેડિંગ વ્યૂહરચના ઘડવાનું સરળ બનશે. આ ઉપરાંત, આ તારીખ પહેલાં સમાપ્ત થતા કોન્ટ્રાક્ટ્સ હાલના એક્સપાયરી શેડ્યૂલને અનુસરવાનું ચાલુ રાખશે. એક્સચેન્જોએ જણાવ્યું હતું કે તેઓ પહેલાથી ઓફર કરાયેલા કોન્ટ્રાક્ટ્સ માટે ડેરિવેટિવ કોન્ટ્રેક્ટ્સની સમાપ્તિ તારીખ યથાવત રાખશે. જો કે, આ લાંબા ગાળાના ઇન્ડેક્સ ઓપ્શન કોન્ટ્રેક્ટ્સ સિવાય હશે.

### સેબી આજે સુધારાઓ પર ચર્ચા કરશે

સેબી બોર્ડ ઓફ ડિરેક્ટર્સ બુધવારે તેની બેઠક દરમિયાન અનેક નિયમનકારી સુધારાઓ પર ચર્ચા કરે તેવી અપેક્ષા છે. ઘણા પ્રસ્તાવો જાહેર પરામર્શ માટે પહેલાથી જ મૂકવામાં આવ્યા છે, જે નિયમનકારી લેન્ડસ્કેપને સુધારવા તરફ એક વ્યાપક પગલાનો સંકેત આપે છે. તુહિન કાંત પાંડેની આગેવાની હેઠળના ડિરેક્ટર બોર્ડ (બોર્ડ) ની આ બીજી બોર્ડ મીટિંગ હશે. મુખ્ય એજન્ડામાં સ્વૈચ્છિક 'રિટેન્શન' રૂટ અને સંપૂર્ણપણે સુલભ રૂટ દ્વારા ભારતીય સરકારી બોન્ડમાં રોકાણ કરતા વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો માટે નિયમોનું સરળીકરણ અને નિયમનકારી પાલનનો સમાવેશ થાય છે.

## ટિકટોક સ્ટાર કીર્તિ પટેલની ધરપકડ : બિલ્ડર પાસેથી બે કરોડની ખંડણી માગ્યાનો આરોપ

### જો ખંડણી ન આપે તો હનીટ્રેપમાં ફસાવવાની ધમકી આપેલી : એક વર્ષથી ફરાર હતી કીર્તિ પટેલ







સુરત, તા. ૧૮

સતત વિવાદોમાં રહેતી અને ટિકટોકથી ફેમસ થયેલી કીર્તિ પટેલ ફરી એકવાર ચર્ચાનો વિષય બની છે. હકીકતમાં, સુરત પોલીસ દ્વારા કીર્તિ પટેલની અમદાવાદથી ધરપકડ કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, એક બિલ્ડર પાસે ખંડણી માંગી તેમને ખોટા હનીટ્રેપમાં ફસાવી દેવાની ધમકીના આરોપમાં પોલીસે કીર્તિ પટેલની ધરપકડ કરી છે.

કીર્તિ પટેલની સુરત પોલીસે મંગળવારે ૧૭ જૂન અમદાવાદ ખાતેથી ધરપકડ કરવામાં આવી હતી. કીર્તિ પટેલ સામે લગભગ એક વર્ષ પહેલાં જાણીતા બિલ્ડર વજુભાઈ કત્રોડિયા દ્વારા સુરતના કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જેમાં તેમણે આરોપ લગાવ્યો હતો કે, 'કીર્તિ પટેલે મારી પાસે ૨ કરોડ રૂપિયાની ખંડણી માંગી હતી. જો હું આ ૨ કરોડ રૂપિયા ન આપું તો મને ખોટા હનીટ્રેપના કેસમાં ફસાવવાની પણ ધમકી આપી છે.'

પોલીસે બિલ્ડર વજુભાઈ કત્રોડિયાના ફરિયાદના આધારે એક વર્ષ પહેલાં કીર્તિ પટેલ સામે ગુનો દાખલ કર્યો હતો. જોકે, ફરિયાદ દાખલ થયાથી કીર્તિ પટેલ ફરાર હતી, જે મંગળવારે અમદાવાદ ખાતે હોવાની બાતમી મળતા સુરત પોલીસે અમદાવાદથી કીર્તિ પટેલની ધરપકડ કરી હતી.

## અમદાવાદ પ્લેન ક્રેશમાં ભોગ બનેલ પાયલોટ સુમિત સભરવાલને તેના ૯૦ વર્ષના પિતાની શ્રધ્ધાંજલી





અમદાવાદ ખાતે પ્લેન ક્રેશમાં મૃત્યુ પામેલ વિમાનના કેપ્ટન પાયલોટ સુમિત સભરવાલના નશ્વર દેહને મુંબઇ ખાતે તેમના પવાઇના નિવાસે લાવવામાં આવ્યો હતો. નિવાસસ્થાને પાયલોટ સુમિતના ૯૦ વર્ષના પિતા પુષ્કરાજે ભારે હૃદયે પુત્રને શ્રધ્ધાંજલી આપી હતી. આ તકે સદગતના પરિવાર, મિત્ર અને પડોશીઓએ સ્વ. સુમિત સભરવાલને પુષ્પાંજલી અર્પણ કરી હતી.

## ૧૪ વર્ષીય આકાશ પટણીના મૃતદેહને પિતાને સોંપાયો પરંતુ વળતર અંગે કોઈ જાણ નહીં



### પત્નીની ચાની દુકાન જ પરિવારની આજીવિકાનો મુખ્ય સ્ત્રોતઃ દુર્ઘટનામાં પત્નિ ઈજાગ્રસ્ત; પુત્રનું મોત

અમદાવાદ, તા.૧૮

ગુજરાતના અમદાવાદમાં ૧૨ જૂને એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાના સમયે ચાની દુકાન પાસે સૂતેલા ૧૪ વર્ષીય આકાશ પટણીના મૃતદેહને પરિવારને સોંપી દેવાયો છે. આકાશ પટણીના પિતા સુરેશ પટણીએ જણાવ્યું કે, તેમને સોમવારે મોડી રાત્રે મૃતદેહ લઈ જવાનું કહેવામાં આવ્યું હતું. પરંતુ રાત્રે મૃતદેહનો અંતિમ સંસ્કાર કરી શક્યા ન હતા. તેથી તેમણે મંગળવારે સવારે મૃતદેહ સ્વીકાર્યો હતો. વધુમાં જણાવ્યું કે, મારી પત્ની સીતા પટણી, જે દુર્ઘટનામાં અડધી બળી ગઈ હતી. હવે તે સ્વસ્થ થઈ રહી છે. તેની સર્જરી કરાવી પડી હતી. તેમજ ડોક્ટર્સે આશ્વાસન આપ્યું છે કે, તેની તબિયત સુધરી રહી છે. જોકે, હજુ ખબર નથી કે, ડોક્ટર્સ ક્યારે તેને ડિસ્ચાર્જ આપશે.

સુરેશ પટણીએ જણાવ્યું કે, ચાની દુકાન જ પરિવારની આજીવિકાનો મુખ્ય સ્ત્રોત હતી. જોકે, સુરેશ પટણી રિક્ષા ચલાવે છે. જોકે, આટલા દિવસો બાદ પણ તેમને અધિકારીઓ તરફથી કોઈ વળતર આપવામાં નથી આવ્યું તેમજ વળતર ક્યારે મળશે તે વિશે પણ કોઈ વાત કરવામાં નથી આવી. કોઈએ પણ વળતર માટે અમારો સંપર્ક કર્યો નથી. જો વિમાનમાં સવાર મુસાફરોને વળતર મળે છે, તો અમારી જેવા લોકોને પણ વળતર મળવું જોઈએ, જેણે પોતાના પરિવારના સભ્યોને ગુમાવી દીધા છે. મને આશા છે કે, કોઈને કોઈ આ વિશે મારો સંપર્ક કરશે.

નોંધનીય છે કે, સીતાબહેન અકસ્માતવાળી જગ્યાએ ચાની દુકાન ચલાવતા હતા અને ૧૨ જૂને જ્યારે વિમાન મેડિકલ કોલેજ પરિસમાં દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. આ દુર્ઘટના પહેલાં આકાશ તેની માતાને જમવાનું આપવા ગયો હતો. સીતાબહેન તો દુર્ઘટના બાદ ઘટનાસ્થળેથી ભાગવામાં સફળ રહ્યા, પરંતુ આકાશ જમવાનું આપીને સૂઈ ગયો હતો અને બાદમાં ક્યારેય પાછો ન જાગ્યો.

## અમદાવાદ વિમાન દુર્ઘટના બાદ બોઈંગની પાંચ દી'માં ૬૬ ઉડાનો રદ

### માત્ર મંગળવારે એક દી'માં એર ઈન્ડિયાની ૬ ઉડાનો રદ કરવી પડેલીઃ સાન ફ્રાન્સિસ્કોથી મુંબઈની ફલાઈટમાં ગરબડના સંકેત મળતા તેને કોલકાતામાં ઉતારવી પડેલીઃ ગોવાથી લખનૌ જતું વિમાન ભીષણ વાવાઝોડામાં ફસાતા સુરક્ષિત લેન્ડીંગ કરાવાયુંઃ કોચીથી દિલ્હી જઈ રહેલી ઈન્ડિગો ફલાઈટમાં બોમ્બ હોવાની ધમકી મળતા નાગપુર એરપોર્ટ પર તેનું ઈમરજન્સી લેન્ડિંગ કરાવાયું હતું



નવી દિલ્હી તા.૧૮

અમદાવાદથી લંડન જતી એર ઈન્ડિયાની દુર્ઘટના બાદ બોઈંગ ડ્રીમલાઈનર વિમાનોની ૬૬ ઉડાનો અત્યાર સુધીમાં રદ કરાઈ છે. તા.૧૨થી૧૭ જૂન દરમિયાન ૬૬ જેટલી ઉડાનો રદ કરાઈ હતી.

અમદાવાદ પ્લેન દુર્ઘટના બાદ ડીજીસીએ દ્વારા સુરક્ષા અને ટેકનીકલ તપાસનો નિર્દેશ આપ્યો છે. જેના કારણે ટેકનિકલ તપાસ પ્રક્રિયા લાંબી ચાલવાના કારણે ઉડાનોને રદ કરવામાં આવી હતી. મંગળવારે ડીજીસીએએ મેસર્સ એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એકસપ્રેસ વેના અધિકારીઓ સાથે એક ઉચ્ચસ્તરીય બેઠક કરી હતી, જેમાં એર ઈન્ડિયા વિમાનોમાં આવી રહેલી ટેકનીકલ ખરાબી અને અત્યાર સુધી ડ્રીમલાઈનર વિમાનોની ટેકનીકલ તપાસ સાથે જોડાયેલ પ્રગતિ રિપોર્ટ પર ચર્ચા થઈ હતી.

ડીજીસીએએ કહ્યું હતું કે એર ઈન્ડિયા બોઈંગ ૭૮૭ બેડેની દેખરેખમાં કોઈ મોટી સુરક્ષાની ચિંતા સ્પષ્ટ નથી થઈ. બેઠકમાં બોઈંગના ડ્રીમલાઈનર વિમાનોની અત્યાર સુધીની ટેકનીકલ તપાસ સાથે જોડાયેલ રિપોર્ટ માંગ્યો છે. ડીજીસીએએ બન્ને કંપનીઓના અધિકારીઓને સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે કે ઉડાન પહેલા દરેક વિમાનની ટેકનીકલ તપાસ કરવામાં આવે.

**ઈન્ડોનેશિયાનું વિમાન ઉતર્યુઃ** ખરાબ હવામાન અને ઈંધણ ઓછું જોઈને ઈન્ડોનેશિયાથી દિલ્હી આવી રહેલા એર ઈન્ડિયાના વિમાને મંગળવારે સાંજે બાબતપુર એરપોર્ટે ઉતારાયુ હતું.

**કોલકાતા એરપોર્ટ પર અંધાધુંધીઃ** એર ઈન્ડિયાએ મંગળવારે દિલ્હીથી પેરિસ જતી ફલાઈટ રદ કરી દીધી હતી. ઉડાન પહેલા અનિવાર્ય તપાસમાં કોઈ પ્રકારની મુશ્કેલી બહાર આવી હતી, જેનું સમાધાન કરવામાં આવી રહ્યું છે. હવે આજે બુધવારે પેરિસથી દિલ્હી જનારી ફલાઈટને પણ રદ કરવામાં આવી છે. આ ઉપરાંત સાન ફ્રાન્સીસ્કોથી મુંબઈની એર ઈન્ડિયાની ઉડાનને એક એન્જીનમાં ટેકનીકલ ખરાબી થવાથી મંગળવારે સવારે કોલકતામાં અગાઉથી નક્કી સ્ટોપ પર ટર્મિનેટ કરી દેવામાં આવી હતી. જેના કારણે એરપોર્ટ પર અંધાધુંધી સર્જાઈ ગઈ. જયારે દિલ્હીથી પુના જઈ રહેલી સાંસદ સુપ્રિયા શુલેએ ટવીટ કર્યું કે એર ઈન્ડિયાની ઉડાન ૩ કલાક મોડી થઈ હતી.

મંગળવારે જ એર ઈન્ડિયાની ૬ ફલાઈટ ગઈકાલે કેન્સલ કરાઈ હતી. ઉલ્લેખનીય છે કે અમદાવાદની વિમાન દુર્ઘટનાને કારણે બોઈંગની ૬ જેટલી એરક્રાફટમાં રદ કરવી પડી હતી.

આ રદ થયેલી ફલાઈટોમાં એઆઈ-દિલ્હી-દુબઈ, એઆઈ દિલ્હી-વિયેના, એઆઈ (અમદાવાદ-લંડન) એઆઈ લંડન-અમૃતસર અને એઆઈ બેંગ્લુરુ લંડન ફલાઈટ રદ કરવી પડી હતી. આ ઉપરાંત ટેકનીકલ પ્રોબ્લેમના કારણે એઆઈની ડ્રીમલાઈનર દિલ્હીથી હોંગકોંગ ગયા વિના દિલ્હી પાછી ફરી હતી.

# સેલ્ફ ડ્રાઈવમાં થાર કાર ભાડે લઈ જઈ નાનામવાનો મોહિત કુકડીયા ૧૩ લાખની કાર ઓળવી ગયા

## યુની. રોડ પર રહેતાં વેપારીએ ફરીયાદ નોંધાવી: માલવીયાનગર પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ આદરી

રાજકોટ. તા.૧૮

યુની. રોડ પર રહેતાં વેપારીની સેલ્ફ ડ્રાઈવમાં થાર કાર ભાડે લઈ જઈ મોહિત કુકડીયા નામનો શખ્સ કાર લઈ નાસી છૂટતાં માલવીયાનગર પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ આદરી હતી.

બનાવ અંગે યુની. રોડ પર મંગલમ પાર્ક શેરી નં.૨, એચ.પી. પેટ્રોલપંપ પાછળ રહેતાં જયદીપભાઈ ભરતભાઈ તન્ના (ઉ.વ.૩૦) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે મોહિત કિશોર કુકડીયાનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ યુનિ. રોડ એચ.પી. પેટ્રોલપંપની સામે મનમંદીર પાનની દુકાન ચલાવી વેપાર કરે છે. તેઓ ઉપરાતમાં જીજ્ઞેશભાઈ રાજયગુરૂ સાથે કાર ભાડે આપવાનો વેપાર કરે છે. જેની ઓફીસ મવડી મેઈન રોડ રાજકોટ ગ્રામીણ બેકવાળી શેરી જય શ્રી ચામુંડા ટ્રાવેલ્સ નામેથી આવેલ છે. તેમની પાસે કુલ ત્રણ કાર છે અને જેમાં મહીન્દ્રા થાર કાર નં. જી.જે.૦૩.પી.ડી.-૯૯૯૪ જે તેઓ ભાડેથી આપતા હતા.

ગઈ તા.૦૮/૦૫ ના સાંજના સમયે તેઓ દુકાને હતાં ત્યારે મોહીત કિશોર કુકડીયા (રહે. નાના મૌવા મે.રોડ, આરએમસી ક્વાર્ટર) અગાઉ પણ બે થી ત્રણ વખત કાર ભાડે લઈ ગયેલ હતો તેનો ફોન આવેલ અને વાત કરેલ કે, ગ્રાહકને થાર કાર ભાડે જોઈએ છીએ, તમારે આપવી છે, જેથી તેને એક દિવસનુ રૂ. ૪ હજાર ભાડુ કહેલ હતુ. જેથી મોહીતે કહેલ કે, મારે બે દિવસ કાર ભાડે જોઈએ છીએ, જેથી તેને હા પાડી થાર કાર મવડી ચોકડી જે માડી હોટલ પાસે પડેલ છે તમે ત્યા ભાગીદાર જીજ્ઞેશભાઈનો દિકરો ઓમભાઈ ઉભા છે તે તમને કાર આપી દેશે જણાવ્યું હતું.

ત્યારબાદ તે બાબતે ઓમભાઈને જાણ કરેલ હતી. બાદમાં બે દિવસ થઈ જતા મોહીતને કાર પરત કરવા માટે ફોન કરતા તેણે જણાવેલ કે, તમારી કાર હજુ એક દિવસ ભાડે જોઈએ છીએ અને હુ તમને એક દિવસનુ ભાડુ મોકલાવુ છુ, એક દિવસ પછી મોહીતને ફોન કરતા તેણે પાછુ જણાવેલ કે, હજુ એક દિવસ ભાડે જોઈએ છીએ અને એક દિવસનુ ભાડુ આપેલ હતુ. ત્યાર બાદ બીજા દિવસે ફોન કરતા મોહીતે કહેલ કે, હુ આવતીકાલ તમારી કાર મુકી જઈશ અને ત્યાર બાદ અવાર નવાર ફોન કરતા બહાના બતાવતો હતો અને છેલ્લા આશરે પંદર દિવસથી ફોન સ્વીચ ઓફ કરી નાખેલ છે. જેથી રૂ.૧૩ લાખની થાર કાર ભાડે લઈ જઈ કાર પરત ન આપી છેતરપીંડી આચરતાં ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરિયાદ પરથી માલવિયાનગર પોલીસે છેતરપિંડી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી ગઠીયાની શોધ ખોળ આદરી હતી.

# શનિવારે રાજકોટ જિલ્લા કક્ષાના યોગ દિવસની ઉજવણી કાલાવડ રોડ પરના સ્પોર્ટસ સકુંલ ખાતે કરાશે

## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કાર્યક્રમ ન્યુ દિલ્હીથી વર્ચ્યુઅલી પ્રસારિત થશે: એક હજારથી વધુ વિદ્યાર્થીઓ-નગરજનો જોડાશે: કલેકટર કચેરી ખાતે બેઠક મળી

રાજકોટ,તા.૧૮

રાજકોટ જિલ્લા કક્ષાના યોગ દિવસની ઉજવણી આગામી તા.૨૧ને શનિવારના સવારના છ વાગ્યાથી રાજકોટના કાલાવડ રોડ ખાતેના મલ્ટી પર્પઝ સ્પોર્ટસ સકુંલ ખાતે કરવામાં આવનાર છે. જેમાં ૧૧માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કાર્યક્રમનું ન્યુ દિલ્હી થી વચ્યુર્લી પ્રસારિત કરાશે જિલ્લા કક્ષાના યોગ દિવસની ઉજવણીના આ કાર્યક્રમમાં એક હજારથી વધુ વિદ્યાર્થીઓ નગરજનો અને કર્મચારીઓ ભાગ લેશે.આ અંગેની તૈયારીઓ વહીવટી તંત્ર દ્વારા આરંભી દેવામાં આવી છે.વરસાદી માહોલને ધ્યાને લઈને ૧૧માં ''આંતરરાષ્ટ્રીય યોગ દિવસ''ની ઉજવણીના કાર્યક્રમ સંદર્ભે જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી. જે અન્વયે આગામી તા.૨૧ જૂનના રોજ રાજકોટ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી લોધિકા સ્પોર્ટ સંકુલ ખાતે થવાની હતી, પરંતુ વરસાદી સ્થિતિને ધ્યાને રાખીને હવે જિલ્લા કક્ષાની ઉજવણી કાલાવાડ રોડ ખાતેના મલ્ટી પર્પઝ સ્પોર્ટ્સ સંકુલ, રાજકોટ ખાતે કરવામાં આવશે.

આ તકે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ કાર્યક્રમની રૂપરેખા જણાવીને સ્થળની બેઠક વ્યવસ્થા, પોલીસ બંદોબસ્ત, પરિવહન - પાર્કિંગ વ્યવસ્થા, મેડિકલ વ્યવસ્થા, લાઈવ પ્રસારણ, પ્રચાર - પ્રસાર, પીવાના પાણીની વ્યવસ્થા, સ્વચ્છતા જાળવવા સહિતની કામગીરી અંગે સંબંધિત અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરીને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમજ સંબંધિત અધિકારીઓને સ્થળ મુલાકાત કરીને નક્કર આયોજન કરવા જણાવ્યું હતું. તેમજ વધુમાં વધુ લોકોને સ્વસ્થ અને તંદુરસ્ત જીવન શૈલી માટે યોગના મહત્વને સમજીને કાર્યક્રમમાં સહભાગી થવા અને પોતાના ઘરે પણ યોગા કરીને યોગાને રોજિંદા જીવનનો ભાગ બનાવવા અપીલ કરી હતી.

આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર એ.કે.ગૌતમ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ.કે.વસ્તાણી, પ્રાંત અધિકારી ચાંદની પરમાર, જિલ્લા રમત વિકાસ અધિકારી રમા મદ્રા, જિલ્લા યુવા વિકાસ અધિકારી હિતેશ દિહોરા સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ▸▸ એવીએશન નિષ્ણાંતો પણ આ પ્રકારે દુર્ઘટના સર્જાઈ શકે છે તે અંગે પ્રશ્નો કરે છે ▸▸

# અમદાવાદ વિમાની દુર્ઘટના ષડયંત્ર! ભાંગફોડ ઍંગલથી તપાસ શરૂ

### શું કોઈએ વિમાની સીસ્ટમ સાથે ચેડા કર્યા હતા! ઈંધણમાં કોઈ ભેળસેળ હતી! કોઈ ક્ષતિ રહેવા દીધી હતીઃ ગ્રાઉન્ડ હેન્ડલીંગ સ્ટાફની પુછપરછ શરૂઃ મોબાઈલની પણ તપાસ

રાજકોટ: અમદાવાદની ટ્રેન દુર્ઘટનામાં એક તરફ કેન્દ્ર તથા એવીએશન નિષ્ણાંતની ટીમ અને અનેક સુરક્ષા એજન્સીઓ અલગ અલગ એંગલથી તપાસ કરી રહી છે તે સમયે હવે સમગ્ર તપાસમાં ષડયંત્ર કે ભાંગફોડનો એંગલ પણ ઉમેરાયો છે અને વિમાનની કોઈ સીસ્ટમ સાથે કોઈ ચેડા કરાયા હતા કે ફયુલ વિ.માં કોઈ ભેળસેળ કરવામાં આવી હતી કે તે અંગે એરપોર્ટના વિમાની મેન્ટેનન્સ સાથે જોડાયેલા કર્મચારીઓની પણ પુછપરછ શરૂ થઈ છે. એવીએશન રહસ્યમય જેવી બની રહેલી આ વિમાની દુર્ઘટનામાં જે રીતે ફકત ૭-૮ મીનીટની ઉડાન અને અત્યંત નીચી સપાટીથી વિમાન તૂટી પડયું અને જબરજસ્ત વિસ્ફોટથી વિમાન અને તેમાં સવાર તમામ મુસાફરો, ક્રુમેમ્બરમાં એક મુસાફર સિવાય તમામ મૃત્યુ પામ્યા તે બાબત એવીએશન સેફટી નિષ્ણાંતને અકળાવે છે. એરક્રાફ્ટ એકસીડેન્ટ ઈન્વેસ્ટીગેશન બ્યુરોના નેતૃત્વ હેઠળ અલગ અલગ એજન્સીઓ તપાસ કરી રહી છે. આ ઉપરાંત એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડીયા ડિરેક્ટર જનરલ ઓફ સિવિલ એવીએશન વિ. તપાસમાં જોડાયા છે. બોઈંગ કંપનીની ટીમ પણ ભારત આવી છે અને એરઈન્ડિયાના એવીએશન નિષ્ણાંતો પણ તેમાં જોડાયા છે તો અમેરિકાની યુનાઈટેડ સ્ટેટ નેશનલ ટ્રાન્સપોર્ટ સેફટી બોર્ડ પણ આ તપાસમાં જોડાયા છે. આમ અનેક એંગલની તપાસ થઈ રહી છે પણ હવે પ્રથમ વખત ગ્રાઉન્ડ હેન્ડલીંગ ઓપરેશન અંગે તપાસ થઈ રહી છે. આ માટે ગ્રાઉન્ડ પર જે તે સમયે હાજર અને અન્ય તપાસના મોબાઈલ ફોન લેવાયા છે. તેમના ડેટા વિ. ચકાસાશે. તેમની ભૂમિકા પણ તપાસાશે. જેથી ભાંગદોડ અંગે પણ કોઈ એંગલ હશે તો તે ચકાસાશે. જે રીતે તુર્કીશ કંપની ભારતમાં એરપોર્ટમાં ગ્રાઉન્ડ હેન્ડલીંગ વિ. કરે છે અને ભારતે તેના કોન્ટ્રાકટ રદ કર્યા છે તે પછી આ અંગે તપાસ માટે કારણ બની ગયું છે.

### અમદાવાદ સહિતના એરપોર્ટ સુરક્ષાના માપદંડમાં અધુરા છે

રાજકોટ: અમદાવાદ એરપોર્ટ પર સર્જાયેલી વિમાની દુર્ઘટના બાદ હવે આ સરદાર પટેલ આંતરરાષ્ટ્રીય વિમાની મથક પણ તપાસની એરણ હેઠળ આવી ગયુ છે અને આ સહિત દેશના અનેક વિમાની મથકો સુરક્ષાના માપદંડ મુજબની સુવિધા કે આવશ્યકતા ધરાવતા નહી હોવાનો ઘટસ્ફોટ થયો છે. અમદાવાદના એરપોર્ટ પર અનેક પાયાની સુરક્ષા વ્યવસ્થાનો પણ અભાવ હોવાનું બહાર આવ્યુ છે. ઓબ્સેપ્ડમ લીમીટેશન સેરફેજ મુજબ એરપોર્ટ આસપાસ કાયમી રહેણાંક ઈમારતો હોવી જોઈએ નહી પણ અમદાવાદ વિમાની મથક મહાનગરની વચ્ચોવચ્ચ આવ્યુ છે. અગાઉ ૨૦૧૯માં એરપોર્ટ ઓથોરિટીએ ગુજરાત સરકાર પાસે બફર ઝોન ૨૯.૧૯ એકર જમીન માંગી હતી પણ હજું તે પ્રક્રિયા પુરી થઈ નથી. અહી ૩૫૦ પરિવારો વસે છે અને તેને દુર કરવા રાજકીય રીતે પણ સંવેદનશીલ છે. આ ઉપરાંત દરેક રનવેના અંતે ૯૦થી૨૪૦ મીટર સુધી રનવે એન્ડ સેફટી એરિયા હોવો જોઈએ. જે અમદાવાદ એરપોર્ટ પર નથી. આ ઉપરાંત ત્રિવેન્દ્રમ, મૈસુર, મેંગલુરુ જેવા શહેરોમાં રનવે વિસ્તારને સુરક્ષા ઝોનની જમીન મંગાઈ છે પણ તે હજું અપાઈ નથી.

# વિરાણી હાઈસ્કૂલની જમીનના મામલે શરતભંગનો વધુ એક રિપોર્ટ સીટી પ્રાંત-૧ અધિકારીને સોંપતા પશ્ચિમ તાલુકા મામલતદાર

## ગ્રાઉન્ડના કોમર્શીયલ ઉપયોગના મુદ્દે ૨૦ જેટલા વેપારીઓના નિવેદનો સાથેનો અહેવાલ અપાયો, હવે સુનાવણી નવા કલેકટર કરશે

રાજકોટ તા.૧૮

વિરાણી હાઈસ્કૂલની જમીનના મામલે શરત ભંગનો વધુ એક રિપોર્ટ પશ્ચિમ તાલુકા મામલતદાર અજીત જોષી દ્વારા સીટી પ્રાંત-૧ અધિકારી ડો.ચાંદની પરમારને સોંપી દેવામાં આવેલ છે.

આ પ્રકરણમાં હવે સુનાવણી નવા જિલ્લા કલેકટર ડો.ઓમ પ્રકાશ દ્વારા કરવામાં આવશે તેમ સુત્રોએ જણાવ્યું હતું. પશ્ચિમ તાલુકા મામલતદાર જોશી દ્વારા વિરાણી હાઈસ્કૂલની ગ્રાઉન્ડની જમીન પર ખાણી પીણીની રેકડીઓ રાખી વેપાર કરતા વેપારીઓના નિવેદનો સાથેનો આ અહેવાલ સીટી પ્રાંત-૧ અધિકારી ચાંદની પરમારને સોપવામાં આવેલ છે. જેમાં શરત ભંગ થયાનું સામે આવેલ છે. આ રિપોર્ટ હવે સીટી પ્રાંત-૧ અધિકારી ચાંદની પરમાર દ્વારા કલેકટરને આગામી બે ત્રણ દિવસમાં જ સોપી દેવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ જિલ્લા કલેકટર તંત્ર દ્વારા વિરાણી હાઈસ્કૂલ ટ્રસ્ટને રેવન્યુ સર્વે નં.૪૨૭ની ૪૯૭૨૦ ચો.વાર જમીન ફાળવવામાં આવેલ જેમાં એવી શરત મુકવામાં આવેલ છે કે આ જમીનના કોઈપણ ભાગને ભાડે આપી શકાય નહીં કે આ જમીન ભાડે આપી નફો મેળવી શકાશે નહીં.

તેમજ અદલા બદલામાં કે બીજી રીતે સંસ્થાની જમીન આપી શકાશે નહીં આ પ્રકરણમાં અગાઉ પણ સીટી પ્રાંત-૧ અધિકારી ચાંદની પરમાર દ્વારા સંસ્થાના ટ્રસ્ટીઓને લપડાક આપતો ચૂકાદો આ પ્રકરણમાં આપેલ હતો.

તેમ છતા વિરાણી હાઈસ્કૂલની જમીનનો કોમર્શીયલ ઉપયોગ થતો હોવાની ફરિયાદો આવતા પશ્ચિમ તાલુકા મામલતદાર જોશી દ્વારા વિરાણી હાઈસ્કૂલની જમીન પર ખાણી પીણીનો વેપાર કરતા ૨૦ જેટલા વેપારીઓના નિવેદનો લઈ આ અંગેનો રિપોર્ટ સીટી પ્રાંત-૧ અધિકારી ડો.ચાંદની પરમારને સોંપી દીધેલ છે.

# શેરબજારમાં મંદીનો દોરઃ સેન્સેકસ ૨૨૪ પોઈન્ટ તૂટયો

## યુદ્ધને કારણે સાવચેતીઃ રિલાયન્સ ઈન્ફ્રા. ઉંચકાયો

રાજકોટ તા.૧૮

મુંબઈ શેરબજારમાં આજે મંદીનો દોર યથાવત હતો. મોટાભાગના શેરો વેચવાલીના દબાણ હેઠળ નબળા રહેતા સેન્સેકસમાં ૨૨૪ પોઈન્ટનો ઘટાડો હતો.

શેરબજારમાં આજે શરૂઆત સાવચેતીના ટોને થઈ હતી. ઈરાન-ઈઝરાયેલ યુદ્ધમાં ગંભીર વળાંક આવવાની અટકળોને કારણે નવી લેવાલીમાં રસ ઓછો હતો. વિદેશી નાણાં સંસ્થાઓના અનિયમિત વેપારને કારણે ખચકાટ હતો. યુદ્ધના સંજોગોમાં ભારતને ક્રુડ સહિતના ક્ષેત્રે મોટો ફટકો પડે તેમ હોવાની આશંકા વ્યક્ત થતી હોવાથી ઉછાળે વેચવાલી હતી. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે વધુ એક વખત અનિશ્ચિત માહોલમાં સપડાયુ છે. વૈશ્વિક ચિત્ર સ્પષ્ટ થતા સુધી વાતાવરણ અસ્થિર રહી શકે છે.

શેરબજારમાં આજે ટાઈટન, ભારતી એરટેલ, ઈન્ડુસઈન્ડ બેંક, મહીન્દ્ર, મારૂતી, ટ્રેન્ટ, આઈશર મોટર્સ, રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રકચરમાં ઉછાળો હતો. અદાણી પોર્ટ, બજાજ ફાઈનાન્સ, એચસીએલ ટેકનો, એચડીએફસી બેંક, હિન્દલીવર, આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ફોસીસ, કોટક બેંક, લાર્સન, એનટીપીસી, પાવરગ્રીડ, રીલાયન્સ, ટાટા મોટર્સ, ટીસીએસ, જેએસડબલ્યુ સ્ટીલ, બીએસઈ વગેરે શેરોમાં ઘટાડો હતો.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૨૨૪ પોઈન્ટના ઘટાડાથી ૮૧૩૫૯ હતો તે ઉંચામાં ૮૧૮૫૮ તથા નીચામાં ૮૧૨૩૭ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફટી ૬૨ પોઈન્ટના ઘટાડાથી ૨૪૭૯૦ હતો. જે ઉંચામાં ૨૪૯૪૭ તથા નીચામાં ૨૪૭૫૦ હતો.

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે એડી સીનીયર સીવીલ જજ (સી.ડી.) સાહેબશ્રી પી.એમ.શાહ સાહેબની કોર્ટમાં દિ.પ.અ.નં.૧૨૪૧/૨૦૨૫ ના કામમાં અરજદાર **(૧) આશા કે. વસંત, ડો/ઓ.કિશોરભાઈ વસંત (૨) પ્રકાશ કિશોર વસંત તથા (૩) ધર્મેન્દ્ર કિશોર વસંત એ** ગુજરનાર કુમુદ કિશોરભાઈ વસંત ના નામે આવેલ સ્થાવર મિલકતો કે જે :

(૧) રાજકોટમાં સમાવેશ થયેલ ગામ નાનામવાના રેવન્યુ સર્વે નં.૭૯ પૈકીના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૩૭ની જમીન ચો.વા.૩૭૮-૮-૦, ચો.મી.આ.૩૧૬-૯૨ આવેલ છે. સદરહુ પ્લોટ ગુજરનાર કુમુદ કિશોરભાઈ વસંત એ તેમના નામ જોગના રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં.૩૫૨૭ તા.૦૫/૦૬/૧૯૮૪ (નવા નં.૨૪૫૫/૯૪, તા.૦૯/૦૬/૧૯૯૪) થી જયંતભાઈ નાનાલાલ ગણાત્રા પાસેથી ખરીદ કરેલ છે. આમ, ત્યારથી સદરહુ મિલકત ગુજરનારના સ્વતંત્ર કબજા ભોગવટા અને માલીકી હકકની આવેલ છે.

(૨) રાજકોટમાં સમાવેશ થયેલ ગામ નાનામવાના રેવન્યુ સર્વે નં.૭૪ પૈકીના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા પ્લોટસ પૈકી પ્લોટ નં.૨૧ પૈકીની જમીન ચો.વા.૨૦૯-૧-૭૨, ચો.મી.આ.૧૭૪-૮૯ આવેલ છે. સદરહુ પ્લોટ ગુજરનાર કુમુદ કિશોરભાઈ વસંતએ તેમના નામ જોગના રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં.૩૫૨૫ તા.૦૫/૦૯/૧૯૮૪ (નવા નં.૭૩૮૬/૯૨, તા.૧૫/૦૭/૧૯૯૨) થી જયંતકુમાર નાનાલાલ ગણાત્રા પાસેથી ખરીદ કરેલ છે તેમજ પ્લોટ નં.૨૧ પૈકીની જમીન ચો.વા.૨૦૯-૧-૭૨, ચો.મી.આ.૧૭૪-૮૯ આવેલ છે. સદરહુ પ્લોટ ગુજરનાર કુમુદ કિશોરભાઈ વસંત એ તેમના નામ જોગના રજી. વેચાણ દસ્તાવેજ અનુ.નં.૩૫૨૬ તા.૦૫/૦૬/૧૯૮૪ (નવા નં.૭૩૮૭/૯૨, તા.૧૫/૦૭/૧૯૯૨) થી જયંતકુમાર નાનાલાલ ગણાત્રા પાસેથી ખરીદ કરેલ છે તેમજ પ્લોટ નં.૨૧ પૈકીની જમીન ચો.વા.૨૦૮-૩, ચો.મી.આ.૧૭૪-૧૯ આવેલ છે. સદરહુ પ્લોટ ગુજરનાર કુમુદ કિશોરભાઈ વસંત એ તેમના નામ જોગના રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં.૩૫૨૮ તા.૦૫/૦૬/૧૯૮૪ (નવા નં.૭૩૮૮/૯૨, તા.૧૫/૦૭/૧૯૯૨) થી જયંતકુમાર નાનાલાલ ગણાત્રા પાસેથી ખરીદ કરેલ તેમજ પ્લોટ નં.૨૧ પૈકીની જમીન ચો.વા.૨૦૮-૩, ચો.મી.આ.૧૭૪-૧૯ આવેલ છે. સદરહુ પ્લોટ ગુજરનાર કુમુદ કિશોરભાઈ વસંત એ તેમના નામ જોગના રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં.૩૫૨૯, તા.૦૫/૦૬/૨૦૮૪ (નવા નં.૭૩૮૯/૯૨, તા.૧૫/૦૭/૧૯૯૨) થી જયંતકુમાર નાનાલાલ ગણાત્રા પાસેથી ખરીદ કરેલ. ત્યારબાદ સદરહુ ચારેય પ્લોટનું એકત્રીકરણ કરી તેની કુલ જમીન ચો.વા.આ.૮૩૪-૮૦, ચો.મી.આ.૬૯૮-૧૯ (મંજુર થયેલ પ્લાન મુજબ ચો.મી.૬૭૨-૦૦) ઉપર રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનમાંથી બાંધકામ પરવાનગી મેળવી કૌમર્શિયલ બિલ્ડીંગનું બાંધકામ કરેલ છે જેને ''કેકેવી'' નામ આપેલ છે જે કાલાવડ રોડ, રાજકોટ ખાતે આવેલ છે.

સદરહુ ઉપરોક્ત સ્થાવર મિલકતોનું હેરશીપ સર્ટિફિકેટ મેળવવા માટે અરજદારોએ તેમના **વકિલશ્રી આશિત જે. વણઝારા તથા દિપકકુમાર વી. દત્તા** મારફતે દિવાની પરચુરણ અરજી અત્રેની કોર્ટ સમક્ષ દાખલ કરેલ હોય સદરહુ અરજી સંબંધે જે કોઈ શખ્સને વાંધો તકરાર હોય તેમણે મુદત તા. ૨૩/૭/૨૦૨૫ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે પોતે જાતે અથવા તેમના વકીલશ્રી મારફત લેખિત વાંધા અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા અન્યથા આગળની કાર્યવાહી માટે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેવી.

આજ તા. ૧૮/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યુ.

તૈયાર કરનાર
પી.બી.ગોહેલ
આસી.
રાજકોટ

કોર્ટનો સીકકો

એન.આર.વ્યાસ
રજીસ્ટ્રાર
રાજકોટ

## સિવિલ હોસ્પિટલ શોર્ટ ન્યુઝ

# કોરોના શાંત પડ્યો, ૯ દિવસમાં કોઈ નવો કેસ નહીં



રાજકોટ, તા.૧૮

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં કોરોના પોઝિટિવ દર્દીઓ માટે ખાસ આઇસોલેશન વોર્ડ તૈયાર કરાયો છે. ત્યાં આઇસીયુથી માંડી તમામ આરોગ્ય સગવડો ઉપલબ્ધ છે. સિવિલ હોસ્પિટલમાં કોરોના પોઝિટિવ દર્દીનું મૃત્યુ થયું હતું. હાલ ૧ દર્દી સ્પેશિયલ કોવિડ વોર્ડમાં સારવાર હેઠળ છે. રાજકોટ સિવિલમાં અત્યાર સુધીમાં કોરોનાના ૬ દર્દીઓ દાખલ થયા. જેમાં ૧ નું મોત થયું. બાકી એક હજુ દાખલ છે અને ૪ દર્દીને સ્વસ્થ થતા ડિસ્ચાર્જ કરાયા હતા. જોકે છેલ્લા ૯ દિવસમાં કોઈ નવો કેસ સિવિલ હોસ્પિટલમાં નોંધાયો નથી.

### બીમારી સબબ ૨૦ વર્ષના યુવાનનું મોત

શહેરમાં કોઠારીયા રોડ ગ્રીન પાર્ક શેરી નંબર ૫ માં રહેતો પ્રતીક રાજેશભાઈ પરમાર (ઉંમર વર્ષ ૨૦) ગઈકાલે બપોરે ૧૨:૩૦ વાગે પોતાના ઘરે બેભાન થઈ ગયો હતો તેને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા ઇમરજન્સી વિભાગના ડો.ઉર્વશી ઠક્કરે તેમને સારવાર દરમ્યાન મૃત જાહેર કર્યો હતો. ભક્તિનગર પોલીસને જાણ થતા હેડ કોન્સ્ટેબલ પ્રશાંતસિંહ અને તેમના સ્ટાફે જરૂરી કાગળ કાર્યવાહી કરી મૃતદેહ પીએમ માટે ખસેડ્યો હતો. પ્રતીકના પરિવારજનોએ જણાવ્યું કે, પ્રથમ તેની એક કિડની ફેલ થયા બાદ બીજી કિડની પણ ફેલ થઈ જતા લાંબા સમયથી સારવાર ચાલુ હતી. યુવાનના મોતથી પરિવારમાં શોક છવાયો હતો.

### રૈયા રોડ પર યુવાને ગળાફાંસો કરી આપઘાત કર્યો

શહેરના રૈયા રોડ પર નયારાના પેટ્રોલ પંપની સામે આરએમસી ક્વાર્ટરમાં રહેતો બળદેવ સાંગાભાઈ કુવાડીયા (ઉંમર વર્ષ ૨૪) ગઈકાલે સાંજે ૬:૦૦ વાગ્યા આસપાસ પોતાના ઘરે હતો ત્યારે ગળાફાંસો ખાઈ લીધો હતો. પરિવારને જાણ થતા ૧૦૮ માં કોલ કરતા એએમટી ચાંદનીબેન સહિતનો સ્ટાફ એમ્બ્યુલન્સ સાથે દોડી આવ્યો હતો અને જોઈ તપાસી બળદેવને મૃત જાહેર કરેલ. યુનિવર્સિટી પોલીસના એએસઆઇ જયસિંહ ઝાલાએ સ્ટાફ સાથે પહોંચી જરૂરી કાગળ કાર્યવાહી કરી મૃતદેહ પીએમ માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પોલીસ પૂછપરછમાં જાણવા મળ્યું કે બળદેવ મજૂરી કામ કરતો હતો. તેના લગ્ન થઈ ગયા હતા. કયા કારણોસર પગલું ભર્યું તે જાણવા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# લો-પ્રેસર ઉતર તરફ સરકવા લાગ્યુઃ સૌરાષ્ટ્ર-ગુજરાતમાં સવારથી વરસાદનુ જોર ધીમુ પડયુ

## સવારથી બપોર સુધીમાં વેરાવળ-સુત્રાપાડા-કેશોદમાં દોઢ ઈંચઃ માત્ર ૬ તાલુકામાં એક ઈંચથી વધુ વરસાદ

**છેલ્લા સમાચાર**

ગુજરાત પરની વરસાદી લો-પ્રેસર સીસ્ટમને કારણે રાજયમાં બે દિવસની મેઘસવારી આજે સવારથી ધીમી પડી હોય તેમ સવારે ૬થી બપોરે ૧૨ વાગ્યા સુધીમાં માત્ર છ તાલુકામાં જ એક ઈંચથી વધુ વરસાદ થયો હતો. વેરાવળમાં ૧.૬૦, સુત્રાપાડામાં ૧.૫૭, કેશોદમાં ૧.૫, ઉપરાંત નવસારીના વાંસદામાં ૧.૩૮, તાપીના ઝાલોદમાં ૧.૨૬ તથા નિજરમાં ૧.૧૮ ઈંચ વરસાદ હતો. તાપી, ડાંગ, સુરત, વલસાડ, મહીસાગર, નર્મદા, આણંદ, પંચમહાલ, સાબરકાંઠા જેવા જીલ્લાના ભાગોમાં છુટાછવાયા ઝાપટા-હળવો વરસાદ પડયો હતો. હવામાન વિભાગના રિપોર્ટ મુજબ ૭૦ તાલુકામાં હળવો વરસાદ હતો. સૂત્રોના કહેવા પ્રમાણે ગુજરાત પર લો-પ્રેસર સીસ્ટમ હતી તે ઉતર દિશામાં સરકવા લાગ્યુ છે.

# હવે SOG પણ મેદાનેઃ પેડલર જેલમાંથી જમીન પર છૂટ્યો અને ફરી પાસા હેઠળ જેલ ભેગો કર્યો

## ગાંધી સ્મૃતી સોસાયટીમાં રહેતાં હર્ષ ચાવડીયાને રાજપીપળા જેલ હવાલે કરાયો, દસ ગ્રામ એમડી સાથે પકડાયો હતોઃ PIT એનડીપીએસ એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી



રાજકોટ. તા.૧૮

શહેરના સુવાધનને ડ્રગ્સની બદીથી બચાવવા હવે એસઓજીની ટીમ પણ મેદાને ઉતરી છે અને જામીન પર છૂટેલા પેડલર હર્ષ ચાવડીયા નામના શખ્સને પાસાની કાર્યવાહી હેઠળ રાજપીપળા જેલ હવાલે કર્યો હતો. આરોપી અગાઉ ૧૦ ગ્રામ એમડી સાથે પકડાયો હતો અને એ.ડિવિઝન પોલીસમાં ગુનો નોંધાયો હતો.

રાજકોટ શહેર વિસ્તારમાં અગાઉ ગેરકાયદેસર માદક પદાર્થના જથ્થા સાથે પકડાયેલ ઇસમો વિરૂધ્ધ PIT એનડીપીએસ કાયદા હેઠળ દરખાસ્તો તૈયાર કરી મોકલવાની શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી.સીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી (ક્રાઇમ) ડો.પાર્થરાજસિંહ ગોહીલ અને એસીપી ક્રાઈમ ભરત બસીયા દ્વારા આપવામાં આવેલ સુચનાથી ડીઆઇજી સી.આઇ.ડી.ક્રાઇમ અને રેલ્વેઝ દ્વારા એનડીપીએસ એક્ટ હેઠળ કાર્યવાહી કરવા અંગેની સ્પેશયલ ડ્રાઇવ રાખવામાં આવેલ હોય જે અનુસંધાને માદક પદાર્થનો વેપાર ધંધો કરતા શખ્સો ઉપર અંકુશ રહે અને લોકોની આર્થીક તથા સામાજીક સુખાકારીને પાયમાલીના માર્ગ તરફ લઇ જતી અટકે તેમજ રાષ્ટ્રને નુકશાન થતુ અટકે તેમજ યુવાધન આવી બદીથી દુર રહે તે માટે એસઓજી પીઆઈ એસ.એમ જાડેજાની રાહબરીમાં ટીમે અગાઉ ડ્રગ્સ સાથે પકડાયેલ હર્ષ દેવા ચાવડીયા (ઉ.વ.૧૯), (રહે. ગાંધી સ્મૃતી સોસાયટી શેરી નં ૨, પેડક રોડ) ને પકડી પાડી સબ જેલ, રાજપીપળા ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ હતી. ઉલ્લેખનીય છે કે, આરોપી વિરૂદ્ધ ૨૦૨૪ માં એ.ડિવિઝન પોલીસ મથકમાં ૧૦ ગ્રામ એમડીનો ગુનો નોંધાયેલ હતો અને થોડાં સમય પહેલાં જ તે જામીન પર છૂટી જેલ બહાર આવ્યો હતો. ફરીથી આરોપી માદક પદાર્થના ધંધાના રવાડે ન ચડે તે માટે એસઓજીની ટીમે કાર્યવાહી કરી હતી. જે અંગે એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજાની રાહબરીમાં પીએસઆઈ વી.વી.ધ્રાંગુ, એ.એસ.આઇ વિરેન્દ્રસિંહ ઝાલા, અરૂણ બાંભણીયા, હેડ કોન્સ્ટેબલ ઉપેન્દ્રસિંહ ઝાલા, ઇન્દ્રસિંહ જાડેજા, દિગ્વીજયસિંહ ગોહીલ, કોન્સ્ટેબલ હાર્દકીસિંહ પરમાર, પીસીબી પીઆઈ એમ.આર.ગોંડલીયા અને ટીમે કામગીરી કરી હતી.

**વર્ષ ૨૦૨૨ માં પેડલર અમી ચોલેરા વિરુદ્ધ પણ કાર્યવાહી થઈ હતી**

એસઓજીની ટીમે અગાઉ વર્ષ ૨૦૨૨ માં પેડલર અમી ચોલેરા સામે પણ પીઆઈટી હેઠળ કાર્યવાહી કરી ડિટેઇન કરી જેલ હવાલે કરી હતી. ઉલ્લેખનીય છે કે, મહિલા પેડલરને ડ્રગ્સની બદીથી દૂર કરવા પોલીસે તેને દત્તક પણ લીધી હતી.

# અકસ્માતની ઈજાથી ભવિષ્યમાં લગ્ન નહી કરી શકે, દલીલ સાંભળી હાઈકોર્ટે વળતર ૫ લાખથી વધારી ૩૦ લાખ કરી દીધુ

## રોડ ક્રોસ કરતા પાંચ વર્ષના બાળકને મેટાડોરે હડફેટે લેતા ઈજાના કારણે તેને પેરાપ્લેજીયા થઈ ગયાનું નિદાન થયું હતું

રાજકોટ તા.૧૮


અકસ્માત ઈજાના એક કેસમાં હાઈકોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. ટ્રાયલ કોર્ટે ઈજાગ્રસ્તને વળતર પેટે રૂા.૫ લાખ ચુકવવા હુકમ કરેલો. પણ હાઈકોર્ટમાં અપીલ કરી અરજદાર ભવિષ્યમાં લગ્ન પણ નહીં કરી શકે તે સહિતની દલીલો ધ્યાને લઈ હાઈકોર્ટે વળતર વધારી રૂા.૩૦ લાખ કરી દીધુ હતું.

તા.૨૯/૭/૨૦૦૭ના રોજ મોરબી શહેરમાં પાંચ વર્ષનો બાળક જય અરવિંદ નવેરા પોતાની દાદી સાથે રસ્તો ક્રોસ કરી રહ્યો હતો ત્યારે મેટાડોર નં. જીજે ૩ વાય ૯૧૧૪એ બાળકને હડફેટે લેતા બાળકને ગંભીર પ્રકારની ઈજાઓ થયેલી. બાળકને પેરાપ્લેજીયાનું નિદાન થયેલ. જીંદગીભર માટે પથારીવશ અને લાચાર બની ગયેલ તથા પોતાની દૈનિક ક્રિયાઓ પણ કરી શકવા અસમર્થ બની ગયેલ. ડો. હિરેન કોઠારીએ અરજદારની કાયમી ખોટ ૧૦૦ ટકા આકારેલી. અરજદારે એડવોકેટ એ.ટી. જાડેજા મારફત મોટર એકસીડેન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ, મોરબીમાં વળતર અરજી દાખલ કરતા રૂા.૫,૦૭,૫૦૦ તે ૭.૫ ટકાના વ્યાજ સાથે મંજુર કરેલ અને અરજદારની માસીક નોશ્યલ આવક માત્ર રૂા.૧૫૦૦ કન્સીડર કરેલ અને માનસીક અને શારીરીક ત્રાસના માત્ર રૂા.૫૦,૦૦૦ મંજુર કરેલા જેથી અરજદારે હાઈકોર્ટ સમક્ષ ફસ્ટ અપીલ દાખલ કરેલી. અરજદારના એડવોકેટ પી.આર. દેસાઈએ દલીલ કરેલ કે અરજદારની માસીક આવક રૂા.૨૮૦૦ કન્સીડર કરવી જોઈએ. ભલે બાળક કમાનો ન હોય અરજદારની ભવિષ્યની પ્રોસ્પેકટીવ આવક ૪૦ ટકા કન્સીડર કરવી જોઈએ અને લાઈફ ટાઈમ એટેન્ડન્ટની રકમ તથા ફયુચર મેડીકલ ખર્ચની રકમ પણ મંજુર કરવી જોઈએ. અરજદાર ભવિષ્યમાં લગ્ન નહીં કરી શકે તે કારણસર લોસ ઓફ મેરેજ પ્રોસ્પેકટની રકમ પણ મંજુર કરવી જોઈએ.

રજુઆત ધ્યાનમાં રાખી ઉપરોકત ફસ્ટ અપીલમાં વળતરની કુલ રકમ રૂા.૩૦,૭૩,૨૨૦ મંજુર કરેલ અને ચુકવાય ગયેલ રકમ બાદ કરતા અરજદારને વળતરની વધારાની રકમ કુલ રૂા.૨૫,૬૫,૭૨૦ તે ૭-૫ ટકા વ્યાજ સાથે મોટર એકસીડેન્ટ કલેઈમ ટ્રીમ્યુનલ મોરબીમાં જમા કરવાનો ગુજરાત હાઈકોર્ટે હુકમ કરેલ છે. આ અપીલમાં અરજદાર વતી સીની. એડવોકેટ પી.આર. દેસાઈ, હેમલ નવીનભાઈ શાહ, અને મોટર એકસીડેન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ મોરબી સમક્ષ એ.ટી. જાડેજા રોકાયેલ હતા.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૩૭૦-૨૪૧૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૩૧૦-૨૩૭૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૧૫૫-૨૨૦૫ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૨૧૦૫-૨૧૫૫ |
| પામોલીયન તેલ | ૧૯૦૦-૧૯૦૫ |
| મસ્ટર્ડ તેલ | ૨૧૩૦-૨૧૬૦ |
| સનફ્લાવર તેલ | ૨૦૭૦-૨૦૯૦ |
| મકાઇ તેલ | ૧૯૩૦-૧૯૪૦ |
| વનસ્પતિ ઘી | ૧૯૫૦-૧૯૮૦ |
| કોપરેલ | ૫૪૦૦-૫૬૦૦ |
| દિવેલ | ૨૨૪૦-૨૨૬૦ |



## સોનુ-ચાંદી

સોનુ (૧૦ ગ્રામ)
૧૦૨૪૫૦(+૫૫૦)

ચાંદી
૧૧૨૫૦૦(+૨૫૦૦)


# સ્વ.વિજયભાઈ રૂપાણીના અંતિમ દર્શન માટે મેદની ઉમટી : પરિવારના સદસ્ય ગુમાવ્યાની લાગણી છલકાઈ

## મંગળવારે બપોરે ૩ થી ૬ વાગ્યા સુધી પ્રાર્થનાસભામાં સતત લોકો આવતા રહ્યા : દરેક પક્ષ, ધર્મ, સંપ્રદાય અને ક્ષેત્રના આગેવાનો અને પ્રતિનિધિઓની પુષ્પાંજલી

## ‘સાંજ સમાચાર’ના તંત્રી શ્રી પ્રદીપભાઈ શાહ તથા પરિવાર, દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, અનેક મહાનુભાવોએ શ્રધ્ધાસુમન પાઠવ્યા : એલઈડી સ્ક્રીન પર વિજયભાઈની યાદો-તસ્વીરો જોઈને અનેક લોકોની આંખો ભીની થઈ

રાજયનાં પૂર્વ મુખ્યમંત્રી અને રાજકોટના પનોતા પુત્ર સ્વ. વિજયભાઇ રૂપાણીને સોમવારે રાજકોટના લોકોએ અંતિમ વિદાય આપ્યા બાદ ગઇકાલે રેસકોર્સ મેદાન ખાતે સદગતની પ્રાર્થનાસભા યોજાઇ હતી. બપોરે ૩ થી ૬ વાગ્યા સુધી યોજાયેલી સભામાં સર્વ ધર્મના લોકો, વિવિધ સંપ્રદાયના સંતો-મહંતો, આમ આદમીથી લઇને દરેક ક્ષેત્રના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રાર્થનાસભામાં પણ લોકોનો જાણે પ્રવાહ વહેતો રહ્યો હોય તેમ સતત વિજયભાઇના અંતિમ દર્શન લોકો કરતા રહ્યા હતા. અનેક લોકો અને રૂપાણી પરિવાર સાથે જોડાયેલા આત્મીયજનોની આંખમાંથી આંસુ પણ વહેતા રહ્યા હતા. ‘સાંજ સમાચાર’ના તંત્રી શ્રી પ્રદીપભાઇ શાહ, શ્રીમતી પૂર્વીબેન શાહ, યુવા એકઝીકયુટીવ કરણભાઇ શાહ, ચાર્મીબેન શાહે પણ સ્વ. વિજયભાઇને શ્રધ્ધાસુમન અર્પણ કરી અંજલીબેન અને ઋષભ રૂપાણીને શાંત્વના પાઠવી હતી. સ્વ.વિજયભાઇની તસ્વીર જોઇને કોઇ માનતુ ન હતું કે આ કોમનમેને દુનિયામાંથી વિદાય લઇ લીધી છે. રૂપાણી પરિવારના સદસ્યોએ સૌનો ઋણ સ્વીકાર કર્યો હતો. સભા મંડપમાં લોકો સતત ચાલતા રહેતા હતા છતાં ત્રણ કલાકથી વધુ સમય સુધી લોકોની અવરજવર ઓછી થતી ન હતી. શોકમાં રહેલા લોકોને પણ સંભાળવા પડે તેવા દ્રશ્યો સર્જાયા હતા. જનસંઘથી માંડી ભાજપના પાયાના પથ્થરો, પાર્ટીની જુની અને નવી પેઢીના આગેવાનોએ પોતાના પ્રિય નેતાને પુષ્પાંજલી અર્પણ કરી હતી. ‘આપ’ના વરિષ્ઠ નેતા અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પણ ખાસ રાજકોટ આવી રૂપાણી પરિવારને દિલસોજી પાઠવી હતી.

**(તસ્વીર : પંકજ શીશાંગીયા)**



સદાય હસતો ચહેરો હવે તસ્વીરમાં



‘સાંજ સમાચાર’ના તંત્રી શ્રી પ્રદીપભાઈ શાહે શાંત્વના પાઠવી



શોકમગ્ન રૂપાણી પરિવાર



અરવિંદ કેજરીવાલની શોકાંજલી



કરણભાઈ શાહ અને ચાર્મીબેન શાહ



રાજકોટ ભાજપના પ્રતિનિધિઓ



પંજાબથી આવેલા પાર્ટીના આગેવાનો



ભાજપ નેતાઓ સાથે કેજરીવાલ



અંજલીબેન રૂપાણી અને પરિવારના સભ્યો



લોક સાહિત્યકાર રાજભા ગઢવી અને નીતિન જાની (ખજૂરભાઈ)



ઋષભભાઈ રૂપાણી અને પરિવારના સભ્યો



સર્વ ધર્મના સંતો-મહંતો



પૂ. નમ્રમુનિ સહિતના સંતો



જામનગરના ધારાસભ્ય રીવાબા જાડેજા



જિલ્લા કલેકટર પ્રભવ જોશી સહિતના અધિકારીઓ



દર્શન માટે લાંબી કતાર



રાજાભાઈ ચાવડા-વિનુભાઈ ઘવાએ લાઈન કોર્ડન કરી



સભામાં ઉપસ્થિત જનમેદની

# વિજયભાઈ રૂપાણીએ સંવેદનશીલ મુખ્યમંત્રી તરીકે ચાહના મેળવી તે કદી વિસરાશે નહીં: નરેશ પટેલ

## ખોડલધામ પરિવાર–ટ્રસ્ટ દ્વારા ઉંડા દુઃખની લાગણી વ્યકત કરાઈ





રાજકોટ,તા.૧૮

રાજકોટના પનોતા પુત્ર અને રાજયના પુર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનાં નિધન અંગે કાગવડ ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલે ઉંડી દુઃખની લાગણી વ્યકત કરી છે.નરેશભાઈ પટેલે જણાવ્યું છે કે રાજકોટના વિકાસમાં જેમને મહત્વનું યોગદાન રહેલ છે તેવા સંઘ પરિવારના આજીવન સેવક અને ભારતીય જનતા પાર્ટીના સંચાલનમાં વિવિધ હોદ્દા ઉપર ફરજ બજાવી પોતાનુ જીવન સામાજિક ઉત્થાન માટે ન્યોછાવર કરેલ તેવા રાજકોટના પનોતા પુત્ર અને ગુજરાત રાજયના તત્કાલીન પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની અણધારી વિદાયથી સમગ્ર ગુજરાત શોકાતુર છે ત્યારે ખોડલધામ પરિવાર પણ તેમના પરત્વેની ઘેરા દુઃખની સંવેદનાઓ વ્યક્ત કરે છે.

અંગત રીતે તેમની સાથેના સંસ્મરણો યાદ કરુ તો વિજયભાઇ સમક્ષ જ્યારે પણ સામાજિક પ્રશ્નો રજૂ કરવામાં આવતા ત્યારે તે પ્રશ્નોને વાંચા આપવા અને ઉકેલ માટે તેઓ હંમેશા પરિણામલક્ષી શ્રેષ્ઠ પ્રયત્નો કરતા હોવાના ફળ સ્વરૂપે સમાજના પીડિત વર્ગોની ઘણી સમસ્યાઓ ઉકેલવામાં સફળતા મેળવી હતી.

વ્યક્તિગત રીતે, અમે બંને સારા મિત્રો હતા. વિજયભાઇએ મવડી મંડળની સાથે પરામર્શ કરી મને રાજકીય શ્રેત્રે યોગદાન આપવા માટે આગ્રહપૂર્વક પ્રસ્તાવ કર્યો હતો પરંતુ મને સમાજ શ્રેષ્ઠીશ્રીઓ સામાજીક કાર્યોને અગ્રિમતા આપવા માટે કાર્યરત રહેવાનો આગ્રહ રાખતા સમાજશ્રેષ્ઠીઓના નિર્ણયને સ્વીકારીને વિજયભાઇની મને રાજકારણમાં જોડાવાની દરખાસ્તનો સવિનય અસ્વીકાર કર્યો હતો પરંતુ અમો બન્ને સામાજિક અને સત્તાકીય માધ્યમથી કોઈપણ જાતી જ્ઞાતિના ભેદભાવ વગર સમાજના પીડીતોના પ્રશ્નો ઉકેલવામાં તાલમેલથી એકબીજાના પૂરક તરીકે સમાજના હિતમાં કાર્ય કરેલ છે , તે ક્યારેય ભૂલાશે નહીં.

વિજયભાઈ રૂપાણીના નિધનના આઘાતજનક સમાચાર સાંભળીને અમો સ્તબ્ધ નિ:શબ્દ થઈ ગયેલ. વિજયભાઈ મેયર તરીકે હોય કે પક્ષના સંગઠનમાં હોય કે મુખ્યમંત્રી હોય, તેઓએ દરેક તબક્કે રાજકોટની ચિંતા કરી છે, ખેવના રાખી છે અને રાજકોટને માંગ્યા કરતા વધારે સેવાઓ પ્રદાન કરી છે. આથી જ તેને રાજકોટના વિકાસ પુરુષ તરીકે પાણી વાળા સંવેદનશીલ મુખ્યમંત્રી તરીકે ચાહના મેળવી હતી, તે કદી વિસરાશે નહીં.

અનિવાર્ય કારણોસર રુપાણી પરિવાર પરત્વે સંવેદના પ્રગટ કરવા રુબરુ જઈ શકાયું નથી તેનો વસવસો મને કાયમ સતાવશે.

વિજયભાઈ રૂપાણીના પરિવાર ઉપર આવી પડેલ આફતને સહન કરવાની શક્તિ સાથે ઈશ્વર તેમના આત્માને મોક્ષ આપે તેવી પ્રભુ મહાદેવના ચરણોમાં પ્રાર્થના.



### સ્વ.વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાંજલી રૂપે

## કુંડારીયા કેન્સર પ્રિવેન્શન ફાઉન્ડેશન દ્વારા આરોગ્ય ચકાસણી અને જાગૃતિ કેમ્પ યોજાયો

રાજકોટ,તા.૧૮

વિજય રૂપાણીના નિધનના સ્મરણાર્થે કુંડારીયા કેન્સર પ્રિવેન્શન ફાઉન્ડેશન ડિવિઝન ઓફ રાજકોટ કેન્સર સોસાયટી, બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ અંતર્ગત કુંડારીયા એનેમીયા પ્રિવેંશન પ્રોગ્રામ અને સૌરાષ્ટ્ર કિડની કેર ફાઉન્ડેશન તથા મિનુ'ઝ સેડ સ્કૂલના સહયોગથી આરોગ્ય ચકાસણી અને જાગૃતિ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું.આ કેમ્પ દરમિયાન કેન્સર, કિડની રોગો અને એનિમિયા વિષે જાગૃતિ ફેલાવવા માહિતી આપવામાં આવી. સાથે જ લોકો માટે નિ:શુલ્ક હિમોગ્લોબિન (HB), બ્લડ પ્રેશર (BP), સુગરની ચકાસણી તેમજ વેલસ્કોપ મશીન દ્વારા મૌખિક કેન્સર નિદાન માટે ચકાસણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ લોકોને સમયસર રોગ નિદાન અને જાગૃતિ પૂરું પાડવાનો રહ્યો હતો. આ કાર્યક્રમનુ આયોજન ૭-કૃષ્ણનગર, રોહિત પ્રો. સ્ટોર ની પાછળ, વોરા સોસાયટી, નજીક માધાપર ચોકડી, જામનગર રોડ, રાજકોટમાં કરવામાં આવેલું હતું જેમાં કૈરવી મારડીયા,એકતા રૈયાણી, રિયા ગોહિલ, દ્રષ્ટિ ભીમાણી, નિદા કોચલીયા,મિનુ જસદણવાલા, ફઝલ શેખ અને સૌએ ભાગ લીધો હતો.

### જિનશાસન પ્રભાવક આ.ભ.પૂ.શ્રી જયશેખરસૂરિજીમ.પ્રેરિત

## એટલાન્ટિસ હિલ્સ પાર્શ્વનાથ જિનાલયના આંગણે આ.ભ.શ્રી મતિચંદ્રસુરિજીમ.આદિ ઠાણાની પધરામણી







રાજકોટ,તા.૧૮

જિનશાસન પ્રભાવક આચાર્ય ભગવંત પૂ.શ્રીજયશેખર સૂરિશ્વરજી મહારાજા પ્રેરિત એટલાન્ટિસ હિલ્સ પાર્શ્વનાથ જિનાલયના આંગણે આજે તા.૧૮ના બુધવારે સવારે પૂ.આ.ભગવંત શ્રી મતિચંદ્રસુરિજીમ.આદિ ઠાણા તથા પૂ.સાધ્વીજી ભગવંત શ્રી મોક્ષધર્માશ્રીજી જિનાલયના સભ્યોમાં ધર્મોલ્લાસ છવાયો છે.

પ.પૂ.આ.ભગવંત મતિચન્દ્ર સુરીજી મહારાજ સાહેબ આદિ ઠાણાં તેમજ પ.પૂ.ભગવંત મોક્ષધર્મશ્રીજી મા.સા આદી ઠાણા ૧૫ એટલાન્ટિસ હિલ્સના શંખેશ્વર પાર્શ્વનાથ દેરાસર દર્શન માટે પધાર્યા હતા.. આ સમયે એટલાન્ટિસ હિલ્સના ભાઈઓ બહેનો કિર્તીભાઇ શાહ, વિમલભાઈ વોરા, નિશાંતભાઈ વોરા, પાર્થભાઇ વોરા, ભરતભાઈ મહેતા, ધવલભાઈ મહેતા, બીમલભાઈ મહેતા, રિધિકાબેન વોરા, નીતાબેન પારેખ, પ્રતિભાબેન મહેતા, મીનલબેન વસા, ઇલાબેન મહેતા,દેવેનભાઈ કોઠારી, પરીનભાઈ પારેખ, નિરવભાઈ સંઘવી, અમીષાબેન કોઠારી, જીનલ મહેતા, હિનલ મહેતા, નિકિતાબેન કોઠારી, પારસભાઇ મોદી, લીનાબેન મહેતા, ભાવીનીબેન મહેતા વગેરે એ જોડાઈ ચૈત્ય વંદન, ગુરુ ભકિત તેમજ પ્રભુ ભક્તિ નાં સત્વનો ગાયા હતા.

આ સમયે કાલાવડ રોડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન તપ ગચ્છ જૈન સંઘ કન્વીનર વિપુલભાઈ દોશી, મહેશભાઈ મણિયાર, નિતેશભાઈ શાહ, દીલેશભાઈ શાહ, ચિરાગભાઈ મહેતા, પંકજભાઈ મડિયા, દીપકભાઈ શેઠ વગેરે એ અનુમોદના પાઠવેલ હતી





## માનવ કલ્યાણ ટ્રસ્ટ તથા રોઝરી સ્કૂલ દ્વારા ૨૦૦થી વધુ જરૂરતમંદ પરિવારોને અનાજ તથા અન્ય ઉપયોગી સામગ્રીનું વિતરણ

પ્રવૃત્તિ પ્રેરક માનવ કલ્યાણ ટ્રસ્ટ (બેંક ઓફ ઇન્ડિયા રિટાયર્ડ એમ્પ્લોઇઝ એસોસિએશન-રાજકોટની સેવાકીય પાંખ) તથા રોઝરી સ્કૂલ પરિવારના સંયુક્ત ઉપક્રમે ૨૦૦થી વધુ જરૂરતમંદ પરિવારોને અનાજ તથા અન્ય ઉપયોગી સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું. જેમાં ૫ કિ. ઘઉંનો લોટ, ૨ કિ. ખાંડ, ૨૫૦ ગ્રામ ચા, ૨ કિ. ગોળ, ૧ લિ. કપાસિયા તેલ, ૨-બાંધા ધોવાનો વ્હીલ સાબુ, ૧-બાંધો એલાઈફ નહાવાનો સાબુનો સમાવેશ હતો. રોઝરી સ્કૂલ પરિવારની પ્રણાલી અનુસાર શાળાના મેનેજીંગ ટ્રસ્ટી ડો. વિશાલભાઈ વારિયાના માર્ગદર્શન હેઠળ શાળા પરિવારના વિદ્યાર્થીઓએ તેમના શિક્ષકદ્રય જલ્પાબેન તથા બ્રિન્દાબેનની દોરવણી હેઠળ પ્રશંસનીય સેવાઓ આપી હતી, જેને લઈને વિતરણનું કાર્ય સરળ બની રહ્યું હતું. શાળા પરિવારના રઘુભાઈ પંચાસરાએ પણ રુચિપૂર્વક સેવાઓ આપી હતી. આ કાર્યક્રમમાં વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનાર ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આ વિજયભાઈ રૂપાણી સહિતના દિવંગતોને શોકાંજલિ આપવામાં આવી હતી.

## સ્વ.આપાભાઈ ગઢવી કવિ આપ સ્મૃતિ વિશેષ "સંભારણાં" કાર્યક્રમ હાલ મુલત્વી

તાજતેરમાં ગુજરાતના અમદાવાદ શહેરમાં ઘટિત અતિ કરુણ વિમાન દુર્ઘટનાની વિભિષિકામાં આપણા રાજકોટના પનોતા પુત્ર અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણી સહિત આશરે ૨૭૫ લોકોના મોત થી ગુજરાત શોક સંતપ્ત અને વિક્ષુબ્ધ છે ત્યારે કવિ આપ પરિવાર દ્વારા પ્રતિવર્ષ ૨૩ જૂને આયોજિત કવિ આપ સ્મૃતિ વિશેષ "સંભારણાં" કાર્યક્રમ હાલ તુરંત મુલતવી રાખેલ છે. કવિ - કલાકાર સમાજનું જ એક અંગ છે.સૌ કલાકાર કસબી પદ્મશ્રી હેમંત ચૌહાણ, કિર્તીદાન ગઢવી, ધીરુભાઈ સરવૈયા, મેરાણ ગઢવી, અનુભા ગઢવી ઉપરાંત નિર્ધારિલ "સંભારણાં" કાર્યક્રમ સ્થળ, નવનિર્મિત સભાગૃહ, શ્રી બાલાજી હનુમાન મંદીરના કોઠારી વિવેકસ્વરુપદાસજીએ પણ આ સંકટની ઘડીમાં, સૌ મૃતકોને શ્રદ્ધા સુમન અર્પી, પ્રત્યેક પિડિત પરિવારને ભાવપૂર્ણ દિલસોજી પાઠવી છે.

## વિજયભાઈની ખોટ કયારેય પુરાશે નહિ: ફારૂક બાવાણી



મુસ્લિમ સમાજના અગ્રણી ફારૂકભાઈ બાવાણીને પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સાથે નિકટનો સંબંધ રહ્યો હતો. ઉપરોકત તસ્વીરમાં વિજયભાઈ સાથે ફારૂકભાઈ બાવાણી નજરે પડે છે. તેમણે વિજયભાઈની વિદાયથી રાજકોટ નહિ પરંતુ ગુજરાતને ખોટ પડી છે તેમ જણાવેલ છે.

### આચાર્ય ભગવંત શ્રી કલાપૂર્ણસુરીશ્વરજીમ.સમુદાય

## કાલાવડ રોડ જૈન સંઘના આંગણે કાલે સા.શ્રી. જયમંગલા શ્રીજી.મ.આદિઠાણાનો ચાતુમાર્સ પ્રવેશ

રાજકોટ,તા.૧૮

કાલાવડ રોડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન તપગચ્છ સંઘ રાજકોટ નાં પુનિત આંગણે ચાતુર્માસ પ્રવેશ જેઠ વદ ૮ ને ગુરૂવાર તારીખ ૧૯/૬/૨૫ શ્રી આધ્યાત્મક યોગી પ. પૂ. આદરણીય શ્રી કલાપૂર્ણસુરીશ્વરજી મ. સા. ના સમુદાયનાં પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આ. શ્રી કલ્પતરુસૂરીશ્વરજી મહારાજ સાહેબનાં આજ્ઞાવરતીની પ. પૂ. સાધ્વીજી ભગવંત શ્રી જયકીર્તિશ્રીજી મ. સા. ના શિષ્યા પરમ પૂજ્ય સાધ્વીજી ભગવંત શ્રી જયમંગલાશ્રીજી મ. સા. આદી ઠાણા ૪ નો ચાતુર્માસ પ્રવેશ શ્રી સંઘના આંગણે થશે. પ્રવેશ બાદ માંગલિક વ્યાખ્યાન, સંઘ પૂજન અને કાર્યક્રમ પૂર્ણ થયેલ ભાવિકોને નવકારસી રાખેલ છે. જેનો કાર્યક્રમ નીચે મુજબ છે. આ પ્રસંગે સકળ સંઘના ભાઈઓ બહેનોને પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે. પ્રવેશ યાત્રા પ્રારંભ સમય સ્થળ સવારે ૬:૧૫ કલાકે સ્થળ કોટેચા ચોક, એરોપ્લેન ચોક, ધારેશ્વર ડેરી, કાલાવડ રોડ, રાજકોટ થી પ્રારંભ અને પૂજ્ય શ્રી આદી ઠાણા નો શ્રી કાલાવડ રોડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન તપગચ્છ સંઘ રાજકોટમાં ચાતુર્માસ પ્રવેશ સવારે ૭:૦૦ કલાકે ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે નવકારશીના લાભાર્થી પુણ્યવાન પરિવારો શ્રી જલ્પાબેન પ્રતિકભાઇ બગડીયા હ: વિહાન, શ્રી નયનાબેન કેતનભાઇ દોશી પરિવાર, શ્રી બિનીતાબેન કમલેશભાઈ શાહ પરિવાર, શ્રી મુક્તાબેન છોટાલાલ રાજપાલ મહેતા પરિવાર હ: ભારતીબેન રાજેશભાઈ (રિકોન ગ્રુપ), શ્રી જ્યોતિબેન નરેન્દ્રભાઈ શાહ પરિવાર. શ્રી સંઘ લાભાર્થી પરિવારની ભૂરી ભૂરી અનુમોદના કરે છે. જેની કાલાવાડ રોડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન તપગચ્છ સંઘ રાજકોટ ના શ્રી મહેશભાઈ મણીયાર ૯૪૨૭૭૨૦૩૩૧, શ્રી વિપુલભાઈ દોશી મો. ૯૨૨૮૭૬૫૬૮૮, શ્રી નીતેશભાઈ શાહ ૯૪૨૬૨૨૦૨૧૬ ની યાદી જણાવે છે.





## શ્રેયાંસ સ્કૂલના વિદ્યાર્થીઓએ Saurashtra Pro T20 League ની ઝાલાવાડ સ્ટ્રાઈકર્સ અને ગોહિલવાડ ટાઈટન્સની મેચ નિહાળી

શ્રેયાંસ સ્કૂલ (બજરંગવાડી)ના વિદ્યાર્થીઓએ ભારતમાં ક્રિકેટ ક્ષેત્રે રમાતી જુદી જુદી લીગમાંની એક પ્રખ્યાત લીગ Saurashtra Pro T20 League માં ઝાલાવાડ સ્ટ્રાઈકર્સ અને ગોહિલવાડ ટાઈટન્સ વચ્ચે રમાયેલી મેચ નિહાળી હતી. આ મેચ રાજકોટના નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમવામાં આવી હતી. વિદ્યાર્થીઓનો શિક્ષણની સાથે સર્વાંગીણ વિકાસ થાય તે હેતુથી આ સહ અભ્યાસિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ માટેની જરૂરી પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન સંસ્થાના ટ્રસ્ટીઓ તેમજ આચાર્ય કેયુરભાઈ ડોડીયા અને વંશીતાબેન હિરાણી દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું.

### 'ગઢ ગઢૈયા ઘણા, ધરણી ઢંક થયા, કાળની સામે જોધાણ, ઉભો ગઢ વઢવાણનો'

## વઢવાણમાં ધોળીપોળ દરવાજા પાસે ૧૧મી સદીનો સોલંકી કાળનો સપ્તમાતૃકા પટ્ટ મળી આવ્યો





રાજકોટ, તા. ૧૮

સુરેન્દ્રનગર મહાનગરપાલિકાએ વઢવાણને હેરિટેજ સીટી બનાવવાના પ્રોજેકટ અંતર્ગત તા. ૧૩ જુન શુક્રવારે મોટી કાર્યવાહી કરી અને ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે ૨૦૦૫ થી ગેરકાયદેસર ઊભી રહેલી ૪૨ જેટલી દુકાનો તોડી પાડી આસપાસનો સમગ્ર એરીયા ખુલ્લો કરવામાં આવ્યો હતો.

આ કાર્યવાહી દરમિયાન એક દુકાનમાં રહેલ ૧૧ મી સદીનો સોલંકી કાળ સમયનો સપ્તમાતૃકાનો પટ્ટ મળી આવ્યો હતો, જેની જાણ વઢવાણનાં રહીશ અને ઇતિહાસ પ્રેમી એવા મારા શિષ્ય શ્રી જયરાજસિંહ રાજેન્દ્રસિંહજી જાડેજા દ્વારા કરવામાં આવી. મારી નાદુરસ્ત તબિયતને હિસાબે હું જઇ શકું એમ નહોતો એટલે મારા સુપુત્ર મનોજને સ્પેશિયલ મોકલ્યો અને તા. ૧૬ જુન, સોમવારે બપોરે ૩ વાગે સ્થળ મુલાકાત કરીને તસ્વીરો લીધી અને વિડીયો પણ ઉતાર્યો. અભ્યાસ કરતાં માલુમ પડયું કે આ સપ્તમાતૃકાના પટ્ટમાં ગણેશજી અને ભૈરવનું વિરભદ્ર સ્વરૂપ છે. આવા શિલ્પો સામાન્ય રીતે વાવ, મંદિરો અને કિલ્લાઓમાં જોવા મળે છે, જે સુરક્ષાના ભાગરૂપે વિધિપૂર્વક સ્થાપિત કરવામાં આવેલા હોય છે. સપ્તમાતૃકાઓમાં બ્રાહ્મી કે બ્રહ્માણીને સર્વપ્રથમ સ્થાન અપાયું છે. બીજું સ્થાન મહેશ્વરીનું ગણાય છે. માતૃકા કૌમારી સાધારણ રીતે ત્રીજા સ્થાને હોય છે. સપ્તમાતૃકા સમૂહમાં વૈષ્ણવી ચોથા ક્રમે મુકાય છે. પાંચમો ક્રમ વારાહીનો જોવામાં આવે છે. છઠ્ઠું સ્થાન માતૃકા ઐન્દ્રીનું જોવામાં આવે છે જ્યારે સાતમું સ્થાન માં ચામુંડાનું હોય છે જે એક મહાશક્તિ ગણાય છે. આ પટ્ટ એક જ શિલ્પમાંથી કોતરેલા હોય છે અને માતૃકાપટ્ટ માટે કોઈ અલગ શાસ્ત્રીય મૂર્તિવિધાન મળતું નથી.


ઉલ્લેખનીય છે કે ૨૬૧૪ મીટરની લંબાઈ ધરાવતો વઢવાણનો કિલ્લો ઐતિહાસિક મહત્વ ધરાવે છે અને ઉપરોકત સપ્તમાતૃકા પટ્ટની સ્થાપના કિલ્લાના રક્ષણાર્થે કરવામાં આવી હોય. આ કિલ્લો જયસિંહ સોલંકીએ ઇ. સ. ૧૧૪૧ ની આસપાસ બંધાવ્યો હોવાનું મનાય છે. તેઓ ચોથા અને સહુથી વિખ્યાત સોલંકી રાજવી હતાં. તેમણે ઇ.સ. ૧૦૯૬ થી ઇ.સ. ૧૧૪૩ સુધી ગુજરાત પર શાસન કર્યું. તેઓ ગુજરાતમાં પોતાના ઉપનામ 'સિદ્ધરાજ'થી વધુ ખ્યાતનામ છે. તેમનો રાજયકાળ ગુજરાતનો સુવર્ણયુગ ગણાય છે. વઢવાણનાં ગઢ વિશે કહેવાય છે કે,

**'ગઢ ગઢૈયા ઘણા, ધરણી ઢંક થયા
કાળની સામે જોધાણ, ઉભો ગઢ વઢવાણનો'**

વઢવાણ એ પાટણ અને જુનાગઢ વચ્ચેનું મધ્યબિંદુ હોઇ બંન્ને તરફનું સુકાન સંભાળી શકાય તથા એ જમાનામાં વઢવાણ વેપાર દ્રષ્ટિએ અને કારીગર ક્ષેત્રે સમૃદ્ધ હોઇ લશ્કરને જરૂરી સગવડ પ્રાપ્ત થાય તથા કૂચ કરી શકે એ હેતુથી પાટણથી જુનાગઢ સુધીની ગુજરાત અને સૌરાષ્ટ્રને સાંકળતી કાચી સડક બનાવી હતી, જે પાટણથી ઝીંઝુવાડા, પાટડી, વણા, વઢવાણ, સાયલા, હડાળા, સેજકપુર, સરધાર, ગોંડલ, જેતપુર અને જુનાગઢ સુધી પહોંચતી હતી. ગુજરાતમાં પાટણ અને ડભોઇ તથા સૌરાષ્ટ્રમાં બરવાળા અને ઝીંઝુવાડાના ગઢની સાથે સરખાવી શકાય એવો ગઢ વઢવાણનો છે. આ નગરના ચાર સિંહદ્વારોમાં પૂર્વમાં શિયાણીનો દરવાજો, પશ્ચિમે ખાંડીપોળનો દરવાજો, ઉત્તરે ધોળીપોળનો દરવાજો અને દક્ષિણે ખારવાની પોળનો દરવાજો ગણી શકાય. જો કે લાખુપોળનો દરવાજો સિંહદ્વાર સમાન ગણાવી શકાય. "નવા દરવાજા" તરીકે ઓળખાતો પૂર્વ દિશાનો દરવાજો બહુ પાછળથી થયેલ છે. આ શહેરના કિલ્લાની ઉત્તરે પ્રથમથી જ પશ્ચિમથી પૂર્વ તરફ ભોગાવો નદી વહે છે.

લેખક વઢવાણના વતની છે અને હાલ રાજકોટ રહે છે તથા 'સૌરાષ્ટ્રમાં ઝાલા રાજવંશના શાસનનો ઈતિહાસ' લખીને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો સર્વપ્રથમ પીએચ.ડી ઇ. સ. ૧૯૭૪માં થયેલ છે પૂર્વે વઢવાણ તથા ઝાલાવાડમાં અનેક સંશોધનો કર્યા છે ધોળીપોળ દરવાજે સપ્તમાતૃકાનો પટ્ટ મળી આવતા તેના પર આ અહેવાલ રજૂ કરેલ તેમના સંશોધનોમાં એક વધુ પ્રકરણ ઉમેરાયું છે. આ આલેખન તૈયાર કરવામાં જરૂરી સંદર્ભ માહિતી આપવા માટે ભો.જે. વિદ્યાભવનનાં પૂર્વ નિયામક અને તેમના શિષ્ય ડો. રામજીભાઇ સાવલિયાનો આભાર માન્યો છે.

લેખક



ઈતિહાસનું આચમન
આલેખન
ડો. ઈન્દ્રવદન આચાર્ય
(ઝાલાવાડના ઈતિહાસવિદ)

## ધીરગુરૂદેવનો અમદાવાદમાં ચાતુર્માસ પ્રવેશ, ભવ્ય સ્વાગત યાત્રા યોજાઈ: નવકારશી સહિતના ધાર્મિક કાર્યક્રમો



ગોંડલ સંઘના જૈન મુનિ પૂ શ્રી ધીરગુરુદેવ તથા મહાસતીજી વૃંદની અમદાવાદ ચાતુર્માસ માટે પધારતા હોય તે બાબતે અમદાવાદ તથા આજુબાજુના નાના મોટા ગામો શહેરોનાં ભાવિક ભાઈ બહેનો અને યુવાઓ માં ભારે ઉત્સાહનું વાતાવરણ હોય આવતીકાલે તા. ૧૬ જુનનાં બુધવારે સવારે ૮ વાગ્યે હરિઓમ બંગલો આબાદનગર રોડ થી સ્વાગતયાત્રા નિકળશે જે ધર્મશંકુલ ધર્મનાથ ઉપાશ્રયે પહોંચ્યા બાદ માંગલીક ત્યાર બાદ માતૃશ્રી વિણાબેન ભૂપતભાઈ ખેતાણી પરિવાર તરફ થી નવકારશી રાખેલ છે આયોજકો એ ભાવીકો ને સમસર પધારવા એક યાદીમાં જણાવ્યું છે.

## શિવ પરિવાર દ્વારા સ્વ.વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાંજલી અર્પણ કરાઈ

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું ગત તા.૧૨ ના રોજ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં કરૂણ મૃત્યુ થતા સમગ્ર દેશ શોકમય બન્યો છે. સામાજિક કાર્યો, ભાજપ માટે રાજકોટનો સમગ્ર વિકાસ, દેશ માટે કરેલા શ્રેષ્ઠતમ સત્કાર્યો સહિતના કાર્યો કરનાર રાજકીય નેતાની સમગ્ર દેશને ખોટ પડી છે. આ અકલ્પનીય વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામનાર વિજયભાઈ રૂપાણી સહિતના તમામ મૃતકોને શિવ પરિવાર દ્વારા શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી છે.

### વિશ્વ યોગ દિવસ અંતર્ગત

## ઓશો ધ્યાન મંદિરે યોગાચાર્ય માં યોગ નંદિનીના યોગ સત્રનું આયોજન



રાજકોટ તા.૧૮

કિસાનપરા ચોકમાં આવેલ ઓશો ગીતા નિવેદિતા ધ્યાન મંદિર પર ૨૧ જુન વિશ્વ યોગ દિવસ નિમિત્તે સાંજના પથી ૬-૩૦ દરમ્યાન યોગાચાર્ય ઓશો સન્યાસીની માં યોગ નંદિની (નીના જોષી) દ્વારા વિશેષ યોગ સત્રનું આયોજન કરેલ છે.

યોગ સત્ર દરમ્યાન યોગાચાર્ય માં પ્રેમ નંદિની દ્વારા પ્રાણાયામ, આસન ધ્યાન કરાવવામાં આવશે. તથા યોગીક જીવન શૈલી વિશે વિશેષ માહિતી આપશે. યોગનો મુળ અર્થ મિલન અર્થાત આત્મા અને પરમાત્માના મિલનનો માર્ગ મહર્ષિ પતંજલીએ યોગના મુખ્ય આઠ અંગે કહેલા છે. યમ નિયમ અને નૈતિકતાઓ, નિયમ શિસ્ત અને સ્વ અનુશાસન, આસન શારીરીક સ્થીરતા પ્રાણાયામ શ્વાસ નિયંત્રણ પ્રત્યાહાર ઈન્દ્રીયોના નિયંત્રણ ધારણા મનની એકાગ્રતા, ધ્યાન ધ્યાન સાધના, સમાધિ અંતિમ આધ્યાત્મિક અવસ્થાનો અનુભવ થાય છે.

## બજરંગ ગ્રુપ દ્વારા સ્વ. મનુભાઈ ખંધેડીયાને ભાવભીની શ્રદ્ધાંજલી

બજરંગ ગ્રુપના પાયાના પથ્થર, મોભી સ્વ. મનુભાઈ ખંધેડીયા (ભગત) ની પાવન સ્મૃતિમાં દર રવિવારે સાંજે ૫ થી ૭ દરમ્યાન નિ:શુલ્ક યોજાતા લોહાણા સમાજ વેવિશાળ કેન્દ્રના પ્રાંગણમાં સ્વ. મનુભાઈ ખંધેડીયાની ભાવભીની શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી. શોક સંદેશનુ વાંચન સંસ્થાના જતીનભાઈ ભીંડોરાએ કરેલ હતુ. કાર્યક્રમની શરૂઆતમાં જ બે મીનીટ મૌન પાળી સંસ્થાના કાર્યકરો અને ઉપસ્થિત લોકોએ શ્રધ્ધાંજલી મૌન પાળી પાઠવી હતી.

## રવિવારે આદ્રા નક્ષત્ર બેસતાં જૈનો કેરી-જાંબુનો ત્યાગ કરશે

રાજકોટ,તા.૧૮

આદ્રા ભારતીય જયોતિષમાં એક નક્ષત્ર છે.સંસ્કૃત ભાષામાં તેના નામનો અર્થ નમ થાય છે. સતાવીસ નક્ષત્રોમાંનું એક નક્ષત્ર આદ્રા છે આકાશમંડળમાં આદ્રા નક્ષત્ર છઠ્ઠું છે.આગામી તા.૨૨મીના રવિવારે સવારે ૬.૨૦ કલાકે આદ્રા નક્ષત્ર શરૂ થાય છે. જૈનો આદ્રા નક્ષત્ર બેસતાં કેરીનો ત્યાગ કરશે.એટલું જ નહી કેરી ઉપરાંત જાંબુ જેવા અમુક ફળો એવા હોય છે કે ક્યારેક ઉપરથી ખૂબ સુંદર દેખાય છે પરંતુ વષોકાળ - 'ચોમાસાના વાતાવરણની અસરને કારણે આવા ફળોની અંદર જીવોની ઉત્પત્તિ થઈ જતી હોય છે. જૈનાગમ શ્રી દશ વૈકાલિક સૂત્રમાં થ્આગમકાર ભગવંતોએ ફરમાવ્યુ કે " સવ્વે જીવાવિ ઈચ્છંતિ જીવવું " અર્થાત્ જગતના દરેક જીવોને જીવવું ગમે છે,મરવું કોઈને ગમતું નથી.જૈનો તો જીવદયાના હિમાયતી હોય છે.

જૈન આગમ શ્રી ચંદ્ર - સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્રમાં ઉલ્લેખ આવે છે કે..તથા શ્રી સમવાયાંગ સૂત્રમાં અભિજિતથી લઈ ઉત્તરાષાઢા એમ વિવિધ પ્રકારના નક્ષત્રનો ઉલ્લેખ આવે છે તેમાં આદ્રા નક્ષત્રનો પણ ઉલ્લેખ છે.

આદ્રા બેસતા આમ્રફળના સ્વાદમાં પણ ફેર પડી જાય છે.આદ્રા પછી કેરી આરોગવાનું ચાલુ રાખવામાં આવે તો પેટ - વાયુનાં રોગો થવાનો પણ સંભવ રહેલો છે. જૈનો તો ઠીક પરંતુ અમુક અજૈનો પણ આદ્રા પછી કેરી ખાતા નથી.જીવદયાના લક્ષે પરાપૂર્વની વર્ષોની પરંપરાને અનુસરી આદ્રા નક્ષત્ર બેસતા જૈનો કેરીનો ત્યાગ કરી જીવદયાનું જતન કરશે તેવી શુભ ભાવના મનોજ ડેલીવાળાએ વ્યકત કરેલ છે.





## બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તબીબી નિદાન તથા સારવાર કેમ્પ યોજાયો :૧૦૦થી વધુ દર્દીઓએ લાભ લીધો

બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ-રાજકોટ પોતાના નવનિર્મિત 'સેવા સદન' જે કાલાવડ રોડ ખાતે આવેલ છે. જેમાં તા.૧૫ના રવિવારે તબીબી નિદાન સારવાર માટે ત્રિવિધ કેમ્પનું આયોજન કરેલ હતું.પ્રારંભ પ્રસંગે દિપપ્રાગટય ડો.દેવેન્દ્ર ચોટાઈ, જયેશ ઉપાધ્યાય,હિતેષ પોકર, દિપ્તી પટેલ(બ્યુટીશન),ક્રિષ્ના પટેલ, જયવંતભાઈ ચોવટીયા,દાવડા ભાઈ સહીતના મહેમાનો ઉપસ્થીત હતા. આ કેમ્પમાં અંદાજે ૧૦૦ જેટલા દર્દીઓની વિવિધ સારવાર તથા માર્ગદર્શન કરવામાં આવ્યું હતું.

## રવિવારે બી.પી. તથા ડાયાબિટીસની જેનેરીક દવાઓનું નિ:શુલ્ક વિતરણ

સત્ય સાઈ સેવા સમિતિ દ્વારા બી.પી. અને ડાયાબિટીસના દર્દીઓને એક મહિનાની જેનેરીક દવાઓનું તા.૨૨ જૂનને રવિવારના રોજ સાંજે ૬ થી ૭ દરમ્યાન સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે નિ:શુલ્ક વિતરણ કરવામાં આવશે. દર્દીઓ જે દવા હાલમાં લેતા હોય તેની વિગત, ડોકટરના પ્રીસ્ક્રીપ્શન સાથે રાખવાના રહેશે.

# રવિવારે અમદાવાદ બોપલમાં પૂ.ધીરજમુનિમ.નો ચાતુર્માસ પ્રવેશઃ નવનિર્મિત સંકુલનું ઉદ્‌ઘાટન કરાશે

રાજકોટ,તા.૧૮

અમદાવાદમાં વર્ષોથી વસતા કાઠિયાવાડ જે જૈન સમાજનું સંગઠન ગોંડલ સંપ્રદાયના ગાદીપતિ પૂ. ગિરીશચંદ્રજી મ. સા.ની પ્રેરણાથી થયેલ. શતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા પરમશ્રદ્ધેદ પૂ. શ્રી ધીરગુરુદેવના અમદાવાદમાં ચાતુર્માસ પ્રવેશોત્સવ સાથે બોપલ ખાતે પ્રહેથ પામેલા સમાજનાં ગુરુદેવના બોપલ સંઘ દ્વારા નિર્માણ અત્યાધુનિક બિન સાંપ્રદાયિક સંકુલનું ઉદઘાટન તા.૨૨, જૂન ૨૦૨૫ને રવિવારે વારે યોજાશે. ખાતેના ચાતુર્માસમાં દરમ્યાન અનેકવિધ સેવાકીય, મેડીકલ, જીવદયા, શૈક્ષણીક પ્રકલ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. આ દરેક કાર્યક્રમ યુ-ટ્યુબમાં ધીર પ્રવચન દ્વારા ચેનલમાં લાઈવ પ્રસારણ કરવામાં આવશે.




અમદાવાદમાં કમિટીના સુંદ સુંદર સહયોગથી પ્રથમ વર્ષે ગોંડલ સંપ્રદાયના સુપ્રસિદ્ધ શય્યાદાન મહાદાનના પ્રેરક પૂ.શ્રી ધીરગુરુદેવનું ચાતુર્માસ પ્રાપ્ત થતાં અનેરો ધર્મોલ્લાસ છવાયો છે, જે ધર્મનાથ સ્થાનકવાસી જૈન સંઘનું સૌભાગ્ય છે. સમાજનું સમાજ ને અર્પણ કરવું તે જ સંતની સાચી સાધના છે. તેવું માનનારા ધીરગુરુદેવે ૨૪ વર્ષની યુવાવયે પોતાના ૮૦ વર્ષના પિતાશ્રી પ્રેમગુરુદેવ સાથે ઉપલેટામાં જૈન દીક્ષા અંગીકાર કરી હતી.

ધીરગુરુદેવ રાજકોટથી વિહાર કરીને બોપલમાં વકીલ સાહેબ બ્રિજ સામે, ધર્મનાથ ઉપાશ્રયમાં પધાર્યા છે. તા. ૨૧ ને શનિવારે સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાકે મહારાજા અગ્રસેન હોલ, શૈલા ખાતે ઉર્વિશભાઈ વોરાની અધ્યક્ષતામાં દાતા અભિવાદન સમારોહ યોજાશે. તા. ૨૨ જૂન વિરેપને રવિવારે સવારે ૯:૦૦ કલાકે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ૯:૩૦ કલાકે વિનુભાઈ કપાસીના પ્રમુખ પદે ડીઝીટલ ઉદઘાટન વિધિ અને ચાતુર્માસ પ્રવેશોત્સવ પ્રસંગે ગોપાલના પૂ.દીપમુનિ મ.સા., ગોડલના પૂ.ગુણીજી મ.સ. પૂ.જયોતિજી મ.સ. આદિ, બોટાદના પૂ. સવિતાજી મ.સ.,પૂ.સુશીલાજી મ.સ., અજરામરના પૂ.ભકિતજી મ.સા.આદિ, ગોપાલના પૂ. પૂર્ણતાજી મ.સ. આદિ તેમજ દિલ્હી, કલકત્તા, મુંબઈ, જલગાંવ, ચેન્નાઈ, એમ્બેવેલી, ઈન્દોર, પૂના, જામનગર, ગોડલ, રાજકોટ, સુરત, બરોડા, ભરૂચ, વાપી વગેરે તથા રાજનગરના જૈન શ્રેષ્ઠીઓ, સંઘો ઉપસ્થિત રહેશે.

## ઋષભદેવ સ્થા.જૈન સંઘ સંચાલિત
# સર્વે સંઘોના પદાધિકારીઓ, શ્રાવક -શ્રાવિકા દ્વારા વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાંજલી

રાજકોટ,તા.૧૮

જૈન સમાજના પનોતા પુત્ર, જીવદયા પ્રેમી, જૈન શ્રેષ્ઠી, શાસન રત્ન, પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના આકસ્મિક નિધનથી સમગ્ર જૈન સમાજ અને રાજ્ય તથા દેશની જનતાને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. મન માનતું નથી, હૃદય સ્વીકારતું નથી, ખાલીપો છવાઈ ગયો છે. પરંતુ વાસ્તવિકતા એ જ છે કે આયુષ્ય પૂર્ણ થયા પછી કોઇપણ આત્માને આપણે રોકી શકતા નથી.

આદર્શ નેતૃત્વ કરી ગુજરાત રાજ્યનું ગૌરવ અને ગરિમા વધારનારા, રાષ્ટ્રહિત તથા લોકકલ્યાણ માટે સમગ્ર જીવન સમર્પિત કરનાર, ધાર્મિક સુસંસ્કારોથી સુશોભિત જીવદયા પ્રેમી, અહિંસાના આગ્રહી, આદર્શ તથા સાદુ-સરળ જીવન જીવનાર મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી મહામાનવ, સવાયા જૈન હતા. એમણે કરેલા માનવતા, અનુકંપા, જીવદયા અને જૈન તત્ત્વને ઉજાળનાર કાર્યો યાદ કરીશું તો જણાશે કે જૈન સમાજને જ નહીં, રાજકોટ કે ગુજરાતને નહીં, પરંતુ સમગ્ર દેશને પૂરાય નહીં એવી ખોટ પડી છે. પરમકૃપાળુ પરમાત્મા એમના આત્માને શાંતિ અર્પે તથા આકસ્મિક નિધન પામેલા દરેક આત્માને શાંતિ અર્પે તથા એમના પરિવારજનોને આ આઘાત સહન કરવાની શક્તિ આપે.તેમ ગોંડલ સંપ્રદાય સ્થા. જૈન સિધ્ધાંત સંરક્ષક સમિતિ રાજકોટના ઉપપ્રમુખ પરેશભાઈ પટેલે જણાવેલ છે.



# એઈમ્સ રાજકોટ દ્વારા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી સ્વ.વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાંજલી પાઠવાઈ

રાજકોટ, તા.૧૮

ગુજરાત રાજયના લોકલાડીલા નેતા અને કોમન મેન તરીકે જાણીતા વિકાસના સ્વપનદ્રષ્ટા પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું પ્લેન દુર્ઘટનામાં આકસ્મિક અવસાનથી ગુજરાતભરમાં શોકની લાગણી છવાઈ ગઈ છે, ત્યારે રાજકોટ એઈમ્સ વિજયભાઈનું ઋણી રહ્યું છે. આજે એઈમ્સ પરિવાર દ્વારા ૫ મિનિટનું મૌન પાળી વિજયભાઇ રૂપાણી અને પ્લેન દુર્ઘટનાના તમામ દિવંગતોને શ્રદ્ધાંજલી પાઠવવામાં આવી હતી. આ તકે એઈમ્સ રાજકોટના ડેપ્યુટી ડાયરેક્ટર કર્નલ અંકુર પ્રતાપ સિંહ, ડેપ્યુટી મેડિકલ સુપ્રિડેન્ટ વિભાગના એચઓડી.હ તમામ ફેકલ્ટી, ડોક્ટર, એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, એડમીન સ્ટાફ, નર્સિંગ ઓફિસર, સ્ટુડન્ટ અને આઉટ સોર્સ કર્મચારી સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.



# અમરનાથ યાત્રા સમોવડી શ્રીખંડ કૈલાસ યાત્રાને કેન્દ્રની પ્રસાદ યોજના સાથે જોડી દેવા માંગ

### ચો તરફ બરફમાં સડક, હેલીપેટ, બેઝ કેમ્પ, લાઈટ, ખાન-પાન સ્ટોલ, સેવા કેન્દ્રો શરૂ કરવા સરકારમાં દરખાસ્ત

રાજકોટ,તા.૧૮

હિન્દુ ધર્મના પ્રાકૃતિક રીતે જ નિર્માણ થયેલા સર્વોતમ તિર્થસ્‌થળો જે મહાદેવ શિવ શંકરના તપ કરવાના સ્થળો છે, જેમાં મુખ્યત્વે પંચ કૈલાસ જેવા કે મહાદેવનું નિવાસ સ્થાન કૈલાસ/માનસરોવર, ઓમ પર્વત, આદિ કૈલાશ, કિન્નર કૈલાસ, શ્રીખંડ કૈલાસ, તેમજ અમરનાથજીની બર્ફાની બાબાની ગુફા અને શિવખોરીની ગુફા પવિત્ર અને આકર્ષિત સ્થળો છે.

હિમાચલ પ્રદેશમાં કુલ્લુ વિસ્તારમાં દરિયાઈ સપાટીથી આશરે ૧૮૦૦૦ ફુટની ઉચાઈએ શ્રીખંડ કૈલાસ પર્વત આવેલ છે.ભોલેનાથની પવિત્ર શિવલિંગ છે. ત્યાં પણ યાત્રાના સમય ગાળા દરમ્યાન ભોલેના ભકતોનો પ્રવાહ દર વરસે વધતો જાય છે. શ્રીખંડ કૈલાશ પર જવાનો રસ્તો હજુ બનાવેલો નથી. પર્વતોની ઘાટીમાં બરફીલા, પથરાળ અને અતિ કઠિન એવા સતત ચઢાણવાળા પગપાળા રસ્તે, બરફમાં ચાલી શકાય તેવી સાધન સામગ્રીના સહારે અને ત્યાંના સ્થાનિક ગાઈડના માર્ગદર્શનથી શ્રીખંડ કૈલાસ સુધી પહોંચી શકાય છે.



ત્યાં તાપમાન ખુબજ નીચું હોવાથી વાતાવરણ ખુબજ ઠંડુ રહે છે, ચારે તરફ બરફ પથરાયેલો રહે છે તેમજ ઓકિસજન પણ પાતળો હોય છે. તેથી ફકત એકદમ તંદુરસ્ત, નિરોગી અને શારિરીક રીતે ફીટ વ્યકિત જ ત્યાં જઈ શકે છે.

શ્રીખંડ કૈલાસ પર જવા માટે ભક્તો માટે અમરનાથ યાત્રા જેવો સરળ રસ્તો અને ઘોડા તેમજ ખચ્ચરથી જઈ શકાય તેમજ યાત્રાના દિવસોમાં પણ વધારો થઈ શકે તે માટે પ્રયાસો ચાલી રહ્યા છે. શ્રીખંડ કૈલાસની યાત્રાને કેન્દ્ર સરકારની વિસાદ બેજનામાં જોડી દેવાની તૈયારીઓ ચાલી રહી છે.

શ્રીખંડ કૈલાસ યાત્રાને કેન્દ્રની પ્રસાદ યોજનામાં સમાવેશ કરી દેવાની દરખાસ્ત મુકી હતી. દરખાસ્તમાં માગણી કરી છે કે સિંહગઢ થી શ્રીખંડ કૈલાસ સુધી ઘોડા-ખચ્ચર ચાલી શકે તેવી સડક બનાવવી તેમજ કુનસા અને પાર્વતી બાગમાં હેલીપેડ બનાવવા, બેઝ કેમ્પ પર લાઈટની વ્યવસ્થા કરાવવી, રસ્તા પર શૌચાલયની વ્યવસ્થા, ખાન/પાન માટે સ્ટોલ, ઈમરજન્‌સી સમયે યાત્રીકોને સહાયતા હેલ્પ ડેસ્ક, સ્વાસ્થ્ય સેવા કેન્દ્રની વ્યવસ્થા કરાવવી, શ્રીખંડ કૈલાસની લિંગની આસપાસ ચારે તરફ રેલીંગ ફીટ કરાવવી, મોબાઈલ નેટવર્કની વ્યવસ્થા વગેરે જરૂરીયાતોની માગણી કરી હતી.

કેન્દ્રીય પર્યટન વિભાગના સચિવાલયમાં દરખાસ્તની ફાઈલ મોકલી આપેલ છે, અને એક અઠવાડિયાની અંદર રાજય સરકારને ડીપીઆર બનાવવા સુચના આપવામાં આવશે તેવી ખાતરી આપી હતી.તેમ અમરનાથ યાત્રા મંડળ રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# વેરાવળ-ગાંધીનગર એકસપ્રેસ ટ્રેન હવે રાબેતા મુજબ દોડશે

રાજકોટ,૧૮



રાજકોટ ડિવિઝનના રાજકોટ-બિલેશ્વર સેકશનમાં એન્જિનિયરિંગ વિભાગ દ્વારા બ્લોક લેવામાં આવ્યો હતો, જેના કારણે ટ્રેન નંબર ૧૯૧૨૦ વેરાવળ - ગાંધીનગર કેપિટલ એકસપ્રેસને દર શુક્રવારે અને રવિવારે વેરાવળ સ્ટેશનથી ૧ કલાક અને ૧૫ મિનિટ મોડી ચલાવવામાં આવી રહી હતી, જેને ૨૭.૦૬.૨૦૨૫ સુધી મોડી ચલાવવાની હતી. આ બ્લોક હવે હટાવી દેવામાં આવ્યો છે, જેના કારણે હવે આ ટ્રેન વેરાવળ સ્ટેશનથી તેના નિર્ધારિત સમય સવારે ૭.૩૦ વાગ્યે ઉપડશે.જનસંપર્ક કાર્યાલય, પશ્ચિમ રેલવે, રાજકોટ મંડળ.

## ઝાલાવાડ સત્તર તાલુકા ઔદિચ્ય સહસ્ત્ર બ્રહ્મસમાજના નવા હોદ્દેદારોની વરણી

રાજકોટ,તા.૧૮

શ્રી ઝાલાવાડ સત્તર તાલુકા ઔદિચ્ય સહસ્ત્ર બ્રહ્મસમાજની વર્ષ ૨૦૨૫-૨૬ ની પહેલી કારોબારી સમિતિની બેઠક તા ૧૫-૦૬-૨૫ ના રોજ મહેન્દ્રભાઈ રાવલના અધ્યક્ષ સ્થાને મળી હતી.આ બેઠકમાં સૌ કારોબારી સભ્યો દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ નાસમાજના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.જેમાં કમલેશભાઈ જોશી - પ્રમુખ, પરાગભાઇ ભટ્ટ - મહામંત્રી, મહેશભાઈ ત્રિવેદી - ઉપપ્રમુખ, જગદીશભાઈ ત્રિવેદી ખજાનચી, રાજેન્દ્રભાઈદવે - સહમંત્રી તેમજ હર્ષદભાઈ વ્યાસ સહમંત્રી તરીકે વરણી કરવામાં આવી છે.

# પી.એન્ડ ટી.વી. શેઠ હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો

રાજકોટ,તા.૧૮

તાજેતરમાં પી.એન્ડ ટી.વી.શેઠ હાઇસ્કૂલમાં જુદી જુદી પ્રવૃતિઓમાં વિજેતા થનાર તેમજ સશસ્ત્ર સેનાધ્વજ દિવસ માટે વધુ ફંડ એકત્ર કરનાર વિદ્યાર્થીઓનો સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો. શાળાના આચાર્ય ડો.તુષારભાઈ પંડયાએ સૌનું શાબ્દિક સ્વાગત કરી વિજેતાઓને પ્રોત્સાહિત કરવા અંગેની જાણકારી આપી. સશસ્ત્ર સેનાધ્વજ માટે સૌથી વધુ ફાળો એકત્ર કરનાર ધો.૯ના વિદ્યાર્થીઓ સરવૈયા ચિરાગ પાડલીયા હાર્દિક, કોટક જય, વનાળીયા જીગર, બસિયા દીપને અને ધો.૧૧ના વિદ્યાર્થીઓ બાવળીયા કિશન અને કોબિયા અમિતને પણ શિલ્ડ અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. ગત વર્ષે યોજાયેલ માતૃભાષાની જુદી જુદી સ્પર્ધાના વિજેતાઓને શિલ્ડ તથા પ્રમાણપત્ર તથા ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. શાળામાંથી પોતાના વતનમાં બદલી મળતા વતનમાં જઈ રહેલા અમીતાબેન પટેલને શુભેચ્છા આપવામાં આવી તેનો પ્રતિભાવ તેઓએ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નિષ્ઠાબેન સોલકીએ કર્યું હતું.




# આઈ.સી.ડી.એસ.અને આરોગ્ય શાખા દ્વારા મિશન પોષણ RMC વર્કશોપઃ ૩૬૪ આંગણવાડીના બાળકોનું કાઉન્સેલિંગ

રાજકોટ,તા.૧૮

મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા તથા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર મનીષ ગુરવાનીના માર્ગદર્શન તથા પ્રોગ્રામ ઓફિસર શારદાબેન દેસાઈ અને આરોગ્ય અધિકારી ડો. જયેશ વાકાણીના નિર્દેશન હેઠળ તા.૯ થી તા.૧૧ જૂન દરમિયાન સરકારના ‘‘પોષણ સંગમ’ કાર્યક્રમ અંતર્ગત ‘‘મિશન પોષણ RMC વર્કશોપનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમ અંતર્ગત આંગણવાડી વર્કરો, સુપરવાઇઝર, સીડીપીઓઓ, ફિમેલ હેલ્થ વર્કર, મેડિકલ ઓફિસર, RBSK મેડિકલ ઓફિસર અને તેમની ટીમને રાજકોટ મહાનગરપાલિકાની કુલ ૩૬૪ આંગણવાડી કેન્દ્રના કુપોષિત બાળકોને સુપોષિત કરવા માટે રૂબરૂ વિઝિટ કરી કાઉન્સેલિંગ દ્વારા સુપોષિત કરવા અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવેલ. વર્કશોપના અંતે કુપોષિત બાળકોને સુપોષિત બનાવવા માટે આઈ.સી. ડી. એસ તેમજ આરોગ્ય શાખાના અધિકારીઓ અને કર્મચારીઓએ સાથે મળીને પ્રતિજ્ઞા લઈને કુપોષિત બાળકોને સુપોષિત બનાવવાનો સંકલ્પ કરેલ છે.

## રવિવારે સપ્તસૂરગ્રુપના ઉપક્રમે જુના હિંદી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ યોજાશે

આગામી તા.૨૯ની જૂનના રવિવારે હેમુગઢવી હોલ ખાતે રાત્રે ૯.૧૫ કલાકે રાજકોટના જાણીતા ધારાશાસ્ત્રી નોટરી દંપતી આસિત સોનપાલ તથા મીનલ સોનપાલ દ્વારા સપ્તસુર ગ્રુપના ઉપક્રમે જૂના હિંદી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે.ઉપરોકત કાર્યક્રમમાં અમદાવાદના ડો.પાયલ વખારીયા, મનદીપ દેવર્ષિશ લેજેન્ડરી ગાયક મહમદરફી, કિશોર લત્તા, આશા તથા મહેન્દ્ર કપુરના યાદગાર ગીતોની પ્રસ્તૃતિ કરશે. વિશેષ વિગત માટે સપ્તસુર ગ્રુપ ૧૦૨ આદિત્ય સેન્ટર ફુલછાબ ચોક, ખાતે સાંજે ૬ થી ૮ (મો.નં.૯૯૭૯૦ ૩૫૮૬૮)દરમ્યાન સંપર્ક કરવા જણાવાયું છે.

# ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી સ્વ.વિજયભાઈ હંમેશા મારા સુખદુઃખના સાથી રહ્યા છેઃ જૈન અગ્રણી મયુર શાહ

રાજકોટ તા.૧૮

રાજકોટ જૈન સમાજના અગ્રણી, ભાજપના આગેવાન, પંચનાથ હોસ્પીટલના ટ્રસ્ટી તેમજ અન્ય સંસ્થાઓ સાથે સંકળાયેલા સેવાભાવી મયુરભાઈ શાહને નાનપણથી જ સ્વ.વિજયભાઈ રૂપાણી સાથે આત્મિક નાતો રહ્યો છે. સુખદુ:ખના પ્રસંગોમાં એકબીજા ઉભા રહી જતા.

મયુર શાહે જણાવ્યું કે વિજયભાઈ રૂપાણીના આકસ્મિક નિધનથી મારા જીવનમાં ન પુરી શકાય તેવી ખોટ પડી છે. તેઓ મારા મોટાભાઈ સમાન હતા, મારા માર્ગદર્શક અને સુખદુ:ખના સાથી રહ્યા હતા. મારા પરિવારને હંમેશા હુંફ આપી છે.

તેમણે જણાવ્યું કે મારા જીવનનો એક યાદગાર પ્રસંગ કયારે ભૂલી શકું તેમ નથી. જયારે વિજયભાઈ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે મારા ધર્મપત્નીની ખબર કાઢવા તેઓ મારા નિવાસસ્થાને અંજલી ભાભી સાથે આવેલા અને અમોને હુંફ આપી તે અમારા માટે એક ગૌરવની ક્ષણ હતી. પરમકૃપાળુ તેમના આત્માને શીઘ્ર મોક્ષ ગતિ સાથે પરમ શાંતિ આપે એજ પ્રાર્થના છે.



# વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપતી હાલારના હુંડાની સંસ્થા વિશાશ્રીમાળી વણિક જૈન વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપના ફોર્મનું વિતરણ શરૂ

### ગો.ડા.શાહ વિશાવણિક વિદ્યોતેજક સંસ્થા (જામનગર) દ્વારા શૈક્ષણિક સેવાઃ ફોર્મ પરત આપવાની તા.૩૧મી જુલાઈ

રાજકોટ,તા.૧૮

એક સદીથી પણ વધુ સમયથી કાર્યરત, મૂળ હાલારના હાલારના હૂંડાના વતની, અને હાલમાં ક્યાય પણ વસતા પરિવારોના સંતાનોને સ્કોલરશીપ સહાય આપતી શ્રી.ગો.ડા. શાહ વીશાશ્રીમાળી વણિક વિદ્યોતેજક સંસ્થા (જામનગર) દ્વારા સંસ્થાના પરિવારજનોને અભ્યાસમાં મદદરૂપ થવાના શુભઆશય સાથે ધો. ૧૦ કે તેથી ઉપરના અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં આવે છે. સ્કોલરશીપના ફોર્મ સંસ્થાના મેમ્બર ગ્રુપમાં મુકવામાં આવેલ છે તે જ ભરીને આપવાનાં રહેશે.

જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓનો આર્થિક અડચણને અભાવે ઉચ્ચ અભ્યારા અટકે નહિ તેવા શુભ આશયથી સંસ્થા કામ કરે છે અને તે માટે સુખી-સંપન્ન-દાનેથરી પરિવારના દાનની સરવાણીનો રાદ દ્દુપયોગ કરવામાં આવે છે.સંસ્થાના પ્રમુખ રાજુભાઈ મહેતા(મો. ૯૮૨૪૧૩૪૩૧૧) ટ્રસ્ટી મુકેશભાઈ (મો. ૯૪૨૮૫૭૦૭૩૭માંથી કોઈપણ એકના મોબાઈલ ઉપર નામ, મૂળ વતન અને હાલના અભ્યાસની વિગત વ્હોટ્સએપ મેસેજ કરવાથી વધુ વિગત મળી શકશે.

ખાસ ધ્યાન આપશો કે, હાયર એજ્યુકેશન માટે વગર વ્યાજની લોન સંસ્થા આપી રહી છે તેમાટે લાભાર્થીએ સંસ્થાના પ્રમુખ રાજુભાઈ મહેતાનો સંપર્ક કરવાનો રહેશે.

વ્હોટ્સએપ કર્યા બાદ મોબાઇલ કરવાની જરૂર નથી. ફોર્મમાં સંપુર્ણ વિગત, મોબાઈલ નંબર સહિત માર્કશીટ ની ઝેરોક્ષ સેલ્ફ એટેસ્ટેડ, વિદ્યાર્થીનું ઓરીજીનલ બોનાફાઈડ સર્ટીફિકેટ (સેલ્ફ એટેસ્ટેડ) સાથે તા. ૩૧-૭-૨૦૨૫ સુધીમાં સંસ્થાની ઓફિસ, એ-૨, ભરત ચેમ્બર્સ, બારદાનવાળા ચેમ્બર્સ, જામનગર, (મહેન્દ્રભાઈ શેઠ-સેક્રેટરી, મો. ૯૯૨૪૧૩૪૮૨૪) ખાતે મોકલવાના રહેશે.

કોઇ વિદ્યાર્થીની પરીક્ષા કે રીઝલ્ટ બાકી હોય તેઓએ પણ સ્કોલરશીપના ફોર્મ સમય મર્યાદામાં મેળવી પરત કરી આપવાના રહેશે.ધામધુમથી શતાબ્દી વર્ષ ઉજવેલ આ સંસ્થા દ્વારા હાલારના હૂંડાના વિણક જૈનો હાલમાં જામનગર, રાજકોટ, ભાવનગર, પોરબંદર, જુનાગઢ, ગાંધીધામ, ભૂજ, સુરેન્દ્રનગર, અમરેલી, અમદાવાદ, સુરત, વડોદરા, મુંબઈ ઉપરાંત સૌરાષ્ટ્ર-કચ્છ અને સમગ્ર ગુજરાતના સંખ્યાબંધ નાના-મોટા ગામડાઓમાં વસેલા છે ત્યારે ઉપરોક્ત સ્કોલરશીપ સુવિધાનો બહોળો પ્રમાણમાં લાભ લેવા માટે સંસ્થાના પદાધિકારીઓ રાજુભાઈ મહેતા (પ્રમુખ), મહેન્દ્રભાઈ શેઠ (સેક્રેટરી), માર્ગદર્શક ટ્રસ્ટીઓ ચંદ્રકાંતભાઈ પટેલ, ભરતભાઈ પટેલ તથા કિશોરભાઈ શાહ (ઉપપ્રમુખ), કિરણભાઈ મહેતા (ઉપપ્રમુખ) (મુંબઈ)એ અનુરોધ કરેલ છે.

## શુક્રવારે ઓશો ગીતા નિવેદિતા ધ્યાન મંદિરે જન્મોત્સવ-ધ્યાનોત્સવ

ઓશો ગીતા નિવેદિતા ધ્યાન મંદિરના ઈનર સર્કલ મેમ્બરસ્વામી પ્રેમ મુસાફિર (વિજયભાઇ ભુવા) નો આગામી તા.૨૦ને શુક્રવારના રોજ ૪૩ મો જન્મદિવસ નિમિતે ઓશો ગીતા નિવેદિતા ધ્યાન મંદિરે જન્મોત્સવ-ધ્યાનોત્સવ કાર્યક્રમનું આયોજન આનંદ યોગીની(ચેતનાબેન ભુવા)એ કરેલ છે.

# ભૂગર્ભ ગટર-સેપ્ટીક ટેન્કની સફાઇ જોખમી : કામદારોને તાલીમ

### સાધનોના ઉપયોગ, નિયમો અંગે માર્ગદર્શન અપાયા : સલામતી અંગેની ટ્રેનિંગ માટે વર્કશોપનું આયોજન

રાજકોટ, તા. ૧૮

નેશનલ સફાઈ કર્મચારી ફાયનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા ભૂગર્ભ ગટર તથા મશીન હોલની સફાઈ કામગીરી સાથે સંકળાયેલ સફાઈ કામદારોને સેફ્ટીના સાધનોના વપરાશ, નિયમો, વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન આપવા વર્કશોપ યોજાયો હતો.



મનપા ખાતે (૧) પીપીઇ કીટ્સ, સલામતી સાધનો અને મશીનોના ઉપયોગ અને મહત્વ (૨) એક્ટ, ૨૦૧૩ની જોગવાઈ તથા ગટર અને સેપ્ટિક ટાંકીની સલામત અને આરોગ્યપ્રદ સફાઈ અંગેના નિયમો (૩) ગટરો અને સેપ્ટિક ટેન્કની સફાઈ પહેલાં, દરમ્યાન અને પછી લેવાતા સાવચેતી પર પ્રેઝન્ટેશન (૪) સ્વચ્છતા ઉધમી યોજના હેઠળ સ્વચ્છતા સંબંધિત પ્રોજેક્ટ માટે ધિરાણ આપવાની યોજનાઓ (૫) ગટર અને સેપ્ટિક ટેન્કની જોખમી સફાઈ અટકાવવા માટે અર્ધદિવસીય વર્કશોપ યોજાયેલ હતો.

આ કામગીરી સાથે સંકળાયેલા કામદારો સાથે ભવિષ્યમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સેફ્ટીના સાધનોનો યોગ્ય ઉપયોગ કરવાથી તથા સફાઈ કામગીરીની યોગ્ય નિયમ અનુસરવાથી શક્ય અકસ્માતો નીવારી શકાય છે. જેમાં ડ્રેનેજ પ્રોજેક્ટ શાખાના ના.કા.ઈ. પી.એમ.કાસુન્દ્રા, મદદનીશ ઇજનેર રાજેશ રાઠોડ, ગૌરવ પુરબિયા, વર્ક આસીસ્ટન્ટ રવી સોલંકી, નવઘણ જે. પ્રજાપતી તેમજ તમામ ૧૮ વોર્ડના નાયબ કાર્યપાલક ઈજનેર સહિતના અધિકારીઓ, એસઆઇ, એજન્સીના પ્રતિનિધિ, કોન્ટ્રાક્ટર, કામદારો હાજર રહ્યા હતા અને માહિતી અપાઇ હતી. વર્કશોપનું આયોજન સીટી એન્જીનીયર કે.પી.દેથારીયાના માર્ગદર્શન હેઠળ થયેલ હતું.

# રવિવારે સૂર્યનો આદ્રા નક્ષત્રમાં પ્રવેશઃ ચોમાસાનો વિધિવત પ્રારંભ

આગામી તા.૨૨મી જુનના રવિવારે સવારે ૬-૨૦ કલાકે સૂર્યનો આદ્રા નક્ષત્રમાં પ્રવેશ થતા વિધિવત ચોમાસાનો પ્રારંભ થશે. તા.૨૧ જુનના શનિવો સાયન સૂર્ય કર્ક રાશિમાં જતા દક્ષિણાયન અને વર્ષાઋતુનો પ્રારંભ થશે. વર્ષનો સૌથી લાંબો દિવસ રહેશે.

સૂર્યદેવ આદ્રા નક્ષત્રમાં પ્રવેશ કરશે તે સમયે ગોચરમાં ચંદ્ર ભરણી નક્ષત્રમાં છે. સુકર્મા નામનો યોગ છે. કૌલય કરણ છે. મેચ રાશિનો ચંદ્ર છે. વાહન ઉંદરનું છે જે મધ્યમ ગણાય.

આદ્રા નક્ષત્રની પ્રવેશ કુંડળી જોતા મિથન લગ્નમાં સૂર્ય, બુધ અને ગુરૂની યુતિ વરસાદ માટે સારી ગણાય. તિથિ પ્રમાણે અનાજ કઠોળના ભાવ વધે. વાર પ્રમાણે જોવામાં આવે તો સફેદ વસ્તુઓ મોંઘી બને, પશુઓમાં પીડા થાય. નક્ષત્ર પ્રમાણે આફતોને આમંત્રણ, યોગ પ્રમાણે વેપારમાં વધારો, મોંઘવારી વધે.

આ વર્ષે ગુજરાતમાં ૮૦ થી ૧૦૦ ટકા વરસાદ પડે તેવી સંભાવના છે તેમ જયોતિષી શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંત રત્ન)એ જણાવેલ છે.

# રેલનગરમાં સામાન્ય વરસાદમાં વીજ પુરવઠો ખોરવાતા કાયમી નિકારણ લાવવા કોંગ્રેસ આગેવાનોની માંગણી

### રાજકોટની વધતી જતી વસ્તી જન સંખ્યાને આધારે વધુએક ડિવિઝન ઓફિસની જરૂરિયાતઃ એમ.ડી.ને લેખીત રજૂઆત

રાજકોટ,તા.૧૮

રાજકોટના રેલનગર વિસ્તારમાં સામાન્ય વરસાદમાં વીજ પુરવઠો ખોરવાતા આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવા સાથે વસ્તી આધારે ચોથી ડિવિઝન ઓફિસનું નિર્માણ કરવા શહેર કોંગ્રેસ સમિતિ પ્રમુખ અતુલ રાજાણીએ પીજીવીસીએલના એમ.ડી.ને લેખીત રજૂઆત કરી છે.રજુઆતમાં જણાવ્યા મુજબ રાજકોટના રેલ નગર વિસ્તારના છત્રપતિ ટાઉનશીપ અને પોપટપરા સહિતના વિસ્તારોમાં દર વર્ષે નજીવા પવનથી અથવા નજીવા વરસાદને પગલે વીજબત્તી ગુલ થવાની ઘટના બની રહી છે. શનિવારે સાંજે ત્રણ ઇંચ વરસાદની સાથે જ આ વિસ્તારોમાં સાંજે છ વાગ્યાથી લાઈટ ગૂલ થવાની ઘટના બની હતી જેનું રીપેરીંગ કામ રાત્રે ૧૨:૦૦ વાગ્યા સુધી પણ થયેલું હતું. રાત્રે ફોલ્ટ સેન્ટરના ફોન લાગતા નથી અને ૧૮૦૦૨૩૩૧૫૫૩૩૩ ફોન તો શોભાનો ગાંઠિયા જેવો બની જાય છે. ખરા સમયે માધાપર અને બેડીનાકા ડિવિઝન ના અધિકારીઓના પણ ફોન ઉપડતા નથી જે પગલે લોકોને ભારે હાલાકી ભોગવવી પડે છે અને આ વિસ્તારમાં હાલ સ્ટાફ ઓછો હોય તો તાત્કાલિક સેટઅપ વધારી યોગ્ય કરશો. આ વિસ્તારમાં જો પ્રિ મોન્સુન કામગીરી કરવામાં આવી ન હોય તો તાત્કાલિક જરૂર જણાયે વાયરીંગ નું કામ અને ટીસી ના કામ ની મરામત કરવી.

હાલ આ વિસ્તાર માધાપર સબ ડિવિઝન અને બેડીપરા સબ ડિવિઝન હેઠળ આવે છે ત્યારે રેલ નગરમાં છેલ્લા પાંચ વર્ષમાં વસ્તીમાં વધારો થયો છે અને ગ્રાહકોની સંખ્યામાં પણ જબરદસ્‌ત ઉછાળો આવ્યો છે ત્યારે આ વિસ્તાર રેલ નગરમાં એક સબ ડિવિઝન બનાવવાથી અન્ય બને ડિવિઝનનું ભારણ ઘટશે અને લોકોને નજીકમાં સુવિધા મળશે અગાઉ તા.૨૦/૯/૨૦૨૩ અને તારીખ ૩/૩/૨૦૨૪ ના લેખિત રજૂઆત કરી હતી જે અંગે કોઈ પ્રત્યુતર મળેલ નથી અને કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા રેલ નગરમાં ‘‘ધાંધિયા સર્જાય છે. અને લાઈટ પુનઃ શરૂ કરવામાં કલાકો ના વિલંબ થાય છે.આ રજૂઆત અંગે તાત્કાલિક યોગ્ય નિરાકરણ કરી આપ દ્વારા થયેલ કાર્યવાહીની જાણ કરશો.

## રાજસ્થાનના સાદડી (રાણકપુર)ના આંગણે
# તા.૬ઠ્ઠીના ઉપાધ્યાય શ્રી યોગેન્દ્ર વિ.મ. આદિનો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ

રાજકોટ તા.૧૮

પૂ. આત્મ-વલ્લભ-સમુદ્ર-ઈન્દ્રદિન્ન, રત્નાકર સૂરિ સમુદાયના પૂ.ગચ્છાધિપતિ, શ્રુતભાસ્કર આચાર્ય ભગવંત શ્રીમદ વિજય ધર્મધુરંધરસૂરિજી મ.ના આજ્ઞાનુવર્તી તથા પૂ.આ. શ્રી જગતચંદ્ર સૂરિજી મ.ના શિષ્ય, સરળ સ્વભાવી, મધુર પ્રવચનકાર ઉપાધ્યાય પ્રવર શ્રી યોગેન્દ્ર વિજયજી મ. બાલમુનિ શ્રી જયેન્દ્ર વિજયજી મ. પૂ. નૂતન બાલમુનિ શ્રી ધર્મયશ વિ.મ. આદિઠાણા તથા પૂ. સાધ્વીજી શ્રી પદ્મયશાશ્રીજી મ. આદિ ઠાણાનો આગામી તા.૬ઠીના રવિવારે રાજસ્થાનના સાદડી-રાણકપુર ખાતે સવારે સાત વાગે ચાતુર્માસ પ્રવેશ થશે તેમ ધર્મચંદ દયાચંદ જૈન શ્વે.મૂર્તિપૂજક સંઘે જણાવેલ છે.

ગુજરાતના ૨૨૭ તાલુકામાં વરસાદ નોંધાયો : સૌરાષ્ટ્ર-કચ્છના લગભગ તમામ જિલ્લામાં વરસાદની ઈનિંગ સાથે વાવણી શરૂ

# બરવાળામાં ૮, સાયલામાં ૬.૫, બોટાદ-મુળીમાં ૫.૫ ઈંચ, થાનગઢ-ચુડામાં પાંચ ઈંચ વરસાદ

## કચ્છના ગાંધીધામમાં પણ સાડા ત્રણ ઈંચ સહિત તમામ તાલુકામાં વરસ્યો : મોરબી, જુનાગઢ, અમરેલી, રાજકોટ જિલ્લામાં છુટોછવાયો વરસાદ : આણંદ, અમદાવાદ જિલ્લામાં ધીમી વર્ષા

રાજકોટ, તા. ૧૮

સૌરાષ્ટ્રમાં બે દિવસથી ચોમાસુ જામી ગયું છે. ભાવનગર, અમરેલી, બોટાદ જિલ્લામાં ધોધમાર વરસાદ વચ્ચે ડેમો છલકાવાથી માંડી લોકોના બચાવ કાર્ય કરવા પડયા છે. ગત રાતથી વરસાદનું જોર થોડુ ધીમુ પડયું છે પરંતુ આજે સવારે પણ સુર્યદેવના દર્શન થયા નથી અને હજુ વરસાદની આગાહી કરવામાં આવી છે ત્યારે આજે સવાર સુધીમાં રાજયના કુલ ૨૨૭ તાલુકામાં વરસાદ પડયો છે. તેમાં સૌથી વધુ આઠ ઈંચ વરસાદ બોટાદ જિલ્લાના બરવાળામાં આઠ ઈંચ (૧૯૫ મીમી) વરસી ગયો છે.

બોટાદ જિલ્લામાં ગઇકાલે વાહનો તણાવાના બનાવ પણ બન્યા હતા જેમાં ગીરગઢડામાં પાણીમાં ફસાયેલા ૧૮ લોકોનું દીલધડક રેસ્કયુ કરાયું હતું. તો બોટાદની ભાદર નદી પરનો સુખસાગર ડેમ ઓવરફલો થતા ચાર દરવાજા ખોલવામાં આવ્યા છે.

બોટાદ જિલ્લા ઉપરાંત સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગરના સાયલામાં સાડા છ ઈંચ, બોટાદમાં સાડા પાંચ ઈંચ, મુળીમાં સાડા પાંચ ઈંચ, જોડીયામાં સાડા પાંચ ઈંચ, ભાવનગરના ઉમરાળા અને સુરેન્દ્રનગરના થાનગઢમાં પાંચ પાંચ ઈંચ, વલ્લભીપુરમાં સાડા ચાર ઈંચ, ચુડામાં ચાર ઈંચ, રાણપુરમાં ૪ ઈંચ વરસાદ વરસ્યો છે. આ રીતે બોટાદ જિલ્લામાં મેઘરાજા રીતસર તુટી પડયાનો અનુભવ લોકોને થયો છે.

કચ્છના ગાંધીધામમાં પણ સાડા ત્રણ ઈંચ વરસાદ વરસી ગયો છે. નખત્રાણામાં ત્રણ ઈંચ, અબડાસામાં બે ઈંચ, અંજારમાં ત્રણ ઈંચ, ભચાઉ અને ભુજમાં બે બે ઈંચ, રાપરમાં પણ બે ઈંચ પાણી પડયાના અહેવાલ છે.

મોરબીના માળીયામાં અને હળવદમાં અઢી અઢી ઈંચ પાણી વરસ્યુ છે. ભાવનગરના સિહોરમાં પણ અઢી ઈંચ, મોરબી શહેરમાં સવા બે ઈંચ, ચોટીલા અને વઢવાણમાં સવા બે ઈંચ, વાંકાનેરમાં બે ઈંચથી વધુ, દ્વારકાના કલ્યાણપુરમાં બે ઈંચ વરસાદ વરસી ગયો છે.

જામનગર જિલ્લામાં જોડિયા સહિત ૧ થી સાડા પાંચ ઈંચ વરસાદ પડયો છે. રાજકોટ શહેરમાં સવા ઈંચ પાણી પડયાનું સ્ટેટ કંટ્રોલમાં નોંધાયું છે. ધ્રોલ, ગઢડા, કાલાવડ, લીંબડી, ટંકારા, લખપત, માળીયા હાટીના, લાઠી, લોધીકા, જામજોધપુરમાં એક એક ઈંચ, પડધરીમાં પોણો ઈંચ વરસાદ વરસ્યો છે.

રાજયમાં બનાસકાંઠાના દેવોદરમાં અને અમદાવાદના ધંધુકામાં સાડા ત્રણ ઈંચ વરસાદ પડયો છે. આણંદના બોરસદમાં પણ સવા ઈંચ, ખંભાતમાં ત્રણ ઈંચ, ઢોલેરામાં અઢી ઈંચ, આણંદમાં અઢી ઈંચ, ઇડરમાં અઢી ઈંચ વરસાદ વરસ્યો છે. આજે પણ સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આકાશમાં વાદળો છવાયેલા છે.

## ભાવનગર જિલ્લાના ૭૪ ગામો હજુ વીજળીવિહોણા

(વિપુલ હિરાણી) ભાવનગર તા.૧૮

ચોમાસુ સીઝનના પ્રથમ વરસાદમાં ભાવનગર શહેર અને જિલ્લામાં જાહેર જનજીવન પ્રભાવિત બન્યું છે. ભાવનગર જિલ્લામાં ૨ થી ૧૫ ઈંચ જેટલા વ્યાપક વરસાદથી અનેક ગામોમાં વીજળી ગૂલ થઈ ગઈ છે. જિલ્લામાં ભારે વરસાદના કારણે ભાવનગર તાલુકાના ૫૭, મહુવા તાલુકાના ૪ અને પાલિતાણા તાલુકાના ૧૩ ગામો મળી હજુ ૭૪ ગામોમાં આજે બીજા દિવસે રાત્રીના વીજ પુરવઠો બંધ રહેતા અંધારપટ્ટ છવાયેલો જોવા મળ્યો હતો. જિલ્લામાં ભારે વરસાદથી પી.જી.વી.સી.એલ.ના ખેતીવાડીના ૧૬૭ ફિડર, જ્યોર્તિગ્રામના ૧૧ ફિડર અને ઈન્ડસ્ટ્રિયલના ૫ ફિડર મળી કુલ ૧૮૩ ફિડરમાં વીજ પ્રવાહ પૂર્વવત થઇ શક્યો નથી. જિલ્લામાં ખોરવાયેલા વીજ વ્યવસ્થાપનને ફરીથી યોગ્ય કરવા PGVCL દ્વારા ૧૩૧ ટીમો કામે લગાડી છે.

## ગીરગઢડામાં ધસમસતા પાણીમાં ફસાયેલા ૧૮ લોકોનું દિલધડક રેસ્કયુ : બોટાદનો સુખસાગર ડેમ છલકાઈ ગયો

# શેરબજારમાં ઉંચા વળતરની લાલચે વધુ એક રાજકોટનો યુવક ફ્રોડનો ભોગ બન્યો: ૧૬.૬૭ લાખ ગુમાવ્યાં

## બનાવટી એપ ડાઉનલોડ કરાવી લાખો રૂપિયા રોકાણ કરાવ્યું, એપ એકાઉન્ટમાં ૪૧ લાખ દેખાડી વધુ રૂપિયા માંગ્યા: સાયબર ક્રાઈમે ગુનો નોંધી તપાસ આદરી

રાજકોટ.તા.૧૮

શહેરમાં દિન પ્રતિદિન લોકો સાયબર ફ્રોડનો ભોગ બની રહ્યા છે ત્યારે વધું ૨ક યુવાન સાથે શેરબજારમાં ઊંચા વળતરની લાલચ આપી, બનાવટી એપ ડાઉનલોડ કરાવી તેમાં ઊંચો નફો બતાવી રૂા. ૧૬.૬૭ લાખનું ફ્રોડ આચરતા યુવાનને રૂપીયા ગુમાવવાનો વારો આવ્યો હતો. જે અંગે સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. જે ત્રણ બેન્ક ખાતાઓમાં છેતરપિંડીની રકમ જમા થઈ હતી તેના ધારકોને પોલીસે આરોપી બનાવ્યા છે.

બનાવ અંગે મોરબી રોડ પર ગણેશનગરમાં રહેતા અને નોકરી કરતાં રણજીતભાઈ રૂડાભાઈ સોલંકી (ઉ.વ.૪૩) એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે ગઇ તા. ૨૩ એપ્રિલના રોજ તેણે ઇન્સ્ટાગ્રામમાં શેરબજારની ટીપ્સ મેળવી સારું રિટર્ન મેળવો તેવી એડ જોઈ હતી. જેમાં ક્લીક કરતાં એક વોટ્સએપ નંબર આવ્યો હતો. તે વખતે સામાવાળાએ પોતાની શારોન ત્રિવેદી તરીકે ઓળખ આપી શેરબજાર વિશે સમજાવ્યું હતું.જેથી તેના વિશ્વાસમાં આવી જતાં તેણે મોકલેલી લીંકના આધારે પ્લે સ્ટોર ઉપરથી એક એપ ડાઉનલોડ કરી હતી.

જેમાં પોતાનું એકાઉન્ટ બનાવી પાનકાર્ડની ડીટેઈલ નાખી રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. ત્યાર પછી સામાવાળાએ તેને એક સ્ટોકમાં રોકાણ કરવાનું કહેતા રૂા. ૪ લાખનું રોકાણ કર્યું હતું. ધીરે-ધીરે સામાવાળાના વિશ્વાસમાં આવી કુલ રૂા. ૧૬.૧૭ લાખનું રોકાણ કર્યું હતું.જેની સામે તેને સામાવાળાએ ડાઉનલોડ કરાવેલી એપમાં રૂા. ૪૧.૧૫ લાખનો નફો બતાવાતો હતો. જેથી તેણે આ રકમ ઉપાડી લેવાની વાત કરતાં સામાવાળાએ તેને બેન્ક સાથે સેટલમેન્ટના નામે રૂા. ૪ લાખ જમા કરાવવાનું કહ્યું હતું. પરંતુ ફરિયાદીને તેની સાથે ફ્રોડ થયાની ગંધ આવી જતાં આ રકમ ભરવાનો ઇન્કાર કર્યો હતો. એટલું જ નહીં સાયબર ક્રાઈમના હેલ્પલાઈન નંબર ઉપર ફરિયાદ કરી હતી. જે બાદ સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી પીઆઈ એમ.એ.ઝનકાંટ અને ટીમે તપાસ આદરી છે. જેના આધારે સાયબર ક્રાઈમ પોલીસે ગુનો દાખલ કર્યો હતો.આ પ્રકારના કારસ્તાન આચરનાર ગેંગ જવલ્લે જ પકડાય છે. તેની બદલે આ ગેંગ દ્વારા જે બેન્ક ખાતા ભાડે લઇ તેમાં ઠગાઈની રકમ જમા કરાવાય છે તેના ધારકો જ મોટાભાગે પકડાય છે. આ કિસ્સામાં પણ જે ત્રણ બેન્ક ખાતામાં ઠગાઈની રકમ જમા થઈ હતી તેના ધારકોને આરોપી બનાવી સાયબર ક્રાઈમ પોલીસના પીઆઇ એમ.એ.ઝણકાટ અને સ્ટાફે તપાસ આગળ ધપાવી છે.

# લાખો શ્રદ્ધાળુઓના આસ્થાના કેન્દ્રસમા પરબધામમાં ધામધૂમપૂર્વક ઉજવાશે અષાઢી બીજ મહોત્સવ : તૈયારીઓ શરૂ

## અષાઢી બીજ મહોત્સવની ઉજવણી અંતર્ગત ત્રિદિવસીય સ્વયંભૂ લોકમેળો, હોમ હવનનું આયોજન : હજારો લોકો એક રસોડે ભોજન પ્રસાદ ગ્રહણ કરશે



(જીતેન્દ્ર આચાર્ય)
ગોંડલ તા.૧૮

સોરઠધરાની અતિ પ્રાચિન અને પાવન પ્રસિધ્ધ એવી પરબધામ ની જગ્યામાં આગામી અષાઢીબીજ મહોત્સવ ધામધૂમ પૂર્વક ઉજવાશે. ત્રિદિવસીય સાંસ્કૃતિક લોકમેળા સહિત હોમ હવન અને યજ્ઞ સહિત ધાર્મિક આયોજન કરાયા હોય હજારો સેવકો દ્વારા તડામાર તૈયારીઓ થઇ રહી છે.



ભેંસાણ નજીક આવેલી પરબ(વાવડી)ની જ્યા અતી પ્રાચીન અને પૌરાણિક મનાય છે.રકતપીત થી પીડીત દુખીઓ ની સેવા સાથે અહાલેક જગાવનારા સંત દેવીદાસબાપુ અને અમરમાઁ એ અંદાજે ચારસો વર્ષ પહેલા પરબધામ માં જીવતા સમાધી લઇ સ્વર્ગે સિધાવ્યા હતા.તે સમય થી પરબ ખાતે પરંપરાગત અષાઢીબીજ ની ઉજવણી થઇ રહીછે.અહી ઓલીયા પીરની અન્ય ચેતન સમાધીઓ પણ છે.પરબધામ નો ઉલ્લેખ પૌરાણિક ભજનો માં પણ જોવા મળે છે.ત્યારે શ્રધ્ધાનાં પ્રતિક સમા પરબધામ માં અષાઢીબીજ મહોત્સવ મા અંદાજે વીસ થી પચ્ચીસ લાખ શ્રધ્ધાળુઓ પ્રતિ વર્ષ ઉમટી પડતા હોય જગ્યા નાં મહંત સંત પુ.કરશનદાસબાપુની નિશ્રામાં તમામ વ્યવસ્થાને આખરી ઓપ અપાઇ રહ્યોછે.આંબાવાડી માં અલાયદુ ભોજનાલય કાર્યરત થશે.જેમા સવાર થી મોડી રાત સુધી લાખો શ્રધ્ધાળુઓ ભોજન પ્રસાદ ગ્રહણ કરશે. તા.૨૫નાં સવારે નવ કલાકે સ્વયંભુ ત્રિદિવસીય સાંસ્કૃતિક લોકમેળો પુ.કરશનદાસબાપુનાં હસ્તે ખુલ્લો મુકાશે.તા.૨૬ નાં સવારે સાત કલાકે વિષ્ણુયાગ,રુદ્ર યાગ તથા પર્જન્યયાગ યજ્ઞનો પ્રારંભ થશે.તા.૨૭ અષાઢીબીજ નાં પાવન દિવસે સવારે સાત કલાકે પુ.કરશમદાસબાપુનાં હસ્તે નિશાન પુજન થશે.

**ત્રિદિવસીય રાત્રે સંતવાણીની આરાધના થશે**

સૌરાષ્ટ્રનું સૌથી મોટુ તીર્થસ્થાન ગણાતા પરબધામ ખાતે અષાઢીબીજ મહોત્સવમાં દેશ વિદેશ થી લાખો શ્રધ્ધાળુઓ ઉમટી પડતા હોય આગામી મહોત્સવ માટે જુનાગઢ પ્રશાસન એલર્ટ બની બંદોબસ્ત સહિત વ્યવસ્થા ગોઠવી રહ્યુ છે.

વિધાનસભાની પેટા ચૂંટણીનો જંગ ચરમસીમાએ પહોંચ્યો

# વિસાવદરમાં 'આપ'ના હોદેદારોને ફોડવા હરિફોએ બે લાખ આપ્યા?

## ફેસબુક ઉપર લાઈવ સ્ટિંગ ઓપરેશન વાયરલ: બે શખ્સો હોટલની બારીમાંથી કુદી ખેતર તરફ દોટ મુકી ભાગ્યા

જુનાગઢ તા.૧૮

આવતીકાલે વિસાવદર વિધાનસભાની પેટા ચૂંટણીનું મતદાન થવાનું છે તે પૂર્વે ગઈકાલે હીન્ન કક્ષાની શરમ આવે તેવી ઘટના ઘટવા પામી હતી. 'આપ'ના ઉમેદવાર ખરાબ છે તેવું આપના આગેવાન પાસે બોલાવવા રૂપિયાના બંડલોની લાણી કરવામાં આવી હતી. આ સમગ્ર મામલે આપના ઉમેદવારે પોતે જાતે સ્ટિંગ ઓપરેશન કરી ભાજપ કોંગીની મીલીભગત હોવાનો ઘટસ્ફોટ કર્યો હતો. વિસાવદરની એક હોટલમાં કોંગીના પૂર્વ ધારાસભ્ય લલીત વસોયા, લલીત કગથરાએ ભાજપના પૈસે સમગ્ર કારસો રચ્યો હતો. જેની ચૂંટણીપંચ અને પોલીસ સુધી મામલો પહોંચ્યો હતો.

આમ આદમીના ઉમેદવાર ગોપાલ ઈટાલીયાએ ભાજપ અને કોંગ્રેસની મીલીભગતનું લાઈવ સ્ટીંગ ઓપરેશન કર્યું હતું. આમ આદમી પાર્ટીના વિસાવદર તાલુકાના પ્રમુખ મહેન્દ્ર ડોબરીયાએ બે ત્રણ દિવસ પહેલા આપમાંથી રાજીનામું આપી ગોપાલ ઈટાલીયા વિરૂધ્ધ વિડીયો બનાવ્યો હતો. મહેન્દ્ર ડોબરીયા દ્વારા આપના એક બાદ એક હોદેદારોને વોટસએપ કોલ કરી ગોપાલ ઈટાલીયા વિરૂધ્ધ વીડિયો બનાવવા આપમાંથી રાજીનામુ આદી દેવા અને તેના બદલામાં એકથી પાંચ લાખ મેળવવાની ઓફર કરવામાં આવી હતી. આવા એક વોટસઅપ કોલનું તો સ્કીન રેકોર્ડીંગ પણ વાયરલ થયું છે. આપના તાલુકા મહામંત્રી હરદેવ વિકમાને મહેન્દ્ર ડોબરીયાએ ફોન કરી તેમની સાથે જોડાવવાની વાત કરી હતી. તેના બદલામાં રૂા.૫ લાખ નકકી કરાયા હતા. આ અંગે હરદેવભાઈએ આપના આગેવાનોને જાણ કરી હતી અને સમગ્ર મામલે સ્ટીંગ ઓપરેશન કરવાનું નકકી કર્યુ હતું. આપના તાલુકા મહામંત્રીને પૈસા આપતા પહેલા ગોપાલ ઈટાલીયા ભાજપ સાથે મળેલો છે તેવો વીડિયો બનાવવાનો અને હાલ આપમાંથી રાજીનામું આપી દેવાનું છે તેવી શરત રાખવામાં આવી હતી. આ સમગ્ર ઘટનાનું ૧૯ મીનીટનું સ્ટીંગ ઓપરેશન સોશ્યલ મીડીયા પર લાઈવ ચાલુ રાખવામાં આવ્યું હતું.

આ દરમ્યાન અન્ય વ્યકિતએ પણ લાઈવ શરૂ કર્યુ અને તે સાયોના હોટલના રૂમ નં.૨૦૧માંથી ધોરાજીના પૂર્વ ધારાસભ્ય લલીત વસોયાએ હોટલના રૂમમાંથી બહાર નીકળીને ચાલતી પકડી લીધી હતી. ઉપરાંત હોટલના ૨૦૫ રૂમમાં આવું જ કંઈક ખાનગી ચાલતુ હોવાથી ત્યાં દરવાજો ખટખટાવતા કેટલીવાર સુધી દરવાજો ખોલ્યો નહીં બાદ હોટલના માલીકે અહીં આવી પ્રવૃતિઓ ન કરવાનું કહેતા લાઈવ બંધ કરી દીધુ હતું. ત્યારબાદ આપના ઉમેદવાર અને જૈને પૈસા આપવામાં આવ્યા તે વ્યકિત સહિતનો કાફલો તાત્કાલીક પ્રાંત કચેરીએ ચુંટણી અધિકારી પાસે દોડી ગયા હતા. જયાં લેખીત રજુઆત કરી હતી. બાદ પોલીસ સ્ટેશને જઈ ફરીયાદ કરી જવાબદારો સામે પગલા લેવાની માંગ કરવામાં આવી હતી.

બારીમાંથી કુદયા: આમ આદમી પાર્ટીના આગેવાનો દ્વારા હોટલ સાયોના હોટલમાંથી સ્ટીંગ ઓપરેશન કરવામાં આવ્યું હતું. ત્યારે હોટલના રૂમ નં. ૨૦૫માં આપમાંથી રાજીનામુ આપી દીધેલા મહેન્દ્ર ડોબરીયા ડરના માર્યા હોટલની રૂમની બારીમાંથી પાછળની સાઈડની ખુલ્લી જગ્યા ખેતરમાં કુદીને ઉભી પુછડીયે ભાગ્યા હતા.

આ અંગે આપના આગેવાનોએ દલાલ ઉભો રહે કયાં ભાગીને જા છો તેવા સવાલો પુછતા તે દોડતો દોડતો ભાગી રહ્યાના દ્રશ્યો સોશ્યલ મીડીયામાં વાયરલ થયા છે.

**કઈ રીતે સ્ટીંગ ઓપરેશન થયું**

ગઈકાલે બપોરના આપના ગોપાલ ઈટાલીયાએ પોતાના તથા આપના સોશ્યલ મીડીયાના પ્લેટફોર્મ પર લાઈવ સ્ટીંગ ઓપરેશન શરૂ કર્યુ હતું. જેમાં હરદેવભાઈના પેન્ટ શર્ટના તમામ ખીસ્સા ખાલી કરાવડાવી માંડવડ રોડ પરની હોટલ શાયોનામાં મોકલ્યા હતા. પોતે લાઈવ શરૂ રાખી અન્ય કારમાં તેની પાછળ જઈ હોટલ પર રોકાયા હતા ત્યાં થોડીવારમાં હરદેવભાઈ હોટલમાંથી બહાર નીકળી તેમને આપવામાં આવેલા ૫૦૦ની નોટોના ચાર બંડલ એટલે કે બે લાખ કાઢી ગોપાલ ઈટાલીયાને આપ્યા હતા.

# ભાવનગર જિલ્લામાં અડધાથી ચાર ઈંચ વરસાદ: નવા નીરના વધામણા

## આજે શાળાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ રહ્યું, વલ્લભીપુર સવા ચાર, સિહોરમાં અઢી ભાવનગરમાં પોણો ઈંચ વરસાદ: મોરબીના વાંકાનેરમાં પોણો ઈંચ: મચ્છુ-૧ ડેમમાં નવા નીરની આવક: નદીઓમાં પુર વહ્યા



રાજકોટ,તા.૧૮

નૈઋત્વ ચોમાસુ સક્રિય થતાંની સાથે જ સૌરાષ્ટ્રભરના જિલ્લાઓમાં મેઘરાજાએ પધરામણી કરી નદી-નાળા ચેકડેમો છલકાવી દીધા છે. ત્યારે ગોહિલવાડમાં મેઘમહેર યથાવત રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં અડધાં થી સવા ચાર ઈંચ વરસાદ વરસ્યાં છે. તો બીજી જીવાદોરી સમો શેત્રુંજી ડેમ ઓવરફલો થતાં આ વર્ષે ૧૬ નિવડે તેવી ખેડૂતોમાં આશા જન્મી છે. ભાવનગર જિલ્લામાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થયા બાદ સતત ત્રીજા દિવસે વરસાદી માહોલ યથાવત રહ્યો છે.ભારે વરસાદના પગલે કલેકટરનાં આદેશ મુજબ આજે શહેરની તમામ શાળાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ રહ્યુ હતું.જિલ્લામાં ધોધમાર વરસાદમાં જિલ્લા ડિઝાસ્ટરની ટીમ, મનપા ફાયર ટીમ ખડેપગે રહી અલગ-અલગ સ્થળોએથી ૪૯ લોકોનું રેસ્કયુ કર્યુ હતું. રાત્રીના સમયે શિહોરમાં પાલડી, ડંભાળિયા રોડ પરથી ૪૯ લોકો અસરગ્રસ્ત થતા ૪૦ લોકોને સલામત સ્થળે ખસેડયા હતા.જેમાં પાલિકાની ટીમે ૯ લોકોને રેસ્કયુ કર્યુ હતું.તળાજા નજીક પસાર થતી શેત્રુજી નદીમાં પ્રથમ નીરના શહેર ભાજપ પ્રમુખ આઈ.કે.વાળા, ચીફ ઓફિસર વિજયભાઈ પંડિત, નગરસેવકોએ નવાનીર વધામણા કર્યા હતાં. કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયાએ જરૂર પડે ત્યા સરકારની ત્વરીત મદદ કરવા વહીવટી તંત્રને સાબદુ કર્યુ છે.ચોમાસાના પ્રારંભે જ જીવાદોરી અમો શેત્રુજી ડેમ ઓવરફલો થતા તળાજા પંથકના ખેડૂતોમાં હરખની હેલી જોવા મળી રહી છે. સૌથી વધુ પિયતનો લાવ તળાજા પંથકને મળી રહ્યો છે. ૨૪ કલાકમાં ભાવનગરના ઉમરાળા પાંચ, વલ્લભપુર સવાચાર, શિહોર અઢી, ભાવનગર શહેર પોણો ગારીયાધાર અડધો ઈંચ વરસાદ નોધાયો હતો.

મોરબી જિલ્લાનાં વાંકાનેર તાલુકામાં ૨૪ કલાકમાં પોણા પાંચ ઈંચ વરસાદ વરસતા મચ્છુ-૧ ડેમમાં ત્રણ ફુટથી વધુ નવાનીરની આવક થઈ છે. મચ્છુ-પતાળીયા નદીમાં પ્રથમ વરસાદમાં જ પુર આવ્યુ હતું.મચ્છુ ડેમ-૧ સાઈડ વિસ્તારમાં ૧૫૮ મી.મી.વરસાદ નોંધાયો હતો.

વિસાવદર વિધાનસભા-ગ્રામ પંચાયતની ચૂંટણીમાં દારૂની રેલમછેલ

# જુનાગઢની ભાગોળેથી ટ્રકમાંથી રૂા. ૬૦.૩૬ લાખનો વિદેશી દારૂ જપ્ત

## ટ્રકની કેબીનમાં ચોરખાનુ બનાવી દારૂ ભરેલ કોથળા છુપાવ્યા હતા : દારૂ વેરાવળ તરફ પહોંચે તે પહેલા ક્રાઈમ બ્રાંચ આડે ઉતરી : હરીયાણાનો શખ્સ ઝડપાયો : દારૂ-ટ્રક મળી રૂા. ૭૫.૪૫નો મુદ્દામાલ જપ્ત કરાયો






જુનાગઢ, તા. ૧૮

હાલ જુનાગઢના વિસાવદર વિધાનસભાની પેટા ચૂંટણી ઉપરાંત જીલ્લાની ગ્રામ પંચાયતોની ચૂંટણી આગામી ૨૨ જુનના યોજાવાની છે. લગભગ સંપૂર્ણ તૈયારીઓ થઇ ચૂકી છે ત્યારે છેલ્લા દિવસોમાં દારૂની રેલમછેલ કરવા અમુક તત્વો દ્વારા વિદેશી દારૂ ઉતારવાના પ્રયાસને જુનાગઢ ક્રાઇમ બ્રાંચે નાકામયાબ બનાવી દીધો છે.

દારૂની પ્રવૃતિઓને પકડી પાડવા માટે રેન્જ આઇજી નિલેષ જાજડીયા એસ.પી. સુબોધ ઓડેદરા એ તાકીદ કરતા જુનાગઢ લોકલ ક્રાઇમ બ્રાન્ચના પીઆઇ જે.જે.પટેલને એસપી સુબોધ ઓડેદરાએ બાતમી મળેલ હતી કે બહારના રાજયમાંથી વિદેશી દારૂ ટ્રક નં. જીજે ૧૫ વાયવાય ૬૪૧૬માં છુપાવીને મોટો જથ્થો આપી રહ્યો છે. આ અંગે ક્રાઇમ બ્રાન્ચે જુનાગઢના વડાલ તરફથી જુનાગઢ તરફ આવી રહ્યો છે જે વેરાવળ જઇ રહ્યાની પાકી બાતમીના આધારે પીઆઇ જેજે પટેલ, પીએસઆઇ ડી.કે.સરવૈયા, એએસઆઇ સામતભાઇ કેશુભાઇ બારીયા, નીકુલભાઇ મહેશભાઇ પટેલ, હેડ કોન્સ્ટેબલ ઇન્દ્રજીતસિંહ ઝાલા, જીતુભાઇ મારૂ, મહેન્દ્રભાઇ દીપકભાઇ ચૌહાણ, ડ્રાઇવર વનરાજભાઇ ચાવડાએ ભેંસાણ ચોકડી પહેલા જુના જકાત નાકા પાસે વોંચ ગોઠવી ટ્રકને કોર્ડન કરી ડ્રાઇવરનું નામ પુછતા તેમણે તેનું નામ અનીલકુમાર મહેન્દ્રસિંહ મોતીરામ જાટ રે. અસૌધા તોડરણ, તાલુકો બહાદુરગઢ, જીલ્લો ઝઝર હરીયાણા હોવાનું જણાવેલ. ટ્રકની કેબીનમાં સીટ પાછળના ભાગેની સીટ હટાવી એક પતરૂ બોલથી મઢેલ હતું અને ખોલતા બોગીમાં જવનો રસ્તો જોવા મળેલ અંદરના ભાગે કોથળાઓમાં જુદી જુદી બ્રાન્ડની ૧૯,૯૨૦ કિંમત રૂા. ૬૦,૩૬,૮૦૦નો જથ્થો મળી આવતા પોલીસની આંખો પહોળી થઇ જવા પામી હતી. ઇડ્રાઇવરની પ્રાથમિક પુછપરછમાં મનીષ અને વેરાવળના શખ્સો આ જથ્થો મંગાવ્યો હતો. પોલીસે ૧૫ લાખનો ટ્રક, મોબાઇલ એક હજાર, રોકડ રૂા. ૭૨૫૦ મળી કુલ રૂા. ૭૫,૪૫,૦૫૦નો કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ખાંભાની સરકારી પ્રાથમિક શાળામાં ૧ શિક્ષક સામે ૧૦૦ છાત્રો: ધો.૧ થી ૫ નો અભ્યાસક્રમ એક રૂમમાં શરૂ

## સમ ખાવા પુરતા એક શિક્ષકની બદલી થતા છુટ્ટા કરાયા નહિ: શાળા પ્રવેશોત્સવની ઉજવણીનાં માહોલમાં વરવી વાસ્તવિકતા






(મિલાપ રૂપારેલ)અમરેલી, તા.૧૮

ખાંભામાં આવેલ પે સેન્ટર કુમારશાળા નીચે હાલમાં ૮ જેટલી સરકારી શાળા આવે છે. જયારે ખાંભા કુમાર શાળામાં મહેકમ પ્રમાણે ધોરણ ૧ થી ૫ માં ૪ શિક્ષકોનું સેટઅપ છે. પરંતુ હાલમાં આ કુમાર શાળામાં આશરે ૧૦૦ જેટલાં ધો. ૧ થી ૫ ના વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવે છે. પરંતુ મેહકમ પ્રમાણે એકપણ શિક્ષક નથી તમામ જગ્યા ખાલી છે વિદ્યાર્થીઓને હાલમાં ૬ થી ૮ના શિક્ષકો ભણાવી રહ્યા છે. ત્યારે એકતરફ ફરજીયાત ભણતરની વાતો કરતી સરકાર પાસે ખાંભા કુમારશાળામાં ભણાવનાર શિક્ષક જ નથી. ત્યારે ફરજીયાત શિક્ષાની વાતો માત્ર મોઢાની હોવાની સાબિત થઇ રહ્યું છે.

ત્યારે ખાંભા ખાતે આવેલ કુમાર શાળામાં હાલમાં ધોરણ ૧થી ૫ માં મહેકમ પ્રમાણે ૪ શિક્ષક હોવા જોઈએ પરંતુ નવા સત્રની શરૂઆતમાં જ એક શિક્ષક છે જેની પણ બદલી થઇ ગઈ છે. ત્યારે આખુ મહેકમ હાલ ખાલી ખમ છે અને બાળકોને ધોરણ ૬ થી ૮ના અલગ અલગ રૂમ સાથે બેસાડી ભારવાળું ભણતર ભણાવવામાં આવી રહ્યું છે. હાલ થોડા મહિના પહેલા જ લાખો રૂપિયાના ખર્ચે શાળાની કમ્પાઉન્ડ દીવાલ તેમજ ઓરડાને નવા રંગરોગન કરી નવા રૂપ આપી દીધા છે. પરંતુ નવા સત્રમાં બાળકો જે જીવનના પાયાનું ઘડતર કરાવનાર જ નથી તો એ નવી નવા રંગરૂપ શું કામના.

આગામી દિવસોમાં આ શાળાને વાલીઓ દ્વારા શિક્ષકોના અભાવે તાળા બાંધી કરવાની પણ ફરજ પડશે તો તેમાં પણ વાલીઓ પાછી પાની નહિ કરે. ત્યારે જોવાનું એ રહ્યું છે આ ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓનું ભારવગરનું ભણતર શિક્ષકોના અભાવે કેટલા દિવસ રહેશે.

આચાર્ય સાથે વાતચીત કરતા જણાવ્યું કે હાલ ધોરણ ૧થી ૫ નાં૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ છે અભ્યાસ કરે છે અને ૧ શિક્ષક છે તેની પણ બદલી થઈ ગય છે પરંતુ હાલ બીજા શિક્ષક ન હોવાથી છુટા કરવામાં આવ્યા નથી. હાલ એક શિક્ષક ઉપર ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને મેં ઉપર જાણ કરી દીધી છે.

### રાજકોટમાં બે વર્ષની કામગીરી દરમિયાન પ્રજાએ આપેલો પ્રેમ-સહયોગ ક્યારેય ભૂલાશે નહીં

# રાજકોટના કાર્યદક્ષ કલેકટર પ્રભવ જોશીની બદલી; નવા કલેકટર તરીકે ડો.ઓમ પ્રકાશ

## તા.૩ એપ્રિલ ૨૦૨૩ના કલેકટરનો ચાર્જ સંભાળ્યા બાદ પ્રભવ જોશી દ્વારા રાજકોટ શહેર-જિલ્લામાં રૂા.૧૬૦૦ કરોડની જમીન પરના દબાણો-બેંક રીકવરી, પી.એમ. એવોર્ડ નવ જેટલી સરકારી યોજનામાં ૧૦૦ ટકા લક્ષ્યાંક સહિતની રેકોર્ડ બ્રેક કામગીરી

રાજકોટ તા.૧૮

રાજકોટ જીલ્લા કલેકટર પ્રભવ જોશી સહિત રાજયના ૧૧ આઈએએસ (સનંદી અધિકારી) રાજય સરકાર દ્વારા ગઈકાલે સાંજે એકાએક બદલી કરવામાં આવી છે. જેમાં રાજકોટના કાર્યદક્ષ કલેકટર પ્રભવ જોશીને ટુરીઝમ કોર્પોરેશન ઓફ ગુજરાતના એમડી તરીકે જવાબદારી સોંપવામાં આવી છે.

જયારે પ્રભવ જોશીના સ્થાને રાજકોટના નવા કલેકટર તરીકે જુનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશ્નર ડો.ઓમ પ્રકાશની નિમણુંક કરવામાં આવી છે. રાજકોટના નવા કલેકટર તરીકે મુકાયેલા ડો.ઓમ પ્રકાશ અગાઉ રાજકોટના ગ્રામ્ય પ્રાંત અધિકારી તરીકે ફરજ બજાવી ગયેલ છે. તેઓ આગામી સોમવાર સુધીમાં તેમના આ નવા હોદાનો ચાર્જ સંભાળી રહ્યા હોવાનું સુત્રોમાંથી જાણવા મળ્યું છે.



અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ જીલ્લા કલેકટર તરીકે પ્રભવ જોશીએ ગત તા.૩ એપ્રીલ ૨૦૨૩ના ચાર્જ સંભાળ્યો હતો અને બે વર્ષ બે માસના ટુંકા ગાળામાં જ તેઓની બદલી રાજય સરકાર દ્વારા કરવામાં આવી છે. કલેકટર પ્રભવ જોશી દ્વારા તેમના કલેકટરના કાર્યકાળ દરમ્યાન રાજકોટ શહેર-જીલ્લામાંથી રૂા.૧૬૦૦ કરોડથી વધુની કિંમતની જમીન પરના દબાણો, બેંક રીકવરીની કામગીરી કરવામાં આવી છે.

તેની સાથોસાથ રાજકોટ શહેર જીલ્લામાં અનેક વિકાસ પ્રોજેકટો થકી જીલ્લાના વિકાસને નવી દિશા આપવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. એઈમ્સ માટે પણ તેઓએ બહુમૂલ્ય કામગીરી કરી છે. રાજકોટ શહેર જીલ્લાની તેઓની વિકાસ કામગીરીને પગલે રાજકોટ જીલ્લાને તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે તેઓને દિલ્હી ખાતે પીએમ એવોર્ડ એનાયત કરવામાં આવેલ હતો. આ ઉપરાંત કલેકટર પ્રભવ જોશી દ્વારા રાજકોટ શહેર જીલ્લામાં વિવિધ સરકારી નવ જેટલી યોજનાઓમાં ૧૦૦ લક્ષ્યાંક સાથે રેકર્ડ બ્રેક કામગીરી કરી છે. બીનખેતી અપીલના કેસોમાં પણ તેઓની કામગીરી નોંધપાત્ર રહી છે. પ્રભવ જોશીએ રાજકોટ કલેકટરનો ચાર્જ સંભાળ્યા પૂર્વે અપીલના કેસોનો મોટાપાયે ભરાવો થયો હતો જેમાં તેઓએ અઠવાડીયામાં બે બે સીપમાં અપીલના બોર્ડ ચલાવી આ કેસોનો નિકાલ કરવામાં મહત્વની ફરજ બજાવી છે. કલેકટર પ્રભવ જોશી પ્રમાણિક અધિકારી તરીકેની છાપ ધરાવી રહ્યા છે. કલેકટર પ્રભવ જોશીએ 'સાંજ સમાચાર' સાથે કરેલી વાતચીતમાં જણાવ્યું હતું કે રાજકોટમાં ખાતે બે વર્ષના કાર્યકાળ દરમિયાન તેઓને પ્રજાએ આપેલો પ્રેમ અને સહયોગ ક્યારેય પણ ભૂલાશે નહીં.

## નવા કલેકટર ડો.ઓમ પ્રકાશ સામે લોકમેળો સારી રીતે યોજવા સહિતના પડકારો

### કાલે લોકમેળાના સ્ટોલ, યાંત્રિક રાઈડ્સ માટે ફોર્મ ઉપાડવાનો અંતિમ દિવસઃ હજુ માત્ર પંદર જ ફોર્મ સબમીટ થવા પામેલ છેઃ સમય અવધિ હજુ લંબાવાય તેવી શકયતા

રાજકોટ તા.૧૮

રાજકોટના નવા કલેકટર તરીકે જુનાગઢ મ્યુ.કમિશ્નર ડો.ઓમ પ્રકાશની નિમણુંક કરવામાં આવી છે તેઓ આગામી સોમવાર સુધીમાં તેમના આ નવા હોદાનો ચાર્જ સંભાળી લેનાર છે ત્યારે આ નવા કલેકટર ઓમ પ્રકાશ સામે રાજકોટના લોકમેળો સારી રીતે યોજવા સહિતના અનેક પડકારો અત્યારથી સામે આવીને ઉભા છે.



સૌરાષ્ટ્રની ભાતીગળ સંસ્કૃતિની ઝલક દર્શાવતા આ લોક મેળા માટે સ્ટોલ અને યાંત્રિક રાઈડ્સના ફોર્મની મુદત લંબાવવા છતા પૂરતી માત્રામાં હજુ સુધી ફોર્મનો ઉપાડ વેપારીઓ અને યાંત્રીક રાઈડસ સંચાલકોએ કર્યો નથી અત્યાર સુધીમાં લોકમેળાના સ્ટોલ અને યાંત્રિક રાઈડ્સ માટે ૯૯ જેટલા ફોર્મ ઉપડયા છે. જયારે તેની સામે માત્ર ૧૫ ફોર્મ ભરાઈને સબમીટ થવા પામેલ છે.

અહી એ ઉલ્લેખનીય છે કે લોકમેળાની એસઓપીમાં છુટછાટ આપવાની માંગણી સાથે આ વખતે પ્રારંભથી યાંત્રીક રાઈડસના સંચાલકોએ વહીવટી તંત્રનું નાક દબાવવાનું શરૂ કર્યું હતું. જેના પગલે હજુ સુધી પૂરતી સંખ્યામાં ફોર્મ ઉપડયા નથી. જેના પગલે ફોર્મ વિતરણની મુદત લંબાવાઈ તેવી શકયતા છે દરમ્યાન નવા કલેકટર સામે આ વિવાદીત લોકમેળાને સારી રીતે યોજવા સહિતના પડકારો સામે આવીને ઉભા છે.

## ધર્માંતરણ કરાવનારાને મારી નાખો, ૧૧ લાખ આપીશ ! ભાજપ ધારાસભ્યનું વિવાદાસ્પદ વિધાન

### ધર્મ પરિવર્તન માટે દબાણ થતા પ્રવૃતિના આપઘાત કેસમાં મહારાષ્ટ્રના ધારાસભ્યનું નિવેદન

સાંગલી,તા.૧૮

મહારાષ્ટ્રનાં ભાજપનાં ધારાસભ્યએ ઉશ્કેરણીજનક નિવેદન આપ્યું છે. સાંગલીમાં ભાજપનાં ધારાસભ્ય ગોપીચંદ પડાલકરે જણાવ્યું હતું કે, ''જે પણ વ્યક્તિ ધર્મપરિવર્તન કરાવનાર વ્યક્તિને જે પણ મારશે તેને હું વ્યક્તિગત રીતે ૧૧ લાખ રૂપિયાનું ઇનામ આપીશ.'' સાંગલીમાં એક મહિલાએ ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરવા સાસરિયાઓ દ્વારા દબાણ કર્યા બાદ આત્મહત્યા કરી લેવાનાં પગલે તેમણે આ નિવેદન આપ્યું હતું.

ગત સપ્તાહે સાંગલીમાં ૨૮ વર્ષીય રૂતુજા રાજગે નામની મહિલાએ આત્મહત્યા કરી લીધી હતી. મહિલાનાં પરિવારજનોએ આરોપ લગાવ્યો હતો કે તેનાં સાસરીયા ખ્રિસ્તી છે. તેનો પતિ રૂતુજાને પોતાની સાથે ચર્ચમાં જવા, બાઇબલ વાંચવા અને પ્રાર્થના કરવા દબાણ કરતો હતો. જો તેણે ના પાડી તો તેનાં પર હુમલો કરવામાં આવ્યો હતો. આ બધાથી પરેશાન થઇને મહિલાએ આત્મહત્યા કરી લીધી

ભાજપનાં ધારાસભ્ય ગોપીચંદ પડાલકરે જણાવ્યું હતું કે, ''જે કોઈ ધર્માંતરણનું કામ કરશે અને જો કોઈ વ્યક્તિ તે વ્યક્તિને મારી નાખશે તો હું વ્યક્તિગત રીતે ૧૧ લાખ રૂપિયાનું ઇનામ આપીશ.'' તેમણે પોતાનાં નિવેદનમાં ફિલ્મ સૈરાટનો પણ ઉલ્લેખ કર્યો હતો.

**સૈરાટ ફિલ્મ શું હતી ? :-**

સૈરાટ એક મરાઠી ફિલ્મ હતી. આ ફિલ્મ ૨૦૧૬માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં બતાવવામાં આવ્યું હતું કે, એક ગરીબ દલિત છોકરો એક અમીર ઉચ્ચ જાતિની છોકરીના પ્રેમમાં પડે છે, બંને આખી દુનિયાથી પોતાનાં પ્રેમ માટે લડે છે, પરંતુ અંતે તેમણે પોતાનો જીવ આપીને આ પ્રેમની કિંમત ચૂકવવી પડે છે. સૈરાટ વંશીય ભેદભાવ, પ્રેમ અને ભયાનક હત્યાની વાર્તા હતી.

## સાહિબાબાદમાં મુખ્યમંત્રી યોગીના હોર્ડિંગમાં છેડછાડઃ ટેપ લગાવી મુછાળા બનાવી દેવાયા

### સોશ્યલ મીડીયામાં વિડીયો વાયરલ થતા હડકંપઃ પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી

સાહિબાબાદ તા.૧૮

અહીં હિંડન એરફોર્સ સર્કલ પાસે લાગેલા મુખ્યમંત્રી યોગી આદીત્યનાથના હોર્ડીંગમાં કોઈએ છેડછાડ કરી યોગીના ચહેરા પર કાળી ટેપ લગાડી યોગીને મુછાળા બતાવતા હલચલ મચી છે. જેનો વિડીયો સોશિયલ મીડીયામાં વાયરલ થતા પોલીસે હોર્ડીંગ હટાવી તપાસ શરૂ કરી દીધી છે.



ઉલ્લેખનીય છે કે ૧૭ જૂને એક વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થયો હતો. જેમાં દેખાતું હતું કે સીએમના હોર્ડીંગની સાથે કોઈએ છેડછાડ કરી છે. તેમના ચહેરા પર કોઈએ ટેપ લગાડી હતી. સોશિયલ મીડીયામાં વિડીયો વાયરલ થતા યુઝર્સે લખ્યુ મુખ્યમંત્રીને મુછાળા બનાવી દીધા. જો કે પોલીસ તપાસમાં આ વાત ખોટી નીકળી. એસીપી સાહિબાબાદ શ્વેતા યાદવે જણાવ્યું હતું કે તપાસમાં એવી વસ્તુ બહાર આવી છે કે પોસ્ટર ફાટી ગયું હતું અને કોઈએ તેને ટેપથી ચોટાડવાનો પ્રયાસ કર્યો હતો પણ ટેપ ખોટી રીતે ચોટાડાઈ હતી. પોલીસે કહ્યું હતું કે આ હરકત કોણે કરી તેનો પતો લગાવવા પ્રયાસ કરાશે. સીસીટીવીમાં તપાસ કરાશે.

## ભારતીય રોકાણકારો બેંકમાં એફ.ડી. કરતાં એમ.એફ. અને શેરોને પ્રાધાન્ય આપી રહ્યા છે

### આર.બી.આઈ.નો રીપોર્ટ : બેંક ડિપોઝીટમાં હિસ્સો ઘટયો : એમ.એફ. ખાતાની સંખ્યામાં વધારો

નવી દિલ્હી : છેલ્લાં કેટલાક વર્ષોમાં ભારતીયોની રોકાણની ટેવોમાં મોટો ફેરફાર થયો છે. તેઓ હવે પરંપરાગત બેન્ક એફડીથી દૂર જઈ રહ્યાં છે અને જોખમી હોવા છતાં મ્યુચ્યુઅલ ફંડ્સ અને ઇક્વિટીઝ જેવાં ઉચ્ચ વળતરના વિકલ્પોમાં રોકાણ કરી રહ્યાં છે. રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ) અને મ્યુચ્યુઅલ ફંડ ઇન્ડસ્ટ્રી (એએમએફઆઇ)ના તાજેતરનાં ડેટા આ ફેરફાર દર્શાવે છે.



#### એફડીમાં ઘટાડો

આરબીઆઈના 'બેઝિક સ્ટેટિસ્ટિકલ રિટર્ન્સ'ના રિપોર્ટ અનુસાર, બેન્ક ટર્મ ડિપોઝિટમાં એચયુએફ સહિત ભારતીય પરિવારોનો હિસ્સો નાણાકીય વર્ષ ૨૦૨૦ના અંતે ૫૦.૫૪ ટકાથી ઘટીને નાણાકીય વર્ષ ૨૦૨૫ના અંતે ૪૫.૭૭ ટકા થઈ ગયો છે. એટલે કે છેલ્લાં પાંચ વર્ષમાં એફડીની લોકપ્રિયતામાં ઘટાડો થયો છે.

#### મ્યુચ્યુઅલ ફંડમાં વધારો

એએમએફઆઈ અનુસાર, મ્યુચ્યુઅલ ફંડ એકાઉન્ટ્સની સંખ્યા મે ૨૦૨૧ માં ૧૦ કરોડથી વધીને એપ્રિલ ૨૦૨૫ સુધીમાં ૨૩ કરોડ થઈ ગઈ છે. જેમાંથી ૯૧ ટકા ખાતા વ્યક્તિગત રોકાણકારોના છે. આ ઉપરાંત મ્યુચ્યુઅલ ફંડોની કુલ એસેટ્સ અંડર મેનેજમેન્ટ (એયુએમ) પણ વધીને રૂ.૬૯.૫૦ ટ્રિલિયન થઈ છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૦માં રૂ.૨૨.૨૬ લાખ કરોડ હતી.

#### વ્યાજના દરમાં વધઘટ

કોવિડ સમયગાળા દરમિયાન, આરબીઆઈએ માર્ચ ૨૦૨૦ થી મે ૨૦૨૨ ની વચ્ચે રેપો રેટમાં ૧.૧૫% નો ઘટાડો કર્યો હતો, પરંતુ બાદમાં ફુગાવાને નિયંત્રિત કરવા માટે ૨.૨૫% નો વધારો થયો હતો. હવે ૨૦૨૫માં ફરીથી દરોમાં ઘટાડો કરવામાં આવ્યો છે. એકંદરે ફેબ્રુઆરી, એપ્રિલ અને જૂનમાં ૧ ટકાનો ઘટાડો થયો છે. આમ છતાં બેન્ક ડિપોઝિટમાં આકર્ષણ ફરી વળ્યું નથી. આરબીઆઈના આ ડેટા દર્શાવે છે કે આ પાંચ વર્ષના ગાળામાં બચત થાપણોમાં વ્યક્તિઓનો હિસ્સો લગભગ ૭૭ ટકા પર સ્થિર રહ્યો છે.

#### આ પરિવર્તનનું કારણ શું છે?

આરબીઆઈનું કહેવું છે કે વધતી આવક, નાણાકીય સાક્ષરતા, સ્માર્ટફોન અને ઈન્ટરનેટના પ્રવેશ અને ફિનટેક સેવાઓએ લોકોને બેંક એફડીથી દૂર નવા રોકાણ વિકલ્પો તરફ વાળવા પ્રેર્યા છે. ભારતીય રોકાણકારો હવે વધુ જાગૃત, ડિજિટલ અને જોખમ લેવા માટે તૈયાર છે, જે પરંપરાગત એફડી કરતાં મ્યુચ્યુઅલ ફંડ્સ અને ઇક્વિટીને પસંદગીનો વિકલ્પ બનાવે છે.

#### રોકાણનું વલણ બદલતાં, જોખમનો ભય ઘટ્યો

રીપોર્ટ પ્રમાણે રોકાણના ટ્રેન્ડમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. રોકાણકારો હવે એવાં સ્થળોએ રોકાણ કરવાનું પસંદ કરી રહ્યાં છે જ્યાં જોખમ વધારે છે પરંતુ પરંપરાગત સલામત રોકાણને બદલે નફાનો અવકાશ પણ ઊંચો છે.

આ જ કારણ છે કે તાજેતરનાં વર્ષોમાં રોકાણકારો એફડીને બદલે શેરબજાર તરફ વધુ ઝુકાવ ધરાવે છે. આરબીઆઈના જણાવ્યાં અનુસાર ભારતીય પરિવારો હવે વીમા, મ્યુચ્યુઅલ ફંડ અને શેરો તરફ વધુ આકર્ષિત થઈ રહ્યા છે. નાણાકીય વર્ષ ૨૧ માં, જ્યાં જીએનડીઆઈ (ગ્રોસ નેશનલ ડિસ્પોઝેબલ ઇનકમ)માં સ્થાનિક થાપણોનો હિસ્સો ૬.૨ ટકા હતો, તે નાણાકીય વર્ષ ૨૪ માં ઘટીને ૪.૫ ટકા થયો હતોશેર અને ડિબેન્ચર્સ (જેમાં મ્યુચ્યુઅલ ફંડનો પણ સમાવેશ થાય છે)નો હિસ્સો ૦.૫ ટકાથી વધીને ૦.૯ ટકા થયો છે.

## ગાંધીનગરમાં ભેખડ ધસી પડીઃ ૧નુ મોતઃ બેનો બચાવ

**રાજયના પાટનગર ગાંધીનગરમાં આજે ભેખડ ધસી પડવાનો બનાવ બન્યો હતો. તેમાં એકનુ મોત થયુ હતું અને બેને બચાવી લેવાયા હતા. આ ઘટનાની જાણ થતા ફાયરબ્રિગેડનો કાફલો ધસી ગયો હતો.**

## અમદાવાદમાં 'પોલીસ'ના બોર્ડવાળી કારે વધુ એક અકસ્માત સર્જયોઃ ૪ વાહન-લારીને ઉડાવ્યા

### કારમાંથી દારૂની બોટલ મળીઃ નશાની હાલતમાં અકસ્માત

અમદાવાદ તા.૧૮

દારૂબંધી ધરાવતા ગુજરાતમાં દારૂની રેલમછેલ થતી હોવાના તથા ડ્રીંક એન્ડ ડ્રાઈવના કિસ્સા વખતોવખત પ્રકાશમાં આવે જ છે. આવા વધુ એક બનાવમાં પોલીસનું બોર્ડ રાખેલી કારના ચાલકે નશાની હાલતમાં અકસ્માત સર્જયો હતો. ત્રણ વાહનો તથા એક લારીને ઉડાવ્યા હતા. આ તકે નાસભાગ મચી ગઈ હતી. અકસ્માત થતા કારમાં સવાર ૩થી૪ શખ્સો નાસી ગયા હતા. કારની તલાશી દરમ્યાન દારૂની બોટલ મળી આવી હતી. આ કાર પુર્વ ટીઆરબી જવાન ચલાવતો હોવાની ચર્ચા છે.

### દેશની ડિજિટલ સ્પેસને સુરક્ષિત બનાવશે

## સેફટી ચાર્ટર : ઓનલાઈન છેતરપીંડીને રોકવા માટે ગુગલે લોન્ચ કર્યુ : અનેક ફાયદા

નવી દિલ્હી : ગૂગલે મંગળવારે ગૂગલ ઇન્ડિયા સમિટ દરમિયાન પોતાનું નવું સેફ્ટી ચાર્ટર લોન્ચ કર્યું હતું. તેનાથી ભારતની ડિજિટલ સ્પેસને સુરક્ષિત બનાવવામાં મદદ મળશે. આ પહેલ વપરાશકર્તાઓને ઓનલાઇન છેતરપિંડીથી બચાવવા, જરૂરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે સાયબર સુરક્ષાને પ્રોત્સાહન આપવા અને એઆઈને જવાબદારીપૂર્વક વિકસિત કરવા પર કેન્દ્રિત છે. ગૂગલ સિક્યોરિટીના વાઇસ પ્રેસિડન્ટ ઓફ એન્જિનિયરિંગ હીથર એડકિન્સે જણાવ્યું હતું કે, ઓનલાઇન ખતરા હવે ઝડપથી વધી રહ્યાં છે. એઆઈની શીખવાની, તર્ક કરવાની અને સ્કેલ પર કામ કરવાની ક્ષમતા આપણને છેતરપીંડી કરનારાઓ કરતાં પહેલાં કરતાં ઘણી આગળ બનાવે છે.

**સેફ્ટી ચાર્ટરના ત્રણ ઉદ્દેશો છે**

- ઇન્ટરનેટ વપરાશકર્તાઓને છેતરપિંડીથી સુરક્ષિત કરવા
- સરકાર અને વેપાર-વાણિજ્યની સુરક્ષાને મજબૂત બનાવવી
- સલામતી માટે AI ઇકોસિસ્ટમ્સ વિકસાવવી

ગૂગલની સિસ્ટમ્સ હવે એઆઈ સાથે વધુ શક્તિશાળી બની રહી છે. એઆઈ સાથે, અમે હવે છેતરપિંડી કરનારી વેબસાઇટ્સને ૨૦ ગણી ઝડપથી ઓળખી રહ્યાં છીએ. આનાથી કસ્ટમર કેર વેબસાઇટ્સ પર સાયબર એટેકમાં ૮૦ ટકાનો ઘટાડો થયો છે. સરકારી પ્લેટફોર્મ પર આ આંકડો ઘટીને ૭૦ ટકા પર આવી ગયો છે. ગૂગલ સંદેશાઓ દર મહિને ૫૦૦ મિલિયનથી વધુ કૌભાંડને અવરોધિત કરી રહ્યાં છે. ભારતમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતું ત્રક્ષજ્ઞલહય ડકુ કંપનીએ સંભવિત છેતરપિંડી અંગે વપરાશકર્તાઓને ચેતવણી આપવા માટે ૪૧ મિલિયનથી વધુ ચેતવણીઓ મોકલી છે. આ ઉપરાંત માત્ર ૨૦૨૪માં જ ૧૩,૦૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડી અટકાવવામાં મદદ મળી હતી.



કંપનીની ગૂગલ પ્લે પ્રોડક્ટે ઓક્ટોબર ૨૦૨૪ માં ભારતમાં પાયલોટ થયા પછી ૧૩ મિલિયન ઉપકરણોમાં લગભગ ૬૦ મિલિયન જોખમી એપ્લિકેશન ઇન્સ્ટોલને અવરોધિત કરી હતી.

**એઆઈ ૨૯ ભાષાઓમાં ઉપલબ્ધ**

ગૂગલ ભારતની ૨૯ ભાષાઓમાં એઆઈને બહેતર કરવા પર કામ કરી રહ્યું છે. આ માટે જેમિની ભાષા પરીક્ષણ અને ઇન્ડિક ઝેન બેન્ચ જેવા કાર્યક્રમો ચલાવવામાં આવી રહ્યાં છે. આનાથી એઆઈ ભારતની સંસ્કૃતિ અને ભાષાઓને વધુ સારી રીતે સમજી શકશે. હિન્દી, તમિલ, બંગાળી જેવી ભાષાઓમાં ચેટબોટ્સ, અનુવાદ અને શોધ પરિણામો વધુ સચોટ અને વપરાશકર્તા-મૈત્રીપૂર્ણ હશે. ઉદાહરણ તરીકે જો તમે તેલુગુ ભાષામાં તમારા ગામમાં કોઇ પણ સરકારી યોજનાની જાણકારી ઇચ્છતા હોવ તો ગૂગલની એઆઇ તમને સરળ ભાષામાં સાચો જવાબ આપશે. આ ખાસ કરીને એવા લોકો માટે ફાયદાકારક છે જેમને અંગ્રેજી આવડતું નથી. એઆઈ જોખમ વર્ગીકરણ અને એઆઈ સહાયક ટીમિંગ સુનિશ્ચિત કરે છે કે એઆઈ કોઈને નુકસાન ન પહોંચાડે. આ વપરાશકર્તાઓને વિશ્વાસ આપે છે કે તેમની ગોપનીયતા અને ડેટા સલામત છે.

### ટેકનોલોજીકલ સમાચાર

## ઈન્સ્ટાગ્રામ પર ટૂંક સમયમાં આવી શકે છે રિપોસ્ટ ફિચર



મેટાનું સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઇન્સ્ટાગ્રામ રિપોસ્ટ ફીચરનું પરીક્ષણ કરી રહ્યું છે. આ ફીચરથી યૂઝર્સ પોતાની તેમજ અન્યની પોસ્ટને ઈન્સ્ટાગ્રામના ફીડમાં સીધાં જ શેર કરી શકશે.

રિપોસ્ટ સુવિધા ખાસ કરીને કંટેન્ટ ક્રિએટર માટે ફાયદાકારક હોઈ શકે છે. આ તેમને પ્લેટફોર્મ પર તેમની પહોંચ અને દશ્યતા વધારવા માટે એક વધારાનું સાધન પ્રદાન કરશે.

## બિહારમાં આકાશી આપત્તિઃ વિજળી પડવાથી ૧૨ લોકોના મોત

પટના, તા.૧૮

છેલ્લા ૨૪ કલાકમાં બિહારના છ જિલ્લામાં વીજળી પડવાથી ૧૨ લોકોના મોત થયા છે, જેના પર મુખ્યમંત્રીએ ઊંડો શોક વ્યક્ત કર્યો છે. મૃતકોના પરિવારજનો માટે પ્રત્યેકને ૪ લાખ રૂપિયાની નાણાકીય સહાયની જાહેરાત કરવામાં આવી છે.



મુખ્યમંત્રીએ લોકોને ખરાબ હવામાનમાં સાવધ રહેવા અને આપત્તિ વ્યવસ્થાપનની માર્ગદર્શિકાનું પાલન કરવાની અપીલ કરી છે.

વીજળી પડવાથી બક્સરમાં ચાર, પશ્ચિમ ચંપારણમાં ત્રણ, કટિહારમાં બે અને કૈમૂર, લખીસરાય અને સીતામઢીમાં એક-એક વ્યક્તિના મોત થયા છે. મુખ્યમંત્રીએ કહ્યું કે આ આફતની ઘડીમાં તેઓ અસરગ્રસ્ત પરિવારોની સાથે છે. તેમણે નિર્દેશ આપ્યો કે ઘટનામાં માર્યા ગયેલા લોકોના પરિવારોને પ્રત્યેકને ૪ લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે. મુખ્યમંત્રીએ લોકોને ખરાબ હવામાન દરમિયાન ખૂબ જ સાવધાની રાખવા અપીલ કરી હતી.

ખરાબ હવામાનના ઘટનામા, વીજળીથી પોતાને બચાવવા માટે આપત્તિ વ્યવસ્થાપન વિભાગ દ્વારા સમયાંતરે આપવામાં આવતા સૂચનોનું પાલન કરવા અપીલ કરી હતી.

## પાંચ વર્ષે અધ્યાપકોની બદલીનો સરકારનો ઉતાવળભર્યો નિર્ણયઃ ફેર વિચારણા કરવી જરૂરી

### સરકારના નિર્ણયથી ૫૧૯ અધ્યાપકોને અસર થશે

રાજકોટ તા.૧૮

સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા સરકારી કોલેજોમાં એક જ સ્થળે પાંચ વર્ષ કરતા વધુ સમયથી ફરજ બજાવતા અધ્યાપકોની બદલીનો નિર્ણય કરવામાં આવેલ છે, જેના લીધે ઘણી બધી સમસ્યાઓ ઉભી થશે. તેમ રાજકોટના કિશોરભાઈ માંકડની યાદીમાં જણાવાયું છે.

શિક્ષણ વિભાગના નિર્ણય મુજબ જેમની નોકરીના છ મહિના બાકી છે પેન્શન પેપર તૈયાર થઈ ગયા છે. તેમની પણ બદલી થશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં અધ્યાપકની માગણી વગર બદલીની ના કહેલ છે. પતિ કે પત્ની સરકારી નોકરી કરતા હોય તો બદલી ન કરવી તેવો સરકારનો પરિપત્ર છે. વિધવા કે વિધૂર અધ્યાપકની બદલી કરીને સરકાર શું ઈચ્છે છે? ગંભીર બીમારીથી પીડીત અધ્યાપક કે પરિવાર સભ્યો બીમારી હોય તેની બદલીથી સરકારને શું મળશે? જે અધ્યાપકના સંતાનો ધો.૧૦-૧૨ મેડીકલ કે એન્જી.માં અભ્યાસ કરતા હોય તેમને મોટી મુશ્કેલી થશે. કેન્દ્ર સરકારની ગાઈડલાઈન છે કે ૫૫ વર્ષ કરતા વધુ ઉપરના કર્મચારી જો માગણી કરે તો જ બદલી કરવી. સરકારના નિર્ણયથી ૫૦૯ અધ્યાપકોને અસર થશે. શિક્ષણ વિભાગે જે અધ્યાપકની માગણક્ષ હોય તેની જ બદલી કરવી જોઈએ તેમ અંતમાં કિશોરભાઈ માંકડની યાદીમાં જણાવાયું છે.

## શનિવારે BMD ચેકઅપ અને ફિઝીયોથેરાપી કેમ્પનું આયોજન

શહેરના અયોધ્યા ચોક વિસ્તારમાં આવેલી સમર્પણ ફિઝીયોથેરાપી સેન્ટર દ્વારા આગામી તા.૨૧ને શનિવારના રોજ વિનામૂલ્યે BMD (Bone Mineral Density) ચેકઅપ તથા ફિઝીયોથેરાપી કેમ્પનું સવારે ૯:૩૦ કલાકથી બપોરે ૧ કલાક વાગ્યા સુધી સમર્પણ ફિઝીયોથેરાપી સેન્ટર, શોપ નં. ૨૦૫, બીજો માળ, રનવે હાઇટ્સ, અયોધ્યા ચોક, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ જનમાનસમાં હાડકાંની દ્રઢતા અંગે જાગૃતિ લાવવી તથા ઓસ્ટીઓપોરોસિમ જેવી ગંભીર સમસ્યાઓના પ્રાથમિક તબક્કામાં ઓળખ માટે લોકોને મદદરૂપ થવો છે. BMD ચેકઅપ થકી હાડકાંમાં કેલ્શિયમની માત્રા તથા મજબૂતીનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

## મવડી રોડ પરથી મહિલા બુટલેગર શીતલ ડાભી દારૂના જથ્થા સાથે ઝડપાઈ

### માલવીયાનગર પોલીસનો દરોડોઃ દારૂ, વાહન મળી કુલ રૂ. ૮૩ હજારનો મુદ્દામાલ જપ્ત

રાજકોટ. તા.૧૮

મવડી રોડ પરથી મહિલા બુટલેગર શીતલ ડાભીને માલવીયાનગર પોલીસે પકડી પાડી રૂ.૮૩ હજારનો મુદામાલ કબ્જે કરી વધું તપાસ આદરી હતી.

દરોડાની વિગત મુજબ, માલવિયાનગર પોલીસ મથકના પીઆઈ જે.આર.દેસાઈની રાહબરીમાં ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે કોન્સ્ટેબલ ભાવેશ ગઢવી અને મયુરદાન ભાટી સાથે પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન બંનેને ખાનગી બાતમીદાર દ્વારા હકિકત મળેલ કે, મવડી મેઇન રોડ વિશ્વેશ્વર શાક માર્કેટ, ચાંમુડા ટેઇલર્સ દુકાનના કોર્નર પાસે એક મહિલા કોફી કલરના જુપીટર નં. જીજે-૦૩-પીસી-૨૦૨૦ લઈને ઉભેલ છે, જે જુપીટરની ડેકીમા વિદેશી દારૂની બોટલો છુપાવવામાં આવેલ છે, તે હકીકતના આધારે ટીમે દરોડો પાડી જ્યુપિટર બાઈક લઈને ઉભેલી મહિલાને કોર્ડન કરી ડેકી ખોલી તપાસ કરતા એક કાળા કલરનુ ઝબલુ મળી આવ્યું હતું. જે ખોલીને જોતા ઇંગ્લીશ દારૂની ૨૩ બોટલ મળી આવી હતી.

પોલીસે દારૂ, જયુપીટર મળી કુલ રૂ. ૮૩ હજારના મુદ્દામાલ સાથે મહિલા બુટલેગર શિતલબેન કાળુ ડાભી (ઉ.વ.૨૬ રહે.ખોડીયારનગર શેરી નં.૦૪, મુળ રહે. મીલ પ્લોટ, અમરસર ગામ, વાંકાનેર)ને દબોચી લીધી હતી.

## દુનિયામાં પરમાણુ હથિયારો માટે જાણે નવી રેસ શરૂ થઇ !

# પરમાણુ હથિયારોના મામલે ભારત પાકિસ્તાનથી આગળ

નવી દિલ્હી : પરમાણુ હથિયારો મામલે ભારત પાકિસ્તાન કરતાં આગળ છે. સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (SIPRI)ના લેટેસ્ટ રિપોર્ટમાં આ વાતનો ખુલાસો થયો છે. આ સાથે જ રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે, દુનિયામાં પરમાણુ હથિયારો માટે નવી રેસ શરૂ થઇ ગઇ છે. SIPRIના રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૨૫માં ભારત પાસે લગભગ ૧૮૦ પરમાણુ હથિયાર છે. ગયા વર્ષે ૧૭૨ પરમાણુ હથિયારો હતાં. ભારતે આધુનિક મિસાઇલો પણ



વિકસાવી છે. આ સાથે જ પાકિસ્તાન પાસે ૧૭૦ પરમાણુ હથિયાર હતાં અને ગયાં વર્ષે તેની પાસે એટલા જ હથિયાર રહ્યા છે.

### ખતરો વધી રહ્યો છે

રિપોર્ટ અનુસાર અમેરિકા અને રશિયાએ લગભગ ૧૦૦૦ પરમાણુ હથિયારોનો નાશ કર્યો હોવા છતાં અન્ય દેશો ઝડપથી નવા હથિયારો ઉમેરી રહ્યાં છે. જો તેને રોકવા માટે કોઈ આંતરરાષ્ટ્રીય સંધિની રચના કરવામાં નહીં આવે, તો આ પ્રક્રિયા નિયંત્રણની બહાર જઈ શકે છે.

### સૈન્ય ખર્ચમાં વધારો

વૈશ્વિક સૈન્ય ખર્ચ ૨૦૨૪માં ૯.૪ ટકા વધીને ૨.૭ ટ્રિલિયન ડોલર થવાનો અંદાજ છે, જે છેલ્લા એક દાયકામાં ૩૭ ટકાનો વધારો દર્શાવે છે. ઇઝરાયલ-ગાઝા યુદ્ધ, રશિયા-યુક્રેન સંઘર્ષ, મ્યાનમાર અને સુદાનમાં ગૃહયુદ્ધ જેવી ઘટનાઓ વધી છે.

## પરમાણુ સંપન્ન દેશોની તૈયારી

### ચીન



ચીન ઉત્તરમાં ૩૫૦ નવા લોન્ચ સાઇલો બનાવી રહ્યું છે. એટલું જ નહીં, તેણે છેલ્લાં એક વર્ષમાં ૧૦૦ નવા પરમાણુ હથિયારો ઉમેર્યા છે. આ સંખ્યા ૬૦૦ની નજીક પહોંચી ગઈ છે.

### ભારત



ભારત હવે તે લાંબા અંતરની મિસાઇલો પર કામ કરી રહ્યું છે જે ચીન સુધી પહોંચી શકે છે. ભારત મિસાઇલો સાથે વોરહેડ તૈનાત કરી રહ્યું છે.

### પાકિસ્તાન



પાકિસ્તાન પરમાણુ શસ્ત્રોનો ભંડાર અને મિસાઇલ સામગ્રીના ઉત્પાદનમાં વધારો થઈ રહ્યું છે. આગામી દાયકામાં તેનો પરમાણુ કાર્યક્રમ વધુ વિસ્તૃત થવાની ધારણા છે.

### ઇઝરાયેલ



ઈઝરાએલ તેની નવી સબમરીન ડાર્કકોનમાં વર્ટિકલ લોન્ચ સિસ્ટમ ઇન્સ્ટોલ કરી રહ્યું છે.

### ઉત્તરકોરિયા



ઉત્તર કોરિયા પાસે પહેલાથી જ ૫૦ પરમાણુ બોમ્બ છે અને હવે તેને વધુ ૪૦ બનાવવાની ક્ષમતા પ્રાપ્ત થઈ ગઈ છે. ટૂંક સમયમાં જ વ્યૂહાત્મક અણુશસ્ત્રો લોન્ચ કરવાની યોજના છે.

### બ્રિટન અને ફ્રાંસ

બ્રિટન ૨૨૫ થી વધીને ૨૬૦ વોરહેડ્સ પર પહોંચી રહ્યું છે. નવી ન્યૂક્લિયર સબમરીનનું નિર્માણ કરવામાં આવ્યું છે. ફ્રાન્સ નવી ન્યૂક્લિયર સબમરીન અને એરિયલ ક્રૂઝ મિસાઇલ પણ બનાવી રહ્યું છે.

### વિશ્વમાં ન્યુક્લિયર હથિયારોની રેસ

પોતાનાં વાર્ષિક અહેવાલ 'યરબુક ૨૦૨૫'માં, એસઆઈપીઆરઆઈએ ચેતવણી આપી હતી કે વિશ્વના નવ પરમાણુ સશસ્ત્ર રાષ્ટ્રો - યુએસ, રશિયા, ચીન, ભારત, પાકિસ્તાન, ઉત્તર કોરિયા, ઇઝરાઇલ, ફ્રાન્સ અને યુકે - ઝડપથી તેમનાં પરમાણુ શસ્ત્રાગારને આગળ ધપાવી રહ્યાં છે.

### યુ.એસ. અને રશિયા ટોચ પર છે

રશિયા અને અમેરિકા પાસે દુનિયાનાં ૯૦ ટકા પરમાણુ હથિયાર છે. બંને દેશો પોતાની મિસાઇલ, સબમરીન અને બોમ્બર સિસ્ટમને અપગ્રેડ કરી રહ્યાં છે. અમેરિકાએ ૨૦૨૪માં ૨૦૦ આધુનિક પરમાણુ બોમ્બનું ઉત્પાદન કર્યું છે. શીત યુદ્ધ પછી આ સૌથી વધુ છે. આ સાથે જ રશિયાએ પોતાની પરમાણુ નીતિમાં પણ ફેરફાર કર્યો છે, જે અંતર્ગત હવે તે પોતાની સંપ્રભુતા કે સરહદોને ખતરારૂપ માનતાં જ પરમાણુ હથિયારોનો ઉપયોગ કરી શકે છે.

## સિલ્વર ઈટીએફમાં સોના કરતાં ૪ ગણું વધુ રોકાણ થયું

# સોના અને ચાંદીમાં વધારાનાં કારણે મલ્ટિ એસેટ ફંડે એક વર્ષમાં સૌથી વધુ વળતર આપ્યું

મુંબઈ : સોના-ચાંદીના ભાવમાં જબરદસ્ત વધારાને કારણે મલ્ટી એસેટ એલોકેશન ફંડોએ છેલ્લાં એક વર્ષમાં રિટર્ન આપવામાં સૌને પાછળ છોડી દીધાં છે. ડોલરની દ્રષ્ટિએ જોઈએ તો એક વર્ષમાં સોનામાં ૪૫ ટકાનો ઉછાળો આવ્યો છે, ચાંદીમાં ૨૨.૬ ટકાનો ઉછાળો નોંધાયો છે. આ સાથે મલ્ટી એસેટ ફંડ્સે એક વર્ષમાં સરેરાશ ૯.૨ ટકાનું વળતર આપ્યું છે. સોના-ચાંદીમાં ઊંચું એક્સપોઝર ધરાવતાં ફંડોએ ૧૭ ટકા સુધીનું રિટર્ન આપ્યું છે. જો કે, ૫ વર્ષનાં સમયગાળામાં રિટર્નના મામલે હજુ પણ સ્મોલ અને મિડ-કેપ્સ ટોચ પર છે. સોનામાં ઊંચા વળતર છતાં રોકાણકારોએ સિલ્વર ઈટીએફમાં વધુ નાણાં મૂક્યાં છે. સિલ્વર ઈટીએફમાં મે મહિનામાં રૂ.૮૫૪ કરોડનો ઇનફ્લો જોવા મળ્યો હતો.

ગોલ્ડ ઈટીએફમાં આ રકમ માત્ર ૨૯૨ કરોડ રૂપિયા હતી. અમ્ફીના જણાવ્યાં અનુસાર, સિલ્વર ઈટીએફ ફોલિયો ૨૦૨૫ ના પહેલાં પાંચ મહિનામાં ૩૫% વધીને ૮.૩૮ લાખ રૂપિયા પર પહોંચી ગયો છે. તેની સરખામણીએ ગોલ્ડ ઈટીએફ ફોલિયોમાં ૧૫ ટકાનો વધારો થયો છે. લાર્જ-કેપ ફંડમાં રોકાણ સતત ઘટી રહ્યું છે. મોર્નિંગસ્ટારના મતે લાર્જ-કેપમાં એક વખતનું રોકાણ મળી રહ્યું છે અને એસઆઈપીથી સ્મોલ મિડકેપ્સમાં રોકાણ મળી રહ્યું છે. રોકાણકારો હાઇબ્રિડ અને ફ્લેક્સિકેપ ફંડ દ્વારા લાર્જ-કેપ શેરોમાં રોકાણ કરી રહ્યા છે.



### એક વર્ષમાં કોણે કેટલું વળતર આપ્યું ?

| શ્રેણી | વળતર |
|---|---|
| મલ્ટી એસેટ એલોકેશન | ૯.૨ ટકા |
| લાર્જ એન્ડ મિડકેપ ફંડ | ૮.૬ ટકા |
| મિડકેપ ફંડ્સ | ૮.૪ ટકા |
| ફોકસ્ડ ફંડ્સ | ૭.૮ ટકા |
| સ્મોલકેપ ફંડ્સ | ૭.૪ ટકા |
| મલ્ટીકેપ ફંડ | ૭.૩ ટકા |
| ફ્લેક્સીકેપ ફંડ | ૬.૮ ટકા |
| વેલ્યુ ફંડ્સ | ૫.૮ ટકા |

**સિલ્વર ઈટીએફમાં મે મહિનામાં રૂ.૮૫૪ કરોડનો ઈનફ્લો જોવા મળ્યો હતો, જ્યારે ગોલ્ડ ઈટીએફમાં માત્ર રૂ.૨૯૨ કરોડનું રોકાણ જોવા મળ્યું હતું.**

### લાંબા ગાળે સ્મોલકેપ ટોપર

| શ્રેણી | વળતર |
|---|---|
| સ્મોલકેપ ફંડ્સ | ૩૪.૫ ટકા |
| મિડકેપ ફંડ્સ | ૨૯.૯ ટકા |
| મલ્ટિકેપ ફંડ્સ | ૨૭.૨ ટકા |
| લાર્જકેપ ફંડ્સ | ૨૧.૨ ટકા |

(૫ વર્ષમાં મળ્યું વળતર)

### આ વર્ષે લાર્જકેપ્સમાં રોકાણ સતત ઘટી રહ્યું છે.

| મહિનો | રોકાણ રકમ |
|---|---|
| જાન્યુઆરી | ૩૦૬૩ કરોડ |
| ફેબ્રુઆરી | ૨૮૬૬ કરોડ |
| માર્ચ | ૨૪૭૯ કરોડ |
| એપ્રિલ | ૨૬૭૧ કરોડ |
| મે | ૧૨૫૦ કરોડ |

### ચાંદીને અહીંથી વધુ ભાવ મળી રહ્યો

ઔદ્યોગિક માંગ વધવાને કારણે ચાંદીનાં ભાવમાં હજુ વધારો થઈ શકે છે. નવા જમાનાની ઇકો ફ્રેન્ડલી ટેકનોલોજી જેવી કે સોલાર પેનલ અને ઇલેક્ટ્રિક વાહનોમાં ચાંદીનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થાય છે, ગ્રીન ટેકનોલોજીના કારણે ચાંદીની માંગમાં સતત વધારો થઇ રહ્યો છે.

## સતત ત્રીજા વર્ષે સેન્ટ્રલ બેંકોએ ૧૦૦૦ ટનથી વધુ સોનાની ખરીદી કરી

# વિશ્વભરની સેન્ટ્રલ બેંકો સોના પર આધાર રાખે છે, ડોલર પર નહીં



નવી દિલ્હી,તા.૧૮

ડોલર અને સોનાથી આકરી સ્પર્ધા થઈ રહી છે. અમેરિકાનું દેવું વધી રહ્યું છે, ટ્રમ્પ નીતિઓ અને રાજકીય કટોકટીને કારણે વિશ્વભરની મધ્યસ્થ બેન્કો હવે ડોલરથી પોતાને દૂર કરી રહી છે અને તે સોનાના ભંડારમાં વધારો કરી રહી છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના એક અહેવાલ મુજબ, વિશ્વભરની સેન્ટ્રલ બેન્કોએ ૨૦૨૪માં સતત ત્રીજા વર્ષે ૧,૦૦૦ ટનથી વધુ સોનાની ખરીદી કરી હતી, જ્યારે છેલ્લાં ૧૦ વર્ષમાં સોનાની ખરીદી સરેરાશ દર વર્ષે ૪૦૦થી ૫૦૦ ટનની વચ્ચે રહી હતી. તે સ્પષ્ટ છે કે વિશ્વભરની સેન્ટ્રલ બેંકો અનિચ્છનીય પરિસ્થિતિઓમાં સોનાને સલામત વિકલ્પ તરીકે ગણી રહી છે.

સેન્ટ્રલ બેંક ગોલ્ડ રિઝર્વ સર્વે ૨૦૨૫ અનુસાર રેકોર્ડ ૪૩ ટકા સેન્ટ્રલ બેંકો આગામી એક વર્ષમાં પોતાના સોનાના ભંડારમાં વધારો કરવાની યોજના બનાવી રહી છે. કોઈ પણ બેંક સોનું ઘટાડવાનું વિચારી રહી નથી. એટલું જ નહીં, ૯૫ ટકા સેન્ટ્રલ બેન્કોનું માનવું છે કે આ સમયગાળા દરમિયાન વૈશ્વિક મધ્યસ્થ બેન્કોના સોનાના હોલ્ડિંગમાં સતત વધારો થતો રહેશે. અહેવાલમાં બહાર આવેલો બીજો મહત્વનો ટ્રેન્ડ એ છે કે આગામી વર્ષોમાં વૈશ્વિક રિઝર્વમાં અમેરિકન ડોલરનો હિસ્સો ઘટી શકે છે. ૭૩ ટકા સેન્ટ્રલ બેન્કો આગામી ૫ વર્ષમાં ડોલરના હોલ્ડિંગમાં મોટો ઘટાડો થવાની અપેક્ષા રાખે છે. સાથે જ પુરો, રેનમીંબી અને ગોલ્ડમાં રોકાણ વધવાની આશા છે.

### આથી સોનાની માંગ વધી અને ડોલરમાં ઘટાડો થયો

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલે કહ્યું છે કે આર્થિક કટોકટી, ફુગાવામાં વધારા દરમિયાન સોનું મજબૂત હોય છે અને તે રોકાણના પોર્ટફોલિયોમાં વધુ સારી વિવિધતાનું કામ કરે છે. આ સાથે જ આગામી વર્ષોમાં સોનાની ખરીદી વધારવાની યોજના બનાવવામાં આવી રહી છે. તે જ સમયે, પશ્ચિમી ચલણો પરની નિર્ભરતા ઘટાડવાનો પ્રયાસ કરી રહેલાં વૈશ્વિક સમીકરણો અને ઉભરતી અર્થવ્યવસ્થાઓમાં ફેરફારોએ ડોલરની માંગમાં ઘટાડો કર્યો છે.

### આરબીઆઈએ દર વર્ષે સોનાની ખરીદી કરી

**૨૦૨૦ : ૪૧.૭ ટન**
**૨૦૨૧ : ૭૭.૫ ટન**
**૨૦૨૨ : ૩૩.૩ ટન**
**૨૦૨૩ : ૧૬.૨ ટન**
**૨૦૨૪ : ૭૨.૬ ટન**

### આ દેશો ૨૦૨૪ માં આટલું સોનું ખરીદ્યું

| | | |
|---|---|---|
| પોલેન્ડ | : | ૮૯.૫૪ ટન |
| તુર્કી | : | ૭૫.૧૬ ટન |
| ભારત | : | ૭૨.૬૦ ટન |
| ચીન | : | ૪૪.૧૭ ટન |
| અઝરબૈજાન | : | ૨૫.૨ ટન |

## ૨૩૪ કિલો વજન : ૧૩૫ વર્ષ

# કાચબો ૧૩૫માં વર્ષે પ્રથમ વખત પિતા બન્યો !



મિયામી : અમેરિકાનાં મિયામી ઝૂના ગોલિથ નામનાં કાચબાએ પોતાનો ૧૩૫મો જન્મદિવસ ઉજવ્યો હતો. ગોલિથ એક ખૂબ જ મોટો અને જૂનો કાચબો છે જેનું વજન લગભગ ૨૩૪ કિલો છે.

મિયામી પ્રાણી સંગ્રહાલય અનુસાર, આ કાચબાનો જન્મ ૧૮૯૦માં ઇક્વાડોર નજીક પ્રશાંત મહાસાગરનાં એક ટાપુમાં થયો હતો. તે ૧૯૨૯માં ન્યૂયોર્ક આવ્યો હતો અને ત્યારબાદ તેને ૧૯૮૧માં મિયામી પ્રાણી સંગ્રહાલયમાં લાવવામાં આવ્યો હતો. ૨૭ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ, સ્વીટ પી નામની માદા કાચબાએ આઠ ઇંડા મૂક્યા હતાં. તેમાંથી એક ઇંડામાંથી ૪ જૂન, ૨૦૨૫ ના રોજ એક કાચબો બહાર આવ્યો, અને ગોલિયાથ પ્રથમ વખત પિતા બન્યો હતો.

# વિશ્વની સૌથી સુરક્ષિત ૧૦ એરલાઇન્સ : પ્રથમ નંબરે 'એર ન્યુઝિલેન્ડ' : ભારતની એક પણ નહીં !

## વિમાનની સુરક્ષાનું રેટિંગ કેવી રીતે થાય છે : બજેટ-એરલાઇન્સમાં ૧૯માં ક્રમે ઈન્ડિગો એરલાઇન આવે છે !

નવી દિલ્હી : આજની તારીખમાં હવાઈ મુસાફરી લક્ઝરી નહીં પણ જરૂરિયાત બની ગઈ છે. વૈશ્વિક કનેક્ટિવિટી માટે હવાઈ મુસાફરી ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ વેપાર અને પર્યટનને પણ પ્રોત્સાહન આપે છે. પરંતુ તાજેતરમાં જ એર ઇન્ડિયાની અમદાવાદથી લંડન જતી ફ્લાઇટના અકસ્માતને ધ્યાનમાં રાખીને હવે લોકો એરલાઇન્સની પસંદગીમાં સલામતીને વધુ મહત્વ આપવા લાગ્યાં છે. ભલે તેમને વિમાનમાં થોડી ઓછી સુવિધા મળે પણ સલામતી હોવી જ જોઈએ. વિશ્વની સૌથી સુરક્ષિત એરલાઇન્સ કઈ છે ? ભારતની એરલાઇન્સની સ્થિતિ શું છે

**સલામતી એ પ્રથમ જવાબદારી છે**

હવાઈ મુસાફરી દરમિયાન સારો અનુભવ મેળવવા માટે મુસાફરો માટે આરામ અને સુવિધાઓ જરૂરી છે. પરંતુ



સુરક્ષિત એર ન્યુઝિલેન્ડ

તેનાથી પણ વધુ મહત્વપૂર્ણ વિમાન અને મુસાફરોની સલામતી છે. એરલાઇન કંપનીની આ સૌથી મોટી જવાબદારી છે. વિશ્વભરની એરલાઇન્સની સલામતી અને પ્રોડક્ટ રેટિંગ્સ માટે AirlineRatings.com એક વેબસાઇટ છે. તે આ ક્ષેત્રની એકમાત્ર સાઇટ હોવાનો દાવો કરે છે જે દર વર્ષે અમુક પરિમાણો પર એરલાઇનને રેટ કરે છે. અમે આ વર્ષના રેટિંગ એટલે કે ૨૦૨૫ની વાત કરી રહ્યાં છીએ. આ રેટિંગમાં ભારતની એક પણ એરલાઇનનો સમાવેશ થતો નથી.

**રેટિંગ કેવી રીતે થાય છે ?**

એવિએશન સેક્ટરમાં બે પ્રકારની સર્વિસ હોય છે. એક છે ફુલ સર્વિસ એરલાઈન્સ અને બીજી લો-કોસ્ટ કે બજેટ એરલાઇન્સ. AirlineRatings.com કહે છે કે આ એરલાઇન્સનું મૂલ્યાંકન દર વર્ષે કરવામાં આવે છે. છેલ્લા બે વર્ષમાં કોઈ મોટી ઘટના બની ન હોવાનું જોવા મળી રહ્યું છે. વિમાનોનો કાફલો કેટલો જૂનો છે, તે કેટલો મોટો છે? અકસ્માતોનો દર કેટલો છે? શું કોઈ મૃત્યુ થયું છે? કંપનીને કેટલો ફાયદો થયો છે. IOSA સર્ટિફિકેશન છે કે નહીં. આઇસીએઓ દેશ ઓડિટ પસાર થયું છે કે નહીં. પાઇલટ્સ કેટલા કુશળ છે અને તેમની તાલીમ કેવી છે? આ તમામ બાબતોનું ધ્યાન રાખવામાં આવે છે.

**શું છે ફુલ સર્વિસ એરલાઈન ?**

જે એરલાઇન્સમાં તમને હવાઇ મુસાફરી દરમિયાન પણ સંપૂર્ણ સુવિધા મળે છે તેને ફુલ સર્વિસ એરલાઇન્સ કહેવામાં આવે છે. હાલ ભારતમાં માત્ર એક જ એરલાઇન છે, જેનું નામ એર ઇન્ડિયા છે. વિદેશોમાં કતાર એરવેઝ, અમીરાત, સિંગાપોર એરલાઇન્સ વગેરે જેવી કંપનીઓ આ કેટેગરીમાં આવે છે

**શું છે લો કોસ્ટ એરલાઈન ?**

લો-કોસ્ટ એરલાઇન્સનો અર્થ એવી કંપનીઓ છે જે ઓછી કિંમતે હવાઈ મુસાફરી ઓફર કરે છે. આ કંપનીઓ ઘણીવાર ટિકિટના ભાવ નીચા રાખે છે, પરંતુ કેટલીક સુવિધાઓમાં ઘટાડો કરે છે. જો તમને તે સુવિધા જોઈતી હોય, તો તમે તેના માટે અલગથી પૈસા આપીને ખરીદી શકો છો. તમને પાણી સિવાય ખાણી-પીણીની દરેક આઇટમ પૈસા આપીને ખરીદવી પડે છે. મફત ભોજન આપતું નથી. ઈન્ડિગો એરલાઇન, આ કેટેગરીમાં આવે છે.

### ટોપ ૧૦ બજેટ એરલાઇન્સની યાદીમાં કોણ છે?

જેને વિશ્વની સૌથી સુરક્ષિત ઓછી કિંમતની એરલાઇન્સની યાદી પણ જાહેર કરી છે. જેમાંથી ૧૦ એરલાઇન્સની યાદીમાં એક પણ ભારતીય એરલાઇન્સનું નામ નથી. જો કે આ યાદીમાં ભારતીય લો-કોસ્ટ એરલાઈન ઈન્ડિગો ૧૯મા ક્રમે છે.

- એચકે એક્સપ્રેસ
- જેટસ્ટાર જૂથ
- રાયનએર
- ઇસી જેટ
- ફ્રન્ટિયર એરલાઇન્સ
- એરએશિયા
- વિઝ એર
- વિયેટજેટ એર
- સાઉથવેસ્ટ એરલાઇન્સ
- વોલારીસ

### ૨૦૨૫ માટે ટોચની ૧૦ ફૂલ-સર્વિસ એરલાઇન્સ

AirlineRatings.com વર્ષ ૨૦૨૫ માટે સૌથી સુરક્ષિત ફુલ સર્વિસ એરલાઇન્સની યાદી જાહેર કરી છે. આ યાદી ૩૮૫ એરલાઇન્સમાંથી બનાવવામાં આવી છે. વર્ષ ૨૦૨૫ માટે ટોચની ૧૦ સૌથી સુરક્ષિત પૂર્ણ-સેવા એરલાઇન્સ આ મુજબ છે:

- એર ન્યુઝીલેન્ડ
- ક્વાંટાસા
- કેથે પેસિફિક; કતાર એરવેઝ; અમીરાત
- વર્જિન ઓસ્ટ્રેલિયા
- એતિહાદ એરવેઝ
- એએનએ
- ઇવા એર
- કોરિયન એર
- અલાસ્કા એરલાઇન્સ
- તુર્કીશ એરલાઇન્સ (ટી.એચ.વાય.)



# અમરનાથ યાત્રીઓને આ વખતે હેલિકોપ્ટર સેવા નહીં મળે

## શ્રી અમરનાથજી શ્રાઇન બોર્ડના જણાવ્યાં અનુસાર, પહેલગામ અને બાલટાલ માર્ગોને નો-ફ્લાઇંગ ઝોન જાહેર કરવામાં આવ્યાં : યાત્રાળુઓ ઘોડા, પાલખી અથવા પગપાળા યાત્રા કરી શકશે

જમ્મુ : આ વર્ષે અમરનાથ યાત્રા દરમિયાન યાત્રાળુઓ માટે હેલિકોપ્ટર સેવાઓ ઉપલબ્ધ રહેશે નહીં, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. શ્રી અમરનાથજી શ્રાઇન બોર્ડ (એસએએસબી)એ હાલમાં ચાલી રહેલી અમરનાથ યાત્રા દરમિયાન ૧ જુલાઇથી ૧૦ ઓગસ્ટ સુધી પહેલગામ અને બાલટાલ માર્ગોને નો ફ્લાઇંગ ઝોન તરીકે જાહેર કરવા માટે નોટિસ ફટકારી છે. આથી યાત્રા વિસ્તારમાં શ્રદ્ધાળુઓ માટે હેલિકોપ્ટર સેવા ઉપલબ્ધ નહીં રહે. તમામ ભક્તોને તેની નોંધ લેવાની સલાહ આપવામાં આવી છે. જે લોકો શ્રી બાબા અમરનાથજીની પવિત્ર ગુફાની મુલાકાત લેવાનું વિચારી રહ્યા છે તેમને સલાહ આપવામાં આવે છે કે તેઓ આ માહિતીની નોંધ લે. યાત્રાળુઓએ શ્રી અમરનાથના દર્શન કરવા માટે માત્ર પગપાળા અથવા પાલખી દ્વારા યાત્રા કરવી પડશે.

૩૮ દિવસ સુધી ચાલનારી આ અમરનાથ યાત્રા ૩ જુલાઈથી શરૂ થશે અને રક્ષાબંધનની સાથે જ ૯ ઓગસ્ટે પૂર્ણ થશે. પહેલગામ અને બાલટાલ માર્ગથી હેલિકોપ્ટર સેવાઓ દર વર્ષે ચાલતી હતી. બંને માર્ગો માટે ઓનલાઇન બુકિંગ હતું અને જુદા જુદા ભાડા નક્કી કરવામાં આવ્યા હતા. નો-ફ્લાઇંગ ઝોનની જાહેરાતને કારણે હેલિકોપ્ટર સેવા નહીં આપવાનો નિર્ણય લેવાયો છે.

# શું કૃતિ 'ડોન-૩'ની નવી 'લેડી ડોન' હશે?

## પાપારાઝીના સવાલ પર અભિનેત્રીની પ્રતિક્રિયાએ આપ્યો મોટો સંકેત!



મુંબઈ : ફરહાન અખ્તરની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'ડોન ૩' વિશે એક મોટા સમાચાર સામે આવી રહ્યાં છે. જ્યારથી સમાચાર આવ્યાં કે કિયારા અડવાણીએ પ્રેગનેન્સીના કારણે આ ફિલ્મ છોડી દીધી છે, ત્યારથી જ સૌ કોઈ જાણવા માંગે છે કે હવે રણવીર સિંહ સાથે 'ડોન ૩'માં કઈ અભિનેત્રી જોવા મળશે. હવે લાગે છે કે આ સવાલનો જવાબ મળી ગયો છે અને તે નામ છે કૃતિ સેનન.

### એક વીડિયોએ અફવાઓને જન્મ આપ્યો

હાલમાં જ કૃતિ સેનનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર આગની જેમ ફેલાઈ ગયો છે. આ વીડિયોમાં કૃતિ મુંબઈમાં પોતાની કાર તરફ જતી જોવા મળી રહી છે. ત્યારે જ પાપારાઝી તેમને જોઇને બૂમો પાડે છે, કૃતિ જી, ડોન ૩... લેડી ડોન! અહીં જુઓ, લેડી ડોન. આ વાત સાંભળીને કૃતિ પોતાની સ્માઈલને છુપાવી શકી નહીં. તેણે કોઈ જવાબ ન આપ્યો, પણ શરમાઈને હસીને તે પોતાની કારમાં બેસી ગઈ. ફેન્સ તેની પ્રતિક્રિયાને એક રીતે 'હા' માની રહ્યાં છે અને તેમનું માનવું છે કે કૃતિએ બિનસત્તાવાર રીતે કન્ફર્મ કર્યું છે કે તે 'ડોન ૩'ની આગામી હિરોઇન છે.

### સૂત્રોએ પણ દાવો કર્યો

એક અહેવાલ મુજબ કૃતિ સેનન 'ડોન ૩'માં ફિમેલ લીડ રોલ કરવા માટે સૈદ્ધાંતિક રીતે સંમત થઈ ગઈ છે અને તે ટૂંક સમયમાં તે હસ્તાક્ષર કરી શકે છે. પ્રોડક્શન સાથે સંકળાયેલાં એક સૂત્રએ જણાવ્યું હતું કે, "ફરહાન અખ્તર અને તેની ટીમ એક અનુભવી અભિનેત્રીને કાસ્ટ કરવા માંગતા હતા, જેની સ્ક્રીન પર મજબૂત હાજરી હોય, અને કૃતિ આ ભૂમિકામાં સંપૂર્ણ રીતે બંધ બેસે છે. આ પહેલાં કૃતિ ફરહાન અખ્તરની ઓફિસની બહાર સ્પોટ થઇ હતી, જે બાદ 'ડોન ૩'માં તેની જોડાવાની અટકળો તેજ થઇ ગઇ હતી. જોકે મેકર્સ તરફથી હજુ સુધી કોઈ ઓફિશિયલ જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ ફેન્સ આ બધી હરકતો જોઈને ખૂબ જ ઉત્સાહિત છે અને રણવીર અને ક્રિતીની જોડીને પડદા પર જોવા માટે આતુરતાથી રાહ જોઈ રહ્યાં છે.

# હવે જી-મેલમાં અનસબસ્ક્રાઈબ કરતા સમયે ચેતજો: તમારો ડેટા ચોરાઈ શકે છે

## નવો સાયબર સ્કેમ ઝડપથી ફરી રહ્યો છે



નવી દિલ્હી: વધતા જતા સાયબર ક્રાઈમમાં હવે જી-મેલ પર આવતા નહી જોઈતા ઈ-મેલને તમો અનસબક્રાઈબ કરો કે તુર્તજ તમારા પર્સનલ ડેટા પણ ચોરાઈ જાય તે રીતે સાયબર ચાચીયામાં સક્રીય બન્યા છે. જી-મેલ પર માર્કેટીંગ સહિતના અનેક ઈ-મેલ જે જરૂરી ના હોય અને ખોટી રીતે મેલ-બોકસ ફુલ કરી દેતા હોય અંતે અનસબક્રાઈબ કરવાની સુવિધા છે. જેનો હવે સાયબર ચાચીયાઓ ગેરલાભ ઉઠાવી રહ્યા છે. વોલ સ્ટ્રીટ જર્નલના રિપોર્ટ મુજબ કોઈ પોતાના જી-મેલમાં અનસબક્રાઈબનું કલીક કરે તો તે બાદ એક લીક તમારા મોબાઈલમાં ઘુસી જાય છે અને તમારા પર્સનલ ડેટા ચોરી લે છે. સાયબર ચાચીયામાં ટ્રેકીંગ કોડને આ અનસબક્રાઈમ બટન સાથે જોડી દે છે. ડીએનએમએફ ફિલ્ટર જે સાયબર સિકયોરીટી એજન્સી છે તેના ચીફ ટેકનોલોજી ઓફીસર ટી.કે.કેનીનીએ આ માહિતી આપી હતી.

### વોટ્સએપમાં ટૂંક સમયમાં જાહેરાતો શરૂ થશે



વોટ્સએપ હવે એપ્લિકેશનમાં જાહેરાતો બતાવવાનું શરૂ કરશે. જો કે પ્રાઈવેટ ચેટ, કોલ અને ગ્રુપમાં જાહેરાતો નહીં હોય. મેટાએ જણાવ્યું હતું કે જાહેરાતો ફકત 'અપડેટ્સ' ટેબમાં દેખાશે, જેનો દરરોજ ૧.૫ અબજ વપરાશકર્તાઓ દ્વારા સંપર્ક કરવામાં આવે છે. આ જાહેરાતો ચેનલોની ઉંમર, સ્થાન, ભાષા અને પ્રવૃત્તિનાં આધારે દર્શાવવામાં આવશે. તેમજ ચેનલો સબસ્ક્રિપ્શન ફી પણ લઇ શકશે અને બિઝનેસમેન પોતાની ચેનલને પ્રમોટ કરી શકશે. વોટ્સએપે ૨૦૦૯માં એડ ફ્રી પ્લેટફોર્મની વાત કરી હતી.



બંકરમાંથી પણ ઇરાનના સર્વોચ્ચ વડા ખામેનેઇએ બેટલ ઇઝ બીગેનનો હુંકાર કર્યો તેથી સમગ્ર પરિસ્થિતિમાં રસપ્રદ વળાંક આવ્યો છે

# શું ઇરાનની મુલ્લાશાહી અમેરિકા-ઇઝરાયલના ટાર્ગેટ પર છે !



**એક સમયે યહુદીઓ અને મુસ્લિમો વચ્ચે ખૈબરની લડાઇ ઇતિહાસમાં સ્થાન મેળવી ગઇ અને ઇઝરાયલી અખબારો હવે આ જંગને ખૈબર રીવર્સ તરીકે ઓળખાવી રહ્યા છે અને તેમાં અમેરિકાની ભૂમિકા અંગે પણ હવે નવા પ્રશ્નો ઉભા થયા છે, પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઇરાનને સરન્ડર થવા અલ્ટીમેટમ આપ્યું પણ શું ખરેખર અમેરિકા યુદ્ધમાં ઝંપલાવશે ? જે રીતે ખામેનેઇએ યહુદીઓ સામે નવો જંગ શરૂ થયો છે તેવું કહીને હવે દયા દાખવવામાં આવશે નહીં તેવો પણ હુંકાર કર્યો તે દર્શાવે છે કે ઇરાન પણ હવે તેના અસ્તિત્વનો જંગ લડી લેવા તૈયાર છે, ચીન અને રશિયા પણ હવે એકશનમાં આવી શકે છે**



**ઇરાનમાં ૪૯ વર્ષ પહેલા શાહ શાસનનો અંત લાવીને ખામેનેઇએ ઇસ્લામિક ક્રાંતિ મારફત પોતાનું શાસન સ્થાપ્યું તે પૂર્વે ઇઝરાયલ અને ઇરાન સારા મિત્રો પણ હતા પણ યહૂદી વિરોધી જે માનસિકતા છે તેથી ઇઝરાયલ સતત સાવધ રહે છે વાત ફકત ઇરાનના અણુ શસ્ત્ર અને તેના કાર્યક્રમ અંગે નથી કારણ કે તેમાં પણ પ્રશ્ન છે ખુદ ટ્રમ્પના ઇન્ટેલિજન્સ વડા તુલસી ગાબાર્ડે આપેલા અહેવાલમાં જણાવ્યું છે કે ઇરાન અણુશસ્ત્ર બનાવવાથી હજુ ત્રણ વર્ષ દુર હતો જયારે ઇઝરાયલ માને છે કે થોડા સપ્તાહમાં તે અણુશસ્ત્ર બનાવી શકે તેવી ક્ષમતા મેળવી લીધી છે આમ ટ્રમ્પ શાસનમાં પણ ઇરાન અંગે મતભેદ છે**

**વાસ્તવમાં ઇઝરાયલ અને અમેરિકાનો ઇરાદો ઇરાનના મુલ્લા શાસનનો અંત હોવાનો માનવામાં આવે છે અને ભુતકાળમાં લીબીયાથી સીરીયા સુધી અમેરિકા કરી ચુકયું છે તે બાદ જે દેશોમાં શું પરિસ્થિતિ થઇ તેની અમેરિકા ચિંતા કરતું નથી અફઘાનિસ્તાન ફરી એક વખત તાલિબાનોના હાથમાં ચાલ્યુ ગયું છે સીરીયાનો વડો ત્રાસવાદી છે લીબીયા અને ઇરાકમાં પણ સત્તા પલ્ટા કર્યા પછી આંતરિક સંઘર્ષ ચાલુ છે આમ અમેરિકાની દરમ્યાનગીરી ભાગ્યે જ કોઇ પરિણામ લાવી શકે છે પણ આ દેશો અસ્થિરતામાં હોમાઇ છે, અમેરિકી જનતા યુદ્ધ ઇચ્છતુ નથી તેના સૈનિકો બોડીબેગમાં પેક થઇને આવે તે કદી સ્વીકાર્ય કરતા નથી**

પર્સીયન વાર્તાઓમાં જીન્નનો ઉલ્લેખ આવતો હતો જે સંકટના સમયે માણસને પણ મદદ કરતો હતો હવે ઇરાનની મદદે આ જીન્ન આવે છે કે કેમ તે સવાલ છે પરંતુ જે રીતે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઇરાનને તહેરાન ખાલી કરવાની ચેતવણી આપી છે તેનાથી એ પ્રશ્ન ઉભો થાય છે કે ટ્રમ્પનો ઇરાદો શું છે. વિશ્વના ૯ દેશો પાસે ૧૨૨૪૧ અણુશસ્ત્રો છે જેમાં પાકિસ્તાન જેવા નાદાર દેશનો પણ સમાવેશ થાય છે અને ઇરાન અણુશસ્ત્ર બનાવે તો દુનિયામાં એવી કઇ સમતુલા ખોરવાઇ જવાની હતી જેનાથી ઇઝરાયલ અને અમેરિકાએ ઇરાનના અણુશસ્ત્ર સામે લશ્કરી કાર્યવાહી કરવાની ફરજ પડી જેનો ઇતિહાસ છે કે એક સમયે ઇરાનના શાહ શાસનમાં ઇઝરાયલ સાથે તેને પાકી દોસ્તી હતી પરંતુ લગભગ ૪૯ વર્ષ પહેલા જે ઇસ્લામિક ક્રાંતિ થઇ અને જે રીતે ખામેનેઇનું શાસન આવ્યુ તે પછીનું ઇરાન એ વિશ્વના એવા કટ્ટરવાદી દેશોનો મુલક બની ગયો છે કે જયાં આજે પણ મહિલાઓએ પોતાના વ્યકિતગત સ્વતંત્રતા માટે લડત આપવી પડે તેમ છે પરંતુ હવે ઇઝરાયલે જાહેર કર્યુ છે કે ઇરાનના આકાશ પર તેનો કબ્જો થઇ ગયો છે અને અમેરિકા પણ તેના લડાયક વિમાનો અને અન્ય સૈન્યને વધુને વધુ રીતે ઇરાનની આસપાસ ખડકી શકાય તે રીતે ગોઠવી રહ્યું છે તો ટ્રમ્પે પણ જાહેર કર્યુ છે કે ખામેનેઇ કયાં છે તે અમને ખબર છે આમ ઇરાનના સર્વોચ્ચ શાસક તરીકે ગણાતા ખામેનેઇ અંગે પણ સસ્પેન્ડ સર્જાયો છે એક ચર્ચા એવી છે કે તે રશિયા ભાગી ગયા છે અને ઇરાનમાં તેના શાસનનો અંત આવશે પણ ભુતકાળમાં જે રીતે ઇરાક અને હાલમાં અફઘાનિસ્તાન અને ત્યારબાદ સીરીયામાં જે રીતે અમેરિકા અને તેના સાથી દેશો તેમજ ઇઝરાયલે સત્તા પલ્ટા કરાવ્યા પછી આ દેશોમાં શું ફર્ક થયો તે પણ પ્રશ્ન છે.

એક સમયે સદ્દામ હુસેન પણ અમેરિકાના ડાર્લિંગ હતા પણ બાદમાં તેને ખતમ કરવા માટે સૌથી મોટુ ઓપરેશન હાથ ધરાયું હવે ઇરાનમાં પણ શું અમેરિકા અને ઇઝરાયલ તે કરવા જઇ રહ્યા છે તે પ્રશ્ન છે.

અમેરિકાના પ્રમુખે જી-૭ છોડીને વોશિંગ્ટન આવવાનું પસંદ કર્યુ અને તેની સાથે જ એક સીચ્યુએશન રૂમ બનાવવાનો આદેશ આપી દીધો જે દર્શાવે છે કે અમેરિકા ઇરાનમાં કંઇક કરવા જઇ રહ્યું છે. આપણે જેને સામાન્ય વોર રૂમ કહીએ છીએ તેવા જ પ્રકારનો આ સીચ્યુએશન રૂમ એ ઇરાનની પરિસ્થિતિ પર પળે પળની નજર રાખશે જેમાં મીલીટ્રી અને ડિપ્લોમેટીક બંને તરફના નિષ્ણાંતો હશે અને તે પ્રમુખને નિર્ણય લેવામાં મદદ કરશે. પણ ઇઝરાયલ અને અમેરિકાનો ઇરાદો ઇરાનના અણુમથકો કે જયાં ભુગર્ભ ભંડારમાં ૪૦૦ કિલો જેટલો શુધ્ધ યુરેનીયમ ધરબાયેલો છે તે જપ્ત કરવાનો છે. જેથી ઇરાન કદી પણ અણુ શસ્ત્ર બનાવવા માટે કમ સે કમ બે ત્રણ દસકા સુધી સક્ષમ બને નહીં જોકે એક તરફ ઇઝરાયલ એમ કહે છે કે ઇરાન અણુશસ્ત્ર બનાવવાની નજીક હતો પરંતુ ખુદ ટ્રમ્પ શાસન અને અમેરિકી ઇન્ટેલીજન્સ કે જેના વડા તુલસી ગાબાર્ડ છે તેઓએ પોતાના એક રીપોર્ટમાં એવું જણાવ્યું છે કે ઇરાન હજુ અણુ શસ્ત્ર બનાવવાથી ઓછામાં ઓછું ત્રણ વર્ષ દુર હતું અને ઇરાનના મુખ્ય યુરેનીયમ શુધ્ધિકરણ સુવિધા કે જે નાતાઝમાં આવેલી છે તેના ભુગર્ભ બંકરને તોડી પાડવામાં ઇઝરાયલે અમેરિકા પાસે ૧૪ હજાર કિલોના બંકર બ્લસ્ટર બોમ્બની માંગણી કરી છે ભુતકાળમાં હમાસના બંકરો તોડવા માટે આ પ્રકારના બોમ્બનો ઉપયોગ થયો હતો.

ટ્રમ્પ હાલ ભલે કહે છે કે તે ઇરાન સામેના યુધ્ધમાં જોડાશે નહીં પરંતુ જે રીતે સાડા ત્રણ વર્ષથી યુક્રેનને રશિયા સામે લડવામાં અમેરિકા અને તેના સાથી દેશો શસ્ત્રો સહિતની મદદો કરી રહ્યા છે અને વધુમાં વધુ ઘાતક શસ્ત્રો આપી રહ યા છે તે દર્શાવે છે કે ઇઝરાયલને તેનાથી વધુ સીધી મદદ અમેરિકા કરી રહ્યું છે અને પ્રમુખ ટ્રમ્પને હાલ જે ઘર આંગણે વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે તેમાં હવે ઇરાન સામેના યુધ્ધમાં ઇઝરાયલ સાથે સીધી રીતે જોડાવું એ ટ્રમ્પ માટે એક આત્મઘાતી બની શકે છે ભુતકાળમાં અમેરિકાએ જયારે જયારે કોઇ અન્ય દેશમાં પોતાનું સૈન્ય મોકલ્યુ છે ત્યારે માર ખાઇને પાછુ આવ્યું છે. વિયેટનામથી લઇ અફઘાનિસ્તાનમાં જે રીતે અમેરિકાને તેના સૈનિકોને સલામત પરત લાવવામાં પણ અનેક લાલચો આપવી પડી તે પછી તે ઇરાનમાં પોતાની સેનાને સીધી રીતે સંડોવે તેવી શકયતા નથી. અમેરિકન જનતા એક પણ સૈનિકનો મૃતદેહ બોડી બેગમાં આવે તે સ્વીકાર્ય બનાવતું નથી અને અફઘાનિસ્તાનમાંથી પીછેહઠ કરવામાં આ જ મહત્વની ભૂમિકા બની ગઇ હતી અને તેથી જ અમેરિકા સીધી રીતે યુધ્ધમાં સંડોવાઇ તેવી શકયતા નહીંવત છે. આમેય ટ્રમ્પ જે કહે છે કે તે ભાગ્યે જ કરે છે.



પ્રશ્ન એ છે કે ઇરાનમાં શું ! એક વખત તેના અણુશસ્ત્રોને કાયમી રીતે દફનાવી દેવાઇ પછી પણ શું ઇઝરાયલ અને અમેરિકાને સંતોષ થશે ! જવાબ છે ના... અમેરિકા અને ઇઝરાયલ ઉંડી રમત રમી રહ્યા અને તેનો ઇરાદો સત્તા પલ્ટાનો અને મુલ્લા શાસનના અંતનો છે. અમે ૪૯ વર્ષથી ઇરાનમાં જે રીતે ખામેનેઇ શાસન ચાલી રહ્યું છે તેની સામેનો વિરોધનો અવાજ દબાયેલો તો છે જ. પણ ખામેનેઇ હજુ આઉટ થયા નથી. પ્રમુખ ટ્રમ્પે જે રીતે તહેરાન ખાલી કરવા અને ખામેનેઇને શરણે થવા ચેતવણી આપી પછી ખામેનેઇનો પ્રથમ પ્રતિભાવ બહાર આવ્યો છે અને તેમાં તેણે કહ્યું છે કે યહુદી ત્રાસવાદી સામ્રાજય સામે અમે મજબુત જવાબ આપીશું અને એ પણ બતાવશું કે અમે તેમની સામે કોઇ દયા રાખવા માંગતા નથી. આમ કહીને તેણે અમેરિકી પડકાર ઉપાડી લીધો હોય તેવા સંકેત છે અને મહત્વપૂર્ણ એ છે કે અત્યાર સુધી ચૂપ રહેલા રશિયા અને ચીન હવે ચિત્રમાં આવી શકે છે અને તેનાથી સમગ્ર યુધ્ધની પરિસ્થિતિ બદલાઇ જશે. અગાઉ પણ લખાયું હતું તેમ ઇરાન ઇચ્છે છે કે અમેરિકા પણ યુધ્ધમાં જોડાઇ અને તેથી જ ભુતકાળની જે ઐતિહાસિક બેટલ ઓફ ફેબર લડાઇ હતી તેવા યુધ્ધનો પ્રારંભ થઇ શકે છે.

અમેરિકાની મધ્ય પૂર્વની નીતિ પ્રારંભથી તેને સાનુકુળ શાસકોની રહી છે અને તેનો ઇતિહાસ છે ભુતકાળમાં લીબીયા, ઇરાક, સીરીયા, અફઘાનિસ્તાન આ તમામમાં અમેરિકાએ સત્તા પલ્ટા કરાવ્યા પણ પછી આ દેશમાં ભાગ્યે જ કોઇ રાજકીય સ્થિરતા આવી છે પણ અમેરિકાને તેની ચિંતા નથી. મધ્ય પૂર્વના દેશો અસ્થિર રહે તેમાં જ અમેરિકાનો સ્વાર્થ છે અને તેથી જ તે ઇરાનમાં પણ તે જ પરિસ્થિતિ ઉભી કરવા માંગે છે ઇરાનના પૂર્વ શાસક શાહના વંશજો અત્યારે અમેરિકામાં બેઠા છે અને જેમ સીરીયામાં એક સમયના ખુંખાર ત્રાસવાદીને અમેરિકાએ અને ઇઝરાયલે અશદ શાસનને દુર કરી અને આ ત્રાસવાદીને હવાલે કર્યુ તેવી જ સ્થિતિ શાહને ફરી ઇરાન સોંપી શકાય છે પરંતુ પાંચ દસકા પહેલાનું અને આજનું ઇરાન એ અલગ બાબત છે અને તેથી જ ઇરાનમાં હવે પરિસ્થિતિ વધુ ખતરનાક બની શકે છે.

## પ્લેનક્રેશ સ્થળેથી બિઝનેસમેને ૭૦ તોલા સોનાની વસ્તુઓ અધિકારીઓને સોંપી



### સૌથી પહેલા ઘાયલોને બહાર કાઢવામાં મદદ કરી: કાટમાળમાંથી પીડિતોના સોનાના દાગીના, રોકડ અને દસ્તાવેજો કાઢવાનું કામ સંભાળ્યું હતું

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ માટે ૧૨ જુન કાળો દિવસ માનવામાં આવશે અમદાવાદ થી લંડન જતુ વિમાન ક્રેશ થતાં ૨૪૨ થી વધુ લોકો ના જીવ ગયા હતા. આ ઘટનામાં કાટમાળ ખસેડવાની કામગીરી દરમિયાન અનેક લોકના સામાન પણ મળી આવ્યા હતા. પ્લેન ક્રેશ થયા બાદ ઘણા બધા લોકો સેવા માટે આગળ આવ્યા હતા. કેટલાક લોકો ઘટનાસ્થળે તંત્રને મદદ કરી રહ્યા હતા, તો કેટલાક લોકો સિવિલ હોસ્પિટલમાં મદદ માટે પહોંચી ગયા હતા.કન્સ્ટ્રકશનનું કામ કરતા રાજુભાઈ પટેલ અને તેમની ટીમે ઘણું સરાહનીય કામ કર્યું હતું.

જ્યારે મેઘાણીનગરમાં બીજે મેડિકલ કોલેજની હોસ્ટેલ પર પ્લેન પડ્યું હોવાના સમાચાર વહેતા થયા તે સમયે કન્સ્ટ્રક્શનનું કામ કરતા ૫૬ વર્ષના રાજુ પટેલ ઘટનાસ્થળની નજીકમાં જ હતા. પ્લેન ક્રેશની વાત સાંભળી તેઓ પાંચ જ મિનિટમાં ત્યાં પહોંચી ગયા હતા. આગ અને અફરાતફરી વચ્ચે તેમણે અને તેમના મિત્રોએ સૌથી પહેલા ઘાયલોને બહાર કાઢવામાં મદદ કરી અને પછી કાટમાળમાંથી પીડિતોના સોનાના દાગીના, રોકડ અને દસ્તાવેજો કાઢવાનું કામ સંભાળી લીધું. બાદમાં એ લોકોએ તમામ વસ્તુઓ અધિકારીઓને સોંપી દીધી હતી. રાજુભાઈ એ જણાવ્યું કે, સાંજે ૪ વાગ્યા સુધી બચાવ કાર્ય લગભગ પુરું થયા પછી તેમણે અને તેમની ટીમે ચારે તરફ વિખરાયેલી બેગ્સને તપાસવાનું શરૂ કર્યું. તેમને ૭૦ તોલા સોનાના દાગીના, બંગડીઓ અને અન્ય આભૂષણો ઉપરાંત ૮૦,૦૦૦ રૂપિયા રોકડા, ભગવદ ગીતા અને પાસપોર્ટ પણ મળ્યા હતા. આ બધી વસ્તુઓ અધિકારીઓને સોંપી દીધી હતી. તેમણે કહ્યું કે, તેમને કંઈક કરી શક્યા તેનો સંતોષ છે.

## આગ્રામાં મોર્નિંગ વોકર્સને વાહને કચડયાઃ ૩ના મોત

આગ્રા, તા.૧૮

બુધવાર સવારે ટ્રાન્સ યમુનાના ઝારણા નાલા વિસ્તારમાં થયેલા અકસ્માતમાં ચાર લોકોના મોત થયા હતા. ફિરોઝાબાદથી કેરીઓ લઈને જતું એક લોડિંગ વાહન નિયંત્રણ બહાર ગયું અને સર્વિસ રોડ પર ચાલતા લોકોને ટક્કર મારી પલટી ગયું.



આ અકસ્માતમાં ૫૫ વર્ષીય રાજેશ, ૬૫ વર્ષીય હરિબાબુ અને ચાલીને જઈ રહેલા રામેશ્વરનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ ડ્રાઈવર વાહનમાં ફસાઈ ગયો હતો. અકસ્માત બાદ હાઈવે પર લાંબો જામ થઈ ગયો હતો. પોલીસે ક્રેનની મદદથી વાહનને હટાવીને ટ્રાફિક શરૂ કરાવ્યો હતો. આ અકસ્માતમાં કંડક્ટરની હાલત ગંભીર છે, તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

મળતી માહિતી અનુસાર, મેક્સમાં બે લોકો હતા. ત્રણ લોકો ડિવાઇડર પાસે ચાલીને જઈ રહ્યા હતા. એવું માનવામાં આવે છે કે, ડ્રાઇવરને ઝોકું આવવાથી આ અકસ્માત થયો હતો. વાહન કાપીને ડ્રાઈવરને બહાર કાઢવામાં આવ્યો હતો. ડ્રાઇવરનું પણ મૃત્યુ થયું છે. કંડક્ટરને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો છે. એક કલાકની મહેનત બાદ ડ્રાઈવરના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો.



## અમેરિકામાં બહારનાં લોકો આવશે તેના કરતાં પણ વધારે બહાર કઢાશે

### ૫૦ વર્ષમાં પ્રથમ વખત, ઈમિગ્રેશનમાં મોટા ફેરફારો અર્થતંત્ર પર ગંભીર અસર કરી શકે

વોશિંગ્ટન : આ વર્ષે અમેરિકા જનારા લોકો કરતાં વધુ લોકો અમેરિકા છોડીને જાય તેવી શકયતા છે. ઈમિગ્રેશનમાં આ બદલાવની અમેરિકાની અર્થવ્યવસ્થા અને સામાજિક તાણાવાણા પર ઊંડી અસર પડી શકે છે. વોશિંગ્ટનની થિંક ટેન્કના બે અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની કડક ઈમિગ્રેશન નીતિઓ પરિવર્તનનું મુખ્ય કારણ છે. દેશનિકાલમાં વધારો પણ આમાં ફાળો આપી રહ્યો છે. નિષ્ણાતોને ટાંકીને washingtonpost.com અહેવાલ આપ્યો છે કે, ૫૦ વર્ષમાં પ્રથમ વખત અમેરિકામાં રહેતાં લોકોની સંખ્યામાં ઘટાડો થવાની ધારણા છે. એટલે કે આ વર્ષે અમેરિકા છોડીને જતાં લોકોની સંખ્યા નવા આવનારાઓની સંખ્યા કરતાં વધારે હશે. દક્ષિણ સરહદને સંપૂર્ણપણે બંધ કરવી, આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પર પ્રતિબંધ અને કાનૂની દરજ્જાના નવા ઈમિગ્રન્ટ્સને છીનવી લેવાથી પરિવર્તનને વેગ મળી રહ્યો છે. તાજેતરનાં કાર્યસ્થળના દરોડા અને દેશનિકાલની ચેતવણીઓએ પણ ઘણાં ઈમિગ્રન્ટ્સને યુનાઈટેડ સ્ટેટ્સ છોડવાની ફરજ પડી છે.

**શ્રમ બજારમાં કટોકટીનો ભય**

નિષ્ણાતો કહે છે કે સ્થળાંતરકરનારની અછતને કારણે મજૂર બજારમાં કટોકટી સર્જાશે. ખાસ કરીને કૃષિ, બાંધકામ અને હોસ્પિટાલિટી જેવા ક્ષેત્રોમાં, જે વિદેશી કામદારો પર આધારિત છે. પરપ્રાંતિયોની સંખ્યામાં ઘટાડો થવાને કારણે કરદાતાઓમાં પણ ઘટાડો થશે. આ સામાજિક સુરક્ષા અને અન્ય સરકારી કાર્યક્રમોને નુકસાન પહોંચાડી શકે છે. ગયા વર્ષે વિદેશી કામદારોનો હિસ્સો વિક્રમી સપાટીએ રહ્યો હતો. હવે એકાએક તેમાં ઘટાડો થઈ રહ્યો છે.

**૧૦ લાખ પરપ્રાંતિયોને હાંકી કાઢવામાં આવશે**

અમેરિકન સરકાર આ વર્ષે લગભગ ૧૦ લાખ ઈમિગ્રન્ટ્સને બહાર કાઢવાની યોજના ધરાવે છે. આ તે વિસ્તારોને અસર કરશે જ્યાં સ્થળાંતર કરનારાઓનો હિસ્સો સૌથી વધુ છે. હૈતી અને ક્યુબાના કેટલાક કામદારોને તાજેતરમાં ફ્લોરિડામાંથી કાઢી મૂકવામાં આવ્યા હતાં. આનાથી ત્યાં કામનું ભારણ તો વધ્યું જ છે, પરંતુ વેતન પણ વધવા લાગ્યું છે. પરિણામે, સેવાઓનો ખર્ચ વધી શકે છે.

નાના દેશો માટે ચાર દિવસની ટેસ્ટ મેચ રમાડવાની વિચારણા

## ચાર દિવસના ટેસ્ટ મેચઃ ICC એ સૌપ્રથમ ૨૦૧૭માં મંજૂરી આપી હતીઃ ઈંગ્લેન્ડ ગત મહિને જ રમ્યું હતું

### ભારત-ઈંગ્લેન્ડ-ઓસ્ટ્રેલિયાના મુકાબલા પાંચ દિવસના જ રહેશે



લંડનઃ તા.૧૮

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (ICC) ૨૦૨૭-૨૯ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) મેચમાં નાના દેશો માટે ચાર દિવસની ટેસ્ટ મેચોને મંજૂરી આપવા માટે તૈયાર છે. પરંતુ ભારત, ઓસ્ટ્રેલિયા અને ઇંગ્લેન્ડ હજુ પણ પરંપરાગત પાંચ દિવસની મેચ રમી શકે છે. મળતી માહિતી મુજબ મેચોની સંખ્યા એક દિવસ ઘટાડવાનો નિર્ણય એક મહત્વપૂર્ણ ફેરફાર હશે અને નાના દેશોને વધુ ટેસ્ટ અને લાંબી અવધિની શ્રેણી રમવામાં મદદ કરશે.

**શાહનો ટેકોઃ** ગયા અઠવાડિયે લોર્ડ્સમાં WTC ફાઇનલ દરમિયાન થયેલી ચર્ચામાં, ICC પ્રમુખ જય શાહે ૨૦૨૭-૨૯ WTC ચક્ર માટે ચાર દિવસીય ટેસ્ટ માટે પોતાનો ટેકો વ્યક્ત કર્યો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે, 'ઇંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા અને ભારત હજુ પણ એશિઝ, વોર્ડર-ગાવસ્કર ટ્રોફી અને એન્ડરસન-તેંડુલકર ટ્રોફી માટે પાંચ દિવસની ટેસ્ટ શ્રેણી રમી શકશે. એન્ડરસન તેંડુલકર ટ્રોફી શુક્રવારે હેડિંગ્લી ખાતે ઇંગ્લેન્ડ અને ભારત વચ્ચેની પ્રથમ ટેસ્ટ મેચ સાથે શરૂ થશે.

**૨૦૧૭માં પહેલી વાર મંજૂરીઃ** આઈસીસીએ ૨૦૧૭માં દ્વિપક્ષીય મેચો માટે ચાર દિવસીય ટેસ્ટ મેચોને પહેલી વાર મંજૂરી આપી હતી. ૨૦૧૯ અને ૨૦૨૩માં આયર્લેન્ડ સામે ચાર દિવસીય ટેસ્ટ રમ્યા બાદ ઈંગ્લેન્ડે ગયા મહિને ટ્રેન્ટ બ્રિજ ખાતે ઝિમ્બાબ્વે સામે ચાર દિવસીય ટેસ્ટ રમી હતી. રિપોર્ટ અનુસાર, 'ઘણા નાના દેશો સમય અને ખર્ચને કારણે ટેસ્ટ મેચોનું આયોજન કરવામાં રસ ધરાવતા નથી, પરંતુ ચાર દિવસીય ટેસ્ટ મેચો ત્રણ અઠવાડિયાથી ઓછા સમયમાં આખી ત્રણ ટેસ્ટ શ્રેણી રમવાની મંજૂરી આપશે.' તેમાં કહેવામાં આવ્યું છે કે, 'સમય બગાડ ટાળવા માટે, ચાર દિવસીય ટેસ્ટમાં રમવાનો સમય દરરોજ ૧૦ ઓવરથી વધારીને ઓછામાં ઓછો ૯૮ ઓવર કરવામાં આવ્યો છે.'

## વિજેતા કેપ્ટનને પટૌડી મેડલ મળશે

નવી દિલ્હીઃ

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની પાંચ મેચની શ્રેણીના વિજેતા કેપ્ટનને પટૌડી મેડલ એનાયત કરવામાં આવશે. આનાથી આ બંને દેશો વચ્ચેની ક્રિકેટ હરીફાઈમાં આ રાજવી પરિવારનું નામ જીવંત રહેશે. પટૌડી પરિવારનો બંને દેશોમાં ક્રિકેટ સાથે ઊંડો સંબંધ રહ્યો છે. ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ (ECB) એ અગાઉ પટૌડી ટ્રોફીનું નામ બદલીને તેંડુલકર-એન્ડરસન ટ્રોફી રાખવાનો નિર્ણય લીધો હતો. ગયા અઠવાડિયે WTC ફાઇનલ દરમિયાન તેની ઔપચારિક જાહેરાત થવાની હતી, પરંતુ એર ઇન્ડિયા વિમાન દુર્ઘટનાને ધ્યાનમાં રાખીને તેને મુલતવી રાખવામાં આવી હતી. સુનિલ ગાવસ્કર સાથે ક્રિકેટ જગતની કેટલીક અન્ય લોકોએ ટ્રોફીના નામમાં ફેરફારની ટીકા કરી હતી. જાણવા મળ્યું છે કે તેંડુલકરે ECBનો સંપર્ક કર્યો હતો અને કહ્યું હતું કે પટૌડી નામ ભારત-ઇંગ્લેન્ડ ક્રિકેટનો ભાગ રહેવું જોઈએ. ICC ચેરમેન જય શાહે પણ આમાં ભૂમિકા ભજવી હતી.

### ચોમાસાના પ્રથમ વરસાદમાં જ ડેમોમાં નવા પાણી હિલોળા લેવા માંડયા

# ભાદર-ન્યારી સહિત ૨૬ જળાશયોમાં નવા નીર



### સૌરાષ્ટ્રના ડેમોમાં એક જ દિવસમાં ૧૨ ટકાથી વધુ પાણી ઠલવાયુઃ મોરબી-સુરેન્દ્રનગર જીલ્લાના જળાશયોમાં ધીંગી આવક

રાજકોટ તા.૧૮

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ચોમાસાના વિધિવત આગમન સાથે જ ખાબકેલા સાર્વત્રિક વરસાદથી જળાશયોમાં નવા નીર હિલોળા લેવા માંડયા છે. આજે સતત બીજા દિવસે ભાદર સહિતના જળાશયોમાં નવા પાણીની આવક હતી. મહત્વની અછત એ છે કે એક જ દિવસમાં સૌરાષ્ટ્રના જળાશયોમાં સરેરાશ ૧૨ ટકા પાણી ઠલવાઈ ગયુ છે.

રાજકોટ સિંચાઈ વર્તુળના રિપોર્ટ પ્રમાણે રાજકોટને પાણી પુરુ પાડતા ભાદર ડેમની સપાટીમાં ૧.૨૫ ફુટનો વધારો થયો છે અને કુલ સપાટી ૨૨.૭૦ ફુટ પર પહોંચી છે. આ સિવય આજી-૧ ડેમમાં ૦.૨૦ ફુટ પાણી આવતા કુલ સપાટી ૨૩.૭૦ ફુટ થઈ છે. આ સિવાય ન્યારી-૧ની સપાટીમાં કોઈ વધારો નથી પરંતુ ન્યારી-૨ ડેમની સપાટી ૦.૩૩ ફુટ વધીને ૧૫.૬૦ ફુટ થઈ છે. ફાડદંગબાટીની સપાટી ૪.૧૦ ફુટ વધીને ૫.૭૦ ફુટ થઈ હતી. લાલપરી તળાવની સપાટી ૦.૬૬ ફુટ વધીને ૧૦.૫૦ ફુટ પર પહોંચી હતી. છાપરવાડી-૨માં ૧.૩૧ ફુટ, કર્ણુકીમાં ૩.૨૮ ફુટ, ઘેલા સોમનાથની સપાટીમાં ૩.૪૮ ફુટ તથા માલગઢની સપાટીમાં ૬.૫૬ ફુટનો વધારો થયો હતો અને કુલ સપાટી ૧૪.૪૦ ફુટ પર પહોંચી હતી.

આ સિવાય મોરબી જીલ્લાના ડેમો મચ્છુ-૧ની સપાટીમાં ૪.૪૦ ફુટ, મચ્છુ-૨માં ૩.૧૮ ફુટ, ડેમી-૨માં ૦.૮૨ ફુટ, ઘોડાધ્રોઈમાં ૯.૫૧ ફુટ, બ્રાહ્મણીમાં ૧૨.૮૯ ફુટ, બ્રાહ્મણી-૨માં ૧.૩૧ ફુટનો વધારો થયો હતો.

જામનગર જીલ્લામાં એકમાત્ર ઉમીયાસાગર ડેમની સપાટીમાં ૦.૧૩ ફુટનો વધારો હતો.

દ્વારકા જીલ્લાના કાબરકા ડેમમાં નવુ ૦.૩૩ ફુટ પાણી ઠલવાયુ હતું. સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણ ભોગાવો-૧માં ૬.૯૯ ફુટ, લીંબડી ભોગાવો-૧માં ૮.૯૯ ફુટ, ફુલકુમાં ૧૦.૦૧ ફુટ, ડાંસલમાં ૨.૯૫ ફુટ, સબૂરીમાં ૧૮.૦૪ ફુટ, ત્રિવેણીઠાંગામાં ૧૩.૯૪ ફુટ, લીંબડી ભોગાવો-૨માં ૩.૭૭ ફુટ તથા ધારીમાં ૧૧.૪૮ ફુટનો વધારો હતો.

રાજકોટ સિંચાઈ કચેરી હસ્તક રાજકોટ, મોરબી, જામનગર, દ્વારકા, સુરેન્દ્રનગર, અમરેલી તથા પોરબંદર જીલ્લાના જળાશયો આવતા હોય છે. તેમાંથી ૨૬ ડેમોમાં નવા નીર આવ્યા હતા. ચોમાસાની હજુ તો શરૂઆત છે ત્યાં જ ડેમોમાં જોરદાર આવક થતા આવતા દિવસોમાં છલકાવાની શકયતા રહે છે.

# મવડીના ત્રણ રસ્તા પહોળા કરવા ૭૦ મિલ્કતો કાપવા તજવીજ

### અનેક સોસાયટી સાથે કનેકશન છે : રીંગ રોડ ટચ એપ્રોચ આપવા તુરંત કાર્યવાહી કરવા રજુઆત : વળતરનો પણ વિકલ્પ

રાજકોટ, તા. ૧૮

મવડીના ત્રણ રસ્તા પહોળા કરીને નવા રીંગ રોડ સાથે જોડવાના કામનો વહેલાસર પ્રારંભ કરવા ટીપી વિભાગ અને કમિશ્નરને રજુઆત કરાઇ છે. આ માટે કપાતમાં આવતી ૭૦ જેટલી મિલ્કતો પૈકી યોગ્ય કેસમાં વળતર આપવા પણ રજુઆત કરવામાં આવી છે.

શહેરના વોર્ડ નં. ૧૨ના મવડીના ૩ રસ્તાઓ પહોળા કરવા માટે ૭૦ મિલકતો પર કપાત આવે છે તે રોડ રસ્તા સાંકડા, શેરી ગલીવાળા છે. દિન પ્રતિદિન વિસ્તારો, વસ્તીઓ તથા હળવા ભારે વાહનોના ટ્રાફિકોની અવર જવર વધતી જતી હોવાથી વોર્ડ નં. ૧૨ની હદમાં આવેલ રાજકોટને ફરતે થી જોડતા હોય કપાતમાં લેવામાં આવેલ મવડીના ચાર માર્ગ પેકી ૩ મુખ્ય માર્ગ આંતરિક સોસાયટીઓ સાથે કનેક્ટીવીટી ધરાવે છે. રિંગ રોડ સુધી તેને ડાયરેક્ટ એપ્રોચ મળતો નથી આ માર્ગને રિંગ રોડ સાથે જોડવા માટે યોજના બનાવવામાં આવી છે.

મવડીના અંકુરનગર થી ૨૪ મીટરનો રોડ છે જેને રિંગરોડ સાથે જોડવા માટે કપાત નક્કી કરવામાં આવેલ છે. તેવી જ રીતે ગોપાલ પાર્કના ૯ મીટરના રોડને પહોળો કરીને રિંગ રોડ સાથે જોડવામાં આવનાર રસ્તો તથા માધવ પાર્કના ૧૮ મીટરના રોડ માટે યોજના બનાવેલ છે. જે રસ્તાઓ પહોળા કરીને ૧૫૦ ફૂટ રિંગરોડ સાથે જોડવા માટે ૭૦ મિલકતો કપાતમાં આવે છે તેમને મનપા દ્વારા નક્કી થયા મુજબ જે વ્યકિતઓ પાસે કાયદેસરના દસ્તાવેજ નોંધણી તથા કોર્પો.ને લગત મકાનો દુકાનો ના બાંધકામ પ્લાન સર્ટીફીકિટ વેરા બિલ વગેરે ડોક્યુમેન્ટ હોય તેવા લોકોની રિંગરોડ પર કપાતમાં આવતી જમીન, જગ્યા કે પ્લોટ ઉપરનું વળતર આપવા સામાજીક કાર્યકર સવજીભાઇ ફળદુ દ્વારા માંગણી કરાઇ છે. જે વ્યકિતઓએ સરકારી કે સાર્વજનિક કોમન જમીન જગ્યા કે પ્લોટ ઉપર દબાણ કરેલ હોય ત્યાં ડિમોલેશન કરાવી રિંગરોડ રસ્તાની જમીન જગ્યાં ખુલ્લી કરાવી, જરૂરી સર્વે કરાવીને તત્કાલ મિલ્કત કપાતના કામોની કાર્યવાહી ચાલુ કરાવીને નવા રિંગરોડ બનાવાના કામો ચાલુ કરાવી આપવા રજુઆત કરાઇ છે.

# રાજકોટમાં ધીમી ધારે વધુ દોઢ ઈંચ વરસાદઃ મોડીરાતથી વિરામઃ વાતાવરણ હજુ વાદળછાયુ

રાજકોટ તા.૧૮

રાજકોટમાં આજે વરસાદ વિના આકાશમાં વાદળો છવાયેલા હતા છતાં ગઈ મોડીરાત સુધી ધીમી ધારે સતત પાણી વરસ્યુ હોવાથી દોઢ ઈંચ સુધીનો વરસાદ પડી ગયો હતો.

રાજકોટ ફાયરબ્રિગેડમાં નોંધાયેલા વરસાદની વિગતો મુજબ વેસ્ટઝોન (નવા રાજકોટ)માં છેલ્લા ચોવીસ કલાકમાં ૨૦ મી.મી. વરસાદ નોંધાયો હતો. જયારે સેન્ટ્રલ ઝોનમાં ૩૮ મી.મી. તથા પુર્વ ઝોન સામાકાંઠે ૩૫ મી.મી. પાણી વરસ્યુ હતું.

વરસાદ ધીમી ધારે વરસ્યો હોવા છતાં વચ્ચે-વચ્ચે જોર વધી જવા સાથે ભારે ઝાપટા પડતા ખાસ કરીને સામાકાંઠે તથા મધ્યઝોનના નીચાણવાળા ભાગોમાં પાણી ભરાયા હતા. જોર ફરી ધીમુ પડવા સાથે પાણી વહી જતા હતા એટલે કોઈ ખાસ મુશ્કેલી થઈ ન હતી. ફાયરબ્રિગેડના સૂત્રોએ પણ વરસાદી મુશ્કેલીની કોઈ ફરિયાદો નહી રહ્યાનો નિર્દેશ કર્યો હતો. હવામાન કચેરીના સવારના આઠ વાગ્યાના આંકડામાં વરસાદ ૧૬.૨ મીમી વરસ્યાનુ દર્શાવવામાં આવ્યુ હતું. શહેરમાં મોડીરાતથી જ વરસાદ અટકેલો હતો. સવારથી વાતાવરણ વાદળીયુ હોવા છતાં વરસાદ ન હતો. બપોરે ઉઘાડ જેવુ ચિત્ર હતું. વરસાદી માહોલને કારણે વાતાવરણમાં ઠંડક હતુ. તાપમાન ૨૭.૨ ડીગ્રી નોંધાયુ હતું. હવામાં ભેજનું પ્રમાણ ૯૭ ટકા હતુ જયારે પવનની ઝડપ ૮ કી.મી.ની હતી.

# કાલે ગાંધીનગરમાં સ્વ. વિજયભાઈ રૂપાણીની પ્રાર્થનાસભાઃ જે.પી.નડ્ડા-રાજયોના CM આવશે

### ભાજપની નેશનલ ટીમ અને અનેક રાજયોના ભાજપના નેતાઓ શ્રદ્ધાંજલી આપશેઃ શુક્રવારે સાંજે કમલમમાં શ્રદ્ધાંજલી સભા

રાજકોટ: ગુજરાતના પુર્વ મુખ્યમંત્રી સ્વ.વિજયભાઈની ગઈકાલે રાજકોટની પ્રાર્થનાસભામાં મહાનગર ઉપરાંત સૌરાષ્ટ્રભરના ભાજપના અગ્રણીઓ તથા સ્વ.રૂપાણીના સ્નેહીજનો, શુભેચ્છકોએ અંજલી આપ્યા બાદ હવે કાલે ગુરૂવારે ગાંધીનગરમાં બે વધુ પ્રાર્થનાસભાનું આયોજન થયું છે. જેમાં પ્રથમ પ્રાર્થનાસભા ગાંધીનગરમાં રાજય તથા દેશભરમાંથી ભાજપ તથા જાહેર જીવન અને રાજકીય ક્ષેત્રના અગ્રણીઓ પણ સ્વ.ને શ્રદ્ધાંજલી આપશે.

જેમાં મુખ્યત્વે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ શ્રી જે.પી.નડ્ડા તથા પક્ષની ટીમના સીનીયર સભ્યો, હરિયાણા સહિતના ભાજપ તથા અન્ય પક્ષના શાસનના મુખ્યમંત્રીઓ, પ્રદેશ પ્રમુખો સહિતના મહાનુભાવો આવશે. શ્રી રૂપાણી છેલ્લા ૨ વર્ષથી વધુ સમયથી રાષ્ટ્રીયકક્ષાએ કાર્યરત હતા.

અગાઉ તેઓ રાજયસભાના સભ્ય તરીકે છ વર્ષ રહી ચુકયા હતા અને છેલ્લે પંજાબના પ્રભારી તરીકે કામકાજ કર્યુ છે. આમ તેમના રાષ્ટ્રીય સંબંધો પણ વ્યાપક હતા અને તેમની સાથે કામ કરનારા પણ તેમના વ્યક્તિત્વથી પ્રભાવિત બની ગયા હતા તેથી ગાંધીનગરમાં આવતીકાલે સવારે

(અનુસંધાન છઠ્ઠા પાને)



# અમેરિકાના ટેરિફે જેમ્સ-જવેલરીની ચમક ઘટાડીઃ નિકાસમાં ૧૫.૮૧ ટકાનો ઘટાડો

### મે મહિનામાં કોતરવામાં આવેલ હીરાની નિકાસ ૩૫.૪૯ ટકા ઘટીઃ જીજેઈપીસી

મુંબઈ તા.૧૮

જીજેઈપીએએ મંગળવારે જણાવ્યું હતું કે અમેરિકા દ્વારા ટેરિફની જાહેરાત થયા બાદ મેમાં કુલરત્ન અને આભૂષણ જેમ્સ એન્ડ જવેલરીની નિકાસ ગત વર્ષના સમયગાળાની તુલનામાં ૧૫.૮૧ ટકા ઘટી તે ૧૯,૨૬૦-૮૧ કરોડ રૂપિયા રહી ગઈ છે.

જેમ્સ એન્ડ જવેલરી એકસપોર્ટ પ્રમોશન કાઉન્સીલ (જીજેઈપીસી)ના આંકડા અનુસાર, ૨૦૨૪ના આ સમયગાળા દરમિયાન ઉદ્યોગની નિકાસ ૨૨,૪૧૪-૦૨ કરોડ રૂપિયા રહી હતી, મે મહિનામાં કોતરવામાં આવેલ હીરાના નિકાસ ૩૫.૪૯ ટકા ઘટીને ૮,૦૮૯-૮૧ કરોડ રૂપિયા રહી, જયારે ગત વર્ષ આ સમયગાળામાં તે ૧૨,૨૭૨-૦૩ કરોડ રૂપિયા હતી. મે મહિનામાં પોલિશ પ્રયોગ શાળામાં બનેલા હીરાની નિકાસ વાર્ષિક આધારે ૧,૦૦૦૩-૩૬ કરોડ ડોલર (૬૮૯-૭૧ કરોડ રૂપિયા) રહી ગઈ. જયારે સોનાના આભૂષણોની નિકાસ વાર્ષિક આધારે ૧૭.૨૪ ટકા વધીને ૮૪૨-૬૧ કરોડ રૂપિયા રહી ગઈ, તો ચાંદીના આભૂષણોની કુલ નિકાસ ૧૭.૫૯ ટકા ઘટીને ૧૨૮૧-૯૨ કરોડ રૂપિયા રહી ગઈ. જીજેઈવીસીના ચેરમેન કિરીટ ભણશાલીએ કહ્યું હતું કે કુલ નિકાસમાં ઘટાડો ચાલુ છે અને મેમાં આ ઘટાડો મુખ્યત્વે અમેરિકા દ્વારા ટેરિફ (ચાર્જ)ની જાહેરાતથી ૧૫.૮૧ ટકા રહી. તેમણે જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયામાં ચાલુ તણાવના કારણે સુરક્ષિત રોકાણ તરીકે સોનાની માંગ વધી ગઈ છે જેમાં સોનાના ઘરેણાંની નિકાસ વધી છે.

### હવે ચલણમાં સિકકાઓના દિવસો આથમવા લાગ્યા છે

# છુટ્ટા નથી... યુપીઆઈ કરી દો...



### દેશમાં ડિજિટલ ક્રાંતિ એ પરચુરણની અછતની ફરિયાદો ભૂતકાળ બની ગઈ છેઃ ૨૦૧૬થી યુપીઆઈનું ચલણ શરૂ થયુંઃ હવે સકર્યુલેશનમાં ચલણી સિકકાનું પ્રમાણ રૂા.૩૬૫.૮૯ કરોડનું જ રહ્યું છે

નવી દિલ્હીઃ દેશમાં અગાઉ અવારનવાર પરચુરણની અછતની ફરિયાદો સંભળાતી હતી અને સરકારે ૨૫ પૈસા- ૫૦ પૈસાથી છેક રૂા.૧૦-૨૦ના સિક્કા પણ જારી કર્યા. મોટી રકમના સિક્કા પાછળનો હેતુ એ પણ હતો કે રૂા.૫, રૂા.૧૦, ૨૦ની ચલણીનોટો બહુ ઝડપથી ખરાબ થઈ જાય છે અને તેની સામે સિકકાઓનું ચલણ એ લાંબા સમય સુધી ચાલે છે પણ હવે પરચુરણની કે છુટ્ટા પૈસાની આવશ્યકતા જ ઓછી થઈ ગઈ હોય તો તેનું કારણ ડીજીટલ અને તે પણ યુપીઆઈ પેમેન્ટને યશ જાય છે. હવે શાકભાજીવાળા જ નહી. તમામ ફેરીયાઓ પણ યુપીઆઈ પેમેન્ટ સ્વીકારવા લાગ્યા છે. રિઝર્વ બેન્કના વાર્ષિક રિપોર્ટના ડેટા પણ તેની સાક્ષી પુરે છે. જેમાં જણાવ્યું છે કે એક દશકામાં ચલણમાં સિકકાનું સકર્યુલેશન ફકત ૨૦૨૪-૨૫માં તેના અગાઉના વર્ષ કરતા ફકત ૩-૬% જ વધ્યુ છે. તે ૨૦૧૬-૧૭ જે સમય યુપીઆઈના પ્રારંભનો હતો. તે સમયે સિકકાનું સકર્યુલેશન ૮.૫% વધ્યુ હતું. ૨૦૧૫-૧૬ માં તે ૧૪.૭% હતું. દેશમાં હાલ રૂા.૧-૨-૫-૧૦-૨૦ના ચલણના સિકકાઓનું કુલ ૧૩.૭ લાખ પીસ અને રૂા.૩૬૫૮૯ કરોડની રકમના ચલણમાં છે કે સિસ્ટમમાં છે. તેમાં રૂા.૧-

(અનુસંધાન છઠ્ઠા પાને)

# પ્લેન દુર્ઘટનામાં ભોગ બનેલ મુકતાબેન ડાંગરના અંતિમ સંસ્કારઃ પાંચ દિવસ બાદ DNA મેચ થયા







### પોલીસ સુરક્ષા હેઠળ મૃતદેહ રાજકોટ લાવવામાં આવ્યોઃ લોધીકા તાલુકા મામલતદાર કૃષ્ણકુમાર ચુડાસમાની હાજરીમાં પરિવારને મૃતદેહ સોંપાયો

### લંડનથી આવેલ દીકરાએ અંતિમ વિધિ કરીઃ પરિવારમા ગમગીની

રાજકોટ, તા.૧૮

અમદાવાદમાં થયેલ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં રાજકોટના બે લોકોના ભોગ લેવાયા છે. પ્લેન ક્રેશ એટલો પ્રચંડ હતો કે પ્લેનમાં રહેલ કોઈપણ વ્યક્તિ જીવતું બચ્યું ન હતું. પ્લેન અગન ગોળો બનતા યાત્રિકો બળીને ભડથું થઈ ગયા હતા.





(તસ્વીર : પંકજ શીશાંગીયા)

રાજકોટના મુકતાબેન ડાંગર આ પ્લેન દુર્ઘટનામાં મૃત્યુ પામ્યા હતા. મુકતાબેનનો પરિવારને આજે સોપવામાં આવ્યો હતો. અને પરિવારજનોની હાજરીમાં આજે અંતિમ વિધિ કરવામાં આવી હતી. લંડન

(અનુસંધાન છઠ્ઠા પાને)

# સવારે બે કલાક એરપોર્ટ એરફોર્સનાં કબજામાં રહ્યુઃ મુંબઈની ફલાઈટ રદ્દ

### સવારે ઈન્ટરનેશનલ એરપોર્ટ એરફોર્સ માટે એર સ્પેસ ખાલી રખાતા ઈન્ડિગોની મુંબઈ ફલાઈટ કેન્સલઃ મુસાફરોને મેસેજથી આગોત્તરી જાણકારી મળી જતા હેરાનગતિ ટળીઃ રાજકોટ સાથે દીવ એરપોર્ટનું શિડયુલ ખોરવાયું

રાજકોટ,તા.૧૮

રાજકોટ હીરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ આજે સવારે એરફોર્સના ફાઈટર જેટ માટે એક સ્પેસ ખાલી રખાતા આ સમયગાળા દરમિયાન રાજકોટ મુંબઈની એક ફલાઈટ કેન્સલ કરવામાં આવી હતી. જો કે ત્રણ ચાર દિવસ પહેલા જ એરલાઈન્સ કંપનીએ ફલાઈટ કેન્સલ કર્યાની મુસાફરોને જાણ કરી હોવાથી મુસાફરોને અંત સમયે કોઈ મુશ્કેલી હેરાનગતિ થઈ ન હતી.

ઈન્ટરનેશનલ એરપોર્ટ આજે સવારે બે કલાક એરફોર્સ માટે એર સ્પેસ ખાલી રાખવામાં આવ્યું હતું.જેના કારણે ડોમેસ્ટિક હવાઈ સેવાને અસર થઈ હતી સવારે

(અનુસંધાન છઠ્ઠા પાને)

# ચાંદીમાં વધુ રૂા.૨૫૦૦ની તેજી

### કિલોનો ભાવ ૧૧૨૫૦૦ની નવી ઉંચાઈએઃ સોનામાં રૂા.૫૫૦ વધ્યા

રાજકોટ તા.૧૮

ઈઝરાયેલ-ઈરાન વચ્ચેના યુદ્ધમાં વધુ ગંભીર વળાંક આવવાના એંધાણથી સોના-ચાંદી તેજીના માર્ગે હોય તેમ આજે વધુ ઉછાળો નોંધાયો હતો. ચાંદી નવા ઉંચાભાવે પહોંચી હતી.

રાજકોટમાં હાજર ચાંદીનો ભાવ ૨૫૦૦ રૂપિયાના ઉછાળાથી ૧,૧૨,૫૦૦ થયો હતો. કોમોડીટી એકસચેંજના ૧૦૯૪૫૦ હતો. વિશ્વબજારમાં ૩૭.૨૫ ડોલર હતા. હાજર સોનુ ૫૫૦ રૂપિયા વધીને ૧૦૨૪૫૦ હતો. વિશ્વબજારમાં ૩૩૮૫ ડોલર હતા. વેપારીઓના કહેવા પ્રમાણે ડોલર સામે રૂપિયાની નબળાઈને કારણે સોના-ચાંદીમાં ભાવવધારો વધુ છે.

બુલીયન માર્કેટની વર્તમાન તેજીમાં મુખ્યત્વે વૈશ્વિક ઘટનાક્રમો ભાગ ભજવી રહ્યા છે. પાંચ રાષ્ટ્રો વચ્ચે બે યુદ્ધ ઉપરાંત અમેરિકી ફેડ રિઝર્વની બેઠક, કરન્સી માર્કેટની વધઘટ જેવા પરિબળોની અસર છે. પ્રવર્તમાન સંજોગોમાં ટ્રેન્ડ તેજીનો જ ગણવામાં આવે છે.


મોકાનો
પ્લોટ વેચવાનો છે
50x92 = 511 વારનો
ગોપાલનગર–9
ડો.રાજાણી સાહેબવાળી શેરી
મો. 99799 07007


# ટ્રાન્સફર ફીમાં હવે હાઉસિંગ સોસાયટીની મનમાની નહી ચાલેઃ સરકારે મર્યાદા મુકી

### મિલ્કતના ટ્રાન્સફર સમયે દસ્તાવેજની કિંમતના ૦.૫% અથવા વધુમાં વધુ રૂા.૧ લાખમાં જે ઓછી રકમ હશે તે વસુલાશેઃ તા.૧૦ જૂનથી અમલ



### કાનૂની વારસદારના કેસમાં કોઈ ટ્રાન્સફર ફી વસુલી શકાશે નહીઃ કોઈ અલગ ચાર્જ પણ લેવાની છૂટ નથી

અમદાવાદ: રાજયના નોંધાયેલી હાઉસીંગ સોસાયટીમાં મકાનના ખરીદ વેચાણ સમયે સોસાયટી દ્વારા સભ્યની શેરના ટ્રાન્સફર સમયે લેવાતી ફીમાં હવે સરકારે મહતમ રૂા.૧ લાખની મર્યાદા મુકી છે. હાઉસીંગ સોસાયટી દ્વારા આ રીતે તેની ઈચ્છા મુજબની ફી જે વસુલાતી હતી તેનો અંત આવશે. રાજય સરકારે આ અંગે બહાર પાડેલા જાહેરનામામાં મિલ્કતની દસ્તાવેજ કિંમત ૦.૫% અથવા વધુમાં વધુ રૂા.૧ લાખ જ આ પ્રકારે ફી સાથે વસુલી શકાશે તે નિશ્ચિત કર્યુ છે. આ નવો નિયમ તા.૧૦ જૂન-૨૦૨૫થી લાગુ થઈ ગયા છે. હાઉસીંગ અને હાઉસીંગ સર્વિસ સોસાયટી એ હવે આ નવા નિયમ મુજબ જ ટ્રાન્સફર ફી વસુલવાની રહેશે.

હાઉસીંગ સોસાયટીની કમીટીની દલીલ હતી કે જે રીતે અગાઉના સભ્ય દ્વારા સોસાયટીની સુવિધા વિકાસ માટે મોટી રકમનાં ખર્ચમાં યોગદાન આપ્યુ હોય છે તે નવા સભ્યને કોઈ ચાર્જ વગર જ મળે છે તે યોગ્ય નથી. હાઉસીંગ સોસાયટી તેના શેર કે તેવા દસ્તાવેજ નવા મકાન માલીકના નામે કરવા માટે જે ફી વસુલે છે તે લાખો રૂપિયામાં પણ અનેક વખત વસુલાય છે. જો કે હાઉસીંગ સર્વિસ સોસાયટી જે શેર મૂડી ધરાવતી નથી તે આ પ્રકારે ફી વસુલતી ન હતી. સરકારે હવે ગુજરાત કો-ઓપરેટીવ સોસાયટી એકટ ૧૯૬૧ના નિયમ ૧૪૦-એ માં સુધારો કર્યો છે. જેમાં હવે મકાનની દસ્તાવેજ કિંમતના ૦.૫% અથવા વધુમાં વધુ ૧ લાખ બે માંથી જે ઓછી હશે તે અમલી શકાશે પણ જો કોઈ નાણાકીય લેવડદેવડ વિશાળ ફકત વારસાના ધોરણે મિલ્કતની માલીકી ટ્રાન્સફર થતી હોય તો કોઈ પણ પ્રકારે આવી ફી વસુલી શકાશે નહી. આ નિયમ ડોનેશન, ડેવલપમેન્ટ સોસાયટી ફંડ કે અન્ય કોઈ રીતે ભંડોળ વસુલવા તેને પણ લાગુ પડશે અને સોસાયટી પણ તેમાં ૦.૫% કે રૂા.૧ લાખ બેમાંથી જે ઓછી હશે. તે કુલ રકમ વસુલી શકશે. આમ સોસાયટી માટે હવે કોઈ અલગ ચાર્જ વસુલવાનો રહેશે નહી.


કાર રીમોટ
ઓરીજનલ રીમોટ સેલ (પાવર)
ગેરેંટી સાથે બદલી આપવામાં આવશે.
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, ભારત પેટ્રોલ પંપની બાજુમાં, રાજકોટ. M.: 94297 85836

સોનાના રીટેઈલ શોરૂમ માટે સેલ્સમેન જોઈએ છે
આવશ્યક ઉંમર ૨૦ થી ૩૫ વર્ષ
હાલમાં ગોલ્ડ જવેલરી શોરૂમમાં કાર્યરત ઉમેદવાર અમારો સંપર્ક કરો
M. 97121 58536

ઈસ્માઈલી ખોજા તથા મુસ્લિમ સમાજ લગતા એરીયામાં
2BHK ફલેટ વેચવાના છે
"અલીના એપાર્ટમેન્ટ",
૪-સુભાષનગર રૈયા રોડ, રાજકોટ.
98240 42382
97371 96999

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
www.rnsbindia.com (મલ્ટી-સ્ટેટ શેડયુલ્ડ બેંક)
૭૧ પૈસા સોના ધિરાણ
માસિક વ્યાજ* *શરતોને આધિન
30 મિનિટમાં જ ધિરાણ
કોઈ છુપો ચાર્જ નહીં
રૂા. 1 કરોડ સુધી ધિરાણની સુવિધા
પ્રતિ ગ્રામે મહત્તમ રકમનું ધિરાણ
8.49% વાર્ષિક વ્યાજ*
ત્વરિત પેમેન્ટ
નજીકની શાખાનો સંપર્ક કરો તુરંત અથવા Mo. 94282 86268માં મિસ્ડ કોલ કરો અને બેંકની યોજનાની માહિતી મેળવો
નાના માણસની મોટી બેંક
સહકારથી સમૃદ્ધિ

# અમદાવાદમાં લોઈન્સ બિશ્નોય ગેંગનો સાગરીત પકડાયો

## અગાઉ સુખદેવ ગોગામેડી હત્યા કેસમાં પણ પકડાયો હતો

અમદાવાદ તા.૧૮

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે લોરેન્સ બિશ્નોઈ ગેંગના એક સાગરીતને પકડયો છે. પોલીસની રથયાત્રાની તૈયારીઓમાં સક્રિય સજાગતાને કારણે ખાસ ઝુંબેશમાં મનોજ સાલવી નામના આરોપીને પકડવામાં સફળતા મળી છે. આ આરોપી અગાઉ સુખદેવસિંહ ગોગામેડી હત્યા અને ષડયંત્ર કેસમાં પણ પકડાયો હતો

રાજસ્થાનના જયપુરમાં ૫ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ શ્રી રાષ્ટ્રીય રાજપૂત કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ સુખદેવસિંહ ગોગામેડીની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. મંગળવારે, ધોળા દિવસે હુમલાખોરો ગોગામેડી પર ફાયરિંગ કરીને ફરાર થઈ ગયા. ગોગામેડીને મેટ્રો માસ હોસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં ફરજ પરના ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ગાર્ડ દ્વારા કરવામાં આવેલ ગોળીબારમાં એક હુમલાખોરનું પણ મોત થયું હતું. ગેંગસ્ટર રોહિત ગોદારાએ હત્યાની જવાબદારી લેતા સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી હતી. 'ગોગામેડીની હત્યા અમે કરાવી છે' રોહિત ગોદારા નામના યુઝરે સોશિયલ મીડિયા પર સુખદેવસિંહ ગોગામેડીની હત્યાની જવાબદારી લેતા લખ્યું કે,રામ-રામ ભાઈઓ, આજે જે સુખદેવ ગોગામેડીની હત્યા થઈ છે તે અમે કરાવી છે. હું તમને જણાવવા માગું છું કે, તે અમારા દુશ્મનો સાથે મળીને તેને સપોર્ટ કરતો હતો. તેને પૂર્ણ રીતે મજબૂત કરવાનું કામ કરતો હતો અને રહી વાત અમારા દુશ્મનોની તો તે પોતાના ઘરના દરવાજા પર પોતાની નનામી તૈયાર રાખે. ટૂંક સમયમાં જ તેમની સાથે મુલાકાત થશે.રથયાત્રા સુરક્ષાના ચેકિંગ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચે મનોજ સાલવીની અટકાયત કરી છે.

# નહેરૂનગરના ૩૧ વર્ષીય યુવાનનું હાર્ટએટેકથી મોત

## મૃતક સાહીલ ડાંગરીચા નવાગામ ખાતે ફૂટનો વેપાર કરતો, પરિવારમાં શોક

રાજકોટ, તા.૧૮

રૈયા રોડ નહેરૂનગરના ૩૧ વર્ષીય યુવાનનું હાર્ટ એટેકથી મોત થતા અરેરાટી વ્યાપી ગઈ છે. મૃતક સાહીલ ડાંગરીયા નવાગામ ખાતે ફૂટનો વેપાર કરતો હતો. પરિવારમાં શોક છવાયો હતો. આ અંગે મળતી વિગત મુજબ, સાહીલ સલીમભાઈ ડાંગરીયા (ઉં. વ. ૩૧) આજે પોતાના ઘરે હતો ત્યારે અચાનક છાતીમાં દુખાવો થતો હોવાની ફરિયાદ સાથે બેભાન થઈ ગયો હતો. તેને તત્કાલ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું. પોલીસે મૃતદેહ પીએમ માટે ખસેડી કાગળ કાર્યવાહી કરી હતી. પરિવારજનોએ જણાવ્યું કે, સાહીલ નવાગામમાં ફૂટનો વેપાર કરતો હતો. તેને ૨ સંતાન હોય, સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં શોક છવાયો હતો.

### જિનશાસન પ્રભાવક આ.ભ.પૂ.શ્રી જયશેખરસૂરિજીમ.પ્રેરિત

# એટલાન્ટિસ હિલ્સ પાર્શ્વનાથ જિનાલયના આંગણે આ.ભ.શ્રી મતિચંદ્રસુરિજીમ.આદિ ઠાણાની પધરામણી

રાજકોટ,તા.૧૮

જિનશાસન પ્રભાવક આચાર્ય ભગવંત પૂ.શ્રીજયશેખર સૂરિશ્વરજી મહારાજા પ્રેરિત એટલાન્ટિસ હિલ્સ પાર્શ્વનાથ જિનાલયના આંગણે આજે તા.૧૮ના બુધવારે સવારે પૂ.આ.ભગવંત શ્રી મતિચંદ્રસુરિજીમ.આદિ ઠાણા તથા પૂ.સાધ્વીજી ભગવંત શ્રી મોક્ષધર્માશ્રીજી જિનાલયના સભ્યોમાં ધર્મોલ્લાસ છવાયો છે.

પ.પૂ.આ.ભગવંત મતિચન્દ્ર સુરીજી મહારાજ સાહેબ આદિ ઠાણાં તેમજ પ.પૂ.ભગવંત મોક્ષધર્મશ્રીજી મા.સા આદી ઠાણા ૧૫ એટલાન્ટિસ હિલ્સના શંખેશ્વર પાર્શ્વનાથ દેરાસર દર્શન માટે પધાર્યા હતા.. આ સમયે એટલાન્ટિસ હિલ્સના ભાઈઓ બહેનો કિર્તીભાઇ શાહ, વિમલભાઈ વોરા, નિશાંતભાઈ વોરા, પાર્થભાઇ વોરા, ભરતભાઈ મહેતા, ધવલભાઈ મહેતા, બીમલભાઈ મહેતા, રિધિકાબેન વોરા, નીતાબેન પારેખ, પ્રતિભાબેન મહેતા, મીનલબેન વસા, ઈલાબેન મહેતા,દેવેનભાઈ કોઠારી, પરીનભાઈ પારેખ, નિરવભાઈ સંઘવી, અમીષાબેન કોઠારી, જીનલ મહેતા, હિનલ મહેતા, નિકિતાબેન કોઠારી, પારસભાઇ મોદી, લીનાબેન મહેતા, ભાવીનીબેન મહેતા વગેરે એ જોડાઈ ચૈત્ય વંદન, ગુરુ ભકિત તેમજ પ્રભુ ભક્તિ નાં સત્વનો ગાયા હતા.



આ સમયે કાલાવડ રોડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન તપ ગચ્છ જૈન સંઘ કન્વીનર વિપુલભાઈ દોશી, મહેશભાઈ મણિયાર, નિતેશભાઇ શાહ, દીલેશભાઈ શાહ, ચિરાગભાઈ મહેતા, પંકજભાઈ મડિયા, દીપકભાઈ શેઠ વગેરે એ અનુમોદના પાઠવેલ હતી

# કેદારનાથમાં ભૂસ્ખલનથી પાંચ યાત્રાળુઓ ખીણમાં પડ્યા : બેના મોત, ૩ ઘાયલ

## સતત વરસાદના કારણે ભૂસ્ખલનની દુર્ઘટનાઓ વધી

રૂદ્રપ્રયાગ (ઉત્તરાખંડ), તા. ૧૮

ગૌરીકુંડ-કેદારનાથ પગપાળા માર્ગ પર જંગલચટ્ટીમાં ભૂસ્ખલનના કારણે પાંચ શ્રદ્ધાળુઓ ખીણમાં પડી ગયા હોવાના અહેવાલ મળ્યા છે. આ દુર્ઘટનામાં બેના મોત અને ત્રણ ઘાયલ થયા છે. બચાવ કામગીરી ચાલુ છે.



જિલ્લા આપત્તિ નિવારણ અધિકારીએ દુર્ઘટનાની જાણકારી આપતાં કહ્યું કે, ભુસ્ખલનના કારણે શ્રદ્ધાળુઓ ખીણમાં પડી ગયા હતા. જેમાં બેના મોત થયા છે. ઉત્તરાખંડમાં છેલ્લા કેટલાક દિવસથી સતત વરસાદ થઈ રહ્યો છે. જેના લીધે ભુસ્ખલનની દુર્ઘટના વધી છે.

હવામાન વિભાગ દ્વારા જાહેર પૂર્વાનુમાન અનુસાર, બાગેશ્વર અને પિથોરાગઢ જિલ્લાના અમુક વિસ્તારોમાં ભારે વરસાદના કારણે યલો એલર્ટ જાહેર કરાયું છે. અન્ય જિલ્લામાં પણ ભારે પવન સાથે વરસાદની સંભાવના દર્શાવાઈ છે. ૨૩ જૂન સુધી વરસાદની સ્થિતિ રહેવાનો અંદાજ છે.

કેદારનાથમાં રવિવારે પણ વરસાદના કારણે અનેક વિસ્તારોમાં ભૂસ્ખલનની ઘટના બની હતી. જેનો સંપૂર્ણ કાટમાળ દૂર કરતાં બે દિવસ થયા હતા. ભૂસ્ખલનના કારણે કેદારનાથ યાત્રા કામચલાઉ ધોરણે સ્થગિત કરવામાં આવી હતી. જેમાં ૧નું મોત અને બે ઘાયલ થયા હતાં.

જો કે, કાટમાળ દૂર કરાયા બાદ ઉત્તરાખંડના રૂદ્રપ્રયાગ જિલ્લામાં કેદારનાથ યાત્રા ફરી શરૂ કરવામાં આવી છે.

# અમદાવાદ-લંડનની ફલાઈટ આજે પણ ત્રણ કલાક મોડી પડી

## ૧૫૦ થી વધુ મુસાફરો રઝળ્યાઃ સતત બીજા દિવસે હાલાકી

અમદાવાદ,તા.૧૮

અમદાવાદથી લંડન જતી એર ઇન્ડિયાની ફ્લાઈટમાં ભારે વિલંબથી મુસાફરો હેરાન પરેશાન થયા હતા.સવારે ૧૧ કલાક અને ૪૦ મિનિટે ઉડાન ભરવાની ફ્લાઈટ ૩ કલાક મોડી પડી હતી.એરપોર્ટ ઓથોરિટીએ જણાવ્યું કે ફ્લાઈટ બપોરે ૩ વાગ્યે ઉપડશે..આ વિલંબને કારણે મુસાફરોને લાંબી રાહ જોવી પડી હતી.આ પહેલા પણ લંડનની ફ્લાઈટમાં વિલંબની ઘટનાઓ સામે આવી છે.



અમદાવાદમાં ૧૨મી જૂને લંડન જતું એર ઇન્ડિયાનું વિમાન ક્રેશ થયું હતું, જેમાં ૨૭૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યો હતો. આ દરમિયાન મંગળવારે (૧૭મી જૂન) અમદાવાદથી લંડન જતી એર ઇન્ડિયાની વધુ એક ફ્લાઇટમાં ટેકનિકલ ખામી સર્જાતાં તેને રદ કરાઈ હતી. આ ફ્લાઇટ બપોરે ૧:૧૦ વાગ્યે અમદાવાદથી લંડન જવા માટે ટેક ઑફ થવાની હતી. આ ફ્લાઇટ રદ થવાને કારણે મુસાફરો ઍરપોર્ટ પર અટવાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલે પણ એર ઇન્ડિયાની ફ્લાઇટ નંબર અઈ ૧૫૯ મંગળવારે બપોરે ૧:૧૦ વાગ્યે અમદાવાદથી લંડન માટે ટેક ઑફ થવાની હતી. પરંતુ ટેક ઑફના માત્ર થોડાક કલાકો પહેલાં આ ફ્લાઇટમાં ટેકનિકલ ખામી જણાતાં તેને રદ કરવી પડી હતી. આ ફ્લાઇટ રદ થવાને કારણે મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડ્યો છે.

### આચાર્ય ભગવંત શ્રી કલાપૂર્ણસુરીશ્વરજીમ.સમુદાય

# કાલાવડ રોડ જૈન સંઘના આંગણે કાલે સા.શ્રી. જયમંગલા શ્રીજી.મ.આદિઠાણાનો ચાતુમાર્સ પ્રવેશ

રાજકોટ,તા.૧૮

કાલાવાડ રોડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન તપગચ્છ સંઘ રાજકોટ નાં પુનિત આંગણે ચાતુર્માસ પ્રવેશ જેઠ વદ ૮ ને ગુરૂવાર તારીખ ૧૯/૬/૨૫ શ્રી આધ્યાત્મક યોગી પ. પૂ. આદરણીય શ્રી કલાપૂર્ણસુરિશ્વરજી મ. સા. ના સમુદાયનાં પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આ. શ્રી કલ્પતરુસૂરીશ્વરજી મહારાજ સાહેબનાં આજ્ઞાવરતીની પ. પૂ. સાધ્વીજી ભગવંત શ્રી જયકીર્તિશ્રીજી મ. સા. ના શિષ્યા પરમ પૂજ્ય સાધ્વીજી ભગવંત શ્રી જયમંગલાશ્રીજી મ. સા. આદી ઠાણા ૪ નો ચાતુર્માસ પ્રવેશ શ્રી સંઘના આંગણે થશે. પ્રવેશ બાદ માંગલિક વ્યાખ્યાન, સંઘ પૂજન અને કાર્યક્રમ પૂર્ણ થયેલ ભાવિકોને નવકારસી રાખેલ છે. જેનો કાર્યક્રમ નીચે મુજબ છે. આ પ્રસંગે સકળ સંઘના ભાઈઓ બહેનોને પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે. પ્રવેશ યાત્રા પ્રારંભ સમય સ્થળ સવારે ૬:૧૫ કલાકે સ્થળ કોટેચા ચોક, એરોપ્લેન ચોક, ધારેશ્વર ડેરી, કાલાવડ રોડ, રાજકોટ થી પ્રારંભ અને પૂજ્ય શ્રી આદી ઠાણા નો શ્રી કાલાવાડ રોડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન તપગચ્છ સંઘ રાજકોટમાં ચાતુર્માસ પ્રવેશ સવારે ૭:૦૦ કલાકે ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે નવકારશીના લાભાર્થી પુણ્યવાન પરિવારો શ્રી જલ્પાબેન પ્રતિકભાઇ બગડીયા હ: વિહાન, શ્રી નયનાબેન કેતનભાઇ દોશી પરિવાર, શ્રી બિનીતાબેન કમલેશભાઈ શાહ પરિવાર, શ્રી મુક્તાબેન છોટાલાલ રાજપાલ મહેતા પરિવાર હ: ભારતીબેન રાજેશભાઈ (રિકોન ગ્રુપ), શ્રી જ્યોતિબેન નરેન્દ્રભાઈ શાહ પરિવાર. શ્રી સંઘ લાભાર્થી પરિવારની ભૂરી ભૂરી અનુમોદના કરે છે. જેની કાલાવાડ રોડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન તપગચ્છ સંઘ રાજકોટ ના શ્રી મહેશભાઈ મણીયાર ૯૪૨૭૭૨૦૩૩૧, શ્રી વિપુલભાઈ દોશી મો. ૯૨૨૮૭૬૫૬૮૮, શ્રી નીતેશભાઈ શાહ ૯૪૨૬૨૨૦૨૧૬ ની યાદી જણાવે છે.

# ઈરાનમાં વોટસએપ પ્રતિબંધીતઃ લોકોને મોબાઈલમાંથી એપ. ડિલીટ કરવા આદેશ

તહેરાનઃ

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે સતત વધતા જતા સંઘર્ષમાં હવે ઈરાને તેના તમામ નાગરિકોને તેમના મોબાઈલના વોટસએપ એપ્લીકિશન ડીલીટ કરવા આદેશ આપ્યો છે. ઈરાનને તેની ચિંતા છે કે વોટસએપ મારફત ડેટા લીકિજ થઈ શકે છે.

૨૦૨૨માં ઈરાનમાં દેખાવો સમયે વોટસએપ અને ગુગલ પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો હતો. હવે યુદ્ધના સમયમાં સરકારે દેશના નાગરિકોને તેમના મોબાઈલમાંથી વોટસએપ એપ જ ડીલીટ કરવા સૂચના આપી છે. ઈરાનને ડર છે કે મેસેન્જર એપ. મારફત ઈઝરાયેલ તેની જાસૂસી કરી શકે છે. જો કે સરકારે તે માટે કોઈ પુરાવા આપ્યા નથી. જો કે વોટસએપની પેરેન્ટ કંપની મેટાએ આ પ્રકારની જાસૂસી થતી હોવાનું નકાર્યુ છે. કંપનીએ જણાવ્યું છે કે અમો કોઈ સરકારને બલ્કમાં માહિતી ડેટા આપતા નથી.

ઉપરાંત ચેટ એ એન્સાકેપ્ટેડ છે જેથી તેને વચ્ચેથી ઉઠાંતરી થઈ શકતી નથી. ઈરાનમાં અનેક સોશ્યલ મીડીયા પર પ્રતિબંધ છે છતાં પણ લોકો પ્રાઈવેટ વર્ચ્યુઅલ નેટવર્કનો ઉપયોગ કરી તે પ્રકારે આ સોશ્યલ મીડીયાનો ઉપયોગ કરે છે.

### જુની કલેકટર કચેરીના કંમ્પાઉન્ડમાં આવેલ

# મામલતદાર કચેરીના એ.ટી.વી.ટી.કેન્દ્રનું સર્વર ત્રણ દિ'થી ડાઉન રહેતા અરજદારોને હાલાકી

## આવકના દાખલા સહિતની કામગીરી માટે કચેરીના થતા ધરમધક્કાઃપગલા લેવા માંગણી

રાજકોટ,તા.૧૮

શહેરની જુની કલેકટર કચેરીના કમ્પાઉન્ડમાં આવેલ મામલતદાર કચેરીના એ.ટી.વી.ટી.કેન્દ્રનું સર્વર છેલ્લા ત્રણ દિવસથી ડાઉન રહેતા આ કચેરીમાં આવકના દાખલા સહિતની કામગીરી માટે આવતા અરજદારોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.સર્વરના ધાંધીયાથી અરજદારોને આવકના દાખલા સહિતના કામકાજોની માટે આ કચેરીના ધરમધક્કા થઈ રહ્યા છે.આવકનો દાખલો એ એક અગત્યનો દસ્તાવેજ છે જે બાળકોના શાળા-કોલેજના પ્રવેશ, શૈક્ષણિક કાર્ય, અને હોસ્પિટલમાં દાખલ થવા જેવી અનેક જરૂરિયાતો માટે અનિવાર્ય છે. છેલ્લા ત્રણ દિવસથી સર્વર ડાઉનના કારણે આ દાખલા ન મળતા અરજદારો ચિંતિત બન્યા છે. ઘણા અરજદારો પોતાના ધંધા-રોજગાર છોડીને સવારથી કચેરીએ આવી રહ્યા છે, પરંતુ સર્વર ડાઉનના કારણે તેમને નિરાશ થઈને પાછા ફરવું પડે છે.પણ ફરવુ પડે છે. ત્યારે આ બાબતે તંત્ર દ્વારા પગલા લેવામાં આવે તેવી માંગણી ઉઠવા પામી છે.




### વિશ્વ યોગ દિવસ અંતર્ગત

# ઓશો ધ્યાન મંદિરે યોગાચાર્ય માં યોગ નંદિનીના યોગ સત્રનું આયોજન

રાજકોટ તા.૧૮

કિસાનપરા ચોકમાં આવેલ ઓશો ગીતા નિવેદિતા ધ્યાન મંદિર પર ૨૧ જુન વિશ્વ યોગ દિવસ નિમિત્તે સાંજના પથી ૬-૩૦ દરમ્યાન યોગાચાર્ય ઓશો સન્યાસીની માં યોગ નંદિની (નીના જોષી) દ્વારા વિશેષ યોગ સત્રનું આયોજન કરેલ છે.



યોગ સત્ર દરમ્યાન યોગાચાર્ય માં પ્રેમ નંદિની દ્વારા પ્રાણાયામ, આસન ધ્યાન કરાવવામાં આવશે. તથા યોગીક જીવન શૈલી વિશે વિશેષ માહિતી આપશે. યોગનો મુળ અર્થ મિલન અર્થાત આત્મા અને પરમાત્માના મિલનનો માર્ગ મહર્ષિ પતંજલીએ યોગના મુખ્ય આઠ અંગે કહેલા છે. યમ નિયમ અને નૈતિકતાઓ, નિયમ શિસ્ત અને સ્વ અનુશાસન, આસન શારીરીક સ્થીરતા પ્રાણાયામ શ્વાસ નિયંત્રણ પ્રત્યાહાર ઈન્દ્રીયોના નિયંત્રણ ધારણા મનની એકાગ્રતા, ધ્યાન ધ્યાન સાધના, સમાધિ અંતિમ આધ્યાત્મિક અવસ્થાનો અનુભવ થાય છે.

# પ્લેન દુર્ઘટનામાં બચી ગયેલ દીવના વિશ્વાસ સગા ભાઈ અજયની અંતિમ યાત્રામાં ભાંગી પડયો

દીવ,તા.૧૮

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં દીવના ૧૪ લોકોના મોત થયા હતા. ગઈકાલે ૪ મૃતદેહ અને મોડી રાત્રે એક મૃતદેહ દીવ પહોંચ્યા હતા. આજે સવારે વધુ ૭ મૃતદેહ દીવ પહોંચતા સમગ્ર પંથકમાં શોકનું વાતાવરણ છવાયું છે. ત્યારે આજે એકમાત્ર બચી ગયેલા વિશ્વાસે ભાઈ અજયને અંતિમ વિદાય આપી હતી.

વિશ્વાસ, ભાઈ અજયને યાદ કરીને રડતાં રડતાં કહે છે કે, મને કેમ જીવાડ્યો, મને પણ મારી નાખવો હતો...હવે મારે ઘેર જઈને શું કરવું....ભાઈ ભાઈ કરીને વિશ્વાસ બૂમો પાડીને આક્રંદ સાથે રડવા લાગ્યો હતો.પરિવારજનો વિશ્વાસને સાંત્વના આપી હતી.

પ્લેન દુર્ઘટનામાં બચી ગયેલો વિશ્વાસ ભાઈ અજયની અંતિમવિધિમાં ભાંગી પડ્યો હતો. નનામી ઉંચકી ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો હતો. પરિવારજનોના આક્રંદથી વાતાવરણ ગમગીન બન્યું છે.

વિમાન દુર્ઘટનામાંથી એકમાત્ર બચી ગયેલા વિશ્વાસના ભાઈ અજયનો મૃતદેહ તેમના ઘરે પહોંચતા પરિવારજનોએ હૈયાફાટ રૂદન કર્યું હતું. મૃતક અજયની પત્નીની તબિયત લથડતા તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. વિશ્વાસ પણ હવે દીવ પહોંચી ગયો છે, જ્યાં તેમના ઘરે સન્નાટો છવાયેલો છે.

અજયની અંતિમયાત્રા દરમિયાન વિશ્વાસે પોતાના ભાઈને કાંધ આપતી વખતે ભાવુક થઈને હૈયાફાટ રૂદન કર્યું હતું. તેમનું રૂદન જોઈને ઉપસ્થિત સૌ કોઈની આંખો ભીની થઈ ગઈ હતી. હજુ બે પરિવારો તેમના સ્વજનોના મૃતદેહની રાહ જોઈ રહ્યા છે.

મૃતક અજયની અગાઉ બે દીકરીનાં પણ મોત થયાં હતા વિમાન દુર્ઘટનામાં બચી ગયેલા વિશ્વાસને સંતાનમાં ત્રણ વર્ષનો પુત્ર છે અને મૃતક અજયને બે દીકરી હતી, પરંતુ લંડનમાં બીમારીને કારણે બંને દીકરીનાં મૃત્યુ થઇ ચૂક્યાં છે.

આજે પહોંચેલા મૃતદેહોમાં છગન ભીખાભાઈ, ચંદુભાઈ ભગવાનભાઈ, હેમાક્ષીબેન ગિરીશભાઈ, આદિલભાઈ ગિરીશભાઈ, તક્ષવિબેન ગિરીશભાઈ, મનીષભાઇ બાબુભાઈ, અજયભાઈ રમેશભાઈ, વનિતાબેન કાનાભાઈ અને ફેઝાનભાઈ રફીકભાઇનો સમાવેશ થાય છે.

### 'ગઢ ગઢૈયા ઘણા, ધરણી ઢંક થયા, કાળની સામે જોધાણ, ઉભો ગઢ વઢવાણનો'

# વઢવાણમાં ધોળીપોળ દરવાજા પાસે ૧૧મી સદીનો સોલંકી કાળનો સપ્તમાતૃકા પટ્ટ મળી આવ્યો

રાજકોટ, તા. ૧૮

સુરેન્દ્રનગર મહાનગરપાલિકાએ વઢવાણને હેરિટેજ સીટી બનાવવાના પ્રોજેકટ અંતર્ગત તા. ૧૩ જુન શુક્રવારે મોટી કાર્યવાહી કરી અને ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે ૨૦૦૫ થી ગેરકાયદેસર ઊભી રહેલી ૪૨ જેટલી દુકાનો તોડી પાડી આસપાસનો સમગ્ર એરીયા ખુલ્લો કરવામાં આવ્યો હતો.





આ કાર્યવાહી દરમિયાન એક દુકાનમાં રહેલ ૧૧ મી સદીનો સોલંકી કાળ સમયનો સપ્તમાતૃકાનો પટ્ટ મળી આવ્યો હતો, જેની જાણ વઢવાણનાં રહીશ અને ઇતિહાસ પ્રેમી એવા મારા શિષ્ય શ્રી જયરાજસિંહ રાજેન્દ્રસિંહજી જાડેજા દ્વારા કરવામાં આવી. મારી નાદુરસ્ત તબિયતને હિસાબે હું જઇ શકું એમ નહોતો એટલે મારા સુપુત્ર મનોજને સ્પેશિયલ મોકલ્યો અને તા. ૧૬ જુન, સોમવારે બપોરે ૩ વાગે સ્થળ મુલાકાત કરીને તસ્વીરો લીધી અને વિડીયો પણ ઉતાર્યો. અભ્યાસ કરતાં માલુમ પડયું કે આ સપ્તમાતૃકાના પટ્ટમાં ગણેશજી અને ભૈરવનું વિરભદ્ર સ્વરૂપ છે. આવા શિલ્પો સામાન્ય રીતે વાવ, મંદિરો અને કિલ્લાઓમાં જોવા મળે છે, જે સુરક્ષાના ભાગરૂપે વિધિપૂર્વક સ્થાપિત કરવામાં આવેલા હોય છે. સપ્તમાતૃકાઓમાં બ્રાહ્મી કે બ્રહ્માણીને સર્વપ્રથમ સ્થાન અપાયું છે. બીજું સ્થાન મહેશ્વરીનું ગણાય છે. માતૃકા કૌમારી સાધારણ રીતે ત્રીજા સ્થાને હોય છે. સપ્તમાતૃકા સમૂહમાં વૈષ્ણવી ચોથા ક્રમે મુકાય છે. પાંચમો ક્રમ વારાહીનો જોવામાં આવે છે. છઠ્ઠું સ્થાન માતૃકા ઐન્દ્રીનું જોવામાં આવે છે જ્યારે સાતમું સ્થાન માં ચામુંડાનું હોય છે જે એક મહાશક્તિ ગણાય છે. આ પટ્ટ એક જ શિલ્પમાંથી કોતરેલા હોય છે અને માતૃકાપટ્ટ માટે કોઈ અલગ શાસ્ત્રીય મૂર્તિવિધાન મળતું નથી.


ઉલ્લેખનીય છે કે ૨૬૧૪ મીટરની લંબાઈ ધરાવતો વઢવાણનો કિલ્લો ઐતિહાસિક મહત્વ ધરાવે છે અને ઉપરોકત સપ્તમાતૃકા પટ્ટની સ્થાપના કિલ્લાના રક્ષણાર્થે કરવામાં આવી હોય. આ કિલ્લો જયસિંહ સોલંકીએ ઇ. સ. ૧૧૪૧ ની આસપાસ બંધાવ્યો હોવાનું મનાય છે. તેઓ ચોથા અને સહુથી વિખ્યાત સોલંકી રાજવી હતાં. તેમણે ઇ.સ. ૧૦૯૬ થી ઇ.સ. ૧૧૪૩ સુધી ગુજરાત પર શાસન કર્યું. તેઓ ગુજરાતમાં પોતાના ઉપનામ 'સિદ્ધરાજ'થી વધુ ખ્યાતનામ છે. તેમનો રાજયકાળ ગુજરાતનો સુવર્ણયુગ ગણાય છે. વઢવાણનાં ગઢ વિશે કહેવાય છે કે,

**'ગઢ ગઢૈયા ઘણા, ધરણી ઢંક થયા**
**કાળની સામે જોધાણ, ઉભો ગઢ વઢવાણનો'**

વઢવાણ એ પાટણ અને જુનાગઢ વચ્ચેનું મધ્યબિંદુ હોઇ બંન્ને તરફનું સુકાન સંભાળી શકાય તથા એ જમાનામાં વઢવાણ વેપાર દ્રષ્ટિએ અને કારીગર ક્ષેત્રે સમૃદ્ધ હોઇ લશ્કરને જરૂરી સગવડ પ્રાપ્ત થાય તથા કૂચ કરી શકે એ હેતુથી પાટણથી જુનાગઢ સુધીની ગુજરાત અને સૌરાષ્ટ્રને સાંકળતી કાચી સડક બનાવી હતી, જે પાટણથી ઝીંઝુવાડા, પાટડી, વણા, વઢવાણ, સાયલા, હડાળા, સેજકપુર, સરધાર, ગોંડલ, જેતપુર અને જુનાગઢ સુધી પહોંચતી હતી. ગુજરાતમાં પાટણ અને ડભોઇ તથા સૌરાષ્ટ્રમાં બરવાળા અને ઝીંઝુવાડાના ગઢની સાથે સરખાવી શકાય એવો ગઢ વઢવાણનો છે. આ નગરના ચાર સિંહદ્વારોમાં પૂર્વમાં શિયાણીનો દરવાજો, પશ્ચિમે ખાંડીપોળનો દરવાજો, ઉત્તરે ધોળીપોળનો દરવાજો અને દક્ષિણે ખારવાની પોળનો દરવાજો ગણી શકાય. જો કે લાખુપોળનો દરવાજો સિંહદ્વાર સમાન ગણાવી શકાય. ''નવા દરવાજા'' તરીકે ઓળખાતો પૂર્વ દિશાનો દરવાજો બહુ પાછળથી થયેલ છે. આ શહેરના કિલ્લાની ઉત્તરે પ્રથમથી જ પશ્ચિમથી પૂર્વ તરફ ભોગાવો નદી વહે છે.

લેખક વઢવાણના વતની છે અને હાલ રાજકોટ રહે છે તથા 'સૌરાષ્ટ્રમાં ઝાલા રાજવંશના શાસનનો ઈતિહાસ' લખીને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો સર્વપ્રથમ પીએચ.ડી ઇ. સ. ૧૯૭૪માં થયેલ છે પૂર્વે વઢવાણ તથા ઝાલાવાડમાં અનેક સંશોધનો કર્યા છે ધોળીપોળ દરવાજે સપ્તમાતૃકાનો પટ્ટ મળી આવતા તેના પર આ અહેવાલ રજૂ કરેલ તેમના સંશોધનોમાં એક વધુ પ્રકરણ ઉમેરાયું છે. આ આલેખન તૈયાર કરવામાં જરૂરી સંદર્ભ માહિતી આપવા માટે ભો.જે. વિદ્યાભવનનાં પૂર્વ નિયામક અને તેમના શિષ્ય ડો. રામજીભાઇ સાવલિયાનો આભાર માન્યો છે.

લેખક



ઇતિહાસનું આચમન
આલેખન
ડો. ઈન્દ્રવદન આચાર્ય
(ઝાલાવાડના ઈતિહાસવિદ)

# વિજયભાઈ રૂપાણીએ સંવેદનશીલ મુખ્યમંત્રી તરીકે ચાહના મેળવી તે કદી વિસરાશે નહીંઃ નરેશ પટેલ

## ખોડલધામ પરિવાર-ટ્રસ્ટ દ્વારા ઉંડા દુઃખની લાગણી વ્યકત કરાઈ

રાજકોટ,તા.૧૮

રાજકોટના પનોતા પુત્ર અને રાજયના પુર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનાં નિધન અંગે કાગવડ ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલે ઉંડી દુઃખની લાગણી વ્યકત કરી છે.નરેશભાઈ પટેલે જણાવ્યું છે કે રાજકોટના વિકાસમાં જેમને મહત્વનું યોગદાન રહેલ છે તેવા સંઘ પરિવારના આજીવન સેવક અને ભારતીય જનતા પાર્ટીના સંચાલનમાં વિવિધ હોદ્દા ઉપર ફરજ બજાવી પોતાનુ જીવન સામાજિક ઉત્થાન માટે ન્યોછાવર કરેલ તેવા રાજકોટના પનોતા પુત્ર અને ગુજરાત રાજ્યના તત્કાલીન પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની અણધારી વિદાયથી સમગ્ર ગુજરાત શોકાતુર છે ત્યારે ખોડલધામ પરિવાર પણ તેમના પરત્વેની ઘેરા દુઃખની સંવેદનાઓ વ્યક્ત કરે છે.





અંગત રીતે તેમની સાથેના સંસ્મરણો યાદ કરુ તો વિજયભાઇ સમક્ષ જ્યારે પણ સામાજિક પ્રશ્નો રજૂ કરવામાં આવતા ત્યારે તે પ્રશ્નોને વાંચા આપવા અને ઉકેલ માટે તેઓ હંમેશા પરિણામલક્ષી શ્રેષ્ઠ પ્રયત્નો કરતા હોવાના ફળ સ્વરૂપે સમાજના પીડિત વર્ગોની ઘણી સમસ્યાઓ ઉકેલવામાં સફળતા મેળવી હતી.

વ્યક્તિગત રીતે, અમે બંને સારા મિત્રો હતા. વિજયભાઇએ મવડી મંડળની સાથે પરામર્શ કરી મને રાજકીય શ્રેત્રે યોગદાન આપવા માટે આગ્રહપૂર્વક પ્રસ્તાવ કર્યો હતો પરંતુ મને સમાજ શ્રેષ્ઠીશ્રીઓ સામાજીક કાર્યોને અગ્રિમતા આપવા માટે કાર્યરત રહેવાનો આગ્રહ રાખતા સમાજશ્રેષ્ઠીઓના નિર્ણયને સ્વીકારીને વિજયભાઇની મને રાજકારણમાં જોડાવાની દરખાસ્તનો સવિનય અસ્વીકાર કર્યો હતો પરંતુ અમો બન્ને સામાજિક અને સત્તાકીય માધ્યમથી કોઈપણ જાતી જ્ઞાતિના ભેદભાવ વગર સમાજના પીડીતોના પ્રશ્નો ઉકેલવામાં તાલમેલથી એકબીજાના પૂરક તરીકે સમાજના હિતમાં કાર્ય કરેલ છે , તે ક્યારેય ભૂલાશે નહીં.

વિજયભાઈ રૂપાણીના નિધનના આઘાતજનક સમાચાર સાંભળીને અમો સ્તબ્ધ નિઃશબ્દ થઈ ગયેલ. વિજયભાઈ મેયર તરીકે હોય કે પક્ષના સંગઠનમાં હોય કે મુખ્યમંત્રી હોય, તેઓએ દરેક તબક્કે રાજકોટની ચિંતા કરી છે, ખેવના રાખી છે અને રાજકોટને માંગ્યા કરતા વધારે સેવાઓ પ્રદાન કરી છે. આથી જ તેને રાજકોટના વિકાસ પુરુષ તરીકે પાણી વાળા સંવેદનશીલ મુખ્યમંત્રી તરીકે ચાહના મેળવી હતી, તે કદી વિસરાશે નહીં.

અનિવાર્ય કારણોસર રુપાણી પરિવાર પરત્વે સંવેદના પ્રગટ કરવા રુબરુ જઈ શકાયું નથી તેનો વસવસો મને કાયમ સતાવશે.

વિજયભાઈ રૂપાણીના પરિવાર ઉપર આવી પડેલ આફતને સહન કરવાની શક્તિ સાથે ઈશ્વર તેમના આત્માને મોક્ષ આપે તેવી પ્રભુ મહાદેવના ચરણોમાં પ્રાર્થના.

# રવિવારે આદ્રા નક્ષત્ર બેસતાં જૈનો કેરી-જાંબુનો ત્યાગ કરશે

રાજકોટ,તા.૧૮

આદ્રા ભારતીય જયોતિષમાં એક નક્ષત્ર છે.સંસ્કૃત ભાષામાં તેના નામનો અર્થ નમ થાય છે. સતાવીસ નક્ષત્રોમાંનું એક નક્ષત્ર આદ્રા છે આકાશમંડળમાં આદ્રા નક્ષત્ર છઠ્ઠું છે.આગામી તા.૨૨મીના રવિવારે સવારે ૬.૨૦ કલાકે આદ્રા નક્ષત્ર શરૂ થાય છે. જૈનો આદ્રા નક્ષત્ર બેસતાં કેરીનો ત્યાગ કરશે.એટલું જ નહી કેરી ઉપરાંત જાંબુ જેવા અમુક ફળો એવા હોય છે કે ક્યારેક ઉપરથી ખૂબ સુંદર દેખાય છે પરંતુ વષોકાળ - 'ચોમાસાના વાતાવરણની અસરને કારણે આવા ફળોની અંદર જીવોની ઉત્પત્તિ થઈ જતી હોય છે. જૈનાગમ શ્રી દશ વૈકાલિક સૂત્રમાં થઆગમકાર ભગવંતોએ ફરમાવ્યુ કે '' સવ્વે જીવાવિ ઈચ્છંતિ જીવવું '' અર્થાત્ જગતના દરેક જીવોને જીવવું ગમે છે,મરવું કોઈને ગમતું નથી.જૈનો તો જીવદયાના હિમાયતી હોય છે.

જૈન આગમ શ્રી ચંદ્ર - સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્રમાં ઉલ્લેખ આવે છે કે..તથા શ્રી સમવાયાંગ સૂત્રમાં અભિજિતથી લઈ ઉત્તરાષાઢા એમ વિવિધ પ્રકારના નક્ષત્રનો ઉલ્લેખ આવે છે તેમાં આદ્રા નક્ષત્રનો પણ ઉલ્લેખ છે.

આદ્રા બેસતા આમ્રફળના સ્વાદમાં પણ ફેર પડી જાય છે.આદ્રા પછી કેરી આરોગવાનું ચાલુ રાખવામાં આવે તો પેટ - વાયુનાં રોગો થવાનો પણ સંભવ રહેલો છે. જૈનો તો ઠીક પરંતુ અમુક અજૈનો પણ આદ્રા પછી કેરી ખાતા નથી.જીવદયાના લક્ષે પરાપૂર્વની વર્ષોની પરંપરાને અનુસરી આદ્રા નક્ષત્ર બેસતા જૈનો કેરીનો ત્યાગ કરી જીવદયાનું જતન કરશે તેવી શુભ ભાવના મનોજ ડેલીવાળાએ વ્યકત કરેલ છે.